

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

પ્રમુખસ્વામી નગરમાં જિવાતાં મૂલ્યો દેશમાં વિસ્તરે તો દુનિયા સુંદર બને

એક તત્ત્વ જે જીવન બદલે

આજકાલ ભ્રષ્ટાચાર બહુ વધી ગયો છે... હવે કામ કરવાની દાનત લોકોમાં નથી રહી... ભલે સમય આઠ વાગ્યાનો છે પણ કચેરી નવ વાગ્યા પહેલાં નહીં ખૂલે... ખબર નથી પડતી, ભારતનું શું થશે?

આવા સંવાદો જનસમાજમાં સહજ છે. સૌને એક પ્રકારનો અસંતોષ સતત અન્ય લોકો તરફથી રહ્યા કરે છે. ઘણી વખત ખૂબ જ સારી યોજનાઓ પણ અમુક અસામાજિક તત્ત્વોની ગેરનીતિને કારણે સારી રીતે અમલીકરણ નથી પામતી. તેનો પૂર્ણ લાભ ના મળ્યાનો રંજ પણ આપણા મન-હૃદયમાં ડંખ્યા કરે છે.

ભારતના એક રાજનેતાએ વર્ષો પહેલાં વિધાન આપ્યું હતું કે, 'લાભાર્થી માટે ફળવાતા પ્રત્યેક રૂપિયે કેવળ 15 પૈસા જ લાભાર્થી સુધી પહોંચે છે.'

આવા સંજોગોમાં કરવું શું? બસ! આવા જ પ્રકારના વિચારો ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામના મનને મૂંઝવી રહ્યા હતા.

દિવસ હતો 30 જૂન, 2001નો. કલામસાહેબ પહેલી વખત પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને મળવા પધાર્યા હતા. આ દિવસે સ્વામીશ્રી સાથે થયેલા વાર્તાલાપને તેમણે પોતાના પુસ્તક Transcendenceમાં આ રીતે મૂક્યો છે.

'મેં પ્રમુખસ્વામીજી સમક્ષ મારા વિઝન-2020ના વિચારો પ્રસ્તુત કરતા કહ્યું કે 'સ્વામીજી! છેલ્લાં 50 વર્ષથી ભારત એક વિકાસશીલ દેશ રહ્યો છે. એનો અર્થ એ કે તે આર્થિક રીતે સશક્ત નથી, સામાજિક રીતે સ્થિર નથી અને સુરક્ષા બાબતે અપૂરતો છે. આ જ કારણસર, ભારત આજે વિકાસશીલ દેશ કહેવાય છે. મારા જેવા અનેક લોકોના મનમાં પ્રશ્ન છે કે 'ભારતનું હવે પછીનું સ્વપ્ન કયું હોવું જોઈએ ? ભારતને આવનારાં 30 વર્ષમાં વિકાસશીલ દેશમાંથી વિકસિત દેશમાં કઈ રીતે પરિવર્તિત કરી શકાય?' ભારતમાં પરિવર્તન લાવવાના હેતુથી અમે પાંચ મહત્ત્વપૂર્ણ ક્ષેત્રો તારવ્યાં છે : 1. શિક્ષણ અને આરોગ્ય, 2. કૃષિ, 3. માહિતી અને પ્રત્યાયન, 4. માળખાગત સુવિધાઓ અને 5. મહત્ત્વપૂર્ણ ટેક્નોલોજી.'

પ્રમુખસ્વામીજી મારા ચહેરાના પ્રશ્નાર્થ ભાવને અનિમેષ નીરખતા મને સાંભળી રહ્યા. પ્રમુખસ્વામીજીએ સ્મિત રેલાવીને સૌપ્રથમ ઉચ્ચારેલા શબ્દો હતાઃ 'ભારતને પરિવર્તિત કરવાનાં આપે જે પાંચ ક્ષેત્રો તારવ્યાં છે, તેમાં છઠ્ઠું ક્ષેત્ર ઉમેરો - ભગવાનમાં શ્રદ્ધા તથા આધ્યાત્મિકતા થકી લોકોનો વિકાસ. આ બાબત ખૂબ મહત્ત્વપૂર્ણ છે.' પ્રમુખસ્વામીજીના આ વિધાનની સ્પષ્ટતા, ચોકસાઈ અને દૃઢતાથી હું આશ્ચર્યચકિત થઈ ગયો.

સ્વામીશ્રીએ બતાવેલો માર્ગ ખરેખર અત્યંત અસરકારક છે કારણ કે, ભગવાન પ્રત્યેની શ્રદ્ધા એક એવી 'માસ્ટર કી' છે કે જે માણસમાત્રને સન્માર્ગે ચાલવાની પ્રેરણા આપી શકે છે. રોજબરોજના જીવનમાં આપણે જોયું છે કે જ્યારે લોકો જોતાં હોય ત્યારે વ્યક્તિની સભ્યતા, સુશીલતા અને પ્રામાણિકતાની કક્ષા ખૂબ ઊંચી હોય છે. અરે! જો એટલી ખબર પડે ને કે આપણે કેમેરાની આંખો નીચે છીએ તોય આપણું વર્તન બદલાઈ જાય છે. (એટલે તો લોકોને જણાવવા માટે જાહેર સ્થળોમાં બોર્ડ મારવા પડે છે કે તમે CCTV કેમેરાની નજર હેઠળ છો જેથી તે ન કરવાનું ના કરી બેસે) તો કલ્પના કરીએ કે જ્યારે દરેક વ્યક્તિ એવી પૂર્ણ શ્રદ્ધા સાથે જીવે કે સર્વોપરી ભગવાન સર્વત્ર



બિરાજમાન છે અને મને અખંડ જુએ છે અને એ જ મને મારાં સારાં-નરસાં કર્મોનું ફળ આપવાનાં છે તો આ સમાજ કેટલો સદાચારી, સભ્ય અને સંસ્કારી બની રહે!

આજે 600 એકરમાં પથરાયેલ પ્રમુખસ્વામી મહારાજ નગરની વિરાટતા જોઈને સહુ કોઈને આશ્ચર્ય થઈ રહ્યું છે. આ સદીની એક ઐતિહાસિક ઘટના ગણાતા આ કાર્યક્રમને નિહાળવા છેલ્લા 10 દિવસમાં દસ લાખથી વધુ લોકો આવી ચૂક્યા છે. IIM જેવી મોટી મોટી મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટે મહોત્સવના આયોજન અંગે રિસર્ચ કાર્ય શરૂ કરી દીધું છે. કેવી રીતે આ ગંજાવર પ્રવૃત્તિ અને જંગી મેદનીનું આટલું સુંદર રીતે સંચાલન થઈ રહ્યું છે તે અચરજને ઉકેલવા સૌ મથી રહ્યા છે. તેનું એક પરિબળ અહીં સુસંગત અને નોંધનીય છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે તૈયાર કરેલ 80, 000થી વધુ નિષ્ઠાવાન કાર્યકરો. રસોડું, બાંધકામ, ઈલેક્ટ્રિક-પાણી, સભા વ્યવસ્થા, ટ્રાન્સપોર્ટ, ફ્લો કંટ્રોલ, ઉતારા જેવા અનેક વિભાગોમાં આ સ્વયંસેવકો નિઃસ્વાર્થભાવે રાત દિવસ ખડેપગે સેવા આપી રહ્યા છે. અહીં આવનાર પ્રત્યેક મહાનુભાવ આ વાસ્તવિકતાથી અચંબિત છે કે પ્રમુખસ્વામી મહારાજે આ સેવાભાવના કેવી રીતે પ્રગટ કરી હશે. પરંતુ તેનું રહસ્ય એ છે કે પ્રમુખસ્વામી મહારાજે આ ભક્તોના હૃદયમાં ભગવાનમાં શ્રદ્ધા અને ભક્તિની જ્યોત પ્રગટાવી છે. અને તે આધ્યાત્મિક ઉજાસથી આજે સમગ્ર નગર ઝળહળી રહ્યું છે. કોઈ ટ્રાફિક કંટ્રોલમાં નગરના છેવાડે સેવા કરી રહ્યું છે, તો કોઈ રસોડા વિભાગમાં વહેલી સવારે ઊઠીને ભક્તોના ભોજનની તૈયારીઓ કરે છે, કોઈ પાણીની પાઈપો ફિટ કરી રહ્યું છે, તો કોઈ નગરમાં ઝાડુ લઈને સ્વચ્છતાની સેવામાં જોડાઈ ગયું છે, કોઈ દરરોજ થતા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં બાળકો યુવકોની મદદમાં છે, તો કોઈ મહાનુભાવોની સેવા સરભરામાં રત છે.

રાતદિવસ શિયાળાની ઠંડીમાં, ઘર પરિવારથી દૂર, વિશેષ કોઈ સગવડ વગર હજારો કાર્યકરો સેવા કરે છે પણ કોઈને નોંધ, કદર કે વળતરની અપેક્ષા નથી. તમે નગરમાં આવેલ કોઈ પણ કાર્યકરને એક પ્રશ્ન પૂછશો કે આ સેવાની પ્રેરણા કેવી રીતે મળે છે તો એક સર્વ સામાન્ય જવાબ સૌના મુખેથી મળશે - ભગવાન સ્વામિનારાયણ અને ગુરુહરી પ્રમુખસ્વામી મહારાજને રાજી કરવા. બધાને અંતરમાં એ વિશ્વાસ છે કે મારી સેવા ભગવાન જુએ છે, જાણે છે અને મને ફળ સ્વરૂપે તેમની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. આ ચમત્કાર છે ભગવાનમાં શ્રદ્ધાનો. જો પ્રમુખસ્વામી નગરમાં જિવાતાં મૂલ્યો સમગ્ર દેશમાં વિસ્તરી જાય તો આપણી દુનિયા કેટલી સુંદર બની જાય!

પ્રમુખસ્વામી મહારાજે સહજતાથી આપેલ આ સોનેરી સૂચન માત્ર વ્યક્તિ, સમાજ કે દેશની નહીં પરંતુ સમગ્ર વિશ્વની તાસીર બદલવા સમર્થ છે.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

મૌનવ્રત પાળવાથી માનસિક, ભાવાત્મક અને આધ્યાત્મિક ઊર્જાને નવજીવન મળે છે

સંબંધોમાં મધુરતા રાખવી હોય તો શરૂઆત વાણીથી કરતા શીખો

આધ્યાત્મિક ગુણો ધારણ કરવા તેમાં એક મહત્ત્વનું કાર્ય છે, મૌન. જેવી રીતે બેટરી ઓછી થાય ત્યારે આપણે આપણા સેલફોનને 'રિચાર્જ' કરીએ છીએ. તેવી જ રીતે મૌનવ્રત પાળવાથી આપણી માનસિક, ભાવાત્મક અને આધ્યાત્મિક ઊર્જાને નવજીવન મળે છે. મૌન તમને શારીરિક, માનસિક અને આત્મીય રીતે સ્વસ્થ રહેવાની ટેવ પાડે છે. તેમ છતાં કોઈ પરોપકારની વાત માટે બોલવું તે મૌન રહેવા કરતાં અધિક મહત્ત્વનું છે.

ભગવાને આપણને બે હાથ, બે પગ અને બે કાન આપ્યાં છે પરંતુ મોં એક જ આપ્યું છે શા માટે? કોઈ તો કારણ હશે? કારણ છે. મોં એટલા માટે એક આપ્યું છે કે આપણે બોલીએ એના કરતાં બમણું કામ કરીએ અને બમણું સાંભળીએ. સારી વાણીના ચાર ગુણ છે. પ્રથમ છે, સત્ય, બીજો ગુણ છે, સુંદરતા, ત્રીજો ગુણ છે, મીતભાષિતા અને ચોથો ગુણ છે, મધુરતા. હંમેશાં તમારી વાતને ઓછામાં ઓછા શબ્દો દ્વારા અભિવ્યક્ત કરવાની કોશિશ કરો. શ્રીકૃષ્ણ ભગવાનની ગીતા શક્ય હોય એટલી સંક્ષિપ્તમાં છે. જેમાં શબ્દેશબ્દનું ચયન કાળજીપૂર્વક અને અર્થસભર છે. સંબંધોમાં મધુરતા રાખવી હોય તો શરૂઆત વાણીથી કરતાં શીખો.

વાણીની શક્તિનો જ્યારે સદુપયોગ થાય ત્યારે ખૂબ બળવાન બને છે. અને એક જાણીતી ઉક્તિ છે કે 'જેમની પાસે ખિસ્સામાં પૈસા ન હોય તેમણે જીભ ઉપર મધ રાખવું જોઈએ.' આપણા ઋષિ-મુનિઓએ આપણને જે બોધ આપ્યો છે, એની પાછળ ચોક્કસ કારણો છુપાયેલાં છે. ભારતમાં મોટા ભાગના વ્રત વર્ષાઋતુમાં જ આવે છે એટલે કે જુલાઈથી નવેમ્બર સુધી. આની પાછળનું મુખ્ય કારણ એ છે કે વરસાદની મોસમમાં આપણી પાચનશક્તિ નબળી પડે છે. તેથી, વધુ ખાવાથી બીમાર પડી શકાય છે અને વળી વરસાદમાં લોકો ઘરની બહાર



નીકળવાનું ઓછું પસંદ કરે છે. તેથી, શરીરનું હલનચલન ઓછું થાય છે અને તેથી, વધારાની ઊર્જાનો શરીરમાં સંગ્રહ થાય છે. ઓછું ભોજન લેવાથી પેટ પણ હળવું રહે છે અને તંદુરસ્તી પણ જળવાઈ રહે છે.

વ્રત રાખવાથી આપણે આત્મસંયમનાં પાઠ શીખીએ છીએ. પહેલાનાં વખતમાં પરંપરા અનુસાર વ્રત ખાલી પેટે જ રાખવામાં આવતાં હતાં. આધુનિક યુગની જેમ નહીં કે જ્યાં અત્યારે આપણે વ્રતોનાં દિવસે દરરોજ ખાતા હોઈએ તેનાથી વધારે ખાઈએ છીએ. એટલા માટે જ આપણે આજનાં આધુનિક મેનુંને છોડીને આપણી પ્રાચીન પરંપરા અનુસાર હળવું અને ઓછું ખાવું જેથી વ્રતનું અનુશાસન અને લક્ષ્ય જળવાઈ રહે. ભગવાનની ઉપસ્થિતિનો પ્રકાશ એ વીજળીના ગોળા જેવો છે. જે દરેક મનુષ્યનાં હૃદયમાં પ્રકાશિત હોય જ છે. પરંતુ સામાન્યતઃ આ વીજળીના ગોળા ઉપર કુવિચારોની ધૂળ જામેલી હોવાથી તેની રોશની ધૂંધળી થઈ જાય છે. તેથી તે સારી રીતે પ્રકાશિત હોવા છતાં આપણે તેના તેજને જોઈ શકતા નથી. એટલા માટે એ જરૂરી છે કે આપણે આ ઈશ્વરરૂપી પ્રકાશના ગોળાને સારા સંસ્કારો, સદ્‌વિચારોથી સ્વચ્છ અને સુઘડ રાખીએ. તો તેની રોશનીથી અજ્ઞાનરૂપી અંધારું તેની મેળે જ દૂર થઈ જશે અને આપણને આપણાં સારાં કર્મો દ્વારા ઈશ્વર સુધી પહોંચવાનો, ઈશ્વરને પામવાનો સાચો માર્ગ મળી જશે.

જેવી રીતે વરસાદ અનિવાર્ય છે એવી જ રીતે આપણા જીવનમાં પૂજા-પાઠ અનિવાર્ય છે. પૂજા-પાઠ આપણામાં પરિવર્તન લાવે છે, જેથી જિંદગીની આફતો સામે આપણે લડી શકીએ. દુઃખરૂપી વરસાદ તો આવશે જ કેમ કે વરસાદ અનિવાર્ય છે. પ્રાર્થના કંઇ વરસાદને બદલી નથી શકતી બલકે, તમે એનો સામનો કરવા સક્ષમ બનો એટલા માટે છત્રીની વ્યવસ્થા કરી આપે છે. કિસ્મત આપણને આપણાં કર્મો અનુસાર પ્રાપ્ત થાય છે. આપણા સારા વિચારો, સારી વાણી, સારાં કર્મો આપણા નસીબનું બીજ વાવે છે અને તેના ફળસ્વરૂપ જે મળે છે તે જ આપણું નસીબ હોય છે.

કર્મનું આ ચક્ર જીવનભર ચાલતું જ રહે છે. ભલે ગમે તેટલી મુશ્કેલીઓ આવે, પરંતુ આપણે ઈશ્વર પ્રત્યેનો આપણો વિશ્વાસ ટકાવી રાખવો જોઈએ કે - 'ભગવાન મારા છે અને હું ભગવાનનો છું.' આપણા સારા વિચાર, સારી વાણી અને સારાં કર્મો આપણને બે રીતે મદદરૂપ બને છે એક તો તે વર્તમાનમાં આપણી ઢાલ બનીને આપણું રક્ષણ કરે છે અને ભવિષ્યમાં સારા નસીબના રૂપમાં આપણને પ્રાપ્ત થાય છે. ભવિષ્યમાં પણ આપણે સારાં કર્મો કરતાં રહેવાં જોઈએ.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

વજ્રબાહુનો વૈરાગ્ય

વિજય રાજા અને હિમચૂલા રાણીના પુત્ર વજબાહુનાં મનોરમા નામની રાજકુમારી સાથે લગ્ન થયાં. લગ્ન પછી મનોરમાનો ભાઈ ઉદયસુંદર બેનને મૂકવા રથ લઈ સાથે આવ્યો. આગળ વધતા માર્ગમા એક તપોવન આવ્યું, ત્યાં શ્રમણો સાધના કરતા હતા. દૂરથી એક શ્રમણને ધ્યાન કરતા જોઈ વજબાહુને દર્શન કરવાનું મન થયું. હસતાં હસતાં ઉદયસુંદરે કહ્યું : 'સાધુનાં દર્શન કરવા જવું છે કે સાધુ બનવા જવું છે?'

'તમે સહાય કરતા હો તો મારી તો તે જ ઈચ્છા છે.'

'હું તમને સહાય કરીશ.' અને ખરેખર વજબાહુ તૈયાર થઈ ગયા. મસ્તીને વાસ્તવિકતા થતી જોઈ સાળાએ કહ્યુંઃ 'પણ બનેવીજી! મારી નવોઢા બહેનનું શું?' તો વજબાહુએ ઉત્તર આપ્યોઃ 'જો તે કુલીન હશે, તો મારી પાછળ-પાછળ આવશે અને જો કુલહીન હશે, તો તેની સાથે રહીને પણ શું...?' વજબાહુ નીકળ્યા, પતિવ્રતા મનોરમા પણ પતિના પગલે પગલે નીકળી ગઈ, તો ઉદયસુંદર પણ લઘુકર્મી હતો, તે પણ તૈયાર થઈ ગયો. આમ બહેન-બનેવી અને સાળાએ શ્રી ગુણસાગર મુનિવર પાસે સાથે દીક્ષા ગ્રહણ કરી.





જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

સેવાનો જુવાળ પ્રગટ્યો છે કેવી રીતે? ક્યાંથી પ્રેરણાની સરિતા વહી રહી છે?

અમર્યાદ માનવશક્તિનું ઉદાહરણ- પ્રમુખસ્વામી નગર

IIM અમદાવાદના પ્રોફેસર વિશાલ ગુપ્તાનો આ અનુભવ પ્રમુખસ્વામી મહારાજ નગરમાં છુપાયેલ ભવ્યતા અને દિવ્યતાની ઝાંખી કરાવે છે. તેઓ કહે છે-

'મૈં યે માનતા હૂં કી હમ એક ખજાના કે ઉપર બૈઠે હુયે હૈં. ઇસ શહર કો દેખકર કોઈ યહ કહ નહીં સકતા કિ યહ એક બંજર જમીન થી. 6 મહિને પહલે યહાઁ કુછ નહીં થા. આપ લોગોં ને હમ લોગોં કે સામને એક કિતના બડા કેસ સ્ટડી બના કર રખ દિયા હૈ. આજ કે મેનેજમેન્ટ મેં દો શબ્દ હૈ જિસકો હમ Empathy ઔર Compassion બોલતે હૈ. યે દોં ચીજ હમ મેનેજમેન્ટ મેં પઢાતે હૈ ઔર મૈં દેખતા હૂઁ યે દો ચીજેં જમીની રુટ મેં કેસે કણ કણ મેં યહાઁ બસી હૂઈ હૈ. યે એક શક્તિ હૈ 80,000 લોગોં કો સંગઠિત કરકે કામ કરને મેં અચ્છે અચ્છોં કે પસીને છૂટ જાતે હૈ. ના તો પરફોર્મન્સ મેનેજમેન્ટ હૈ ન તો કમ્પેન્સેશન, ઇસકા ગૂઢ રહસ્ય હૈ સેવાભાવના. જહાઁ પર યે સેવાભાવ આ જાતા હૈ વહાઁ પર ક્વોલિટી તો અપને આપ આ જાત. ક્યોંકી કામ જો કર રહે હૈ વો ઈશ્વર કો સમર્પિત હૈ. મૈં ઇસે એક વાક્ય મેં કહૂઁગા યે લિમિટલેસનેસ હૈ હ્યુમન સ્પિરિટ કી.'



IIM અમદાવાદના પ્રોફેસર વિશાલ ગુપ્તાનો આ અનુભવ પ્રમુખસ્વામી મહારાજ નગરમાં છુપાયેલી ભવ્યતા અને દિવ્યતાની ઝાંખી કરાવે છે. તેઓ કહે છે 6 મહિનામાં આવું નગર કેવી રીતે તૈયાર કર્યું અને આટલી સુંદર રીતે 1 મહિના સુધી તેનું સંચાલન કેવી રીતે થાય છે તે કોયડો ઉકેલવા મોટી મોટી યુનિવર્સિટીઓ મેદાનમાં ઉતરી છે. પરંતુ સૌનો સાક્ષી ભેદાય છે કે અહીં મહિનાઓના પુરુષાર્થ અને સૂક્ષ્મ આયોજનની સાથે કોઈ વિશિષ્ટ શક્તિ કાર્ય કરી રહી છે,. જે પ્રગટે છે સેવા ભાવનામાંથી. એવું કહેવાય છે કે There is no limit what you can achieve if no body cares about who will get the credit. ક્રેડિટ કોણ લઈ જશે તેની કોઈને પરવા ન હોય ત્યારે અકલ્પનીય અને ઐતિહાસિક સફળતાઓ હાથવગી થાય છે અને તેનું જ્વલંત દ્રષ્ટાંત છે પ્રમુખસ્વામી મહારાજ નગર.

આ નગરને જોતાં મહાનુભાવોથી લઈને જન સામાન્યના મુખેથી પ્રશસ્તિ સરિતા વહી પડે છે. પરંતુ આ નગરની પાછળ પણ એક નગર છુપાયેલું છે, જે નરી આંખે દેખાતા નગરથી પણ વધુ અહોભાવ ઊપજાવનારું છે. આવો આજે પડદાની પાછળની દુનિયા જોઈએ જે આપણને પ્રેરણાથી ભરી દેશે. અહીં સૂર્ય ઊગે છે અને પ્રભાત થાય છે સેવા-ભક્તિનું. કોઈ ભોજનશાળામાં તપેલા અને તવેતા લઈને ભક્તો-ભાવિકોનાં ભોજનના પ્રબંધ માટે લાગી જાય છે. તો વળી કોઈ શિયાળાની કડકડતી ઠંડીમાં તૈયાર થયેલ ગરમાગરમ ચા-ઉકાળો અને નાસ્તો લઈ સ્વયંસેવકોને પહોંચાડવા ઉપડે છે. કોઈ હાથમાં ઝાડુ-સાવરણા લઈ નગરના માર્ગોની સફાઇ માટે નીકળે છે, તો ક્યાંક વળી કોઈ દર્શનાર્થીઓના પ્રવાહને યોગ્ય દિશામાં દોરવા માટે આઠ-દસ કલાક સુધી ખડે પગે ઊભા રહી સેવામાં જોતરાઈ જાય છે. કોઈ પાર્કિંગમાં કલાકો સુધી વાહનોની યોગ્ય વ્યવસ્થા કરાવે છે તો કોઈ ટ્રાફિક કંટ્રોલ કરવા નગરથી 8 કિલોમીટર દૂર આખો દિવસ એકલા ઊભા રહી નિષ્ઠાથી પોતાની સેવા બજાવી રહ્યું છે. તો રાત્રે વળી નગરમાંથી સહુ વિદાય થઈ જાય પછી જાણે સેવાનો બીજો યજ્ઞ શરૂ થાય છે. લેન્ડસ્કેપ વિભાગના સ્વયંસેવકો હાડ થીજાવતી ઠંડીમાં મોડી રાતથી વહેલી સવાર સુધી ફૂલછોડને પાણી પાવા નીકળે છે. તો મેન્ટેનન્સ વિભાગ જ્યોતિ ઉદ્યાનની કૃતિઓની મરમ્મત માટે આવે છે અને સલામતીના કાર્યકરો તાપણું કરીને ઠંડા પવન વચ્ચે સેવાની ગરમ હૂંફ માણે છે, વહેલી સવાર સુધી!! અહીં કોઈને પરવા નથી કે કોણ મારી નોંધ લઈ રહ્યું છે?, મને વળતર શું મળશે?, હું આટલું ઘસાવું કે સહન કરું તેની કદર કેવી રીતે થશે?, પ્રત્યેક સેવક બસ નિઃસ્વાર્થભાવે ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની પ્રસન્નતા માટે હોમાઈ ગયા છે. તેથી જ આ નગર અમર્યાદ માનવશક્તિનું જ્વલંત દૃષ્ટાંત બની ગયું છે.

સેવાનો આ જુવાળ પ્રગટ્યો છે કેવી રીતે? ક્યાંથી પ્રેરણાની આ સરિતા વહી રહી છે? કેમ અહીં 80,000થી વધુ સ્વયંસેવકો પોતાના ધંધા-નોકરી અને સુંવાળી સાનુકૂળતાવાળી રોજિંદી જિંદગી છોડી આ ભીડભરી સેવામાં હોમાયા છે? તેઓના પ્રેરણાદાતા છે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ. જેઓની સેવા અને સમર્પણની વિરાટતા આગળ આ 600 એકરનું નગર પણ વામણું લાગે છે. તેઓએ પોતાના જીવનની પ્રત્યેક ક્ષણ અને રક્તની પ્રત્યેક કણ બીજાને સુખી કરવા માટે વિતાવી હતી. તેઓએ 2,50,000 લાખથી વધુ ઘરોમાં પધરામણી કરી, આદિવાસીના કૂબાથી લઈ અમેરિકાવાસીના મહેલો સુધી સદાચારનાં અજવાળાં પાથર્યાં છે. તેઓએ 17,000થી વધુ ગામડાંઓમાં વિચરણ કરી નૈતિકતાના અને આધ્યાત્મિકતાથી લોકોને સંસ્કાર્યા છે. 40 લાખથી વધુ લોકોને વ્યસનમુક્ત કરી લાખો પરિવારોને બરબાદીની આગમાંથી ઉગારી લીધા છે. તેઓએ સાડા સાત લાખથી વધુ પત્રોના પ્રત્યુત્તરો આપીને લાખોને સમયે સાથ-હાથ-સંગાથ આપી ભાંગી પડેલાં હૃદયોને બેઠાં કર્યાં છે. અથાગ પરિશ્રમ વેઠીને તેઓએ કરેલ 1200થી વધુ મંદિરો યુગો સુધી માનવજાતને સેવા-સમર્પણ અને ભક્તિની પ્રેરણાથી ભર્યાં-ભર્યાં રાખશે. તેઓનું સમગ્ર જીવન સેવામાં વ્યતીત થયું અને તે સેવાની એક મહામશાલમાંથી આજે સમર્પણની લાખો જ્યોત પ્રગટી ચૂકી છે, જેથી આજે સમગ્ર પ્રમુખસ્વામી નગર ઝળહળી ઊઠ્યું છે અને આ નગરનો ઉજાસ આવનારાં અનેક વર્ષો સુધી માનવતા માટે સેવાની અમર્યાદ શક્તિનું જ્વલંત ઉદાહરણ બની રહેશે.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ભગવાનનું અવતરણ થવું અદ્ભુત હોય છે અને સંતનું સ્વધામ જવું પવિત્ર હોય છે

જીવનમાં શુદ્ધ અને સુપાત્ર બનો પ્રભુની પ્રાપ્તિ સુગમ બની જશે

ભક્તિને કઇ રીતે વ્યાખ્યાયિત કરીએ? ભક્તિનો સીધોસાદો અર્થ છે, ભગવાનની તરસ. ભાગવતની અંદર ધર્મ એટલે ભગવાનને મેળવવાનું સાધન એમ નથી કહ્યું ધર્મ એટલે તો ભગવાનની ભક્તિ મેળવવાનું સાધન છે. જો તમને તરસ નહીં હોય તો કંઇ જ મળશે નહીં. તરસ હોય તો?

ભક્તિની બીજી કોઇ પરિભાષા આપીએ? તરસ હશે તો બધું જ થઇ રહેશે. એ ભગવાનની તરસ એનું નામ જ ભક્તિ.

ગોપીઓએ શ્રીકૃષ્ણને નથી માંગ્યા. ગોપીઓએ તરસ માગી છે અને તરસ આંસુ બનીને સતત વરસ્યા કરી છે. વૃંદાવનના એક સંતે પોતાની કુટિરની બારીઓ બંધ કરી દીધી અને પાછી લાકડીઓ જડી દીધી. અમે પૂછ્યું કે આવું કેમ કરો છો? તેમણે કહ્યું કે તેને નથી બોલાવતા છતાં તે આવી જાય છે? અમે પૂછ્યું કે કોણ? તેમણે કહ્યું કે કનૈયો. સંતે વધુમાં કહ્યું કે હું કહું છું કે કનૈયા તમે ન આવો. તમે આવો છો તેનાથી રાધારાનીને ખૂબ વિયોગનું દુઃખ થાય છે. તમારા દર્શનથી મને જે સુખ મળે છે, તે રાધારાનીને દુઃખ મળતું હોય તેવું સુખ મારે નથી જોઇતું. અમે તો તમારી યાદમાં જે અશ્રુ વહાવીએ છે, તેનો જ અમને આનંદ છે.

ભગવાનનું આવવું, અવતરણ થવું તે અદ્ભુત હોય છે એવી જ રીતે સંતનું સ્વધામ જવું પવિત્ર હોય છે. કેવી રીતે અવતારણ ધારણ કરવો તે પરમાત્માથી શીખવાનું છે અને કેવી રીતે સંસારમાંથી જવું તે સંતોના નિર્વાણથી શીખવાનું છે. શું કરીને જઇએ? તે સંતો પાસેથી શીખવાનું છે.

જબ તુમ આયો જગતમેં, જગ હસે તુમ રોય, કુછ કરની ઐસી કર ચલો, તુમ હસો જગ રોય. - હસતા રહીને જવું તે જીવનના સંતોષનું પરિણામ છે. તમે તમારા જીવેલા જીવનથી પ્રસન્ન છો. તમને તમારા જીવનથી સંતોષ છે કે નહીં તે મહત્ત્વનું છે, નહીંતર મોટાભાગનાં લોકો રડતાં-રડતાં મરે છે. રડતાં આવે છે અને રડતાં જ મરી જાય છે. સંસાર છોડવાનું મહાપુરુષો પાસેથી શીખો. તમે કેવી રીતે મળો છો તેનું મહત્ત્વ નથી, પરંતુ કેવી રીતે છૂટા પડો છો તેનું મહત્ત્વ છે. કેટલાંક લોકો મળે ત્યારે એકબીજાને ભેટે છે અને છૂટા પડે ત્યારે રડે છે. તે છૂટવાના વિરહનાં આંસુ હોય છે.

જ્યારે કઠિન વાત છે, એવું કહેવામાં આવે ત્યારે અહંકારીઓ તેને પડકારરૂપ વાત માની લે છે. અચ્છા તો પછી અમે કરીને બતાવીશું અને અહંકારી લોકો કે જેમના જીવનમાં અહંકાર છે, તેઓને માટે આ એક પડકારરૂપ લાગે છે. 'ઇટ્સ ધ ચેલેન્જ' ચાલો આપણે તેને ઉપાડી લઇએ. પછી અહંકારથી એ માણસ એ ચેલેન્જને ઉપાડવાના ભાવથી



જ્યારે ઇશ્વરને પ્રાપ્ત કરવાના પ્રયાસો કરે છે ત્યારે ઇશ્વર તેનાથી દૂર-દૂર જતો જાય છે, કારણ કે અહીં અહંકાર આવ્યો. ઇશ્વર તો હંમેશાં અહંકારથી જોજનો દૂર રહે છે. ભગવાન મથુરા છોડીને ગોકુળ કેમ ગયા? કારણ કે મથુરાનો રાજા કંસ હતો. ભગવાનનું પ્રાગટ્ય ભલે મથુરામાં થયું, પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ મથુરામાં રહ્યા નથી, ભગવાન શ્રીકૃષ્ણ તરત જ ગોકુળમાં જતા રહ્યા છે કારણ કે મથુરાનો રાજા કંસ હતો અને કંસ એટલે જ અભિમાન. કંસ એટલે જ દેહાભિમાન.

એવી રીતે વિદ્વાનોએ કંસ શબ્દોના અર્થ કર્યા છે. સુખનો નાશ કરનારા, એવું અભિમાન કે એવો અહંકાર એ કંસ છે. જ્યાં અભિમાન છે ત્યાંથી ઇશ્વર દૂર જાય છે. આ તો સાવ સરળ વાત છે.

ઇશ્વરની પ્રાપ્તિ માટે અભિમાનથી આપણે આટ-આટલા પ્રયાસો કરતા હોઇએ, આટ-આટલી કસરતો કરીએ, છેલ્લે ખબર પડે કે પરમેશ્વર તો પ્રાપ્ત જ છે. એટલે મારું કહેવાનું તાત્પર્ય એ છે કે વાત ઇશ્વરને પ્રાપ્ત કરવાના પ્રયાસોની નથી, પરંતુ તરસની છે. ભક્તિનો અર્થ એ છે કે તેની તરસને જીવન આપીએ. જીવનમાં શુદ્ધ બનો, સુપાત્ર બનો અને સાચી તરસ હશે તો ધર્મ-ભક્તિ-શુદ્ધ આચરણ દ્વારા પ્રભુની પ્રાપ્તિ સુગમ બની જશે.

આમ, જીવનમાં જે પણ પ્રાપ્ત કરવું હોય તે માટે શુદ્ધતા અને પાત્રતા જોઈએ. તમારે નદીમાંથી જળ લેવું હોય તો પણ એક પાત્ર હોવું જરૂરી છે. પાછું એ પાત્ર શુદ્ધ પણ હોવું જરૂરી છે, નહીંતર તેમાં શુદ્ધ જળ પણ અશુદ્ધ બની જશે. માટે જીવનમાં પાત્રતા જોઈએ, શુદ્ધતા જોઈએ અને આ બધું જ હાજર હોય છતાં તરસ જ ન હોય તો જળ પણ પાત્રમાં ભરેલું જ રહેશે.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

સતી રેવતીની ભક્તિ

ગોશાળાએ વીર પ્રભુ ઉપર તેજોલેશ્યાનો પ્રયોગ કર્યો, જેથી પ્રભુને આંતરિક દાહની ભયંકર શારીરિક વેદના થઈ. પ્રભુની વેદનાથી ગૌતમ સ્વામીજી આદિ સકલ સંઘ ખૂબ વ્યથિત હતો, સિંહ અણગારે ઉપચાર માટે આગ્રહ કર્યો, તો પ્રભુએ પોતાના શરીરની શાંતિ માટે નહીં, પણ સૌનાં મનની શાંતિ માટે કહ્યું : 'શ્રાવસ્તી નગરીમાં રેવતી નામની સતી છે, તેણે કોળાપાકનું ઔષધ બનાવ્યું છે, તે લઈ આવો.' સિંહ અણગાર રેવતી સતીના ગૃહાંગણે ગયા. પ્રભુ માટે ઔષધની વાત કરી. તેમની વાત સાંભળી રેવતી ખુશ થઈ ગઈ. તેનો આનંદ ઉરમાં માતો ન હતો. ખૂબ જ ભાવપૂર્વક પોતાના માટે બનાવેલું ઔષધ મહાત્માને વહોરાવ્યું. ઔષધ અને એથી વિશેષ શુભ ભાવોની પરાકાષ્ઠાથી પ્રભુનો દાહ અને અતિસારનો રોગ નાબૂદ થયો. ઔષધના આલંબને પ્રભુને તો સ્વાસ્થ્ય પ્રાપ્ત થયું જ, પણ ઉચ્ચ કક્ષાની તીર્થંકર પ્રભુની ભક્તિથી રેવતીએ તીર્થંકર નામ કર્મ બાંધ્યું, જેનાથી રેવતી સતી આવતી ચોવીશીમાં સમાધિ નામના સત્તરમાં તીર્થંકર થશે. પરાકાષ્ઠાના શુભ ભાવ દ્વારા કરેલી ભક્તિથી કેટલો મોટો લાભ થાય છે, તે સમજવા જેવું છે.





જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS


'ઘરસભા'ના આ ઉત્તમ વિચારે લાખો પરિવારોને તૂટતા અટકાવ્યા છે

જીવન ઉજાસના પંથે...

મોટાભાગનાં અખબારોમાં હમણાં એક સમાચાર વારંવાર દૃષ્ટિગોચર થઈ રહ્યા છે. તે છે અમદાવાદ ખાતે ઉજવાઈ રહેલો પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ, જેને જુદા જુદા દૃષ્ટિકોણથી અખબારો અને ટી.વી. ચેનલો વિધવિધ અભિગમથી મૂલવી રહ્યા છે. સાચે જ આ મહોત્સવ અનેક માટે પ્રેરણાપુંજ સાબિત થઈ રહ્યો છે.

નગરમાં આવેલ વ્યસનમુક્તિની પ્રેરણા આપતા પ્રદર્શન ખંડ 'चलो तोड़ दे ये बंधन'માં વ્યસનોની અસરથી માણસ માનસિક કંગાલીયતનો ભોગ બને છે અને તેની માઠી અસર સમગ્ર પરિવાર ઉપર કેવી થાય છે? તે દર્શાવતી એક કથા રજૂ થાય છે. જે જોઈને દર્શકો ગંભીરતાથી વિચારતા થાય છે.

વ્યસન માણસને તન, મન અને ધનથી ખોખલો બનાવી દે છે. વ્યસનથી માણસ સજ્જનતા અને સભાનતા ગુમાવી બેસે છે અને તેથી પોતાના પરિવારમાં પણ એક ઔપચારિક આદર-સન્માનને પાત્ર પણ રહેતો નથી. વ્યસનો પાછળ એકરોની એકર જમીન વેચાયાના પણ દાખલા છે. સાથે-સાથે પોતાનાં સ્વાસ્થ્ય અને પરિવારની ખુવારી તો જુદી. આજે દુનિયામાં દર વર્ષે 30 લાખ ફક્ત દારૂના વ્યસનથી, દર વર્ષે 80 લાખ તમાકુના વ્યસનથી તેમજ એક જ વર્ષમાં ડ્રગ્સને કારણે 3,50,000 લોકો મૃત્યુ પામે છે. આ નક્કર વાસ્તવિકતાને લક્ષ્યમાં રાખીને સમાજના તંદુરસ્ત સ્વાસ્થ્યની હંમેશાં નિઃસ્વાર્થભાવે ચિંતા કરનાર પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજે વ્યસનમુક્તિ ઝુંબેશ ચલાવી લાખો લોકોને વ્યસનમુક્ત કર્યા છે.



સેલવાસમાં દારૂની બાટલી વગર ન ચાલે તેવા એક આદિવાસીનું નામ લલ્લુ બાટલી જ પડી ગયેલું. પરંતુ પ્રમુખસ્વામી મહારાજના એક જ સંપર્કથી તેનું વ્યસન સાવ છૂટી ગયું. પરિવાર સુખી થયો, સત્સંગી થયો, સંસ્કારી થયો. તેનાં બાળકો સારું ભણ્યાં. આજે તેનો એક પુત્ર ડૉક્ટર છે.

ઈ.સ.1987માં ભાવનગર જિલ્લાના ઓદરકા ગામે પ.પૂ. સ્વામીશ્રી વ્યસનોમાં ચકચૂર રહેતા ભરતસિંહને મળ્યા. પ.પૂ. સ્વામીશ્રીએ નજીક બોલાવી પ્રેમાગ્રહથી કહ્યું : 'બાપુ! દરબાર તો રક્ષક હોય, ભક્ષક નહીં. અમે તમારા માટે અહીં સુધી દાખડો કરીને આવ્યા. માટે આ વ્યસન મૂકો જ.' સ્વામીશ્રીની આ પ્રેમસરવાણી દરબારના હૃદય સોસરી ઉતરી ગઈ અને તેઓ નિર્વ્યસની થયા, સાથે તેઓના ભાઈઓએ પણ વ્યસન છોડ્યાં.

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ ઉપક્રમે વર્ષ 2022માં બી.એ.પી.એસ. સંસ્થાના 16,000 બાળકોએ વ્યસનમુક્તિ અભિયાન હેઠળ કુલ 14 લાખ લોકોનો સંપર્ક કર્યો હતો જેમાંથી 4 લાખ લોકોએ આજીવન વ્યસનમુક્ત રહેવાનો નિર્ણય કરેલો તથા 10 લાખ લોકોએ અન્યને વ્યસનમુક્ત કરવાનો નિર્ણય કર્યો હતો. સાથે સમગ્ર ભારતમાં 100 જેટલી વિરાટ વ્યસનમુક્તિ રેલીનું પણ આયોજન કરવામાં આવેલું.

બોટાદના સુરેશભાઈને તમાકુ-માવાનું છેલ્લાં 35 વર્ષથી વ્યસન. રોજ 50 રૂપિયા ખર્ચો કરે. તેમને પ્રેરણા થઈ અને વ્યસન મૂકી દીધું. વડોદરાના પ્રફુલ્લભાઈ મહેતાએ આ પ્રદર્શનખંડની મુલાકાત બાદ પોતાનું 45 વર્ષ જૂનું તમાકુનું ઘર કરી ગયેલું અને ઘર છોડવા કરતાં પણ વધુ કઠણ પડે તેવું વ્યસન મૂક્યું.

અમદાવાદના જીવરાજભાઈ છેલ્લાં 12 વર્ષથી મોંઘવારીને પણ શરમાવે તેમ રોજના 25થી 30 રૂપિયા બીડીના વ્યસન પાછળ ખર્ચતા હતા. તેઓને ગંભીરતા સમજાઈ અને તેમનું જીવન બદલાયું.

Social Media આધુનિક દુનિયાનું એક નૂતન વ્યસન છે. થાણાના દિનેશભાઈ Whatsapp અને Facebook જોયા વિના 15 મિનિટથી વધારે રહી ન શકે. તેમણે પણ આમાંથી છૂટવા માટેનો સંકલ્પ કર્યો અને જીવન ઉજાસને પંથે આગળ વધ્યા.

પ્રમુખસ્વામી નગરનો અન્ય એક પ્રદર્શન ખંડ 'तूटे हृदय तूटे घर' આવો જ કાંઈક પરિવર્તનનો પવન ફૂંકે છે - તૂટેલા પરિવારોમાં.

પૃથ્વીનો છેડો એટલે ઘર, પણ જો તેમાં શાંતિ ન હોય તો તે માત્ર ઈંટ-સિમેન્ટની ચાર દીવાલ જ બની રહે છે. આજે પરિવારો સાધનસંપન્ન છે. પરંતુ શાંતિસંપન્ન થઈ નથી શકતા. આધ્યાત્મિકતાનો અભાવ પરિવારોના પ્રશ્નોને વધુ ઉશ્કેરે છે અને તેના ઉકળાટમાં પરિવારોનું રહ્યું-સહ્યું માંગલ્ય બળીને રાખ થવા પામે છે.

પ્રમુખસ્વામી મહારાજના 'ઘરસભા'ના આ ઉત્તમ વિચારે લાખો પરિવારોને તૂટતા અટકાવ્યા છે. 'तूटे हृदय तूटे घर' આ જ સંદેશ આપે છે. જેને નિહાળી તૂટેલા પરિવારો જોડાય છે.

નગરમાં સેવા કરતા કુણાલ પરમારના એક મિત્રના પરિવારમાં પતિ-પત્ની વચ્ચે 14 વર્ષથી તિરાડ પડેલી, જેને કારણે તેમને માતા પણ ગુમાવવી પડી. કાયદાના સકંજામાં તેઓને એકવાર જેલ પણ થયેલી. નગરમાં આવી તેમણે પારિવારિક એકતાનો સંદેશ આ પ્રદર્શન ખંડ દ્વારા જાણ્યો. તેમણે પત્ની સાથે સમાધાન કરી, ઘરે બોલાવી, સમજણ સાથે રહેવાનો નિર્ણય કર્યો. 14 વર્ષ બાદ તેમનાં પત્ની ઘરે આવ્યાં અને આ પરિવાર એક મનથી નગર જોવા આવ્યું.

ઘણા પરિવારોએ ભેગા જમવાનો તથા ઘરસભાનો નિર્ણય કર્યો છે. જ્યારે ઘણા પોતાના માતા-પિતાને આદર આપી તેઓની આજ્ઞામાં રહેવાનો નિર્ણય પણ કરી ચૂક્યા છે.

આ શતાબ્દી મહોત્સવ અંતર્ગત વર્ષ 2022માં પારિવારિક શાંતિ અભિયાનનું 17 રાજ્યોમાં આયોજન થયેલું. જેમાં સંસ્થાના 72 હજારથી વધુ હરિભક્તોએ 10 હજારથી વધુ શહેર અને ગામડાંઓમાં 24 લાખથી વધુ પરિવારોનો સંપર્ક કર્યો હતો, જેમાં 4 લાખથી વધુ પરિવારોએ ઘરસભા, 10 લાખથી વધુ પરિવારોએ સમૂહ આરતી-પ્રાર્થના અને 19 લાખથી વધુ પરિવારોએ સમૂહભોજન કરવાનો સંકલ્પ કર્યો હતો. આમ, પ્રમુખસ્વામી નગરના પ્રેરણાસભર પરિસરમાં અનેકનાં જીવન ઉજાસને પંથે વળ્યાં છે.

jivanmangalam@gmail.com







જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

મહાન આશયવાળા સંતપુરુષો પાપ, તાપ અને દીનતા ત્રણેયને હરે છે

ઉપકારની પરાકાષ્ઠા

ગંગા પાપં શશી તાપં દૈન્યં કલ્પતરુસ્તથા;
પાપં તાપં ચ દૈન્યં ચ ઘ્નન્તિ સન્તો મહાશયા:

ગંગા પાપને હરે છે, ચંદ્ર તાપને હરે છે અને કલ્પતરુ દીનતાને હરે છે, પરંતુ મહાન આશયવાળા સંતપુરુષો પાપ, તાપ અને દીનતા ત્રણેયને હરે છે.

ખરેખર, મહાપુરુષો આ લોકમાં પધારીને અનેક લોકો ઉપર ઉપકાર વર્ષા વરસાવે છે, કારણ કે તેઓ પોતાના પ્રતિકૂળ સંજોગોમાં બીજાને અનુકૂળ થાય છે, પોતાના મનનું મરોડી બીજાનાં મન સાચવે છે અને આદર્શ જીવનનાં નૈતિક મૂલ્યો પોતાના જીવનમાં જીવીને બીજાને જીવવાની પ્રેરણા આપે છે. તેઓનો સૌથી મોટો ઉપકાર જો કોઈ હોય તો એ છે 'પોતાના જેવા જ એક આદર્શ મહાપુરુષને આપતા જવું.'

આવા મહાપુરુષની ભેટ આપવી એ તેમના ઉપકારની પરાકાષ્ઠા છે, કારણ કે આદર્શ મૂલ્યોને જીવનાર આદર્શ વ્યક્તિ જ્યારે આપણી નજર સમક્ષ ન હોય, ત્યારે એ આદર્શ મૂલ્યો એક કલ્પના બની જાય છે અને એ મૂલ્યોને જીવનમાં ઉતારવું એ તો કલ્પનાથી પણ બહાર નીકળી જાય છે.

જેના જન્મ શતાબ્દી મહોત્સવે સમગ્ર દુનિયામાંથી 1,21,00,000 લોકોને ગુજરાત ભણી ડગ માંડવા આતુર કરી દીધાં, 1,23,000 લોકોને વ્યસન મૂકવા કટિબદ્ધ કર્યાં અને 56,28,920 લોકોને લોહી આપવા સહમત કર્યાં, એવા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પણ આવા જ એક મહાપુરુષ હતા. 7 લાખથી વધુ પત્રો, અઢી લાખથી વધુ ઘરોમાં પધરામણી, 1200 જેટલાં મંદિરો, 1000થી પણ વધારે સુશિક્ષિત સંતો તથા ભૂકંપરાહત, રેલરાહત, આદિવાસી ઉત્કર્ષ, મહિલા ઉત્કર્ષ જેવી 162થી વધુ પ્રવૃત્તિઓ સમગ્ર જગતમાં ફેલાવીને તેઓએ માનવ સમાજના ઘડતર માટે અભૂતપૂર્વ યોગદાન ઈતિહાસના પાને અંકિત કર્યું છે. તેમના આવા અવિસ્મરણીય કાર્યોને દેશ-વિદેશનાં લાખો લોકોએ બે મુખે વખાણ્યાં છે, ગીનિસ બુકે પણ પાંચ-પાંચ વખત પોતાના ચોપડે તેમનાં કાર્યો નોંધ્યાં છે, ઓસ્ટ્રેલિયા-બ્રિટિશ-કેનેડા જેવી પાર્લામેન્ટોએ પણ તેમને આ કાર્યો બદલ સન્માન્યા છે. પોતાનાં કાર્યો બદલ આવા તો કેટકેટલાં પ્રશંસાનાં પૂરો તેમના તરફ વહીને આવતા, તેમ છતાં પ્રમુખસ્વામી મહારાજના મુખેથી તો હંમેશાં આ જ શબ્દો નીકળતા રહ્યા, 'આપણાથી તો શેક્યો પાપડ પણ ભાંગે તેમ નથી.'

તારીખ 4-9-1988ના રોજ હ્યુસ્ટનના એક સમારંભમાં હજારોનું સન્માન ઝીલી પ્રમુખસ્વામી મહારાજ વિદાય લઈ રહેલા ત્યારે પ્રવીણભાઈ પરીખ નામના એક મુમુક્ષુએ તેઓને પૂછ્યું, 'લોકો આપની આટલી પ્રશંસા કરે છે. છતાં આપ અહંશૂન્ય કેવી રીતે રહી શકો છો?'

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું, 'જે કંઈ થાય છે તે ભગવાનને લીધે થાય છે. આપણે કરીએ તો અહં આવે ને!'

આ સાંભળી પ્રવીણભાઈએ બીજો પ્રશ્ન પૂછ્યો, 'આપને આવો વિચાર ક્યારે આવે?'

ત્યારે પ્રમુખસ્વામી મહારાજે સહજભાવે તેનો જવાબ આપતા કહ્યું: 'આ વિચાર ટળતો જ નથી.'

'પ્રભુતા પાઈ જાહી મદ નાહી' એ તુલસીદાસની ચોપાઈ હોય, કે 'જેના મનને માન ન ભાવે...' એ નિષ્કુળાનંદ સ્વામીની પંક્તિ હોય; સઘળી અહંશૂન્યતા પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં મૂર્તિમાન જોવા મળતી. તેમણે ન કેવળ આવી અહંશૂન્યતા જીવી બતાવી, પરંતુ પોતાના પછી એવી જ અહંશૂન્યતા જીવી બતાવે એવા મહંતસ્વામી મહારાજની ભેટ પણ સૌને આપતા ગયા. હમણાં જ લોકોને વિશ્વની આઠમી અજાયબી સમો લાગતો પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ ઊજવાઈ ગયો. આ ઉત્સવ નિમિત્તે બનેલા ભવ્ય અને દિવ્ય નગરની મુલાકાત જેણે-જેણે લીધી હશે, તેમને જો પૂછવામાં આવે કે આ નગરની મુલાકાતમાં તમારા હૃદયને સૌથી વધુ શું સ્પર્શી ગયું? તો બધાંને 'ગ્લો ગાર્ડન' અથવા 'લાઈટ એન્ડ સાઉન્ડ શૉ' વગેરે નગરનાં અનેક આકર્ષણો યાદ આવશે. વળી, આ નગર જોનારી પ્રત્યેક વ્યક્તિ ત્રણ બાબતના ગુણગાન ગાયા કરે છે, 'પ્રમુખસ્વામી મહારાજ', તેમની જન્મશતાબ્દી નિમિત્તે બનેલું 'નગર' અને ત્રીજું નગરને બનાવનાર 'સંતો-સ્વયંસેવકો'. પરંતુ આ ઉત્સવ ઊજવવા માટે સૌથી વધુ પ્રેરણા અને વિચારો જેણે આપ્યાં છે એવા મહંતસ્વામી મહારાજને ભાગ્યે જ કોઈ યાદ કરશે!

આ ઉત્સવ માટે હજારોની સંખ્યામાં સ્વયંસેવકો સેવા માટે આવ્યા તેની પાછળ કેવળ એમનું પ્રોત્સાહન અને બળ હતું. જે કંઈ સેવા સત્સંગીઓ કે અન્ય લોકોએ કરી તેના મૂળમાં તેમના જ આશીર્વાદ હતા. નગર નિર્માણની નાની-નાની બાબતોમાં તેઓએ અંગત રસ લીધો હતો. જ્યારે જ્યારે સંતો-કાર્યકર્તાઓને મુશ્કેલી આવી, ત્યારે તેઓનાં માર્ગદર્શન, પ્રાર્થના અને આશીર્વાદથી કામ થયું હતું. તેઓએ ધનુર્માસ વખતે અત્યંત પ્રેરણાદાયી અને બળભર્યાં સૂત્રાત્મક પાઠો તથા જાહેર પત્રો લખીને બધાંને ખૂબ પ્રેરણા અને પ્રોત્સાહન પૂરાં પાડ્યાં હતાં. આટલું બધું કરવા છતાં આખા નગરમાં તેઓનું નામોનિશાન નહોતું! તેમને પોતાની મહત્તા વધારવાનો એક અંશ માત્ર પણ વિચાર નથી આવ્યો! હાલમાં જે ઉત્સવની ચર્ચા આખા વિશ્વમાં ચાલી... જેના વખાણ કરતા લોકો આજે પણ થાકતા નથી... એવા પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવમાં પોતાનું નામ 'કોઈ રીતે આગળ ન આવવા દેવું' એ રીતનું મહંતસ્વામી મહારાજનું વર્તન એ તો અહંશૂન્યપણાની પરાકાષ્ઠા છે! પ્રમુખસ્વામી મહારાજમાં લોકોને જે દયા, કરુણા, સંયમ, ક્ષમા, ધીરજ આદિક અનંત ગુણો દેખાતા હતા, તે ગુણો આજે મહંતસ્વામી મહારાજમાં બધાંને દેખાઈ રહ્યા છે. આમ, પ્રમુખસ્વામી મહારાજ જેવા પરમ પવિત્ર સંત આપણી વચ્ચેથી ગયા નથી, તેમનું અસ્તિત્વ અને એ જ સદ્ગુણોની સૌરભ આજે પણ આપણા જીવનને પ્રેરણાઓથી મહેકાવી રહી છે - મહંતસ્વામી મહારાજ દ્વારા.

jivanmangalam@gmail.com





ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

મૂલ્યનિષ્ઠ માનવનું નિર્માણ કરવામાં સનાતન ગ્રંથો મહત્ત્વનો ભાગ ભજવે છે

મૂલ્યનિષ્ઠ ગ્રંથોના અધ્યયનથી માનવમાં નૈતિક મૂલ્યોનો વિકાસ થાય

આપણા રાષ્ટ્ર, ભારતમાં પરિવાર નિર્માણની જે વાત કરવામાં આવી છે, તે ખૂબ જ જરૂરી છે. ખાસ કરીને શિક્ષણમાં પણ મૂલ્યનિષ્ઠ શિક્ષણ અત્યંત આવશ્યક લાગે છે. વર્તમાન સમયમાં જ્યારે સ્ત્રીઓ પ્રત્યે થતાં કૃત્યો અંગે જાણવા મળે ત્યારે લાગે કે, આપણે હજુ બાળપણથી જ પ્રત્યેક વિદ્યાર્થી-વિદ્યાર્થિનીમાં મૂલ્યનિષ્ઠ શિક્ષણ ઉમેરવાની જરૂર છે. આપણે ત્યાં જે સંસ્કારની વાત કરવામાં આવી છે, તેની પાછળ બોધ ખૂબ જ અસરકારક છે.

ભારતીય પરંપરામાં આપણે ત્યાં તો પરાપૂર્વથી કહેવાય છે કે, માતા રામાયણ વાંચે, ભાગવત વાંચે, પેટમાં રહેલા બાળક ઉપર એની અસર થાય છે. પ્રહ્લાદજી માતાના પેટમાંથી જ જ્ઞાન લઈને આવ્યા હતા. આપણા મહારાષ્ટ્રના શિવાજી મહારાજનું પણ એમ જ હતું. તે સમયે દેશ ઉપર અત્યાચાર થઈ રહ્યો હતો. ધર્મ-સંસ્કૃતિ ઉપર આક્રમણ થઈ રહ્યું હતું ત્યારે આ દેશની આર્યનારી જ્યારે આંગણામાં આવેલા એક સંન્યાસીની ઝોળીમાં ભિક્ષા આપી ત્યારે એ રડી પડી. ત્યારે સંન્યાસીએ પૂછ્યું, 'મા, તમે કેમ રડો છો?' એ માતા સગર્ભા હતી. તેણે કહ્યું, 'મહારાજ, આપણા રાષ્ટ્રનું શું થશે? આપણી સંસ્કૃતિ અને આપણા સંસ્કારોનું શું થશે? એના ઉપર આટલું બધું આક્રમણ થઈ રહ્યું છે એને કોણ બચાવશે? તમે તો સંતો છો, તમે કંઈક કરો.'

ત્યારે સંતે કહ્યું, 'નહીં મા, અમે નહીં પણ તમે જ બચાવી શકશો. આ સંસ્કૃતિને તમારા સંસ્કાર બચાવશે.' ત્યારે તે મહિલાએ કહ્યું, 'મહારાજ! હું તો અબળા છું.'



સાધુએ કહ્યું, 'તમારા પેટમાં બાળક છે માતા, તમે રામાયણનો પાઠ કરો. તમારા પેટમાં જે બાળક છે, તે ભવિષ્યમાં આ સંસ્કૃતિને બચાવશે. તે આ સંસ્કારોને અને રાષ્ટ્રને બચાવશે માટે ચોક્કસ રામાયણનો પાઠ કરો.'

આ સંદર્ભનાં અનેક ઉદાહરણ આપણે ત્યાં ઉપલબ્ધ છે. એક સંત હતા, સમર્થ સ્વામી રામદાસ. જીજાબાઈ જ્યારે સગર્ભા હતાં ત્યારથી જીજામાતા રામાયણનો પાઠ કરતાં હતાં. જીજામાતા રામાયણનું વારંવાર પઠન કરતાં હતાં અને તેમનાં ઉદરમાં જે બાળક હતું એ એવા સંસ્કાર લઈને આવ્યું કે હું રામની જેમ જ નિશાચર વગરની પૃથ્વી કરી નાખીશ. શિવાજી મહારાજે રાષ્ટ્રના રક્ષણ માટે, સંસ્કાર અને સંસ્કૃતિ માટે સમગ્ર જીવન પસાર કર્યું.

આપણે ત્યાં માતા બાળકને ગર્ભમાંથી જ સંસ્કાર આપે અને તેનાં નિર્દોષ તોફાનો સામે કોઈ ફરિયાદ નહીં અને તેના ઉપર કોઈ ભાર પણ ન થોપો, તેને સહજતાથી વિકસવા દો, તેને નિજાનંદમાં રહેવા દો. બાળકો પાસેથી તેમની બાલ્યાવસ્થા છીનવી લેવી ન જોઈએ. શ્રીકૃષ્ણ બાર વર્ષ સુધી ભણવા ગયા નહોતા. નિશાળે ગયા જ ન હતા. માખણની ચોરી કરવી, બસ તોફાન કરવું, ગાયો ચરાવવી, જંગલમાં ભટકવું, બાળમિત્રો સાથે રમવું, રમતાં-રમતાં જો કોઈ દુષ્ટ રાક્ષસ વચ્ચે આવી જાય તો તે લડવાનું પણ શરૂ કરી દે અને તે રાક્ષસથી લોકોને બચાવે, આવું કામ કનૈયાએ કર્યું હતું. અનેક દેશોમાં મારે કથા માટે વિચરણ કરવાનું થાય છે ત્યારે ત્યાંના સ્થાનિકોમાં પણ સંસ્કૃતને મહત્ત્વ આપવામાં આવું રહ્યું છે. એટલું જ નહીં, એક શાળાએ તો સંસ્કૃતનું પ્રશિક્ષણ એટલા માટે આપી રહ્યાં કેમ કે ત્યાં બાળકોમાં નૈતિક મૂલ્યોનો વિકાસ થાય છે. સંસ્કૃત ભાષાનું એક આગવું મહત્ત્વ છે. તેનું ઉચ્ચારણ માત્ર તમારામાં ઊર્જા અને સકારાત્મકતા ભરી દે છે. આપણે પુસ્તકો વાંચવાનું, આપણો રસપ્રદ, મૂલ્યનિષ્ઠ ઈતિહાસ વાચવાનું ભૂલી રહ્યાં છીએ. આ બધું કદી ન ભુલાવું જોઈએ.

સૌથી મહત્ત્વની યાદ રાખવાની છે કે, જે રાષ્ટ્ર પોતાનો ગૌરવશાળી ઈતિહાસ ભૂલી જાય છે, તેણે પસ્તાવાનો વારો આવે છે. રામાયણ, મહાભારત અને શ્રીમદ્ ભગવદ્ ગીતા, શ્રીમદ્ ભાગવત જેવા ગ્રંથોનું સતત અધ્યયન કરવાથી વ્યક્તિમાં નૈતિક મૂલ્યોનો વિકાસ થાય છે, એવું કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. આપણી એ જવાબદારી બને છે કે, આપણે બાળકો-નવી પેઢીને પ્રાચીન ગ્રંથો વાંચવા તો આપીએ. તેની વાતો સ્વયં વાંચીને તેને કહેતા જઈએ. આ માટે શક્ય હોય તો કથા શ્રવણ કરો કેમ કે કથા દ્વારા આવા ગ્રંથોનું મૂલ્ય અને રહસ્ય જાણવા મળશે. મૂલ્યનિષ્ઠ માનવનું નિર્માણ કરવામાં આવા સનાતન ગ્રંથો અત્યંત મહત્ત્વનો ભાગ ભજવે છે.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

કુમારપાળ રાજાની જીવદયા

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી જેવા સદ્ગુરુનો યોગ થવાથી કુમારપાળ રાજાએ પોતાના જીવનના જીવદયા ભાવને પ્રબળતાથી પ્રતિષ્ઠિત કર્યો હતો. વિરાધનાના કારણે ચાતુર્માસમાં તેઓ પાટણ છોડીને ક્યાંય જતા નહોતા. પોતાના અઢારે અઢાર દેશમાં તેમણે જીવદયાનું પ્રવર્તન મક્કમતાથી કરાવ્યું હતું. એકવાર તેમણે એક દિવસનું સાધુ જેવું જીવન અર્થાત્ પૌષધ વ્રત ધારણ કર્યું, ત્યારે એક મંકોડો શરીર ઉપર ચોંટી ગયો. મંકોડાને કિલામણા ન થાય તે રીતે તેને વારંવાર દૂર કરવાનો પ્રયાસ કર્યો, પણ તે દૃઢતાથી ચોંટી ગયો હતો, અંશ હલતો ન હતો. કુમારપાળ રાજાના બદલે સામાન્ય કક્ષાનો જીવ હોત તો તરત તેને મારી જ નાખ્યો હોત, પણ કુમારપાળ રાજા એવું કરે તેવા ન હતા. તેમણે જેટલા ભાગમાં મંકોડો ચોંટેલો હતો, તેટલા ભાગથી થોડી વધુ ચામડી કાપીને બાજુમાં અલગ મૂકી દીધી. મતલબ કે પોતાને દુ:ખ થાય તે ચાલે, પણ મંકોડાને દુ:ખ થાય, તે તો ના જ ચાલે! આપણને ક્યારેક મચ્છર વગેરે કરડતાં હોય તો પ્રથમ તો સહન કરીએ, કદાચ ન થાય તો રૂમાલ જેવા કોમળ કપડાંથી હલાવી દઈએ, એ પણ ના થાય તો ઝાપટ તો ના જ મારીએ અને તેને સર્વથા તો ના જ મારી નાખીએ.





જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

મિલન એટલે જે-તે વ્યક્તિની મુશ્કેલીઓનો સંપૂર્ણ ખ્યાલ હોવો

સાચું મિલન

વાત છે મહાભારતના યુદ્ધ પછીની. ધૃતરાષ્ટ્રે જાહેરાત કરી કે એને પાંડવોને અને તેમાંય ખાસ કરીને ભીમને મળવાની ઈચ્છા છે, પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ ધૃતરાષ્ટ્રના કપટને જાણતા હતા. તેથી તેમણે ભીમના આકારની લોખંડની મૂર્તિ બનાવડાવી અને ધૃતરાષ્ટ્ર સામે ધરી. અંધ ધૃતરાષ્ટ્ર પ્રેમ ઊભરાયાનો દેખાવ કરતો ભીમના પૂતળાંને વળગી પડ્યો અને એવી બાથ ભીડી કે તે પૂતળું કચડાઈ ગયું! લોખંડના પૂતળાંની આ દશા કરી તો પ્રત્યક્ષ ભીમ મળ્યા હોત તો શું થાત? શું ધૃતરાષ્ટ્ર ખરેખર ભીમને 'મળ્યા' કહેવાય? સંસારમાં અનુભવાય છે કે આપણે બધાં-પતિ-પત્ની, ભાઈ-ભાઈ, માતાપિતા અને સંતાનો ઘરમાં રોજ મળતાં જ હોઈએ છીએ. છતાં તેમાં છૂટાછેડા, અલગ ઘર થવા, ઘરમાં ઝઘડા થવા, કોર્ટ-કચેરી સુધી પ્રશ્નો જવા વગેરે પ્રસંગો કેમ બનતા હોય છે? 'મળવું'નો અર્થ માત્ર સ્થૂળ રીતે ભેગા થવું એ નથી. 'મળવા'નું રહસ્ય તો કંઈક જુદું જ છે.


વિશ્વવંદનીય સંતવિભૂતિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ રોજના લગભગ 400થી 500 વ્યક્તિને મળતા. સવાર, બપોર ને સાંજ તેઓ સૌને મળતા જ રહેતા, પરંતુ તેમના 'મિલન'ની રીત કંઈક જુદી હતી. ઘણી વાર મળવા આવનાર વ્યક્તિના પ્રશ્નો સામાન્ય હોય, ક્યારેક વિચિત્ર હોય... પણ પ્રમુખસ્વામી મહારાજ તેમાં પણ ઊંડા ઊતરી જે-તે વ્યક્તિને સંતોષકારક યથાર્થ ઉત્તર આપતા. કારણ કે તેઓને મન દરેક વ્યક્તિ અને દરેકના પ્રશ્નો અગત્યના હતા.

એક વાર સારંગપુરમાં પ્રમુખસ્વામી મહારાજ બિરાજમાન હતા. તે સમયે મુલાકાત દરમિયાન ગામડાના એક સામાન્ય ખેડૂતે આવીને પૂછ્યું: 'બાપા! મારે કૂવો ક્યાં કરવો?' પ્રમુખસ્વામી મહારાજે તેના ખેતરનો નકશો માગ્યો. નોટબુકના લીટીવાળા કાગળ પર તે નકશો હાથથી ચીતરીને લાવેલા. પ્રમુખસ્વામી મહારાજે તેને જોતાં 'ખેતરનો ઢાળ કઈ બાજુ છે?' વગેરે પ્રશ્નો પૂછી તેને કૂવો કરવાની દિશા ચીંધી. ક્યાં વિશ્વ કક્ષાએ લોકોને આભા બનાવી દે એવા મંદિરોના સર્જક પ્રમુખસ્વામી મહારાજ જેવી મહાન વિભૂતિ અને ક્યાં કૂવો ખોદવાનું માર્ગદર્શન! સામેની વ્યક્તિમાં રસ લેવો, તેની વિગતોને શાંતિથી, એકાગ્રતાથી સાંભળવી, તેને સમજીને ઉત્તર આપવો તેનું નામ 'મિલન'. શું આવું મિલન ઘરના સભ્યો સાથે આપણે કરીએ છીએ? આપણે ઘરના સભ્યોને મળીએ છીએ, પણ તેની સામાન્ય જણાતી વાતમાં આ રીતે ધીરજ રાખીને રસ લઈએ છીએ? 'મિલન' એટલે જે-તે વ્યક્તિની મુશ્કેલીઓનો, નબળાઈઓનો સંપૂર્ણ ખ્યાલ હોવો.

એક કુટુંબના મોભી પિતા ગુજરી ગયા. મિલકતની વહેંચણી થઈ. સ્વાભાવિકપણે તેમાં તેઓનાં પત્નીનો ભાગ હોય જ. બંને દીકરાઓએ પોતાનો ભાગ લઈ લીધો, પણ બંને દીકરાઓ માતાને પોતાના ઘરે રાખવા માટે આગ્રહ કરવા લાગ્યા! આવો ઊભરાઈ રહેલો માતૃપ્રેમ જોઈને માતા બોલ્યાં : 'હું કયા રોગની, ત્રણ દવા લઉં છું તે જે પુત્ર જણાવી શકે તેની સાથે હું રહીશ.' માતાના આ એક પ્રશ્નથી બંનેનાં પાણી મપાઈ ગયાં! કારણ કે બંનેમાંથી એક પણ પુત્રે માતાના અંગત જીવનમાં રસ લીધો જ નહોતો, તેમની મુશ્કેલીને જાણતા જ નહોતા અને તેમના પ્રશ્નોને સમજવા પ્રયત્ન જ નહોતો કર્યો. એટલે સાથે રાખવાનો આગ્રહ તો કેવળ માતાની મિલકતનો ભાગ પોતાને મળે તે માટેનો જ હતો!


મળવું એટલે જે તે વ્યક્તિના રસ, રુચિ, સ્વભાવ, વગેરેને યથાર્થ રીતે ઓળખવું. પ્રમુખસ્વામી મહારાજમાં આ ગુણનો અનુભવ નજીકમાં રહેનારા સૌને થતો. પ્રમુખસ્વામી મહારાજ ગોંડલમાં બિરાજમાન હતા. ભોજન સમયે તેઓ પાસે ગલકાંનાં ભજિયાં આવ્યાં. તરત જ પ્રમુખસ્વામી મહારાજે સામે બેઠેલા વૃદ્ધ હરિભક્તને યાદ કર્યા : 'ભાઈકાકાને ગલકાંનાં ભજિયાં ભાવે છે. માટે તેમને તે આપો.' રોજના સેંકડો માણસોને મળતા પ્રમુખસ્વામી મહારાજ દરેકની રસ-રુચિનો કેટલો ખ્યાલ રાખતા હશે! પતિ-પત્નીના સંબંધોની વાત કરતાં 'રીડર્સ ડાઈજેસ્ટ'માં પ્રશ્ન પુછાયેલો, 'તમારા જીવનસાથીને કયો રંગ ગમે છે?' સામાન્ય જણાતી આવી બાબતોથી ઘણા અજાણ હોય છે. તેથી તેઓએ પ્રેમપૂર્વક આપેલી વસ્તુઓ પણ કદાચ સામેના પાત્રને સંતોષ નથી આપી શકતી. વ્યક્તિની રસ-રુચિ મુજબ પીરસવામાં આવેલ વાનગી કે ઉપહાર સૌ કોઈને ગમે છે. સાથેની વ્યક્તિના રસ-રુચિનો અભ્યાસ કરવો તેનું નામ 'મિલન' છે.

એક વાર જ્યારે પ્રમુખસ્વામી મહારાજ નૈરોબી પધાર્યા ત્યારે સંતોએ નોંધ્યું કે હરિભક્તો તેઓને પગે લાગવા આવે ત્યારે સૌ માથું નમાવે છે અને તે સૌનાં મસ્તક પર પ્રમુખસ્વામી મહારાજ હસ્ત મૂકી આશીર્વાદ આપે છે, પણ એક હરિભક્ત કાયમ તેમાંથી બાકાત રહે છે. તેઓ મસ્તક નમાવે છતાં કાયમ પ્રમુખસ્વામી મહારાજ તેના ખભા પર હસ્ત મુકીને જ તેને આશીર્વાદ આપે છે. એક દિવસ જિજ્ઞાસાથી એક સંતે પ્રમુખસ્વામી મહારાજને આમ કરવાનું કારણ પૂછ્યું ત્યારે સ્પષ્ટતા કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે : 'તે હરિભક્ત માથા પર વિગ પહેરે છે. આપણે માથા પર હાથ મૂકીએ ને તેમની વિગ ખસી જાય તો તેમનું લોકમાં સારું ન દેખાય, તેથી ખભા પર હાથ મૂકું છું.' આ છે સાચું 'મિલન'.



તો ચાલો, મહાપુરુષનો આ ગુણ આપણા જીવનમાં ઊતારીએ અને આપણા સ્નેહીઓને યથાર્થ જાણી સાચા અર્થમાં તેમને મળીએ.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

સંસારમાં વધારે સુખ-સુવિધા હોય, તો વ્યક્તિને મુક્તિની ઈચ્છા થતી નથી

જીવનમાં બે મહત્ત્વની બાબત છે, પરોપકાર કરતાં રહેવું, પરપીડન વૃત્તિથી દૂર રહેવું



જીવનમાં બે જ બાબતો ધ્યાન રાખવા જેવી છે. પરોપકાર કરવો અને પરપીડન વૃત્તિથી દૂર રહેવું. જ્યારે જીવનમાંથી પાપવૃત્તિ દૂર થઈ જાય અને સત્કાર્યો કરવાથી પુણ્ય વધતું રહે છે. હંમેશાં પાપવૃત્તિથી દૂર રહેવાની આવશ્યકતા છે.

આ સંદર્ભનો કિવદંતી જેવો એક છે. એક ચોર જેલમાંથી છૂટ્યો. કોઈ આશરો હતો નહીં અને વરસાદ જોરથી વરસી રહ્યો હતો. બે ટંક ખાવાના સાંસા હતા. એને વિચાર આવ્યો કે જેલમાં તો સમયે સમયે ખાવાનું તો મળતું હતું. સમય થાય એટલે સૂઈ જવાનું. જે કામ કરાવે એ કરવાનું. સમય થાય એટલે થાળી-વાટકો લઈ લાઈનમાં ઊભા રહી જવાનું. ત્યાં ભોજન તો સમયસર મળતું હતું. હવે શું થશે? એ નક્કી નથી. ચોર જેલમાંથી બહાર આવીને મુશ્કેલીમાં મુકાઈ ગયો. એને થયું કે 'આપણને નહીં ફાવે, આપણે પાછા હતા ત્યાં ચાલ્યા જઈએ એ જ બરાબર છે.' કારાગૃહને પોતાનું ઘર માનીને બેઠા હોય તેવા લોકોને બહાર ગોઠે નહીં. હવે અંદર તો એમને કેમ જવાય? એ તો રહી જેલ. અપરાધ કરવો પડે, ગુનો કરવો પડે.

ચોરે વિચાર કર્યો. એકાદ ગુનો કરી નાખું. જોરથી વરસાદ પડતો હતો. એક બહેન એક હાથમાં થેલી અને બીજા હાથમાં છત્રી લઈ અડધાં ભીંજાતાં, પોતાની જાતને બચાવતાં, થેલી સંભાળતાં આવતાં હતાં. ચોરને થયું આ બહેનની છત્રી લઈને ભાગું. બાજુમાં જ પોલીસ સ્ટેશન છે. છત્રી લઈને ભાગીશ અને બહેન બૂમો પાડશે ચોર... ચોર... એટલે પોલીસ મને તરત પકડી લેશે. હું ઝડપથી નહીં ભાગું, ધીમેથી ભાગીશ. પોલીસ આવશે અને હું પકડાઈ જઈશ. છત્રી બહેનને પાછી મળશે. મને મળશે જેલ.

હવે બહેન જેવા નજીક આવ્યાં, એટલે ચોર છત્રી આંચકી અને ભાગ્યો. પચાસ-સાઠ ડગલાં દોડ્યો તોય બહેન કંઈ બોલ્યાં નહીં. ચોરને થયું કે આ બહેન કેમ બોલતાં નથી? ચોર.. ચોર.. એમ બૂમ તો પાડવી જોઈએ ને? એ પાછો ફર્યો. બહેન તો એની સામે જોતાં જોતાં હસવાં લાગ્યાં. વરસતા વરસાદમાં ચોરને પરસેવો વળી ગયો. તેને થયું કે કંઈ સમજાતું નથી. છત્રી લઈને ચોરે પૂછ્યું, 'તમે કેમ કંઈ બોલ્યાં નહીં?' ત્યારે તે બહેન બોલ્યાં, 'તમારી આ છત્રી હોય તો તમે લઈ જાવ. એટલે કે તે બહેન પણ કોઈની છત્રી પરબારી જ ઉપાડી લાવ્યાં હતાં. તેથી કહે, 'તમારી હોય તો તમે લઈ જાવ. એમાં શું વાંધો છે? લઈ જાવ ને તમે પ્રેમથી!'

ચોરે કપાળ કૂટ્યું. જેના ભાગ્ય ફૂટેલા હોય એ જેલમાં જવા માગે તો પણ તે ન જઈ શકે. એટલે કે કારાગારની સુવિધા, મુક્તિની ઈચ્છાને જાગૃત થવા દેતી નથી. એ જ રીતે સંસારમાં પણ વધારે પડતી સુવિધા અને સુખ હોય તો પણ ઘણી વાર વ્યક્તિને મુક્તિની ઈચ્છા જાગતી નથી.

મારે તો સૌને એટલું જ કહેવું છે કે પૂજા, પાઠ વગેરે છે, તે બરફની જેમ છે, તે તમારો અંતરાત્મા જે તાપથી તપી રહ્યો છે, તેને ક્ષણવાર માટે તો શાંત કરી દેશે, પરંતુ જો તમારા વિચારોમાં ઠંડક અને અંદરથી દાહ શાંત નહીં થાય તો તે તમને કાયમી શાંતિ આપી શકશે નહીં. ઘણા લોકોને પૂછીએ તો કહે કે દોઢેક વર્ષ માળા કરી. તે કરવાથી શાંતિ મળતી હતી, પરંતુ હવે મળતી નથી. એટલે તેનું કારણ એ છે કે પુણ્યનો બરફ હતો એ પીગળી ગયો, પાણી થઈ ગયો. નીચે તાપ તો એવો ને એવો જ રહી ગયો છે, માટે પાણી ઊકળવા માંડ્યું છે. એટલે કહેવાનું તાત્પર્ય એ છે કે પુણ્ય કદાચ ન થાય તો કંઈ વાંધો નહીં, પરંતુ પાપ તો ન જ કરવા અને કરતાં હો તો તેના ઉપર પૂર્ણવિરામ મૂકી દેવું.

પરમાત્મા જે સુખ, શાંતિ અને આનંદ સ્વરૂપ છે, જે સુખરાશિ છે, જે સ્વયં શાંત સ્વરૂપ છે, તેને કેમ પ્રાપ્ત કરવા? તેનો ઉપાય દર્શાવે છે. માટે શાશ્વત શાંતિ માટે કંઈ વિશેષ કરવાનું રહેતું નથી, પરંતુ મનુષ્ય જે ઉત્પાતો કરે છે, એ બંધ કરી દે તો શાશ્વત શાંતિ આપોઆપ મળી જ જશે. પાપનો તાપ બુઝાવવાને બદલે તે પુણ્યનો બરફ પોતાની પાસે રાખે તે જરૂરી છે.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

નમિરાજર્ષિની વિચારધારા

નમિરાજર્ષિના દેહમાં દાહ જ્વર ઉત્પન્ન થયો. ભયંકર પીડા થતી હતી. રાજવૈદ્યોએ શ્રેષ્ઠ ઉપચાર કર્યો, પણ દાહજ્વરમાં ફરક ન પડ્યો. રાણીઓ જાતે ચંદન ઘસીને તેનો લેપ લગાવતી. એક વાર રાજર્ષિ વિશ્રામમાં હતા, ત્યારે રાણીઓ ચંદન ઘસતી હોવાથી હાથમાં પહેરેલાં કંકણોનો અવાજ આવતો હતો. રાજર્ષિથી આ અવાજ સહન ન થતાં સૌ રાણીઓએ સૌભાગ્યના પ્રતીક તરીકે માત્ર એક જ કંકણ રાખ્યું. બીજા દિવસે ચંદન ઘસાય છે, પણ અવાજ નથી આવતો. રાજર્ષિ વિચારવા લાગ્યા કે જ્યાં 'અનેક' છે, ત્યાં અશાંતિ છે અને જ્યાં 'એક' જ છે, ત્યાં સંપૂર્ણ શાંતિ છે. એકલપણામાં જ પરમ સુખ છે. નિર્ણય કર્યો કે જો મારો દાહજ્વર શાંત થાય, તો હું દીક્ષા લઈશ. દૃઢ સંકલ્પના પ્રભાવે રાત્રિએ દાહજ્વર શાંત થયો અને બીજા દિવસે પુત્રને રાજ્ય સોંપી નમિરાજર્ષિએ સંયમ જીવન અંગીકાર કર્યું.





જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

'સત્ય'ને વર્તનમાં-વ્યવહારમાં સહજ બનાવવું તે વધુ ઊંચી ને શ્રેષ્ઠ બાબત છે

સચ્ચાઈ સો ટચની

માંડૂક્ય ઉપનિષદ કહે છે, 'સત્યમેવ જયતે' અર્થાત્ - 'સત્યનો જ જય થાય છે.'

મહાભારત કહે છે, 'સત્યં હિ પરમં બલમ્' અર્થાત્ - 'સત્ય જ સૌથી મોટું બળ છે.'

ગરુડમહાપુરાણ કહે છે, 'વ્રતાનાં સત્યમુત્તમમ્' અર્થાત્ - દરેક પ્રકારનાં વ્રતોમાં સત્ય બોલવું એ શ્રેષ્ઠ વ્રત છે.'

'સત્ય' વિષેની આવી કંઈક કેટલીય વિભાવનાઓ આપણાં શાસ્ત્રોએ કરી છે.

આ ધરાતલ ઉપર સમયે સમયે અવતરેલા મહાપુરુષોનાં જીવનમાં મન-કર્મ-વચને પૂર્ણ અર્થમાં સત્યનું અખંડિત સાતત્ય જોવા મળે છે. સચ્ચાઈનું નૂર જેવું તેઓનાં હૈયાંમાં હોય છે તેવો જ સચ્ચાઈનો સૂર તેઓની વાણીથી વહે છે.

મનુષ્યનાં જીવનમાંથી જ્યારે 'સચ્ચાઈ' વિષેના સ્પષ્ટ અને સત્ત્વશીલ વિચારોનું ધોવાણ થાય છે ત્યારે 'અસત્ય'ની સાહજીક વર્તણૂક તેના જીવનનો જાણે પર્યાય બની જાય છે.

એકવાર એક ભાઈ નોકરી શોધવા નીકળ્યા. એક શેઠને ત્યાં અરજ કરી. શેઠે પૂછપરછ આદરી. 'દારૂ પીવો છો?' - 'ના' - 'ચોરીની ટેવ છે?' - 'ના' - 'ધૂમ્રપાન કરો છો?' - 'ના' - 'કપટ કે બહાનાબાજી કરો છો?' - 'ના, બિલકુલ નહીં!' શેઠ અચંબામાં પડી ગયા, એકપણ બૂરી આદત નહીં! શેઠે વિચારીને પૂછ્યું, 'તમારામાં એકપણ બૂરી આદત નથી?' - પેલા ભાઈ શાંતિથી કહે, 'એક જ બૂરી આદત છે. મને જૂઠું બોલવાની ટેવ છે. એ વિના કંઈ નહીં.'

'સત્ય' વિશે વાંચવું, વિચારવું અને તે વિષે વ્યાખ્યાનો આપવા એ સારી બાબત છે, જ્યારે 'સત્ય'ને વર્તનમાં-વ્યવહારમાં સહજ બનાવવું તે વધુ ઊંચી અને શ્રેષ્ઠ બાબત છે. એટલે જ કહેવાયું છે કે, 'કહેણી મિસરી ખાંડ હે, રહેણી તાતા લોહ, કહેણી કહે અને રહેણી રહે એસા વિરલા કોક.'

શ્રીમદ્ ભાગવતમાં શ્રીવેદવ્યાસજીએ એકાદશ સ્કંધમાં ભાગવત સંતનાં ત્રીસ લક્ષણો લખ્યાં છે. જેમાંનું એક એટલે 'સચ્ચાઈ.' પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં સત્યનિષ્ઠા એ કક્ષાની હતી કે જેમાં કોઈ બેવડાં ધોરણો નો'તા. તેઓની સચ્ચાઈ સો ટચની હતી. 'સત્ય' વિષે ક્યારેય સમાધાન ન કરવું તે પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજની સહજ લાક્ષણિકતા હતી. ન હોય તેવું ઉપજાવીને છાપ પાડી દેવી એવો દંભીલો દેખાવ તેમનામાં જોવા ન મળે. કોઈ અંધ પણ તેમના વ્યક્તિત્વની પારદર્શિતાને જોઈ-જાણી શકે તેવું નિર્દંભપણું એ તેમની સ્વાભાવિક ઓળખાણ હતી. તેઓ ઘણીવાર કહેતા, 'મને દંભ પહેલેથી જ ગમે નહીં.'

એકવાર તેઓ સમક્ષ એક પુસ્તકનું વાંચન થઈ રહેલું, જેમાં તેમની જ 'સમત્વ' ભાવનાનો એક પ્રસંગ વંચાયો કે, ઈ.સ. 1994માં દિલ્હીમાં ગુજરાત વિહાર ખાતે સંસ્થાનું પ્રથમ મંદિર થયું તે ઉત્સવમાં પ્રમુખસ્વામી મહારાજે સુરેન્દ્રનગરના ધનજીભાઈને યાદ કરતા પૂછ્યું, 'હજી સુધી ધનજી કેમ દેખાયો નથી?' તે સમયે કોઈને તેની ભાળ નહોતી. ધનજીનું સરનામું શોધાવી તેને બોલાવવા એક કાર્યકર્તાને મોકલ્યા.


આ પ્રસંગ વર્ણવીને અંતે લેખનકર્તાએ પ્રસંગની ગુણગરિમા જણાવતા લખેલું કે, 'એક તરફ દિલ્હીના માંધાતાઓ પ્રમુખસ્વામી મહારાજના દર્શને આવી રહ્યા હતા તો બીજી તરફ તેઓ એક સામાન્ય વ્યક્તિને પણ સામેથી યાદ કરીને બોલાવી રહ્યા હતા.' આ સાંભળતા જ પ્રમુખસ્વામી મહારાજે સહજ રીતે સ્પષ્ટતા કરી, 'આપણે તો સુરેન્દ્રનગરનું એનું મકાન લેવાનું હતું તેથી બોલાવ્યો હતો.' એક ચિંતકે લખ્યું છે કે, 'It's not easy to do the right thing when no one but you alon will know.' - 'તમારા સિવાય કોઈને જાણ ન થવાની હોય ત્યારે પણ જે સાચું હોય તે જ કરવું તે સહેલું નથી.'

અંતર અત્યંત નિર્મળ અને નિર્દંભ હોય ત્યારે જ આવો ઘટસ્ફોટ થઈ શકે. અન્યથા સામે ચાલીને આવેલી ક્રેડિટની કમાણી કોઈ તરછોડે નહીં. સત્ય કહેવામાં અને સ્વીકારવામાં તેઓએ ક્યારેય નાનપ અનુભવી નથી.

મહાભારતના શાંતિપર્વમાં વ્યાસજી સત્યની એક સર્વોત્તમ અને સર્વશ્રેષ્ઠ વ્યાખ્યા કરતા લખે છે. 'યદ્ભૂતહિતમ્ - અત્યન્તમેતત્સત્યં પરં મતમ્' અર્થાત્ - 'જે પ્રાણીમાત્રનું અત્યંત હિત કરે તે પરમ સત્ય છે.' પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજના આચાર, વિચાર કે ઉચ્ચારમાં ક્યારેય કોઈનુંય અહિત થાય એવા અંશમાત્રનું અસ્તિત્વ કોઈએ નોંધ્યું નથી. તેઓની પ્રાર્થનાનો પ્રધાન સૂર પણ હંમેશાં અન્યના હિતનો જ રહેતો. ઈ.સ. 1999માં તેઓ પોતાની વિદેશ ધર્મયાત્રા દરમિયાન ઈઝરાયેલના જેરુસલેમ પધારેલા. અહીંના પ્રસિદ્ધ અને પવિત્ર મનાતા સ્થાન એવા 'વેઈલિંગ વૉલ' પાસે તેઓ પધાર્યા. આ સ્થાને તેઓએ ભગવાનનાં પ્રાસાદિક પુષ્પો ચઢાવી પ્રાર્થના કરી કે, 'અહીં જે કોઈ આવે તે સૌનું ભલું થાય.' પ્રમુખસ્વામી મહારાજની પરહિત ભાવનાને ક્યારેય-ક્યાંય પણ લૂણો લાગ્યો નથી, પછી તે ગેરસમજણથી દોરવાયેલો વિરોધી હોય કે અજ્ઞાનના આવેશમાં ઊતરી આવેલો આતંકવાદી કેમ ન હોય! તેઓના મનમાં કોઈના વિશે લેશ પણ દ્વેષ બંધાયો નથી. તેઓની હંમેશાં એક જીવનભાવના રહેલી કે, 'બીજાના ભલામાં આપણું ભલું. બીજાના સુખમાં આપણું સુખ અને બીજાનાં ઉત્કર્ષમાં આપણો ઉત્કર્ષ.'

આવો, આવા મહાપુરુષના પગલે આપણે પણ તેઓના જેવી શુદ્ધ સુવર્ણમય 'સચ્ચાઈ'ને આપણા જીવનમાં ચરિતાર્થ કરીએ.

jivanmangalam@gmail.com





ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

અધ્યાત્મ માર્ગમાં ખૂબ નિષ્ઠાથી વારંવાર કથા સાંભળે ત્યારે જ્ઞાન મળે

ભગવાનના અનુગ્રહથી માનવદેહ મળ્યો છે ત્યારે ભક્તિમય જીવન જીવીએ

ભગવાનનો અનુગ્રહ થયો હોય ત્યારે માનવદેહ મળે છે. દેવકાયા એટલે ચાંદી અને મનુષ્યકાયા એટલે લોઢું. જ્યારે ભક્તિરૂપી પારસમણિનો લોઢા સાથે સ્પર્શ કરાવવામાં આવે છે ત્યારે મનુષ્યકાયારૂપી લોઢું પણ સુવર્ણ થઈ જાય છે. ચાંદીને સ્પર્શ કરાવો તો તે સોનું ન બને. માટે મનુષ્ય જીવન અત્યંત દુર્લભ છે. આપણને આ માનવદેહ મળ્યો છે ત્યારે ભક્તિમાં રહીએ.

કથાશ્રવણ દ્વારા શાસ્ત્રનાં વચનો સમજણપૂર્વક જીવનમાં ઉતારવાનાં હોય છે, પરંતુ સમજણ ન પડે તો પણ કંઈ વાંધો નહીં. અધ્યાત્મ માર્ગમાં બાળક બનીને સાંભળીએ તો જલદી સમજણ ન પડે. ખૂબ નિષ્ઠાથી વારંવાર કથા સાંભળે ત્યારે જ્ઞાન મળે. એક શ્રોતા નિયમિત કથા સાંભળવા આવતા હતા અને વક્તાની પૂર્વે પોતાના સ્થાન પર બેસી જાય. કથા પૂરી થયા પછી વક્તા સ્થાન છોડે ત્યાર પછી જ ઊભા થવું જોઈએ, એ નિયમનું પાલન કરતા હતા. તેમની આ નિષ્ઠા જોઈને મેં તેમને પૂછ્યું ત્યારે તેઓ મને કહે કે મને પાંચ વર્ષ થયાં છે. તેમના શરીરની વય જોતાં 55 વર્ષની આસપાસ હોય તેમ જણાતું હતું. તેમણે કહ્યું કે કથામાં આવતો થયો, તેને પાંચ વર્ષ થયાં, તે અગાઉ મંદિર જતો નહીં, પરંતુ હવે કથામાં અને ધર્મમાં રુચિ વધતી જાય છે. આપણે બધાં પણ આ ક્ષેત્રમાં હજુ બાળક જ કહેવાઈએ. સદ્ગુરુ વારંવાર કથા સંભળાવે ત્યારે થોડું-થોડું જ્ઞાન ઊતરે છે.

પ્રભુ સંકીર્તનનું મહત્ત્વ છે. તેનાથી ભૂમિ પાવન થાય છે. જ્યાં કથા થાય એ સ્થાન પણ તીર્થ બની જાય છે. જેમ મેળામાં પિતાની આંગળી પકડીને જઈએ છીએ, એવી જ રીતે આપણે બધાં કૃષ્ણની આંગળી ઝાલીને આ આધ્યાત્મિક યાત્રામાં આગળ વધીએ. ભાગવત પુરાણ એ અર્ક છે. અર્કનો એક અર્થ સૂર્ય પણ થાય. જેમ સૂર્યના પ્રકાશથી બધા ગ્રહો પ્રકાશિત થાય છે, તેમ ભાગવતના પ્રકાશથી બધા ગ્રંથો પ્રકાશિત છે. સૂર્ય સ્વયં પ્રકાશિત છે, તેવી જ રીતે ભગવાન પણ એવા જ પ્રકાશિત છે. માટે તેમનાં શાસ્ત્રનું પઠન-ચિંતન કરવું જરૂરી છે. વિચાર વગરની સંવેદનશીલતા અને સંવેદનાહીન વિચારશીલતા આ બંને જીવનને એકાંગી બનાવે અને એકાંગી જીવન એ પૂર્ણ જીવન નથી. જીવનની પૂર્ણતાને પામવા માટે કે જીવનને એ પૂર્ણતામાં જીવવા માટે આ ત્રણેય વચ્ચે એક સામંજસ્ય સધાય એ બહુ જરૂરી છે અને એ કળાનું નામ છે, યોગ. શ્રીમદ્ ભગવદ્ ગીતા પણ અલગ-અલગ યોગ શીખવે છે. એ યોગમાંનું એક નામ છે, કર્મ યોગ. શ્રીમદ્ ભગવદ્ ગીતા કહે છે કે કર્મને પણ પ્રાધાન્ય આપવું જરૂરી છે. ઘણાં લોકોમાં ભક્તિ પ્રાધાન્ય હોય છે ત્યારે આપણે તેને ભક્તિમાર્ગ કહીએ છીએ. જ્યાં કર્મનું પ્રાધાન્ય હોય છે, તેને આપણે કર્મ યોગ પ્રાધાન્ય કહીએ છીએ. એ જ રીતે જેમાં વિચારનું પ્રાધાન્ય હોય છે, વિવેકનું પ્રાધાન્ય હોય છે, ત્યાં આપણે જ્ઞાન માર્ગ કહીએ છીએ.



વિચાર વગરની સંવેદનશીલતા અને સંવેદનાહીન વિચારશીલતા આ બંને જીવનને એકાંગી બનાવે અને એકાંગી જીવન એ પૂર્ણ જીવન નથી

જેને ભગવાન ઉપર ભરોસો હશે એને માટે ચિંતાનું કોઈ જ કારણ નથી. તેમનું જીવન તો પૂર્ણ આનંદના મહાસાગર જેવું બની જાય અને તેમના જીવનમાં પ્રભુપ્રેમની મસ્તી આવી જાય છે. સંયમ અને સેવાપરાયણ બનીને જીવન જીવવાનો એક આનંદ આવે છે. ભગવાન પાસેથી કંઈક મળશે કે નહીં તેની કોઈ જ પરવા નથી, માત્ર કર્મ યોગને માનીને આગળ વધનારાં આ લોકોને ગીતામાં કહ્યું છે તેમ કર્મના ફળ ઉપર અધિકાર વગર તેઓ ભક્તિના, સત્કાર્યના માર્ગે આગળ વધતા જ જાય છે. આવું જીવન જીવતાં જીવતાં જ્યારે ભગવાન મળી જશે ત્યાર પછી તેમને કંઈ જ પ્રાપ્ત કરવાનું રહેતું નથી. આમ, આપણે જીવનમાં સંવેદનશીલ બનવાનું છે. એક વિચારવાન વ્યક્તિ બનવાનું છે. આપણો માર્ગ અધ્યાત્મનો છે, જેમાં ગંતવ્ય સુધી પહોંચવા માટે બધા જ પ્રકારના યોગને સાધી લેવાના છે. આ યોગ થઈ જશે ત્યારે પરમ કૃપાળુ પરમાત્માનો સંયોગ થવો સહજ બની જશે. ભક્તિમય જીવન વ્યક્તિને સરળ, શાંત અને સહજ પણ બનાવે છે, જે આધ્યાત્મિક પ્રગતિ માટે સમર્થ બનાવે છે.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

સીતાની સુંદર સ્વામીભક્તિ

રાવણે છલ કરીને સીતાનું અપહરણ કર્યું. રામસેના કોઈ પણ રીતે સીતાને મેળવવા મક્કમ હતી. આ માટે શ્રીરામે સેવક હનુમાનને બોલાવ્યો. આજ સુધી તેમણે તો સીતાને જોઈ જ નથી. સીતાનાં લક્ષણો હનુમાનને જણાવતાં શ્રીરામ સીતાનાં મુખનું અને રૂપનું વર્ણન કરે છે. આ સાંભળતા જ શીલવ્રતનિષ્ઠ હનુમાને રામને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું: 'ભગવાન! આ બધું વર્ણન મને કામ નહીં આવે, કારણ કે હું તો પર સ્ત્રી તરફ દૃષ્ટિ પણ કરતો નથી!' શ્રીરામ વિચારવા લાગ્યા કે હવે હનુમાનને સીતાનાં લક્ષણો જણાવવા કઈ રીતે? ક્ષણાર્ધ વિચારીને બોલ્યાઃ 'લંકામાં ગયા પછી જે સ્ત્રીની આસપાસનાં વાતાવરણમાં 'રામ રામ' સાંભળવા મળે, તેને તું સીતા સમજજે.' હનુમાન લંકામાં ગયા. રામનાં બતાવેલાં લક્ષણથી સીતાને ઓળખી લીધી. જોકે શ્રીરામે કહી ન હતી, તેવી એક વિશેષતા ત્યાં દૃષ્ટિપથ પર આવી કે રામના વિરહમાં આટલા દિવસોથી સીતાએ એટલું બધું રુદન કર્યું હતું કે એ રુદનનાં આંસુનાં કારણે સીતાની આસપાસ પલ્લવો પાંગરી ગયાં હતાં. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીએ આ ઘટનાને 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિતમ્' મહાકાવ્યમાં સરસ મજાના શબ્દોમાં અંકિત કરી છેઃ 'पल्लवीकृतभूतलाम्' સ્વામીની સાતત્યસભરની સ્મૃતિમાં સ્વામીભક્ત પાસે આંસુ સિવાય બીજું હોય પણ શું...?





જીવન માંગલ્ય | સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

સ્વજનને ન સૂઝે એવું સદ્‌ગતનું ગુણદર્શન સ્વામીશ્રી કરાવી રહ્યા હતા

પ્રભુકૃપા કે સંત તમે મળ્યા જીવન પ્રવાસમાં!

1979ની સાલ હતી, મોરબીમાં થયેલી મચ્છુ ડેમની હોનારતથી સર્જાયેલ તારાજીના વળતાં પાણી કરવા પ્રમુખસ્વામી મહારાજ રાત-દિવસ પ્રયત્નશીલ હતા. તે સમયમાં એક રાત્રે પોણા અગિયાર વાગ્યે અમદાવાદ પહોંચેલા સ્વામીશ્રીની અહીં હજી તો પથારી પથરાય તે પહેલાં તેમને સલાડ નિવાસી મણિભાઈના અક્ષરવાસ (અવસાન પામ્યાના) થયાના સમાચાર મળ્યા. તે સાંભળતાં જ મંદિરના લીંબડા નીચે બાંકડા પર બેસી ગયેલા સ્વામીશ્રી ઊંડા વિચારમાં સરી પડ્યા. તેમણે વરિષ્ઠ સંત પૂજ્ય ડૉક્ટર સ્વામી સાથે મળીને વિચારણા કરી રાખેલી કે 'અમદાવાદ પહોંચ્યા બાદ મણિભાઈને મુંબઈની જસલોક હૉસ્પિટલમાં લઈ જઈને સારવાર કરાવવી.' પરંતુ અહીં આવતાં જ તેમના ધામગમનની વાત મળતાં સ્વામીશ્રી વ્યથિત થઈ ગયા. કોઈ સંતે પીવા માટે ધરેલું પાણી પણ તેમના ગળા નીચે ઊતરી ન શક્યું! તેમણે પ્યાલો ઠેલી દીધો અને રાત માથે લઈને ઠીકરિયા જવા પ્રસ્થાન કર્યું. તેમણે દિવસના આરામની આહુતિ મોરબીના અસરગ્રસ્તોની સંભાવના માટે આપેલી. રાત્રિનો આરામ એક હરિભક્તની સંભાવના માટે હોમી દીધો. તેઓએ આખું જીવન આમ જ વિતાવેલું!



આખી રાતનો ઉજાગરો વેઠી સ્વામીશ્રી સવારે સાડા પાંચ વાગ્યે ઠીકરિયા પહોંચ્યા ત્યારે અહીં મણિભાઈનું પાર્થિવ શરીર જોતાં જ તેમની ભક્તવત્સલતાએ ફરી ઊથલો માર્યો. મણિભાઈના દેહને સ્વામીશ્રીએ સ્વહસ્તે પંચામૃતથી સ્નાન કરાવ્યું. ચંદન-પુષ્પથી પૂજન કર્યું. અક્ષરવાસીના દીકરાઓએ નનામીની તૈયારી કરી રાખેલી, પણ સ્વામીશ્રીએ કહ્યું: 'તમારા ઘરના ઉપલા મેડે લાકડાંની એક ખુરશી છે તે લઈ આવો.' સ્વામીશ્રીને ભક્તોના ભવનની પણ રજેરજ ખબર! જનસામાન્ય દુનિયામાંથી વિદાય લે એ રીતે તેમને પોતાના આ સબળ સાથીદારને વિદાય નહોતી આપવી. તેથી સ્વામીશ્રીએ મણિકાકાની અંતિમયાત્રા માટે પાલખી બનાવડાવી. તેમાં તેમના પંચભૌતિક દેહને પધરાવ્યો અને ઘરની બહાર ઓસરીમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરવા સભા ભરી. તેમાં તેમણે ગળગળા સાદે જણાવ્યું: 'મણિભાઈના જવાથી મને તો ઘણી ખોટ પડી છે. અમારો સત્સંગમાં સાથે પ્રવેશ થયો હતો. આવા શૂરવીર ભક્તો મળવા દુર્લભ, તેમની આયોજનશક્તિ પણ ભારે હતી. જાતે ઘસાઈને સેવા કરતા. કથા-વાર્તામાં જબરી આસક્તિ, અટલાદરા મંદિરનો વ્યવહાર પોતે ઉપાડી લીધો હતો.' સ્વજનને ન સૂઝે એવું સદ્‌ગતનું ગુણદર્શન સ્વામીશ્રી કરાવી રહ્યા હતા. ત્યારબાદ મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી વગેરે સદ્‌ગુરુ સંતો સાથે તેઓ આ મુક્તાત્માની પાલખી પોતાના ખભે ઉપાડી ઉઘાડા પગે ચાલવા લાગ્યા ! સ્વામીશ્રીની એક-એક ક્રિયા ભક્તો પ્રત્યેની તેમની અનહદ લાગણીની સાક્ષી બનતી ચાલી. આ રીતે આખા ગામમાં અંતિમયાત્રા કર્યા બાદ, વાડામાં અક્ષરવાસીનો અગ્નિસંસ્કાર થયો તે વખતે સ્વામીશ્રીએ, અમદાવાદથી સાથે લેવડાવેલાં ચંદનનાં કાષ્ઠ ચિતા પર પધરાવી, આ ભક્તરાજની સેવાને છેલ્લી અંજલિ આપી.

સૌને થયું : 'સ્વામીશ્રીએ મણિકાકાનું તમામ કામ પૂર્ણ કર્યું.' પરંતુ સ્વામીશ્રીના મતે હજી એક કામ બાકી હતું. તેમણે મણિભાઈના ત્રણેય દીકરાઓ – ચંદ્રકાંતભાઈ, નટવરભાઈ અને જવાહરભાઈને પોતાની પાસે બોલાવી કહ્યું : 'તમારે કંઈ પણ તકલીફ હોય તો મને ખાસ જાણ કરવી. હું તમારો બાપ જ છું એમ જાણજો.' જીવનની સંધ્યાએ માણસની કિંમત ઘટતી જાય છે. વ્યક્તિની શક્તિ, બુદ્ધિ, તેજ ક્ષીણ થતાં જાય તેમ તેના પ્રત્યેના માન-પાન, આદર-સન્માન કે અહોભાવ પણ ઓસરવા માંડે છે, પણ જ્યારે પરિશુદ્ધ પ્રેમ હોય ત્યારે ઉંમર, કળા, આવડત કે બુદ્ધિના ઉતાર-ચઢાવ આડા આવતા નથી. કારણ કે સત્પુરુષો વ્યક્તિત્વને નહીં પણ અસ્તિત્વને પ્રેમ કરતાં હોય છે. લૌકિક દૃષ્ટિકોણથી એવો વિચાર આવી જાય કે મૃત્યુ પછી જે તે વ્યક્તિ પાછળ કરેલી સંભાવના તે માણસ ક્યાં જોઈ શકવાનો છે?! એટલે લોકની પ્રણાલિકા પ્રમાણે જે રીતિ-નીતિ ચાલતી હોય તેમ વિધિ-વિધાન પતાવી 'સબ અપની અપની ગત મેં' જેવો લોકનો વ્યવહાર છે. પણ પ્રમુખસ્વામી મહારાજે એક ભક્તને તેની ગેરહાજરીમાં જે રીતે અંતિમ વિદાય આપી તે જોતાં અનુભવાય કે તેઓ નોખી માટીના પુરુષ છે.

2014ની સાલમાં તેઓ જ્યારે અમેરિકાના અંતિમ ધર્મપ્રવાસે ગયા હતા ત્યારે તેમની ઉંમર 94 વર્ષની હતી. ૨ વખતના હાર્ટ એટેક અને બાયપાસ પછી 94 વર્ષની જૈફ વયે કોઈ વ્યક્તિ ઘરનો ઉંબરો વટાવતા પણ વિચાર કરે અને અહીં પ્રમુખસ્વામી મહારાજ દેશાંતર કરી રહ્યા હતા. તે વખતે સ્વામીશ્રીના દર્શનાર્થે વિશ્વ કક્ષાના બાયપાસના મહાન સર્જન ડો. સુબ્રમણ્યમ સાહેબ ત્યાં આવ્યા હતા. પહેલા તો તેમને કહ્યું કે હું માની જ નથી શકતો કે આ કલ્પના છે કે હકીકત. મારી આંખો સાચું જોઈ રહી છે! હૃદયની બાયપાસ પછી આ ઉંમરે કોઈ વ્યક્તિ આવું સાહસ કેવી રીતે કરી શકે! પછી સ્વામીશ્રીને મળ્યા, તેમના સ્વાસ્થ્યની ચકાસણી કરીને તેમણે એક વાક્ય કહ્યું જે પ્રમુખસ્વામી મહારાજના પ્રેમની પરાકાષ્ઠાના દર્શન કરાવતું હતું. જે હતું, 'You must bare so much pain for your devotees' આપના ભક્તો માટે આપે ખૂબ સહન કર્યું છે. તેમણે ભક્તો માટે પોતાના અસ્તિત્વને ઓગાળી દીધું હતું.

આજે પણ લાખો ભક્તો ભાવિકો અંતરથી ભગવાનનો આભાર માને છે કે જીવનની આ યાત્રામાં અમને આવા સત્પુરુષનો યોગ સાંપડ્યો. તીથલના ટાંકલ તાલુકામાં પ્રમુખસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં ઉજવાયેલ એક શિક્ષક શિબિરમાં મુસ્લિમ શાયર ગની દહીંવાલા સ્વામીશ્રીને અનુલક્ષીને બોલી ઉઠયા હતા કે

'ઊઠી ઊઠીને આંધીઓ તિમિર હતી પ્રસારતી,
રહી રહીને જિંદગી કો'કને હાક મારતી,
મને થતું હતું કે તેને કોણ લઈ જશે ઉજાસમાં;
પ્રભુકૃપા! કે સંત તમે મળ્યા જીવન પ્રવાસમાં.'

અને આ અનુભૂતિ માત્ર એકને નહીં પણ અગણિત લોકોને થઈ છે અને થતી રહેશે.


jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન | ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

મહાપુરુષો આજ્ઞા આપે ત્યારબાદ સીધા હાથથી ચરણ સ્પર્શ કરી શકાય છે

જીવનમાં ગુરુકૃપા, સંસર્ગ અને સદાચરણ પણ જરૂરી છે



આધ્યાત્મિક પ્રગતિ માટે ગુરુકૃપા પણ જરૂરી છે અને સાચા મિત્રનો સંસર્ગ મળવો પણ અત્યંત આવશ્યક છે. આપણે ત્યાં કહેવાયું છે કે, સંસર્ગ અનુસાર ગુણ-દોષ થતાં હોય છે. શ્રીમદ્ ભાગવતમાં ભગવાન શ્રીકૃષ્ણના ત્રણ સખાનો ઉલ્લેખ છે. આ ત્રણ ગાઢ મિત્રોમાં એકની ભૂમિકા જ્ઞાનની છે, બીજો કર્મની ભૂમિકાવાળો છે અને ત્રીજો મિત્ર ભક્તિની ભૂમિકાવાળો છે. એક ભક્ત સખા, એક કર્મયોગી સખા અને એક જ્ઞાનયોગી સખા. જ્ઞાનયોગી સખા જે છે તે ઉદ્ધવજી, કર્મયોગી સખા તે અર્જુનજી અને ભક્તિયોગવાળો સખા સુદામાજી છે.

સુદામાજ તો પોતાના ભજનમાં જ લીન હતા. અર્જુનને તેના કર્મ કરવા માટે તૈયાર કર્યા, યુદ્ધ કરવા માટે તૈયાર કર્યા. ઉદ્ધવજીને જ્ઞાનોપદેશ આપીને નિવૃત્તિ તરફ વાળ્યા. તેમને પોતાની પાદુકા આપીને કહ્યું કે તમે અહીંથી પ્રસ્થાન કરો, બદ્રિકાશ્રમમાં જઇ તપસ્યા કરો. હવે તમારા માટે સંસારમાં કોઇ કર્તવ્ય કરવાનું બાકી રહ્યું નથી. ઉદ્ધવજી પણ મિત્ર છે, અર્જુન પણ મિત્ર છે અને સુદામા પણ કૃષ્ણના મિત્ર છે, આમ આ થયો સખ્ય ભાવ.

નવધાભક્તિમાં સખ્ય ભાવ છે. નવ પ્રકારની ભક્તિ એટલે નવધા ભક્તિ. શ્રવણમ્, કીર્તનમ્, વિષ્ણુ સ્મરણમ્, પાદસેવનમ્, અર્ચનમ્, વંદનમ્, દાસ્યમ્, સખ્યમ્, આત્મનિવેદનમ્ - આમ આ નવ પ્રકારની ભક્તિમાં એટલે ભગવાનની સેવા કરવામાં જો તમે સંલગ્ન બનો તો તમે પણ સાત પ્રકારની સેવા કરી શકો છો, જોકે આ નવમાંથી બે પ્રકારની ભક્તિ એવી છે, જે કરવામાં તમે સ્વતંત્ર નથી.

આ અધિકાર ભગવાન તમને આપે ત્યારે જ તમે તે ભોગવી શકો છો. એક છે, સખ્યમ્ અને બીજું છે પાદ સેવનમ્, આ બંને તમે તમારી મરજીથી નથી કરી શકતા, ભગવાન જેને અધિકાર આપે તે જ કરી શકે છે. પુષ્ટિ પરંપરાની આ એક વાત મને બહુ સારી લાગે છે કે અનુમતિ આપ્યા વગર ચરણસ્પર્શ કરી શકાતા નથી. ચરણસ્પર્શ કરતાં પહેલાં ગોસ્વામી બાળકને, આચાર્યપુરુષોને, મહાપુરુષોને પહેલાં પૂછવું પડે છે કે, ચરણ સ્પર્શની આજ્ઞા છે? અને જો તેઓ આજ્ઞા આપે ત્યારબાદ સીધા હાથથી ચરણ સ્પર્શ કરી શકાય છે.

વૈષ્ણવોની આ પુષ્ટિ પરંપરાની મર્યાદા છે. એવું નહીં કે સંત મહાત્મા નીકળતા હોય અને આપણે ધક્કામુક્કી કરીને તેમનો પગ ગમે તેમ પકડવો. તેના સ્થાને પુષ્ટિ પરંપરામાં એક મર્યાદા છે કે ચરણ સ્પર્શ કરતાં પહેલાં આજ્ઞા લેવામાં આવે છે અને તે આજ્ઞા મળે તો જ ચરણ સ્પર્શ કરવામાં આવે છે. આ પુષ્ટિ પરંપરાની મર્યાદા છે.

તો ભગવાન જેમને ચરણ સેવાનો અધિકાર આપે તે જ ચરણ સેવા કરી શકે છે અને બીજો સખ્ય ભાવ. સખ્ય ભાવમાં ભગવાન સાથે રમવું, ભગવાનની સાથે મસ્તી કરવી આ બધું જ ભગવાન જેને અધિકાર આપે તે જ કરી શકે છે, કારણ કે સખ્યમાં આપણે ભગવાનની સમાન બની જઇએ છીએ. સખ્યભાવમાં એક મિત્ર ચરણ પાસે નીચે બેસે અને એક મિત્ર ઉપર બેસે એવું નથી. ભક્ત અને ભગવાન એક જ ગાદી પર બેસે છે, ભગવાન અધિકાર આપીને તેમને ગાદી પર બેસાડે છે. સુદામાને ભગવાન અધિકાર આપીને તેમને ગાદી પર બેસાડે છે. આ પ્રકારની સખ્ય ભક્તિમાં ભક્ત કહે છે કે મારા સાચા સખા ભગવાન જ છે. સંસારમાં જીવમાત્રના સાચા સખા-મિત્ર જો કોઈ હોય તો પરમાત્મા જ છે.

સખ્યભાવમાં આપણે ભગવાનની સમાન બનીએ છીએ. તેમાં એક મિત્ર નીચે ચરણ પાસે અને એક ઉપર બેસે એવું નથી

આપણે પણ જીવનમાં પ્રભુની ચરણરજ લેવા મંદિરે જઇએ છીએ ત્યારે પ્રભુના જે ગુણો છે તેને પણ જીવનમાં આત્મસાત કરવાનાં છે. પોતાનાં કાર્યમાં તેને લાવવાનાં છે. આપણું આચરણ પણ એવું જ બની જાય કે જીવનની અંદર ભગવાન સાક્ષાત્ હોય તેવું લાગે અને આપણી આસપાસનું વાતાવરણ પણ પવિત્રતાથી મહેંકી ઊઠે.

આચરણની વાત થઈ રહી છે ત્યારે ચાર ચરણની વાત પણ કરીએ. ધર્મનાં ચાર ચરણ છે. પ્રથમ ચરણ છે સત્ય. ધર્મનાં ચાર ચરણમાં બીજું ચરણ છે તપ. તપ એટલે ઘર છોડીને ભાગી જવું અને જંગલમાં જઇને નાક પકડીને બેસી જવું કે કોઇ હઠયોગ કરી લેવો એવી સીમિત વ્યાખ્યા તપની ન જ કરી શકાય. ધર્મનું પ્રથમ ચરણ સત્ય છે અને એ સત્ય પાલન કરવામાં જે કંઇ મુશ્કેલી આવે તેને સહન કરવી તેનું નામ જ તપ છે. ગમે તેટલી તકલીફો આવે પણ સત્યનું આચરણ ન છોડીએ તેનું જ નામ તપ છે.

ધર્મનું ત્રીજું ચરણ છે પવિત્રતા. આંતર અને બાહ્ય એમ બંને પવિત્રતા જરૂરી છે. પાશ્ચાત્ય જગતે સ્વચ્છતાને ખૂબ જ મહત્ત્વ આપ્યું છે પણ ત્યાં પવિત્રતા નથી. સત્ય, તપ અને સ્વચ્છતાની સાથે પવિત્રતા પણ જોઈએ. મંથરાને સ્પર્શ કરતાં જ કૈકેયીની બુદ્ધિ બગડી. રામને વનમાં મોકલ્યા. સત્ય, તપ, પવિત્રતા બાદ ચોથું ચરણ આવે છે દાન. જીવનમાં હંમેશાં માત્ર લેવાની વૃત્તિ ન રાખતા જરૂરિયાતમંદને આપવું પણ જોઈએ. પાત્રતા જોઈને તેનું તેને દાન પણ કરવું જોઈએ. એવું કહેવાય છે કે રાજા પરીક્ષિતના શાસન સમયમાં લોકો સત્ય-તપ-પવિત્રતા અને દાન-ધર્મનાં આ ચારેય ચરણનું પાલન કરતા હતા.

આમ, આપણા જીવનમાં ગુરુકૃપા, સંસર્ગ અને સદાચરણ પણ જરૂરી છે.





જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

આપણે એવી ભ્રામક દુનિયામાં જીવવા લાગ્યા કે 'મને બધી ખબર પડે છે', 'મને બધું આવડે છે'

જિસે 'મૈં' કી હવા લગી ઉસે ન ફિર દવા લગી, ન દુઆ લગી

મા નવજીવનની યાત્રાને 'ટોપ વ્યૂ'થી જોતાં જીવનનાં અજાણ્યાં રહસ્યો ઉજાગર થાય છે. પણ જો આપણી આંતરદૃષ્ટિ કરવાની તૈયારી હોય તો! જો વ્યક્તિ જીવન વિશે વિચાર ના કરે તો સમય રેતીની જેમ હાથમાંથી સરકતો જાય છે અને અમૂલ્ય જીવન ધૂળના ભાવે સમાપ્ત થાય છે. આગ ઠારવા માટે પહેલા આગ ક્યાં લાગી છે તેનું સ્થાન શોધવું પડે છે, તેમ જીવનમાં પ્રગતિ ઝંખતા માનવને કોણ સ્પીડબ્રેકર છે તે જાણવું જરૂરી છે. તેથી ફુરસદ કાઢીને પોતાની જીવનયાત્રા પર બિલોરી કાચ મૂકવા જેવો છે. આપણને તેમાંથી એવી અદ્‌ભુત વસ્તુઓ મળશે કે જે આપણી જિંદગીની દિશા બદલી નાખે. પણ હા, અહીં પ્રામાણિક થઈને પોતાની ભૂલોને સ્વીકારવાની તૈયારી હોવી જરૂરી છે. આજના લેખમાં જીવનનું અવલોકન કરતો એક દૃષ્ટિકોણ પ્રસ્તુત છે, પરંતુ જે સ્થાનેથી તે આવે છે ત્યાં આવી ઘણી પ્રેરણાઓ પડી છે.

બાળપણમાં જીવનની શરૂઆત થતા આપણે નિશ્ચિંત હતા. પ્રત્યેક દિવસ નવું-નવું શીખતા હતા અને પ્રશ્નો પૂછતા હતા. ક્યુરિયોસિટી તેની ચરમસીમા પર હતી. ન તો શરમ હતી કે 'લોકો શું વિચારશે?', ન તો ચિંતા કે 'હું મૂરખ તો નહીં ગણાઉંને!' બસ નવું જાણતા હતા, જીવન માણતા હતા. ત્યારે હસવા-રડવામાં સંકોચ ન'તો. મન મૂકી હસી લેતા, પોક મૂકી રડી લેતા, દિલ ખોલી મમ્મીને બધું કહી દેતા. માર ખાધાં પછી પણ મા-બાપ પાસે જઈ ભેટી શકતા. પ્રેમ-હૂંફ અનુભવી શકતા. પણ ધીરે ધીરે સ્કૂલ-કોલેજમાં ડગ માંડ્યાં અને એક વિચિત્ર 'હવા' લાગી. આપણું વર્તન બદલાવા લાગ્યું. ક્યારેક શિક્ષક ભણાવે ને ખબર ન પડે તો પણ આપણે પૂછતા નહીં, મિત્રો પાસે શીખવા હાથ લંબાવતા નહીં, સમય જતાં એ 'હવા'એ વેગ પકડ્યો. આપણે એવી ભ્રામક દુનિયામાં જીવવા લાગ્યા કે 'મને બધી ખબર પડે છે', 'મને બધું આવડે છે', 'હું બધું સમજું છું.' ભ્રમથી છલોછલ ભરાયેલા આપણા પાત્રમાં હવે કશું નવું સમાય તેમ ન રહ્યું. પ્રગતિ રૂંધાવા લાગી, વિકાસ ડચકાં ખાવાં લાગ્યો, જીવન મૂરઝાવા લાગ્યું અને હવે જીવન પ્રવેશ્યું નવાં સંબંધોની નવી દુનિયામાં. તક હતી જીવનને સંબંધોના ગરવા ગુલાલથી ભરી દેવાની. પરંતુ અહીં પણ પેલી 'હવા'એ આપણો પીછો ના છોડ્યો. 'હું જ સાચો છું', 'મારી ભૂલ નથી, તો હું શા માટે માફી માગું?' 'હું મદદ માગીશ તો મારું સ્ટેટસ શું રહેશે?' તે 'હવા'ના સૂસવાટા, વાવાઝોડું કાતિલ હતું, ખબર પણ ના પડી અને તે જીવનને એ કગાર પર લઈ આવ્યું કે માણસ વિચારતો જ રહ્યો કે બુદ્ધિ, શક્તિ, સંપત્તિ, સંબંધો બધું હોવાં છતાં કેમ હું નિષ્ફળતાની ઊંડી ખાઈમાં ઊતરી ગયો છું! આ તે કેવી વિચિત્ર 'હવા'! શેની છે આ 'હવા'? જે જન્મથી લઈને મૃત્યુ સુધી માણસના જીવનને સુખ-શાંતિથી ફંટાવતી રહી છે. આ છે 'હું'ની હવા!

જિસે 'મૈં' કી હવા લગી, ઉસે ન ફિર દવા લગી, ન દુઆ લગી'

'Ego' આજે આપણા જીવનનું મોટિવેશન બની ગયો છે. જેમ અગ્નિ ચોતરફ ધુમાડાથી આવૃત્ત હોય છે, તેમ આપણી પ્રત્યેક ક્રિયા અહંકારથી આવૃત્ત છે, પણ જો આ અહંકારની અદૃશ્ય બેડીઓથી આપણે છૂટીએ તો એક અદ્‌ભુત વિશ્વમાં પ્રવેશ મળી શકે તેમ છે.

સ્ટીવ જોબ્સ એક સૂત્ર કહેતા 'Stay Hungry, Stay Foolish' ભૂખ્યા અને મૂર્ખ રહેવાની વાતનું તાત્પર્ય એ છે કે જો આપણે અહંકાર છોડી આપણું પાત્ર ખાલી રાખીશું (મૂર્ખ દેખાવાની તૈયારી સાથે!!) તો કુદરતનાં ગૂઢ રહસ્યોને પામી શકીશું અને જ્ઞાનની નવી ક્ષિતિજોમાં લાંબી ખેપ મારી શકીશું. પણ 'મને બધું આવડે છે' એ ભ્રમમાં તો કૂવાના દેડકાની જેમ જિંદગી પૂરી થઈ જશે, ક્યારેય સાગરની સફર માણી નહીં શકીએ. 'When you crush your Ego, knowledge comes to you.' જ્યારે અહંકારને અલવિદા આપીશું તો




જ્ઞાન સામે ચાલીને આપણી પાસે આવશે. માત્ર કારકિર્દી નહીં સંબંધોમાં પણ અમૃત રેડાશે. ઘણીવાર ખાટા થયેલા સંબંધોમાં બંને છેડે કોણ પહેલ કરે તેની જ પ્રતીક્ષા થતી હોય છે. જો આપણે અહંકાર મૂકીશું તો મૃતઃપ્રાય સંબંધોને જીવંત કરી શકીએ. નખ વધે તો આંગળી નથી કાપતા ખરુંને!, તેમ વણસેલા સંબંધોનું સમાધાન 'Ego' કાપવામાં છે, નહીં કે સંબંધો! અને માત્ર સામાજિક જીવન નહીં પણ આધ્યાત્મિક જીવનમાં પણ આ 'હું'ની હવાનું પ્રચંડ તોફાન છે. ભગવાન સ્વામિનારાયણના ભક્તકવિ મુક્તાનંદ સ્વામી સમગ્ર આધ્યાત્મિક સાધનાને ચાર શબ્દોમાં મૂકતાં જણાવે છે, '***હું ટળે હરિ ઢૂંકડા***' ભગવાન વેગળા નથી, બસ અહંકાર આડો પડ્યો છે. જ્યારે અહંનું આવરણ ખસે છે ત્યારે અનંત શક્તિનો જાણે ધોધ વહે છે. જે જીવન ઉપવનને આશ્ચર્યો, અહોભાવ, સુખ, શાંતિથી ભરી દે છે. અકલ્પનીય અને કાલાતીત કાર્યોનાં દર્શન થાય છે.

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ કલામે પોતાનું અંતિમ પુસ્તક 'ટ્રાન્સેન્ડન્સ' પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં અર્પણ કરતા કહ્યું હતું, 'આપે મારા જીવનમાંથી 'હું' અને 'મારું' દૂર કર્યાં છે. મને ભગવાનની ભ્રમણ કક્ષામાં મૂકી દીધો છે, હવે મારે કશું કરવાનું બાકી રહ્યું નથી.' જ્યારે જીવનમાંથી અહંકાર વિદાય થાય છે ત્યારે જીવન કન્ટેન્ટમેન્ટથી ભરાઈ જાય છે. વ્યક્તિગત જીવન હોય કે સામૂહિક પ્રકલ્પ - જ્યાં અહંકાર નથી, ત્યાં સુખ-શાંતિ-આશ્ચર્યની એક નવી દુનિયા હાથ ફેલાવીને આપણું સ્વાગત કરવા તત્પર છે.

1992માં પ્રમુખસ્વામી મહારાજે ગાંધીનગરમાં ગુજરાતનું નજરાણું 'અક્ષરધામ'નું લોકાર્પણ કર્યું. નેતા લાલકૃષ્ણ અડવાણી તેનાં દર્શને પધાર્યા હતા. તેમણે આ દિવ્ય ધામ નિહાળી સ્વયંસેવકોને પૂછ્યું, 'અક્ષરધામ કોને બનાવ્યું?' ત્યારે કાર્યકરોએ જવાબ વાળ્યો કે આ તો સંતોની સેવા-ભક્તિથી તૈયાર થયું છે. જ્યારે સંતોને પૂછ્યું, 'અક્ષરધામ કોને બનાવ્યું?' ત્યારે પ્રત્યુત્તર મળ્યો કે આ તો પ્રમુખસ્વામી મહારાજના પુરુષાર્થ, પ્રેરણા અને આશીર્વાદથી બન્યું છે અને જ્યારે પ્રમુખસ્વામી મહારાજને આ પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેમણે ઉત્તર આપ્યો કે ભગવાન સ્વામિનારાયણ અને અમારા ગુરુ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની કૃપા અને સંતો ભક્તોની સેવાથી તૈયાર થયું છે. અડવાણીજીએ અંતે કહ્યું, 'હું અત્યંત આશ્ચર્યચકિત થઈ ગયો કે આ લોકોએ આટલું ભવ્ય અક્ષરધામ તૈયાર કર્યું ને કોઈ ક્રેડિટ લેવા તૈયાર નથી!' ક્રેડિટ કોણ લઈ જશે તેની ચિંતા છોડી દેવામાં આવી તો કાળજયી કૃતિની ભેટ વિશ્વને મળી.

તાજેતરમાં દિવ્યતા અને ભવ્યતાથી સંપન્ન થયેલ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના પડઘમ સમગ્ર દેશ-દુનિયામાં ગુંજ્યા. તેની સફળતાનાં કારણોમાંનું પણ એક એ હતું કે અહીં સેવા કરનાર 80000 સ્વયંસેવકોને ક્રેડિટની પડી ન'તી. એક નૂતન વિશ્વ આપણી રાહ જોઈ રહ્યું છે, સફળતા અને સાર્થકતા કંકુ-ચોખા લઈને આપણને વધાવવા આતુર છે. પણ જો જો 'હું'ની હવા ના લાગી જાય!

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

રામનામ અને રામકાજ સક્રિય, સંગઠિત બનીને કરતા રહીએ

ભારતીય પરંપરામાં કહેવાય છે કે, **સંઘે શક્તિઃ કલૌયુગે** અર્થાત્ કળિયુગમાં એકતામાં-સંગઠનમાં જ શક્તિ છે. એ જ રીતે ભગવદ્ સ્મરણની સાથે જનસેવા, પરોપકાર પણ કરવાનો છે. ભગવાનનું નામ અને તેમનું કાર્ય એમ બંને કરવાનાં છે. અનેક લોકો રામ સ્મરણ તો કરે છે, પરંતુ લોકસેવા કરતા નથી તો એ સૂતેલા ભક્તો ગણાશે. રામનું નામ માત્ર મુખેથી લેવાનું નથી, પરંતુ રામનું કામ પણ કરતાં રહેવાનું છે. હનુમાનજીની ભક્તિ સૂતેલી નહોતી. તેઓ ફક્ત રામનું નામ નહોતા લેતા પરંતુ શ્રીરામચંદ્રજીનું કામ પણ કરતા હતા. આવી ભક્તિ સમાજને જાગૃત કરે છે અને પ્રભુને પણ પ્રસન્ન કરે છે. સીતા માતાની શોધમાં હનુમાનજી લંકામાં પહોંચ્યા ત્યારે વિભીષણ સૂતા હતા. વિભીષણ રામભક્ત હોવા છતાં રામજીનું કામ કરતા નહોતા. ત્યારે હનુમાનજીએ વિભીષણને પ્રભુ શ્રીરામના કામ માટે તૈયાર કર્યા અને કહ્યું કે 'રાવણ મા સીતાનું હરણ કરીને લાવ્યો છે. તેની મુક્તિ માટે તમે કોઇ પ્રયાસો કર્યા છે, ખરા?' પછી હનુમાનજીની પ્રેરણાથી વિભીષણ પ્રભુ શ્રીરામના કામ માટે તૈયાર થયા.

પ્રભુ શ્રીરામના આવ્યા પહેલાં રાવણને હરાવી શકે તેવા વાલી, સહસ્રાર્જુન, પરશુરામ, જનક, દશરથ, વિશ્વામિત્ર, વશિષ્ઠજી જેવી મહાન વિભૂતિઓ છે પરંતુ તેમની સજ્જનતા સંગઠિત નહોતી એટલે નિષ્ક્રિય હતી. ભગવાન શ્રીરામનું અવતરણ નિષ્ક્રિય સજ્જનતાને સક્રિય કરવા માટે અને સક્રિય સજ્જનતાને સંગઠિત કરવા માટે થયું હતું. અત્યારે પણ શ્રીરામ જેવાં લોકોત્તર ચરિત્રોની જરૂર છે. 'સેવા તો જનસેવા કરવી અને લેવું પ્રભુનું નામ'.

રામાયણને જોતાં એમ લાગે છે કે પ્રભુ શ્રીરામજીના પગમાં, આંખમાં અને કપાળે આ ત્રણ જગ્યાએ દર્શન કરો તો તમને ત્રણ વસ્તુઓ દેખાશે. પ્રભુ શ્રીરામના ચરણમાં કાંટા છે, કાંટા અને કાંકરા. શ્રીરામની આંખમાં છે આંસુ અને રામના કપાળે છે પ્રસ્વેદના બિંદુ. પગના કાંટા, આંખના આંસુ અને પ્રસ્વેદના બિંદુનો અર્થ એ થાય છે કે પગમાં જે કંટકો છે તે સંકટના પ્રતીક છે. આવતા કંટકોને પોતાના પગમાં ઝીલી લે છે અને એમ દર્શાવે છે કે 'હે જીવ! હું તારા માર્ગમાં, હું તારા જીવનપથ ઉપર તારી આગળ-આગળ ચાલી તારા માર્ગમાં આવતા સંકટના કંટકો મારા પગમાં ઝીલી લેવા તૈયાર છું.'

આંખના અશ્રુનો અર્થ એ છે કે 'તારા દુઃખ સહન કરવા માટે પણ હું તૈયાર છું, તારા માટે પરિશ્રમ કરવા માટે પણ હું તૈયાર છું, પરંતુ હું આટલું કરું પછી તું મારી પાછળ આવ.' પરંતુ આ દુનિયા પ્રભુ શ્રીરામ પાછળ જવામાં નહીં પણ હરામ પાછળ જવાનું વધુ પસંદ કરે છે. રામરાજ્ય આવે એવું તો બધા ઈચ્છે છે, પરંતુ રામરાજ્ય અન્ય સ્થળેથી શરૂ થાય એવી વાત કરતાં હોય છે. પોતાના વ્યક્તિગત જીવનમાં રામનું સામ્રાજ્ય વ્યાપે એ માટે કોઇની તૈયારી હોતી નથી. વ્યક્તિએ તો અંગત જીવનમાં શ્રીરામનું સામ્રાજ્ય વ્યાપે એ માટેની તૈયાર કરવાની છે.

દરેક વ્યક્તિનું જીવન એક અયોધ્યા છે, તેમાં રામરાજ્ય સ્થપાવું જોઈએ અને પ્રત્યેક વ્યક્તિના




હૃદય સિંહાસન ઉપર ભગવાન શ્રીરામચંદ્રજી કે જેઓ પરમ સત્યનો અવતાર છે, તેમનું સ્થાન હોવું જોઈએ.

પ્રભુ શ્રીરામના નામ અને કામ વગર સાચો આરામ ન મળે અને સાચો વિશ્રામ પણ ન મળે. જેમણે જીવનમાં સાચો વિશ્રામ મેળવવો હોય તેમણે પ્રભુ શ્રીરામનું કાર્ય પણ કરવાનું છે. માત્ર રાવણને મારવા માટે નહીં પરંતુ આપણે જીવન કેમ જીવવું જોઈએ એ શીખવવા માટે પણ તથા આપણને ઘેરી વળતી સમસ્યાઓનું માનવીય સમાધાન આપવા માટે પ્રભુ શ્રીરામનું અવતરણ થયું છે.

પરમકૃપાળુ પરમાત્મા તો તટસ્થ છે, ભક્તોની આર્દ્ર પ્રાર્થનાથી તટસ્થ વિરાગી પરમતત્ત્વ રાગી બને છે. પક્ષપાતી બને છે અને નિષ્પક્ષપાતી મટી જાય છે. સીતા એટલે ભક્તિ. જ્ઞાનનું ફળ મુક્તિ છે. પુણ્યનું ફળ સ્વર્ગ છે. પાપનું ફળ નર્ક છે પરંતુ ભક્તિનું ફળ ભાગવત છે. જનક હશે ત્યાં સીતા જન્મશે. જનકનો સીધો અર્થ થાય છે, જન્મ આપનાર. આપણે સૌએ સીતાના જનક બનવાનું છે. સૌ સીતાના જનક બનો. ભક્તિને પ્રગટ કરો. ભક્તિને કેવી રીતે પ્રગટાવશો? જનકજીએ તો યજ્ઞ માટે ધરતીમાં હળ ચલાવતા ચલાવતા સીતાને પ્રાપ્ત કર્યા હતા. ધ્યાન રહે, હળ હાંકવું એ કર્મ છે, પરંતુ આ કર્મ સાધારણ કર્મ નથી. યજ્ઞ કર્મ છે.

ભક્તિમાં સિંહશક્તિને બદલે કાયરતા દેખાય એ વિશ્વાસનો અભાવ નથી, પરંતુ એ તો કેવળ સૂતેલી ભક્તિ છે, નિષ્ક્રિય ભક્તિ છે અને આવી નિષ્ક્રિય ભક્તિ સમાજને નુકસાન કરે છે, દુર્જનો સક્રિય છે. સજ્જનો તો સંગઠિત પણ નથી અને સક્રિય પણ નથી. વર્તમાન સમયમાં સૌ સંકલ્પ લે કે સજ્જન બનીશું, સંગઠન બનીશું અને સક્રિય પણ બનીશું. આ જ રીતે રામનામ અને રામકાજ બંને કરીશું.



દિવ્ય ભાસ્કર | ધર્મ દર્શન | ગુરુવાર | 2 માર્ચ, 2023 | ફાગણ સુદ અગિયારસ | વિક્રમ સંવત 2079 | 08



જીવન માંગલ્ય


સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

'બીજાના ભલામાં આપણું ભલું, બીજાના સુખમાં આપણું સુખ'

પીડ પરાઈ જાણે રે

નરસિંહ મહેતાએ સાચા વૈષ્ણવનું પહેલું લક્ષણ એ બતાવ્યું છે કે 'વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે.' જીવન દરમિયાન કેવળ પોતાનો જ સ્વાર્થ સાધનાર માણસ વિશે ગોસ્વામીજી શું કહે છે ? જેમ લુહારની ધમણ ચાલતી હોય એમ એ માણસ શ્વાસ લઈ રહ્યો છે. પરહિત કાર્યના કાંટાળા પથ ઉપર હોંશે હોંશે ચાલનાર મહાપુરુષો સમગ્ર દુનિયામાં વંદનીય બન્યા છે.

'બીજાના ભલામાં આપણું ભલું, બીજાના સુખમાં આપણું સુખ' - આવું અદ્‌ભુત જીવનસૂત્ર આપનાર અને એ સૂત્રને જીવી બતાવનાર મહાપુરુષ હતા પ્રમુખસ્વામી મહારાજ. ગુરુએ સંસ્થાનું પ્રમુખપદ સોંપ્યું ત્યારથી જ જનસેવામાં જીવનને તાર-તાર કરી નાખવાની પ્રતિજ્ઞા સાથે તેઓ નીકળી પડ્યા હતા. આથી જ એમનાં દરેક કાર્યો અને દરેક નિર્ણયો વ્યક્તિલક્ષી કે સંસ્થાલક્ષી ન રહેતાં, સમાજલક્ષી બની જતાં. આ માટે એમને પોતાને વ્યક્તિગત ગમે એટલો ભોગ આપવો પડે કે જતું કરવું પડે, એની એ ક્યારેય પરવા કરતા નહીં.



ઈ.સ.૧૯૯૧માં પ્રમુખસ્વામી કપડવંજ પધારેલા. ત્યાંના મુખ્ય કાર્યકર સાથે સ્વામિનારાયણ મંદિરની આજુબાજુની વધારાની જમીન ખરીદી લેવાની વાત નીકળી, જેની સંસ્થાકીય પ્રવૃત્તિ માટે ખૂબ જ જરૂરિયાત હતી. સ્વામીશ્રીએ પૂછ્યું, 'આજુબાજુ શું આવેલું છે?' જવાબ મળ્યો, 'આ બાજુ નેરોગેજ રેલવે છે તે બ્રોડગેજ થવાની છે, એટલે તેઓ ઘણી જમીન સંપાદન કરી લેવાના છે. આના લીધે આપણને ભવિષ્યમાં વધારે જમીન નહીં મળે. એટલે આ લોકો નેરોગેજ રેલવેને બ્રોડગેજમાં ન ફેરવે તો સારું.' તરત જ સ્વામીશ્રી કહે, 'અલ્યા, આપણું એકલાનું નથી જોવાનું, સમાજનું પણ જોવાનું છે. લોકોને કેટલી તકલીફ પડતી હશે ત્યારે આ નિર્ણય લેવાયો હશે. તે તો ચાલું કરવી જ પડે. બંધ પડી ગઈ છે તે જલ્દી ચાલું થઈ જાય તેવી પ્રાર્થના કરવી.'

વ્યક્તિગત જીવનમાં પણ પ્રમુખસ્વામીને હંમેશાં પોતાના કરતાં અન્યનો ખ્યાલ વિશેષ રહેતો. વધતી જતી ઉંમરના પ્રભાવે રાતના અમુક વખત તેમની ઊંઘ ઊડી જતી ત્યારે કેટલા વાગ્યા હશે એ જોવા માટે એમણે એક નવી જ પદ્ધતિનો આવિષ્કાર કર્યો. થોડાં વર્ષો પહેલાં ડિજિટલ ઘડિયાળનો જમાનો નહોતો, આથી સમય જોવા માટે ઘડિયાળ ઉપર બેટરીનો પ્રકાશ નાંખવાની જરૂર પડતી. આના માટે સ્વામીશ્રીએ એવું શરૂ કર્યું કે પહેલાં તેઓ માથા સુધી રજાઈ સંપૂર્ણ ઓઢી લે. ત્યાર પછી ઘડિયાળને રજાઈની અંદર ખેંચી લે અને રજાઈને માથે ઓઢેલી રાખીને જ બેટરી ચાલુ કરી સમય જોઈ લે. ત્યાર પછી બેટરી બંધ કરી ઘડિયાળને રજાઈની બહાર કાઢે. તેઓ આમ કેમ કરે છે એ જાણવા માટે એમને પૂછ્યું ત્યારે તેઓ કહે, 'તમે બધા પણ સૂતા હો અને હું બેટરી ચાલું કરું તો પ્રકાશ પડે અને તમારી ઉંઘ બગડે. એવું ના થાય એના માટે હું આમ કરું છું.' ઝીણી બાબતમાં પણ અન્યની કેવી કાળજી!

૧૯૮૪માં પ્રમુખસ્વામી વિદેશયાત્રાએ જતાં પહેલાં અમદાવાદ પધારેલા ત્યારે એમની વિદાય સભાનું આયોજન થયું હતું. બરાબર એ જ અરસામાં અનામત આંદોલને ગુજરાતનો ભરડો લીધો હતો. સતત આઠ મહિના ચાલેલા આ આંદોલનથી લોકો ત્રાહિમામ્ પોકારી ગયા હતા. જો કે આંદોલનના બંને પક્ષના નેતાઓને પ્રમુખસ્વામી માટે અનન્ય ભાવ હતો અને તેઓની ઈચ્છા હતી કે સ્વામીશ્રીની હાજરીમાં દ્વિપક્ષી મીટિંગ થાય. એ માટે તેઓ આવ્યા ત્યારે તેમણે જોયું કે આ જ સમયે સ્વામીશ્રીને તો વિદાયસભામાં જવાનું હતું, જે જરૂરી હતું, કારણ કે સ્વામીશ્રીના હવે લાંબા સમય સુધી દર્શન થવાના નહોતા, એટલે હજારો હરિભક્તો છેલ્લાં દર્શન માટે ઉમટી પડ્યા હતા. પ્રમુખસ્વામી તો પોતાની વિદાયસભા એટલે કે એક પ્રકારના સન્માનને ઠેલી દઈને આંદોલનના સમાધાન માટેની મીટિંગમાં બેસી ગયા. મીટિંગમાં ચર્ચાનો દોર એટલો લંબાયો કે કલાકોની પણ ગણતરી રહી નહીં. સ્વામીશ્રી વિદાયમાનમાં તો ગયા જ નહીં પરંતુ આંદોલન સમેટાઈ જાય એ પાક્કું કરીને જ જંપ્યા. ત્યારે સ્વામીશ્રીના આશ્રિત નહીં એવા મહાનુભાવોને પણ ખ્યાલ આવ્યો કે સ્વામીશ્રી બીજાનું ભલું થાય એને પોતાના ભલા કરતાં હરહંમેશ વધુ મહત્ત્વ આપતા રહ્યા છે.

તારીખ ૧૩ માર્ચ, ૨૦૦૨ના દિવસે વડોદરાના સુરસાગર સરોવરમાં સત્યમ શિવમ સુન્દરમ સમિતિ દ્વારા ભગવાન શિવજીની ૧૧૧ ફૂટ ઊંચી પ્રતિમાની પ્રતિષ્ઠા કરવાનું આયોજન થયું હતું. પરંતુ સમિતિના સભ્યોને આઠ માસ પહેલાં ખ્યાલ આવી ગયો કે મુખ્ય પ્રતિમાપીઠની નીચે જે બીજા આઠ શિવસ્વરૂપોની મૂર્તિઓ મૂકવાની હતી તેનું શિલ્પકામ આટલા ટૂંક સમયમાં પૂર્ણ કરવું અશક્ય હતું. મૂંઝવણમાંથી માર્ગ કાઢવા તેઓ પ્રમુખસ્વામી પાસે દોડી આવ્યા. પ્રમુખસ્વામીએ એ જ ઘડીએ તેમને પૂર્ણ સહકાર આપવા વચન આપ્યું. આ માટે એમણે પોતાની સંસ્થાના મૂર્તિઓનું કામકાજ જોનાર કાર્યકરોને બોલાવીને આજ્ઞા કરી કે આ શિવ મૂર્તિઓનું કાર્ય આપણા કામ કરતાં પણ પહેલું પૂરું કરી આપવાનું છે. આ વસ્તુ સંસ્થા માટે કટોકટીની બાબત હતી કારણ કે દિલ્હી અક્ષરધામનું કાર્ય એ વખતે પૂરજોશમાં ચાલી રહ્યું હતું, કે જે દેશ-વિદેશમાં સંસ્થાની પ્રતિષ્ઠાના નાક સમાન હતું. સમયની અતિશય કટોકટી ત્યાં પણ હતી, એમાં આ નવું કામ અડચણરૂપ બનતું હતું. વળી એ પોતાની સંસ્થાનું તો કામ પણ નહોતું. પરંતુ પ્રમુખસ્વામીએ એ કાર્ય સારી રીતે કરાવ્યું. એટલું જ નહીં, પોતે પ્રતિષ્ઠા ઉત્સવમાં પણ પધાર્યા, પૂર્ણ સહકાર આપ્યો અને એ શિવજીનું 'સર્વેશ્વર મહાદેવ' એવું નામાભિધાન પણ એમણે પોતે જ કર્યું. બીજાનું ભલું કરી છૂટવાની સાથે સાથે એમની સર્વધર્મ સન્માનની ભાવના પણ ઉજાગર થઈ.

આવી ભાવનાઓ જ આવી વ્યક્તિઓને મહાપુરુષનું બિરુદ અપાવે છે.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

સૌથી સરળ ભાષામાં જે વાત હોય એને લોકો ગૂંચવી નાંખે અને કઠીન બનાવી દે છે

અહંકારનો ત્યાગ કરી પ્રભુને પ્રાપ્ત કરવાનો પ્રામાણિક પ્રયત્ન

જો તમને તરસ નહીં હોય તો કંઇ જ મળશે નહીં. તરસ હોય તો? બધું જ થઇ રહેશે. એ ભગવાનની તરસ એનું નામ જ ભક્તિ. ભક્તિની બીજી કોઇ પરિભાષા આપીએ? ભક્તિને કઇ રીતે વ્યાખ્યાયિત કરીએ? ભક્તિનો સીધોસાદો અર્થ છે, ભગવાનની તરસ. શ્રીમદ્ ભાગવતની અંદર ધર્મ એટલે ભગવાનને મેળવવાનું સાધન એમ નથી કહ્યું, પણ ધર્મ એટલે તો ભગવાનની ભક્તિ મેળવવાનું સાધન છે.

આજે તકલીફ શું છે? સૌથી સરળ ભાષામાં જે વાત હોય એને લોકો ગૂંચવી નાંખે અને કઠીન બનાવી દે છે. સામાન્ય રીતે લોકો શું કહેતા જોવા મળે? તકલીફ એ છે કે ધાર્મિક પ્રવચનમાં પણ આવું સાંભળવા મળે છે કે ભગવાનને મેળવવો સહેલો નથી, એ તો ખૂબ જ કઠીન છે. આવી વાતો સાંભળીએ ત્યારે આપણે શું કરીએ? તમે વિચારો કે ચાલો આટલું બધું મુશ્કેલીભર્યુ કાર્ય હો તો મૂકોને માથાકૂટ. લક્ષ્યનું દુર્લભત્વ લક્ષ્ય પ્રાપ્તિનાં પ્રયાસોથી વ્યક્તિને વંચિત કરે છે. આ એક સીધીસાદી વાત છે. જો લક્ષ્ય દુર્લભ જ હોય તો પછી એને માટે મહેનત જ શું કરવી? જો મને પૈસા મળવાના જ ન હોય તો હું મહેનત જ નથી કરવાનો. સવારથી સાંજ સુધી હું મહેનત કરું છું તેનું ફળ ક્યારેક તો મળવાનું જ છે. એ વાતને લોકોએ પ્રવચનોથી કઠીન બનાવી દીધી છે.

હવે બીજી વાત કહું કે જ્યારે કઠીન વાત છે, એવું કહેવામાં આવે ત્યારે અહંકારીઓ તેને પડકારરૂપ વાત માની લે છે. અચ્છા તો પછી અમે કરીને બતાવીશું અને અહંકારી લોકો કે જેમના જીવનમાં અહંકાર છે, તેઓને માટે આ એક પડકારરૂપ લાગે છે. 'ઈટ્સ ધ ચેલેન્જ' ચાલો આપણે તેને ઉપાડી લઇએ. પછી અહંકારથી એ માણસ એ ચેલેન્જને ઉપાડવાના ભાવથી જ્યારે ઈશ્વરને પ્રાપ્ત કરવાના પ્રયાસો કરે છે ત્યારે ઈશ્વર તેનાથી દૂર-દૂર જતો જાય છે, કારણ કે અહીં અહંકાર આવ્યો. ઈશ્વર તો હંમેશાં અહંકારથી જોજનો દૂર રહે છે. ભગવાન મથુરા છોડીને ગોકુળ કેમ ગયા? કારણ કે મથુરાનો રાજા કંસ હતો. ભગવાનનું પ્રાગટ્ય ભલે મથુરામાં થયું પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ મથુરામાં રહ્યાં નથી, ભગવાન શ્રીકૃષ્ણ તરત જ ગોકુળમાં જતાં રહ્યાં છે, કારણ કે ત્યાંનો રાજા કંસ હતો અને કંસ એટલે જ અભિમાન. કંસ એટલે જ દેહાભિમાન. એવી રીતે વિદ્વાનોએ કંસ શબ્દોના અર્થ કર્યા છે. સુખનો નાશ કરનારા, એવું અભિમાન, એવો અહંકાર એ કંસ છે. જ્યાં અભિમાન છે ત્યાંથી ઈશ્વર દૂર જાય છે. આ તો સાવ સરળ વાત છે.

પહેલી વાત તો એ છે, તાળું ખૂલતું ન હોય અને ઝૂડાની બધી ચાવીઓ આપણે અજમાવીએ. ઘણીવાર આપણે ઘરમાં અનુભવીએ છીએ કે બેગનું તાળું હોય, ઘરનું તાળું હોય અને ચાવી ખોવાઇ ગઇ હોય, તાળું ખૂલતું ન હોય પછી આપણે આડોશી-પાડોશીના ચાવીના ઝૂડા ભેગા કરીએ, આપણા ઝૂડા અજમાવી લઇએ અને બધી ચાવીઓ અજમાવી લઈએ. ઘણી ચાવી તો અંદર જાય જ નહીં અને ઘણી જાય તો રેઢાં ઘરમાંથી જેમ કૂતરું આંટો મારીને બહાર નીકળી જાય તેમ પાછી આવે તો કો'ક વળી નાની પડે, કો'ક વળી એવી રીતે નીકળી ન જાય પરંતુ ક્યાંક અધવચ્ચે અટકે એ પછી આગળ જ ન વધે. આમ દરેક ચાવી આપણે અજમાવી જોતાં હોઈએ છીએ. મોટેભાગે પતિ-પત્ની બંને આ માથાકૂટ કરતાં હોય તો પતિ જ પહેલા બધી ચાવી અજમાવી જુએ, હવે તેની પત્ની કહે કે જરા મને તે તાળું ખોલવા દો. હવે તેનો પતિ તે કરી ચૂક્યો છે છતાં તે ફરીથી બધી ચાવી અજમાવી જુએ. અંતે, ફરીથી પતિ જ કહે કે ઉભી રહે, મને એ જોવા દે કે એ કઇ કંપનીનું તાળું છે? પછી તે તાળાને હલાવી જુએ ત્યારે ખબર પડે કે તાળું તો ખુલ્લું જ છે. થોડું ચોંટી ગયું હતું. ગોપીઓએ શ્રીકૃષ્ણને નથી માંગ્યા. ગોપીઓએ તરસ માગી છે અને તરસ આંસુ બનીને સતત વરસ્યા કરી છે. ઈશ્વરની પ્રાપ્તિ માટે અભિમાનથી આપણે આટ-આટલા પ્રયાસો કરતાં હોઈએ, આટ-આટલી કસરતો કરીએ છેલ્લે ખબર પડે કે પરમેશ્વર તો પ્રાપ્ત જ છે. એટલે મારું કહેવાનું તાત્પર્ય એ છે કે વાત ઈશ્વરને પ્રાપ્ત કરવાના પ્રયાસોની નથી પરંતુ તરસની છે. ભક્તિનો અર્થ એ છે કે તેની તરસને જીવન આપીએ.

આમ, આપણે જીવનમાં અહંકારનો ત્યાગ કરીને સત્યને-પ્રભુને પ્રાપ્ત કરવાનો પ્રામાણિક પ્રયત્ન કરીશું તો પ્રભુની કૃપા નિરંતર વરસ્યા કરશે.





જીવન માંગલ્ય


સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

જીવનની રંગોળીમાં એવા રંગો પૂરીએ જેની શોભા જીવનને જીવવાલાયક બનાવે

તમને કોનો રંગ લાગ્યો છે?

રંગોનો ઉત્સવ આવીને ગયો, હોળી-ધુળેટી. આપણી દુનિયા પણ રંગબેરંગી છે. વિચારો, આપણી આસપાસની દુનિયામાંથી જો રંગ નીકળી જાય તો બ્લેક એન્ડ વ્હાઈટ દુનિયા કેવી નીરસ લાગે! રંગો દુનિયાને રળિયામણી બનાવે છે. જેમ કુદરતમાં રંગો છે તે રીતે ભગવાને બનાવેલ પ્રત્યેક વસ્તુ રંગોથી ભરપૂર છે, તેમાં માણસ પણ બાકાત નથી. વ્યક્તિઓ પણ રંગબેરંગી હોય છે. અહીં બાહ્ય શારીરિક રંગોની વાત નથી, પણ માણસના સ્વભાવોથી ઓળખાતા અદૃશ્ય આંતરિક રંગોની વાત છે.

જેમ કોઈ રેખાચિત્રમાં રંગો ભરાય અને તે કૃતિ વધુ નિખરીને બહાર આવે છે, તેમ માણસના જીવનમાં પણ જેમ જેમ રંગો ભરાય તેમ તેનું વ્યક્તિત્વ નિખાર પામે છે. પરંતુ પ્રશ્ન થાય કે આપણાં જીવનમાં રંગો કોણ પૂરે છે? તે પ્રશ્ન ખૂબ માર્મિક અને વિચારવાલાયક છે. એવું કહેવાય છે કે તમે કેવા લોકો સાથે રહો છો તેના પરથી તમે કેવા હશો તેનું અનુમાન કરી શકાય છે. 'સંગ એવો રંગ' ખૂબ રૂઢ થઈ ગયેલ આ કહેવતમાં ઊંડો મર્મ છે. જો તેની પર મનન-ચિંતન કરી યોગ્ય એક્શન લેવામાં આવે તો તે ત્રણ શબ્દોનું સૂત્ર જીવનનો ટર્નિંગ પોઈન્ટ બની શકે એમ છે. ઈ.સ. 1913 માં શ્રીનિવાસ રામાનુજન અગ્રણી ગણિતશાસ્ત્રીઓ તરફથી પોતાને સ્વીકૃતિ મળે એવી તીવ્ર ઝંખના ધરાવતા હતા, ખાસ કરીને ઈંગ્લેન્ડના ગણિતશાસ્ત્રીઓ તરફથી. આ માટે તેમણે કેમ્બ્રિજના પ્રો. હાર્ડી (Professor Hardy)ને એક પત્ર મોકલ્યો હતો. એ સમયે આ પત્ર તે બંનેના જીવનમાં અદ્‌ભુત પરિવર્તન લાવનારો સાબિત થશે, એનો તેમને ખ્યાલ નહોતો. હાર્ડીને રામાનુજન અસાધારણ વ્યક્તિ જણાઈ. તેમને રામાનુજનનું કાર્ય વિદ્વત્તાપૂર્ણ લાગ્યું. પણ સાથે સાથે તેમને એવું પણ લાગ્યું કે પ્રોફેશનલ ગણિતશાસ્ત્રી પાસે જે પાયાનું જ્ઞાન હોવું જોઈએ, તેનો રામાનુજનમાં અભાવ છે. આ બંને વિદ્વાનો વચ્ચે વિપુલ પત્રવ્યવહાર ચાલ્યો. પછી હાર્ડીએ આ યુવાનને ગણિતશાસ્ત્રનું પાયાનું સંપૂર્ણ જ્ઞાન મળી રહે, એ માટે તેને કેમ્બ્રિજ આવવા નિમંત્રણ આપ્યું. એ દિવસોમાં ભારતીય હોવાને લીધે રામાનુજનને પૂર્વગ્રહનો સામનો કરવો પડ્યો હતો. એટલે તક મળવા છતાં તેઓ તક ઝડપી ન શક્યા, પણ હાર્ડીએ મક્કમ નિર્ણય કરી લીધો હતો. તેમણે નીડરપણે, મિત્રભાવે રામાનુજનને માર્ગદર્શન પૂરું પાડ્યું. હાર્ડીના શબ્દોમાં જોઈએ તો, 'તેઓ એક એવી વ્યક્તિ હતા, જે મોડ્યુલર સમીકરણો, જટિલ ગુણાકારના પ્રમેયો વગેરે પર સફળતાપૂર્વક કામ કરી શકતા. અનંત અપૂર્ણાંક પરની તેમની માસ્ટરી દુનિયાના તમામ ગણિતશાસ્ત્રીઓ કરતાં વિશેષ હતી. તેમને શીખવવી પડે એવી અમુક વસ્તુઓ હતી, અને તેમાં હું અમુક અંશે સફળ પણ રહ્યો. જોકે તેઓ મારી પાસેથી જે શીખ્યા, એના કરતાં હું તેમની પાસેથી વધુ શીખ્યો હતો.' હાર્ડીએ રામાનુજન પાછળ જે મહેનત કરી અને જે મદદ કરી, એને કારણે શ્રીનિવાસ રામાનુજન ઈતિહાસના સૌથી મહાન ગણિતશાસ્ત્રીઓમાં ગણાય છે! આવા મિત્રો આપણા વ્યક્તિત્વને નિખારે છે. પ્રો.હાર્ડીએ રામાનુજનને આગળ વધાર્યા, એ જ રીતે આવા મિત્રો તરફથી મળતા માર્ગદર્શન, મદદરૂપ સલાહ અને સહારાને લીધે આપણે એક ઝળહળતા ભવિષ્ય તરફ આગળ વધીએ છીએ.



બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ગુરુ યોગીજી મહારાજ એક સુંદર દૃષ્ટાંત આપતા કે આપણું જીવન પાણી જેવું નહીં પણ અગ્નિ જેવુ હોવું જોઈએ. પાણીમાં જે રંગ નાંખો તે રંગ તે ધારણ કરી લે અને અગ્નિમાં જે પણ કંઈ નાંખો તેને અગ્નિ પોતાનો રંગ આપી દે. સિદ્ધાંતોની બાબતમાં આપણું જીવન અગ્નિ જેવું હોવું જોઈએ. જેથી કોઈ અભદ્ર રંગ આપણાં જીવનને કલંકિત ના કરી શકે. સાથે સાથે આપણી ભીતરનો ચારિત્ર્યનો, નૈતિકતાનો, પવિત્રતાનો રંગ એવો ઘેરો હોય કે આપણી સાથે જીવનારને તે રંગ લાગે તો તેનું જીવન પણ ઊર્ધ્વગામી બને. જીવનની રંગોળીમાં એવા રંગો પૂરીએ જેની શોભા જીવનને વધુ જીવવાલાયક બનાવે.

ઈ.સ. 2008માં સંશોધકોએ એક સાદો પ્રયોગ કરેલો. સંશોધકોએ પ્રયોગમાં ભાગ લેનારાઓને એક ઊંચા પર્વત સામે ઊભા રહેવાનું જણાવ્યું હતું. અમુક લોકો એકલાં ઊભા રહ્યાં, તો અમુક પોતાના મિત્રવર્તુળ સાથે ઊભાં રહ્યાં. બધાંને એક પ્રશ્ન પૂછવામાં આવેલો, 'તમે આ પર્વત ચઢી શકશો?' બધાંના જવાબો અલગ-અલગ હતા. જેઓ એકલાં ઊભાં હતાં તેમને એ કાર્ય લગભગ અશક્ય લાગતું હતું. તેમણે જણાવ્યું કે તેઓ એ પર્વત નહીં ચડી શકે. જેઓ પોતાના મિત્રવર્તુળમાં ઊભા હતા, તેમને એવું લાગતું હતું કે સાથે મળીને એ પર્વત ચડવાનું બહુ આસાન છે. પછી જે લોકો એકલાં ઊભાં હતાં, તેમને તેમના મિત્રો તેમની સાથે છે, એવી કલ્પના કરવાનું કહેવામાં આવ્યું. ત્યારબાદ તેમને ફરી પૂછવામાં આવ્યું : 'તમને એવું લાગે છે કે તમે આ પર્વત ચડી શકશો?' આશ્ચર્ય એ છે કે આ વખતે તેમનો જવાબ ના નહીં, પણ 'હા' હતો! આ સંશોધન અભ્યાસ સાબિત કરે છે કે આપણા મિત્રોને યાદ કરવામાત્રથી આપણી કેટલીક બાબતોમાં પરિવર્તન આવે છે. જેમ કે ડર હિંમતમાં ફેરવાઈ જાય છે. સંકોચ ઉત્સાહમાં ફેરવાઈ જાય છે. ચિંતા રાહતમાં ફેરવાઈ જાય છે.

મિત્રો આપણી હિમાલય જેવડી સમસ્યાઓને રેતીના નાના ઢગલા જેવડી બનાવી દે છે. આપણા મિત્રોને યાદ કરવામાત્રથી આપણને લક્ષ્યપ્રાપ્તિ માટેનું બળ અને ઉત્સાહ મળી રહે છે. પરંતુ જો સાચો સંગ મળે તો! બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજે લાખો લોકોને જીવનનો સાચો રાહ ચીંધી જીવવાની સાચી દિશા ચીંધી છે. વ્યસન મુક્તિ, પારિવારિક એકતા અને સદાચારના પંથે ચઢાવી તેઓએ લાખોનાં જીવનને પવિત્ર રંગોથી શણગાર્યું છે. કહેવાય છે કે તમે ભગવાન પાસે કોઈ ભેટ માંગો ત્યારે તેઓ હીરા, મોતી કે ધનસંપત્તિ આપવાને બદલે એક સાચા મિત્રનો પ્રેમ મોકલે, તો ભગવાનનો આભાર માનજો. આપણને પણ જીવનમાં આવો કોઈ યોગ સાંપડે તે પ્રભુને પ્રાર્થના.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

શક્તિ પ્રભુએ આપણને આપી છે, તેને વેચાય નહીં, તેની કિંમત લેવાય નહીં

ધર્મ, પરોપકાર અને નીતિના માર્ગે ચાલીને પુણ્યશાળી બનીએ

મહર્ષિ વેદવ્યાસજીએ ટૂંકમાં ધર્મની સરળ વ્યાખ્યા કરતા કહ્યું છે કે – પરોપકાર કરશો તો પુણ્યની પ્રાપ્તિ થશે અને પરપીડન કરશો તો પાપના ભાગીદાર બનશો. જોકે, આ સરળ વાક્યની સમજ ઘણાંને જીવનની અંતિમ અવસ્થા, વૃદ્ધાવસ્થામાં પ્રાપ્ત થાય છે.



બીજી રીતે કહેવું હોય તો- ધર્મ, અધર્મની વ્યાખ્યા કરવી એ ઘણી સૂક્ષ્મ વસ્તુઓ છે. સ્થૂળ બુદ્ધિથી એનો નિર્ણય થઈ શકતો નથી. સીમા ઉપર રાષ્ટ્રની સુરક્ષા માટે સૈનિકોને મોકલવામાં આવ્યા હોય, લડાઈ ચાલતી હોય અને એમને જઈને કોઈ મહાત્મા કહે કે અરે! તમે હિંસા કરી રહ્યાં છો. અહિંસા પરમ ધર્મ છે, તમે આ શું કરી રહ્યાં છો? ત્યાં તો તેમને ઉપદેશ અપાતો હોય છે કે લડવું એ જ તમારો ધર્મ છે.

જરા વિચારો કે સીમા પરના સૈનિકો રાષ્ટ્રની રક્ષા માટે લડતાં લડતાં પચાસ સૈનિકને મારી નાખે તો આપણે તેને પરમવીર ચક્ર આપીને તેઓનું સન્માન કરીશું પરંતુ એ જ સૈનિક રજામાં ઘરે આવીને પોતાના પાડોશીને મારી નાંખે તો એને ખૂની, હત્યારો કહીશું, એને સજા કરીશું.

સીમા ઉપર લડવું એ એનો ધર્મ છે, ત્યાં પચાસને માર્યા તો પરમવીર ચક્ર મળે, એ ધર્મ છે અને અહીં આવેશમાં આવીને પાડોશીનું ખૂન કર્યું હોય તો ત્યારે તે હત્યારો છે, કારણ કે એ અધર્મ છે, પાપ છે. અહીં સજા છે. તમે જોયું? ક્રિયા એક સરખી લાગતી હોય તો પણ ક્રિયાનો હેતુ બદલાઈ જાય છે. ક્રિયાનો ભાવ બદલાઈ જાય છે. એક ક્રિયા ધર્મરૂપ માનવામાં આવે છે અને ક્રિયાને અધર્મરૂપ માનવામાં આવે છે. ધર્મ, અધર્મ વચ્ચેનો ભેદ ઘણો સૂક્ષ્મ છે, એનો નિર્ણય સ્થૂળ બુદ્ધિથી થઈ શકતો નથી. અહિંસા હંમેશાં ધર્મ નથી હોતી અને હિંસા હંમેશાં અધર્મ હોતી નથી.

એ જ રીતે આર્થિક શોષણની વાત કરીએ તો આર્થિક શોષણ કરવાનો કોઈનો આપણને અધિકાર નથી, એમ આપણી આવડત કે શક્તિઓને વેચવાનો પણ આપણને અધિકાર નથી, કારણ કે આવડત કે શક્તિ આપણી નથી. શક્તિ પ્રભુની છે, તેથી એની કિંમત માગવાનો પણ આપણને કોઈ અધિકાર નથી. આ શક્તિ આપણા શરીરમાં ક્યાંથી આવી? અન્ન ખાધું, જળ પીધું, આ અન્નજળ કોણે આપ્યા? ભગવાને. તો એ શક્તિ કોની થઈ? ભગવાનની. પહેલાં આઠ કલાક કામ કરીશ અને પછી પુરસ્કાર લઈશ. એવી ભાવના રાખીએ. શક્તિ વેચવાનો આપણને શો અધિકાર છે? શક્તિ પ્રભુની અને વેચીએ આપણે?

શક્તિને મૂલ્ય છે, એની કિંમત ન હોય. કિંમત અને મૂલ્ય વચ્ચે તફાવત છે. હવાને મૂલ્ય છે પણ કિંમત નથી. હવા જો ન હોય તો આપણે જીવી શકીએ જ નહીં. એ જ રીતે શક્તિ પ્રભુએ આપણને આપી છે, તેને વેચાય નહીં અને તેની કિંમત લેવાય નહીં. પ્રભુએ આપેલી શક્તિનો સદ્‌ઉપયોગ કરો. પૂજા ભાવથી તમારું કર્મ કરો, કર્મને યજ્ઞ બનાવો. મૂડીવાદ અને સમાજવાદ એ બંનેથી હટીને યજ્ઞ એ ત્રીજું સાધન છે. આપણા ઋષિઓએ તેનું પ્રતિપાદન કર્યું છે. યજ્ઞાલિઝમ એ સમાજમાંથી આર્થિક અસમાનતા દૂર કરવાનું સાધન છે. પૂંજીપતિ બનો. લક્ષ્મીનું આહ્‌વાન કરો પણ લક્ષ્મીના માલિક ન બનો. લક્ષ્મીપતિ તો પરમાત્મા છે. આપણે લક્ષ્મીના માલિક નથી બનવાનું. લક્ષ્મીના મુનિમ બનવાનું છે. હું માલિક નથી, હું તો મુનિમ છું, હું લક્ષ્મીનો દુરુપયોગ નહીં કરું, લક્ષ્મી તો ભગવાન શ્રીવિષ્ણુની છે.

પોતાની પાસે જરૂરિયાત કરતાં વધારાની જે સંપત્તિ છે, તેને શું કરવાનું? એ સંપત્તિનો સદ્‌ઉપયોગ કરવાનો. દીન-દુઃખીયાને મદદ કરવાની. આમ, કરવાથી સંપત્તિનું વિકેન્દ્રીકરણ થશે. સમાજનાં સંપન્નો ભેગા મળી યજ્ઞ કરે અને એનો પ્રસાદ સૌને મળે.

એ જ રીતે વાત કરીએ તો આપણા દેશમાં સત્તા અને શ્રદ્ધા એ એકબીજાના પૂરક બનવાની જરૂર છે, શ્રદ્ધા પ્રાણ છે, તો સત્તા એ શરીર છે. પ્રાણ અને શરીર સાથે હોય તો જ વ્યક્તિ જીવતી રહી શકે છે. સમાજમાં જીવંત શાસન માટે શ્રદ્ધા અને સત્તા બંનેનો સમન્વય થવો જોઈએ. સત્તા દ્વારા સમાજને બાહ્ય વ્યવસ્થા મળે છે અને શ્રદ્ધાથી અનુશાસન ચાલે છે. ધર્મનું કામ લોકોનાં હૃદય ઉપર શાસન કરવાનું છે. આવા ધાર્મિક વ્યક્તિ લોકોની શ્રદ્ધાનું પ્રતીક બને ત્યારે સત્તાનું કાર્ય ઘણું સરળ બની જાય છે.

ચાલો, આપણે પણ ધર્મના માર્ગે, પરોપકારના માર્ગે, નીતિના માર્ગે ચાલીએ અને યથાર્થ રીતે પુણ્યની પ્રાપ્તિ કરીએ અને બીજા માટે ઉદાહરણરૂપ બનીએ.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

અભયકુમારની ત્યાગ ભાવના

પિતા શ્રેણિક રાજા પુત્ર અભયકુમારને કહે છેઃ 'તું બુદ્ધિનિધાન છે. મારે તારો રાજ્યાભિષેક કરવો છે.' અભયકુમારને આનંદ નથી. તેઓ વિચારવા લાગ્યાઃ 'રાજેશ્વરી નરકેશ્વરી' અર્થાત્ જે રાજા થાય તે નર્કમાં જાય અને આમ ભવભ્રમણ વધે. રાજા થયા પછી દીક્ષા મળે તો રાજા બનું.' અભયકુમારે પિતાજીને કહ્યું: 'મને થોડો સમય આપો. હું વીર પ્રભુને પૂછીને ઉત્તર આપું.' તેમણે વીર પ્રભુને પૂછ્યુંઃ 'પ્રભુ! રાજા બન્યા પછી મારી અંતિમ ઈચ્છા દીક્ષા લેવાની છે. મારે આપને પૂછવું છે કે આપના શાસનમાં અંતિમ રાજર્ષિ કોણ છે?' પ્રભુએ કહ્યું: 'અંતિમ રાજર્ષિ ઉદાયન થઈ ગયા. હવે કોઈ નથી.' અભયકુમારે વિચાર્યું તો રાજા બનું, પછી દીક્ષા નહીં લઈ શકું. તેમણે પિતાને જણાવ્યુંઃ 'આપ પણ પ્રભુ વીરના પરમ ભક્ત અને હું પણ પ્રભુ વીરનો પરમ ભક્ત! હવે આપ જેવા સાચા ધર્મી એવું ઈચ્છે ખરા કે આપનો પુત્ર રાજા બની દીક્ષા લીધા વિના નર્કમાં જાય!' પુત્રની ભાવના પિતા સમજી ગયા, અને રાજ્યાભિષેક કરવાના બદલે શીઘ્ર દીક્ષા માટે સંમતિ આપી.




જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

કેટલાંક ખુરશી વડે શોભતાં હોય છે જ્યારે કેટલાંક ખુરશીને શોભાવે છે

ખુરશી માટે દોડાદોડી



ખુરશી. મથાળા પરથી જ આપ સમજી ગયા હશો કે અહીં ખુરશી શબ્દ ક્યા સંદર્ભમાં વપરાયો છે. ખુરશી મેળવવા માણસ કઈ પરાકાષ્ઠા સુધી જઈ શકે છે તે આપણે સૌ સારી રીતે સમજીએ છીએ. સત્તા મળતા પહેલાં સજ્જન, વિનમ્ર, દયાળુ, પરોપકારી, સેવક જણાતો માણસ સત્તા પર આવ્યા પછી જેમ નોળિયો રંગ બદલે તેમ બદલી દેતો હોય છે. આ ખુરશીની માથાકૂટ માત્ર રાજકારણ પૂરતી જ નથી. પણ સંસારના દરેક ક્ષેત્રમાં આ ખુરશીનું ઘેલું છે. એ કોર્પોરેટ વર્લ્ડ હોય કે સેવાકીય સંસ્થા, એ સોસાયટીનાં વડા હોય કે સમાજના નેતા કે પછી નોકરીમાં બોસ હોય બધે આ ખુરશીની દોડાદોડી દેખાય છે. પરંતુ આ ખુરશી મળી જાય પછી તેની પર બેસવું સહેલું નથી હોતું. કારણ કે પદનો મદ ચઢ્યા વગર રહેતો નથી. પરંતુ મહાન પુરુષો આપણને આ ખુરશી પર બેસવાની કળા શીખવાડે છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી આપણને આ પ્રેરણા મળે છે કે કેવી રીતે પ્રમુખ તરીકેનું શાસન આદર્શ રીતે ચલાવી શકાય. કલ્પના કરીએ કે પ્રમુખસ્વામી જેવા પ્રભુના પ્યારા સંતને આ અંગે બે શબ્દો બોલવાનું કહ્યું હોય કે ખુરશી પર બેસવાની કળા વિશે આપ કહો તો? મને લાગે છે કે તેઓ કશું જ ન કહે! માત્ર કરી જ બતાવે. અને ખરેખર, એમણે જીવનનાં અનેક પ્રસંગોએ કરી બતાવ્યું છે. જોવાની ખૂબી એ છે કે અક્ષરધામ જેવા વિરાટ પ્રકલ્પોથી માંડીને કચ્છનાં ભૂકંપગ્રસ્ત ગામોનાં નવનિર્માણ જેવાં બેનમૂન સેવાકાર્યોનાં પોતે જ આધારસ્તંભ હોવા છતાં એમને પોતાને રહેવાની કોઈ કાયમી જગ્યા નહોતી, કે કોઈપણ મંદિરમાં પોતાની અંગત ઓફિસ નહોતી, એટલે પોતાની ખુરશી ઉપર બેસવાનો અનુભવ તો એમને હતો જ નહીં. હા, ક્યારેક ભક્તો પ્રેમપૂર્વક એમને ભવ્ય આસન ઉપર બેસાડી દેતાં. પરંતુ એના ઉપર બેસતી વખતે એમના વિચારો કેવા રહેતા એ જાણવું ખૂબ પ્રેરણાદાયી નીવડશે.

બોચાસણમાં ગુરુ પૂર્ણિમાનો ઉત્સવ હતો. ગુરુપદે બિરાજમાન પ્રમુખસ્વામીના દર્શને હજારોની સંખ્યામાં હરિભક્તો ઉમટી પડ્યાં હતાં. બધા લાઈનબધ્ધ સ્વામીશ્રી સન્મુખ આવી રહ્યા હતા, જેમાં લગભગ સો જેટલા ભક્તો દર મિનિટે પસાર થઈ રહ્યા હતા. આ ભીડભાડ અને કોલાહલની વચ્ચે પ્રમુખસ્વામીની આંખો એક ખાસ વ્યક્તિને શોધી રહી હતી. એ ભાઈને દૂરથી જોયા કે તરત સ્વામીશ્રી તેમને બૂમ પાડીને કંઈક કહેવા લાગ્યા ત્યારે બધા અચંબો પામી ગયા. કારણ કે એ હતા તદ્દન સાધારણ સ્થિતિના ભક્ત ચીમનભાઈ. એમણે ઘણા વખત પહેલાં પ્રમુખસ્વામીને પત્ર લખ્યો હતો, એના જવાબમાં સ્વામીશ્રી હજારોની પ્રચંડ ભીડમાં એમને શોધી કાઢીને કહી રહ્યા હતા કે 'તમારા માટે મેં ભલામણ કરી દીધી છે અને તમારું કામ થઈ ગયું છે.' પ્રમુખસ્વામી ઊંચામાં ઊંચા સિંહાસન ઉપર બેઠા હતા જરૂર, પરંતુ ત્યાં તેઓ કરી શું રહ્યા હતા? અદનામાં અદના આદમીની સેવા ! સિંહાસન પર બેસવાની આ કલા કંઈક અજીબ છે.

પ્રમુખસ્વામીના ગુરુ શાસ્ત્રીજી મહારાજ અતિ વિચક્ષણ હતા. નાનકડા પ્રમુખસ્વામીની પ્રતિભા પિછાણીને એમણે 28 વર્ષની કુમળી વયે તો એમને વિશ્વવ્યાપી બી.એ.પી.એસ. સંસ્થાના પ્રમુખપદે નિયુક્ત કર્યા. માત્ર ગુજરાતી પાંચ ધોરણનો સાધારણ અભ્યાસ અને વહીવટનો કોઈ જ અનુભવ ન હોવા છતાં એમણે પોતાના ગુરુ ઉપરાંત મોટેરા અને નાનેરા તમામને રાજી રાખીને પ્રમુખપદની ખુરશી કેવી રીતે સંભાળી એની રીત તેમના મુખે જ સાંભળીએ: 'દરેકને પગે લાગવા જઈએ. નોકર-ચાકર હોય તો તેને પણ એક ટાઈમ મળી લઈએ. મળીએ એટલે આપણને સલાહ પણ મળે. આપણે પૂછવા જઈએ એમાં શું વાંધો આવવાનો છે? એ પૂછવા આવે તે પહેલાં જ આપણે જ એને પૂછીએ કે આનું કેમ કરીશું? નવો છું, મને કંઈ ખબર ન પડે. તમે મને કહેજો. એટલે બધાનો પ્રેમ રહે, હેત-પ્રીત રહે.' છે ને મેનેજમેન્ટનાં ખેરખાંઓના પણ ખ્યાલમાં ન આવે એવી પ્રમુખસ્વામીની ખુરશી સંભાળવાની બેનમૂન ફોર્મ્યુલા ! જો કે ખૂબ અઘરી છે !

કેટલાંક ખુરશી વડે શોભતાં હોય છે જ્યારે કેટલાંક ખુરશીને શોભાવે છે. પ્રમુખસ્વામી જેવી વિભૂતિને પૂછવા માટે 'ખુરશી ઉપર બેસવાની કલા' એ વિષયને એમ બદલી નાખવો પડે કે 'ખુરશી શોભાવવાની કલા' એટલે શું ? વર્તમાનકાળે તેઓના આધ્યાત્મિક વારસદાર મહંતસ્વામી મહારાજની પણ અનોખી શાંત શૈલી છે. વિશ્વવ્યાપી સંસ્થાના સૂત્રધાર છે છતાં કોઈ શોર-બકોર નથી, ઘોંઘાટ નથી, પ્રવૃત્તિનો રઘવાટ નથી. છતાં પોતાની આસપાસ લાખોને એક્ટિવ રાખવા તે તેઓની ખૂબી છે. શાંત ક્રાંતિ કરી વિશ્વમાં સંસ્થા અને પોતાના ગુરુનું ગૌરવ મહંતસ્વામી મહારાજે વધાર્યું, તાજેતરમાં ઉજવાયેલા પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ દ્વારા. ત્યારે મોટા મોટા માંધાતાઓએ નોંધ્યું કે આ નેતૃત્ત્વ નિરાળું છે. IIMના પ્રોફેસર વિશાલ ગુપ્તાએ કહ્યું કે અન્ય કોઈ સંસ્થામાં લીડર બદલાય તો વિઝન અને દિશા ઘણું બધું બદલાઈ જાય, પણ અહીં તો મહંતસ્વામી મહારાજ પોતાના ગુરુ પ્રત્યે એટલા સમર્પિત છે કે ગુરુના વિઝનને દસ ગણું કરીને તેઓએ મૂકી દીધું છે. મહંતસ્વામી મહારાજના નમ્ર નેતૃત્ત્વની ચરમસીમા તેઓએ એક વખત ઉચ્ચારેલ સહજ ઉદ્ગારોમાં પડઘાય છે. 'મને લાગતું જ નથી કે હું નેતા છું, ગુરુ છું, પ્રમુખ છું આપણે તો સેવક થઈને સેવા ભક્તિ કર્યા કરવાની.' બસ! આ જ છે ખુરશી શોભાવવાની કલાનો સૌથી શ્રેષ્ઠ પણ સૌથી અઘરો પાઠ! તમે પણ જ્યાં હોય ત્યાંથી પ્રયત્ન કરી જોજો કે સત્તા પર આવ્યા પછી સૌના સેવક થઈને કામ કરવામાં કેવી મજા છે!!

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ધર્મપૂર્વક અર્થ પ્રાપ્ત કરવાથી આસક્તિ એટલે કે મોહનો નાશ થાય છે

ધર્મ એટલે ચાર પુરુષાર્થ: ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો યોગ્ય સમન્વય



દાઉજી અને શ્રીકૃષ્ણે સમગ્ર ભારતનું પરિભ્રમણ કર્યું હતું. જ્યારે કુરુક્ષેત્રમાં કૌરવ-પાંડવોનું યુદ્ધ શરૂ થયું ત્યારે મોટાભાઈ દાઉજી ભારત ભ્રમણ માટે નીકળી ગયા હતા. છેક દક્ષિણમાં રામેશ્વર કન્યાકુમારી સુધી પરિભ્રમણ કરીને પાછા દ્વારકા પહોંચ્યા અને ઋષિ મુનિઓની આજ્ઞા મુજબ ધર્મપત્ની સાથે નૈમિષારણ્યમાં આવીને યજ્ઞકાર્યમાં ભાગ લીધો હતો.

નંદ અને યશોદાની ભક્તિ અનન્ય હતી અને માતા યશોદાને ઐશ્વર્ય જ્ઞાનની પ્રાપ્તિ થઈ ગઈ હતી પરંતુ ગોકુળમાં શ્રીકૃષ્ણનું સ્થૂળ શરીર હતું. આથી હજી બાળ કનૈયાના ઉછેર માટે વાત્સલ્ય ભાવને પ્રગટ કર્યો અને તેમની બાળ લીલાઓ દરમિયાન કંસ દ્વારા મોકલેલા અસુરોનો ઉદ્ધાર કર્યો. મથુરા નગરીને ભગવાનનું સૂક્ષ્મ શરીર પણ કહેવામાં આવે છે. અહીં તેમણે કંસના દેહાભિમાનનો સંહાર કર્યો અને દેવકી વસુદેવને બંધનમાંથી મુક્ત કર્યા અને પોતાના જન્મ અગાઉથી માતા-પિતાને કંસ દ્વારા જે અનેક વિધ કષ્ટ સહન કરવા પડ્યાં તે બદલ માફી માંગી.

દેવકી અને વસુદેવના લગ્ન સમયે જ આકાશવાણી થઈ કે દેવકીનો આઠમો ગર્ભ તારા મૃત્યુનું કારણ બનશે આથી કંસ દ્વારા તેમને બંદી બનાવીને કારાગૃહમાં રાખવામાં આવ્યા હતા. માતાપિતાને પોતાના કારણે વિવિધ કષ્ટ સહન કરવા પડ્યા તે બદલ શ્રીકૃષ્ણને પશ્ચાતાપ થયો અને તેમણે માતા-પિતાની સ્તુતિ કરી અને જણાવ્યું કે મોક્ષ સાધ્ય કરવા શરીરરૂપી સાધનની જરૂર પડે છે. શરીરને જન્મ આપનાર માતા-પિતા ધર્માર્થ પ્રાપ્ત કરાવનાર છે. બાળકનું લાલનપાલન કરીને તેને સુશિક્ષિત બનાવનાર માતાપિતા ધરતીના ઈશ્વર ગણાય છે. જે પુત્ર તન, મન, ધન દ્વારા સક્ષમ હોય અને માતાપિતાની સેવા કરવાનો અવસર મળી જાય, તેનું જીવન પણ ધન્ય બની જાય છે.

ભજન એટલે હરિકીર્તન, પરંતુ ભજનનો એક અર્થ છે, સેવા. જેને માટે કહેવાય છે કે, સંસાર સાગરમાંથી છૂટવાનો માર્ગ. સેવા અંગે પૂજ્ય ડોંગરેજી મહારાજ પણ કહેતા હતા કે માતાપિતાની ભક્તિ અને સમાજની સેવા કરનાર સંસારમાં રહેવા છતાં તેમાંથી મુક્ત થઈ જાય છે. ધર્મ શબ્દ સંપ્રદાયના સંકુચિત અર્થમાં નથી, પરંતુ ધર્મ એટલે ચાર પુરુષાર્થ : ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો યોગ્ય સમન્વય. ધર્મનો એક અર્થ છે, ધારણ કરવું. એટલે કે યોગ્યતા ધારણ કરવી. ગુણોનો વિકાસ કર્યા પછી તેને અનુરૂપ કળા-વિદ્યાનો આપોઆપ વિકાસ થાય છે. ધર્મપૂર્વક અર્થ પ્રાપ્ત કરવાથી આસક્તિ એટલે કે મોહનો નાશ થાય છે. આસક્તિ રહિત કર્મ દ્વારા મોક્ષ પ્રાપ્ત થાય છે. આસક્તિ વ્યક્તિને પરાધીન બનાવે છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે પરાધીનને સ્વપ્નમાં પણ સુખ મળતું નથી. આપણું જીવન માત્ર ભોગ-વિલાસ પાછળ ખર્ચી નાખવાનું નથી. એવું પણ માનવામાં આવે છે કે, જીવન ભૌતિક આનંદ માટે છે, પરંતુ જ્યારે આપણે આજીવિકાને જ મહત્ત્વ આપીએ છીએ ત્યારે જીવન જીવવાનું જ ભૂલી જવાય છે. માત્ર ધનની પાછળ ન દોડો, આરોગ્યથી સંપન્ન રહો. કારણ કે ધર્મનું સાધન શરીર છે. માત્ર શરીર નહીં, સ્વસ્થ શરીર. માટે તેને મહત્ત્વ આપો. આર્થોપાર્જન અંગે અનેક ઉદાહરણ અપાય છે. તેમાં મધમાખીનું ઉદાહરણ પણ અપાય છે. તે મધ મેળવવા પોતાના પગ ચોંટાડીને બેસી જાય છે. આથી, તેનું જીવન અલ્પ હોય છે, પરંતુ ખાંડ ઉપર બેસેલી માખી તરત ઉડી જાય છે અને આનંદ મેળવે છે. એવી રીતે આસક્તિ વગર અર્થ કમાવાની પ્રવૃત્તિ આનંદ આપે છે અને આવી પ્રવૃત્તિ જગહિત એટલે કે સમગ્ર જગતનાં આનંદ માટે ખર્ચ કરવાથી તેનો લાભ પોતાને અને સમાજને એમ સૌને પ્રાપ્ત થાય છે.

આપણા શાસ્ત્રોમાં અર્થ એટલે કે લક્ષ્મીની દેવી તરીકે પૂજા કરવામાં આવે છે. લક્ષ્મી ચિરકાળ સુધી સ્થિર રહે તેવી પ્રાર્થના કરવામાં આવી છે. આપણા પ્રાચીન ઋષિ મુનિઓ મહાન અર્થશાસ્ત્રી હતા. તેમણે લક્ષ્મી એટલે કે ધનની ત્રણ ગતિ બતાવી છે. પરમાર્થ માટે વપરાતું ધન યશ અપાવે છે. હેપ્પીનેસ એટલે કે સુખ મેળવવુ હોય તો પરિસ્થિતિ કે કોઈ વ્યક્તિ વિશેષ અથવા ચીજવસ્તુમાં આનંદ શોધવા જશો આભાસજન્ય આનંદ મળશે. ધનનો સંગ્રહ કરવાથી તેનું મૂલ્ય આઠ રૂપિયા થઈ જાય, પરંતુ જો તે તિજોરીમાં પડી રહે તો આઠ પૈસા થઈ જાય એટલે કે યશ અને ભોગ દ્વારા આનંદ મેળવો અન્યથા વણવપરાયેલ ધનનો નાશ થઈ જાય છે. જેમ દીકરીનું લાલન પાલન કરીએ છીએ તેવી રીતે ધનનું રક્ષણ કરીએ તે ઉત્તમ છે. દીકરીને જેમ ભણાવી ગણાવીને યોગ્ય વર ગોતીને તેનો વિવાહ કરાવવામાં આવે છે તે રીતે ધનનો પણ યોગ્ય વર એટલે કે શ્રેષ્ઠ ઉપયોગ કરે તેવા સુપાત્રને દાન કરવું જોઈએ. જેમ કે, શૈક્ષણિક હેતુ, તબીબી સારવાર જેવા સમાજોપયોગી કાર્યોમાં ધન વાપરવું જોઈએ.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

પ્રભંજના સતીને કેવળજ્ઞાન

મોટા વિદ્યાધર રાજાની પુત્રી પ્રભંજનાને એક હજાર સખી હતી. સૌ સખીઓએ નિર્ણય કર્યો પ્રભંજના જેને વરે, તેને જ આપણે વરવું. એક દિવસ વહેલી સવારે પ્રભંજના સારા વરને શોધવા નીકળે છે. હજાર સખીઓ પણ સાથે છે. માર્ગમાં વિહાર કરતાં જૈન શ્રમણી ભગવંતોને જોયા. સાધ્વીજીએ પ્રભંજનાને પૂછ્યું : 'આટલા ઉમળકાથી ક્યાં જઈ રહ્યા છો?' 'પતિને શોધવા માટે' 'આપણો કોઈ પતિ હોઈ શકે? આપણો તો પતિ એક જ, આપણો આત્મા.' પ્રભંજનાને સાધ્વીજીની વાત સારી લાગતા તે ઊભી રહી. સાધ્વીજીએ તેને વિશેષ સમજાવ્યું. સખીઓ કહે છેઃ 'મોડું થાય છે.' તો પ્રભંજનાએ સખીને કહ્યું : 'અત્યાર સુધી ઘણું મોડું થઈ ગયું, પણ હવે મોડું નથી કરવું.' આમ સાધ્વીજી ભગવંતોના માર્મિક હિતોપદેશમાં ભીંજાતા પ્રભંજના સતી તત્કાળ કેવળજ્ઞાન પામ્યા.



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

પ્રભુ શ્રીરામની જેમ પ્રમુખસ્વામી મહારાજ પણ ધર્મનિયમને સદાય મોખરે રાખતા

ભગવાનને વધાવીએ

ચૈત્ર સુદ નવમી ભગવાન શ્રીરામનો પ્રાગટ્યદિન. ભગવાન શ્રીરામ આ લોકમાં પધાર્યા અને આપણને આદર્શ જીવન જીવવાની શીખ આપી. ભગવાન શ્રીરામની પ્રસિદ્ધિ છે કે, 'એક વચન, એક નારી, એક બાણ.' એક વચન એટલે ભગવાન શ્રીરામ કાયમ વચનને, આજ્ઞાને, ધર્મને, વળગી રહેનારા હતા.

વાલ્મીકિજી કહે છે કે જ્યારે કૈકેયીએ કપટથી ભગવાન શ્રીરામને કહ્યું કે, 'તમે પહેલાં પ્રતિજ્ઞા કરો કે 'પિતાની આજ્ઞા પ્રમાણે જ હું કરીશ.' તો હું તમને પિતાની આજ્ઞા જણાવું.' તે સમયે સ્થિરતાથી અને સ્પષ્ટતાથી ભગવાન શ્રીરામે જણાવ્યું કે, 'પિતાની જે ઈચ્છા હોય તે મને જણાવો હું તે ઈચ્છા પૂરી કરવા પ્રતિજ્ઞા કરું છું અને માતા તમે જાણજો કે, 'रामः द्विः न अभिभाषते।' 'રામ બે પ્રકારની વાત નથી કરતા.' એકવાર વચન આપ્યા પછી કે વચનને માથે ધાર્યા પછી ભગવાન શ્રીરામ ક્યારેય બીજી રીતે વર્ત્યા નથી.

વનવાસના પ્રથમ મુકામે શૃંગવેરપુરમાં પધારવા ગુહે વિનંતી કરી. ત્યારે ભગવાન શ્રીરામે પિતાની વનવાસની આજ્ઞાને જ પકડી રાખતા તેમને સમજાવ્યા કે 'હે મિત્ર ! તારો પ્રેમ છે પણ મારે પિતાની આજ્ઞાથી ચૌદ વર્ષ સુધી વનમાં જ રહેવાનું છે તેથી પુરમાં નહીં આવી શકું.' આવી જ રીતે તેમણે વાલિનો મોક્ષ કર્યા બાદ સુગ્રીવને પણ સમજાવ્યા હતા. પિતાની આજ્ઞા શિરોધાર્ય કરી ભગવાન શ્રીરામ કિષ્કિન્ધા નગરીમાં ન પધાર્યા અને પ્રસ્રવણગિરિની ગુફામાં ચાતુર્માસ ગાળ્યો. રાવણના વધ પછી પણ વિભીષણની વિનંતી હોવા છતાં ભગવાન શ્રીરામે સોનાની લંકાના રાજ્યમાં પ્રવેશ ન કર્યો અને રણમેદાનમાંથી જ અયોધ્યા તરફ જવા પ્રયાણ કર્યું. એકવાર વચનને, આજ્ઞાને ધાર્યા પછી ભગવાન શ્રીરામે તેને કાયમ પાળી બતાવવાનો આદર્શ સ્થાપી દીધો.



ચૈત્ર સુદ નવમી ભગવાન સ્વામિનારાયણનો પણ પ્રાગટ્યદિન છે. તેઓએ પણ આજ્ઞા, ધર્મનિયમને દૃઢ પાળી સૌને પળાવ્યા હતા. શાસ્ત્રના વચન પ્રમાણે દૃઢપણે વર્તનારો વિશાળ સંતભક્ત સમુદાય ભગવાન સ્વામિનારાયણના સમયમાં હતો. જેની નોંધ અંગ્રેજ સરકારે પણ લીધી છે. શાસ્ત્રોક્ત મર્યાદા, ધર્મનિયમ પ્રમાણે ભક્તોને વર્તાવી ભગવાન સ્વામિનારાયણે અનેકને કળિયુગમાં પણ સતયુગનો અનુભવ કરાવ્યો હતો.

પ્રમુખસ્વામી મહારાજ પણ ધર્મનિયમને સદાય મોખરે રાખતા. ૧૯૭૪માં આફ્રિકાના પ્રવાસમાં ડોડોમાંથી પ્લેનની મુસાફરી કરી પ્રમુખસ્વામી મહારાજ દારેસલામ પધાર્યા. ત્યારે સુરક્ષાકર્મીઓએ શંકાથી તેમનો સઘળો સામાન તપાસ્યો. એક એક વસ્ત્ર, નિત્યપૂજા, પત્તર, પોટલાં બધું ચકાસ્યું. સરકારી તપાસ ઘણી સઘન રીતે થઈ. પરંતુ તેમાં સાબિત થયું કે, 'આ સંતો પાસે કોઈ વાંધાજનક વસ્તુ તો શું, પણ પ્રવાસના ખર્ચ માટે કોઈપણ સામાન્ય મુસાફર રાખે તેટલી નજીવી રકમ પણ નથી.' ભગવાન સ્વામિનારાયણની આજ્ઞાને ધારી સ્ત્રી અને ધનના ત્યાગ સાથે વિચરતા આ સંતોને જોઈ સુરક્ષાકર્મીઓ નવાઈ પામી ગયા. આજ્ઞાની બહાર એક ડગલું પણ ન ભરવાનો આદર્શ પ્રમુખસ્વામી મહારાજે જીવનભર સ્થાપ્યો હતો. તે આજ્ઞા નાની હોય કે મોટી, આજ્ઞા એટલે આજ્ઞા, પ્રમુખસ્વામી મહારાજે ક્યારેય તેને તોડી નથી.

લંડનમાં મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા કરવા પ્રમુખસ્વામી મહારાજ ભારતથી ઈંગ્લેન્ડ પધાર્યા. ભારતથી પ્લેનમાં નવ કલાકની મુસાફરી બાદ જ્યારે તેઓ લંડન પોતાને ઉતારે પહોંચ્યા ત્યારે બપોરના ૧:૩૦ વાગ્યા ઉપર સમય થઈ ગયો હતો. સંતો-ભક્તોએ પ્રમુખસ્વામી મહારાજને ભોજન ગ્રહણ કરવા વિનંતી કરી. ભોજન માટે તેઓ બિરાજ્યા ખરા, પણ જ્યારે જાણ્યું કે પોતાનું લાકડાનું ભોજનપાત્ર શરતચૂકથી હજી ઉતારે પહોંચ્યું નથી, ત્યારે ભાણું ઠેલી પ્રમુખસ્વામી મહારાજ ઊભા થઈ ગયા. કારણ કે ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા છે કે ત્યાગીએ કાષ્ઠના પાત્રમાં જ ભોજન કરવું.

ભગવાન શ્રીરામ આપણને શીખવે છે કે ધર્મનિયમ, મર્યાદાને ક્યારેય લોપવી નહીં. ભગવાન સ્વામિનારાયણ એ જ વાતને દૃઢાવે છે. પ્રમુખસ્વામી મહારાજ અને વર્તમાનકાળે મહંતસ્વામી મહારાજ પણ પોતે વર્તીને તે જ માર્ગનો નિર્દેશ કરે છે. આ જ સંતમાર્ગ છે, તે માર્ગે ચાલીને જન્મદિને ભગવાનને વધાવીએ.

jivanmangalam
@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ભગવાન માટે પ્રેમી બનો. બધા જ શાસ્ત્રોનો સાર, અઢી અક્ષરનાં શબ્દમાં છે

એવું જીવો કે દુર્ગુણોરૂપી વિષ દૂર થાય

ભારતીય પરંપરામાં પરોપકારનું મહત્ત્વ છે. જીવનમૂલ્યોને આત્મસાત્ કરવાનું કહેવામાં આવ્યું છે. આપણું જીવન એવું હોવું જોઈએ કે સમાજને, રાષ્ટ્રને મદદરૂપ થઈ શકીએ. સ્વાર્થપરાયણ નહીં, પરંતુ પરમાર્થપરાયણ જીવન જીવવાનું છે. વિશ્વભરમાં ભારતીય પરંપરામાં ત્યાગની જે વાત છે તે ક્યાંય કરવામાં આવી નથી. આ માટે જરૂરી છે કે, આપણે જીવનમાં સદ્ગુણોને અપનાવીએ.

યાદ રાખો, ઉપયોગી બનવા માટે જીવનમાં ત્રણ ગુણ પ્રેમ, સેવા અને ત્યાગને આત્મસાત્ કરવા જોઈએ. સાથે જ આદર્શ એટલા પણ ઊંચા ન હોવા જોઈએ કે આપણે તેને આત્મસાત્ ન કરી શકીએ. આદર્શ કે જે પ્રાપ્ત ન કરી શકાય, તેવા આદર્શ જીવનમાં રાખીને શું કરી શકીએ? માટે જ લક્ષ્ય એવું રાખો, જે પ્રાપ્ત કરવાનું આપણામાં સામર્થ્ય હોય. આ માટે ત્રણ નાની વાતોને આત્મસાત્ કરો. જીવનમાં આ ત્રણ ગુણ હોય તો આપણે ઉપયોગી બની શકીએ છીએ – એક છે પ્રેમ હોવો જોઈએ, બીજું છે ત્યાગ હોવો જોઈએ અને ત્રીજી વાત છે સેવા. પ્રેમ દ્વારા તમે પ્રભુ માટે ઉપયોગી બની જશો. ત્યાગ દ્વારા તમે સ્વયં માટે ઉપયોગી બની જશો અને સેવા દ્વારા તમે સમાજ માટે ઉપયોગી બની જશો. જે વ્યક્તિ પ્રેમી નથી તે ભગવાનનાં કોઈ કામનો નથી. ભગવાન માટે ઉપયોગી બનવા માટે પ્રેમી બનો. માટે જ મીરાં ભગવાનનાં કામની છે. ભક્તિને કારણે જ ચૈતન્ય મહાપ્રભુજી ભગવાન માટે ઉપયોગી બની ગયા અને ગજેન્દ્ર ઉપર ભગવાન પ્રસન્ન થઈ ગયા.

ભગવાનને પ્રસન્ન કરનારી ભક્તિ છે પ્રેમ, એટલા માટે પ્રેમ દ્વારા જ તમે પ્રભુને ઉપયોગી બની જાવ. બીજી તરફ જો પ્રેમના સ્થાને આપણા જીવનમાં ઈર્ષ્યા અને નફરત આવી જાય તો તેને દૂર કરો. આપણા જીવનમાં અડધી વય તો આ પ્રકારનાં દુર્ગુણોને દૂર કરવામાં જતી રહે છે. માનવ પોતાના જીવનમાંથી દુર્ગુણોને દૂર કરે ત્યારે તે શુદ્ધ બનતો જાય છે. ઈર્ષ્યા અને ઘૃણા વ્યક્તિને અંદરથી બાળી નાખે છે, તેનો વિવેક પણ તેમાંથી દૂર થઈ જાય છે. જો તમે સમજો છો કે આ ઈર્ષ્યા દ્વારા સામા વ્યક્તિ કરતાં તમને પોતાને જ નુકસાન થઈ રહ્યું છે. ઉદાહરણ તરીકે જે લાકડીમાં આગ પેદા થાય છે, તે બીજી લાકડીને સળગાવે કે ન સળગાવે, પરંતુ સ્વયં એ લાકડી પોતે જ બળીને ભસ્મ થઈ જાય છે. માટે જ જીવનમાં ઈર્ષ્યાને બદલે પ્રેમ રાખો.

શ્રીમદ્ ભાગવત કહે છે કે ધર્મ એ જ છે, જે વ્યક્તિને પ્રેમી બનાવે, તમારા જીવનમાં રહેલી ઈર્ષ્યા, ઘૃણાને દૂર કરે અને વ્યક્તિને પ્રેમનાં અમૃતથી ભરી દે. મનુષ્યનો ધર્મ એ જ છે, જે પ્રેમથી ભરાયેલો હોય અને પરમાત્મા પ્રત્યે પ્રેમ હોય તેનું નામ ભક્તિ. પ્રેમ, પરમાત્મા માટે હોય તો તેનો અર્થ છે, સમષ્ટિની ચેતના માટે પ્રેમ રાખો.

પરમાત્મા માત્ર વૈકુંઠમાં કે મંદિરમાં જ નથી રહેતા પ્રાણીમાત્રનાં હૃદયમાં બિરાજમાન છે. પરમાત્મા સાથે પ્રેમનો અર્થ છે, સાસુનો વહુ ઉપર પ્રેમ, વહુનો સાસુ ઉપર પ્રેમ, દેરાણીનો જેઠાણી ઉપર પ્રેમ, જેઠાણીનો દેરાણી ઉપર પ્રેમ, પાડોશી વચ્ચે પ્રેમ. જે પ્રેમી હોય છે, તે જ ભગવાન માટે ઉપયોગી બને છે. પછી ભલે તે વિદ્વાન, ધનવાન કે રાજા કેમ ન હોય? પણ તે પ્રેમ વગરના હોય તો ભગવાન માટે કોઈ કામના નથી. માટે જ પ્રેમી બનો. બધા જ શાસ્ત્રોનો સાર, અઢી અક્ષરનાં શબ્દમાં છે. જે વ્યક્તિ પ્રેમથી ભીંજાયેલો હોય છે, તે સ્વાર્થરહિત અને નીડર હોય છે.

બીજી વાત છે, ત્યાગ, ત્યાગ દ્વારા તમે બીજા માટે ઉપયોગી બની જાવ. માત્ર ધનનો જ ત્યાગ નહીં, માત્ર સંન્યાસી બનવો ત્યાગ નથી, પરંતુ સત્કર્મનાં ફળનો ત્યાગ જ સાચો ત્યાગ છે. અભિમાનનો અને ઈર્ષ્યાનો ત્યાગ કરો. એ જ રીતે જીવનમાં પ્રેમ આવ્યો, ત્યાગ આવે એ જ સાચી સેવા કરી શકે છે અને સેવા દ્વારા તમે સમાજની સાચી સેવા કરી શકો છો.

આમ, એવું જીવન જીવો કે દુર્ગુણોરૂપી વિષ દૂર થઈ જાય, અમૃતરૂપી પ્રેમધારા નિરંતર વહે.



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

પોતાના સંકલ્પનું ચિત્ર જેને જેટલું સ્પષ્ટ તેટલું તેનું કાર્ય સહેલું અને જલ્દી સિદ્ધ થાય

સંકલ્પનું અસ્પષ્ટ ચિત્ર



આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી અબ્દુલ કલામે પોતાની આત્મકથામાં એક વાત નોંધી છે કે 'હું ભારતના ઘણા યુવાનોને મળ્યો છું. તેમનામાં અસાધારણ શક્તિ છે, છતાં પણ તેઓ તે શક્તિનું યોગ્ય ફળ પ્રાપ્ત કરી શકતા નથી. તેનું એક કારણ એ છે કે તેમની પાસે VISION (દૂરંદેશીપણું) નથી, તેમણે કરેલા સંકલ્પોનું સ્પષ્ટ ચિત્ર નથી. તેથી તેઓ થશે, કરીશું જેવા વિચારોમાં અટવાયા કરે છે અને પોતાની યુવાની વેડફી નાખે છે.'

ખરેખર, પોતાના સંકલ્પનું ચિત્ર જેને જેટલું સ્પષ્ટ તેટલું તેનું કાર્ય સહેલું અને જલ્દી સિદ્ધ થાય. દુનિયામાં જે મહાન પુરુષોએ ઇતિહાસ સર્જ્યો છે, તેનું એક કારણ તેમનું VISION છે.

ચીનનાં એક નેતાને વર્ષો પહેલાં એક વિચાર આવ્યો કે ચીન ઔદ્યોગિક, આરોગ્ય, ટેકનોલોજિ કે સ્પોર્ટ્સ એમ સર્વ ક્ષેત્રોમાં મોખરે હોવું જોઈએ. તેમના આ VISIONને સ્પોર્ટ્સ કમિશનના ચેરમેન માઓ ઝેડોન્ગે પકડ્યું. તેમણે નક્કી કર્યું કે ઓલિમ્પિકની બધી જ રમતમાં ચીન અગ્ર ક્રમાંકે હોવું જોઈએ. આ VISION સાથે તેમણે બાસ્કેટબોલની રમત પસંદ કરી. આ રમતમાં ખેલાડીઓની ઊંચાઈ ૬ ફૂટથી વધુ હોય તો સારો દેખાવ કરી શકે.

જ્યારે ચીનના માણસોનાં શરીરનું બંધારણ જ ઠીંગણા કદનું છે. તો શું કરવું? તેના માટે તેમણે સમગ્ર ચીનમાંથી ઊંચામાં ઊંચી એક છોકરી ફેંગ ફેન્ડગીને પસંદ કરી. ૧૫ વર્ષની આ છોકરીને દેશ માટે બાસ્કેટબોલ રમવાનું કહ્યું. પોતાનાં મોજશોખ છોડી આકરી મહેનત કરીને તે રમવા લાગી. તેની ઉંમર ૨૮ વર્ષની થઈ ત્યારે ચીનનો ઊંચામાં ઊંચો એક પુરુષ પણ આ કમિશને જ શોધી આપ્યો અને તેણીને કહ્યું કે, 'તું આપણા દેશ માટે આની સાથે લગ્ન કર.' તેણે લગ્ન કર્યા અને ૧૨ સપ્ટેમ્બર ૧૯૮૦નાં દિવસે ચીનમાં એક અસાધારણ બાળકનો જન્મ થયો. જેનું નામ હતું 'યાઓ મિંગ (Yao ming)'. જન્મ સમયે તેના શરીરનું બંધારણ અને વજન જોઈ સૌ આશ્ચર્યચકિત થઈ ગયા. તે પળે સ્પોર્ટ કમિશનના વડા કહે, 'આ બાળકની અમે વર્ષોથી રાહ જોતા હતા. તે યાઓ મિંગે ચીનમાં રમાયેલ ઓલિમ્પિકમાં ચીનનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ખરેખર, આને કહેવાય VISION નું પરિણામ'.

અમેરિકન લેખક અને ઉદ્યોગપતિ જેક વેલ્ચ કહે છે, 'Good leaders Create a VISION, articulate the VISION, passionately own the VISION, and relentlessly drive it to completion.' અર્થાત સારા નેતાઓ એક વિઝન બનાવે છે, વિઝનને સ્પષ્ટ કરે છે, ઉત્સાહપૂર્વક વિઝનના માલિક છે અને તેને સતત પૂર્ણ કરવા પ્રેરે છે. ખરેખર, વ્યક્તિ માત્રએ જોયેલું VISION તેને સફળતા સુધી પહોંચવાનો માર્ગ બતાવે છે. બી.એ.પી.એસ. સંસ્થાના આધ્યાત્મિક વડા પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજના મનમાં પણ ભારતીય સનાતન સંસ્કૃતિની પ્રતિકૃતિ સમાન દિલ્લી અક્ષરધામ માટે VISION દૃઢ હતું. તેના પરિણામે સેવાનો એવો જુવાળ ઉપડ્યો કે મોટા મોટા બાંધકામ ક્ષેત્રના માંધાતાઓ પણ બોલી ઊઠ્યા કે 'જે કામ પૂરું કરતાં પચાસ વર્ષ લાગે તે અશક્ય કાર્ય પ્રમુખસ્વામી મહારાજે પાંચ વર્ષમાં પૂર્ણ કર્યું.' સાંપ્રત સમયે આ અક્ષરધામ વિશ્વના લોકોને ભારતીય સંસ્કૃતિનો પરિચય તો આપે જ છે પણ સાથે જીવન જીવવાની પ્રેરણા પણ આપે છે.

યુવાને યુવાનીમાં જ સંકલ્પસિદ્ધિનું મિશન પાર પાડવાનું છે અને તેના માટે VISION નિશ્ચિત કરવાનું છે

એટલે, કોઈપણ કાર્ય માટે જ્યારે VISION બાંધવામાં આવે છે, ત્યારે આપણને આપણી સુષુપ્ત શક્તિનો પરિચય થાય છે, જે આપણી સિદ્ધિનું મુખ્ય ચાલકબળ હોય છે. તેથી સંકલ્પને સાકારત્વ સત્વરે પ્રાપ્ત થાય છે.

માટે યુવાને પોતાની યુવાનીના ટૂંકા ગાળામાં જ સંકલ્પસિદ્ધિનું મિશન પાર પાડવાનું છે અને તેના માટે VISION નિશ્ચિત કરવાનું છે. જો એમાં મોડું થશે તો જીવનનું મુરત ચૂકી જવાશે. ભરતીની તક લઈને ખલાસી પાણીમાં હોડી તરતી મૂકે છે પરંતુ એક ભરતી ચૂક્યો તો પૂરા ચોવીસ કલાકની રાહ જોવી પડે છે. અવકાશ વૈજ્ઞાનિકો નક્ષત્રોનો યોગ જોઈને યાનને અંતરીક્ષમાં વહેતું મૂકે છે. જો તેઓ આ યોગ ચૂકે તો મહિનાઓ ને વર્ષો સુધી આવો બીજો યોગ ન આવે. તેમ યુવાનોએ પણ યુવાન અવસ્થાના આ યોગમાં વિઝન સ્પષ્ટ કરી પાર પાડી દેવું જોઈએ. જો તેઓ આ યુવાન અવસ્થા ચૂક્યા, તો આખી જિંદગી ફરી ક્યારે આ યોગ નહીં મળે.

એટલે જ તો સ્વામી વિવેકાનંદ કહેતાં, 'ઊભા થાઓ, હિંમત કરો, મજબૂત બનો. તમારા પર પૂરેપૂરી જવાબદારી લો અને તમારા ભાગ્યના ઘડવૈયા તમે જ છો એમ જાણો. ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો.' માટે નક્કી આપણે જ કરવું રહ્યું કે મારે મારુ મિશન પાર પાડવું છે કે પછી અન્ય વ્યક્તિઓની જેમ જીવન વેડફી નાખવું છે.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

જીવન ધન્ય ત્યારે જ બને છે, જ્યારે આપણે કોઈને માટે ઉપકારક બનીએ

જીવનનાં પ્રત્યેક શ્વાસે પ્રભુનું નામ-સ્મરણ ન ભુલાય તેવું જીવન જીવો

આપણે ત્યાં એવું કહેવાયું છે કે મનુષ્ય કેટલું જીવ્યો, તેના કરતાં તે કેવું જીવ્યો તે સૌથી મહત્ત્વનું છે. યાદ રાખો, જીવનની ઢળતી સંધ્યાએ કૃતકૃત્યતા-કૃતાર્થતાનો અનુભવ થવો જોઇએ. આપણું જીવન અન્યો માટે ઉદાહરણરૂપ બને તો શ્રેષ્ઠ, નહીંતર આપણને પોતાને સંતોષ થવો જોઈએ કે મારાથી જીવનમાં કદી ખોટું કાર્ય થયું નથી, મેં કોઈનું હૃદય-લાગણી દુભાવી નથી. ખાસ કરીને જીવન આનંદમય એટલે કે સત્-ચિત્ અને આનંદમય બની રહેવું જોઈએ. આ માટે જરૂરી છે કે જીવનનાં પ્રત્યેક શ્વાસમાં પ્રભુનું, આપણા પોતાના ઈષ્ટનું નામ-સ્મરણ થતું રહેવું જોઈએ. દરરોજ ભગવાનનો જે આપ્યું છે તેને માટે આભાર માનવો તથા જે મળ્યું છે તેને ટકાવી રાખવા માટે પ્રાર્થના કરવી.

આવી કૃતકૃત્યતાનો ઉલ્લેખ રામાયણમાં ઘણી જગ્યાએ આવે છે. રામકથાને અંતે કથા સાંભળનાર શ્રોતાએ કાકભુશુંડીજીએ ગરુડજી પાસે કથા પૂરી કરી. વક્તાએ શ્રોતાનો આભાર માનતા કથાના અંતે નિવેદન કર્યું કે 'ભગવાને મારા પર કૃપા કરી અને તમારા જેવા સંતનો મને સત્સંગ આપ્યો.' ગરુડજી પણ કથા સાંભળ્યા પછી કહે છે કે, 'કાકભુશુંડીજી! આપના મુખે રામકથા સાંભળી ત્યારે મારા મનમાં જે સંદેહ હતો કે લંકાના સમરાંગણમાં રામ નાગપાશથી બંધાયા ત્યારે નાગપાશથી છોડાવવા માટે મારે જવું પડ્યું. આને બ્રહ્મ કઈ રીતે કહેવાય? જેનું નામ લેતાં જ જીવ મુક્ત થઈ જાય, અધમની પણ મુક્તિ થાય અને એને મુક્ત કરવા માટે મારે જવું પડે? હે કાકભુશુંડીજી મને સંદેહ થયો મેં કેટલાયની પાસે રજૂ કર્યો. નારદજીને કહ્યું, પણ કોઈએ સમાધાન ન આપ્યું. અંતે શિવજીએ કાકભુશુંડીજી પાસે મોકલ્યા. કથા સાંભળીને ગરુડ સંદેહમુક્ત, મોહમુક્ત થયા. પછી કહ્યું આપની વાણીથી મારો મોહ નષ્ટ થયો. હું કૃતકૃત્ય થયો છું. શિવજીએ ભવાની આગળ કથા કહી. પાર્વતી-ભવાની પણ કૃતકૃત્યતાનો અનુભવ કરે છે. એ કૃતકૃત્યતા કઈ? એનો જવાબ બાલકાંડમાં જનક જેવા રાજવી કૃતકૃત્યતાનો અનુભવ કરે છે. તત્ત્વજ્ઞાની જનકજી પણ કૃતકૃત્યતાનો અનુભવ કરે છે. 'હે વિશ્વનાથ આપના કૃપા પ્રસાદથી આજે હું કૃતકૃત્ય થયો'. શ્રીરામજીએ શિવ ધનુષ્ય તોડ્યું. સીતાજીએ પ્રભુ શ્રી રામના કંઠે જયમાળા આરોપી. ધનુષ્યભંગ સાંભળી ભૃગુકુલ કમલપતંગ પરશુરામજી મહારાજ મિથિલા પધાર્યા અને પરશુરામજીએ પ્રભુ શ્રીરામજીને સમજાવ્યું કે પોતે અવતરિત થયા છે, અવતાર છે. અંતે, પરશુરામજી પણ પોતાના સમરયજ્ઞ પરિપૂર્ણ કરી વનમાં સીધાવ્યા.



આ યાત્રામાં રામજીએ ત્રણ મહાન વ્યક્તિઓના ત્રણ મહાયજ્ઞો જે અધૂરા રહેતા હતા, તે પરિપૂર્ણ કરાવ્યા. પરશુરામે એકવીસ વાર પૃથ્વીને નક્ષત્રિય કરી છતાં યજ્ઞ અધૂરો રહેતો હતો. એ અધૂરા યજ્ઞને રામે પૂરો કરાવ્યો. રામને વિશ્વામિત્ર લેવા આવ્યા, કેમ કે યજ્ઞ અધૂરો રહેતો હતો. તેથી રામની યાત્રા શરૂ થઈ. વિશ્વામિત્રની સાથે રામ લક્ષ્મણ બંને ભાઈઓ ગયા. યજ્ઞનું રક્ષણ કરી યજ્ઞને પૂર્ણ કરાવ્યો. વિશ્વામિત્રજીએ એમ નથી કહ્યું કે મિથિલામાં સીતાજીનો સ્વયંવર છે માટે આપણે ત્યાં જઈએ.

વિશ્વામિત્રે એમ કહ્યું કે મિથિલામાં ધનુષ્ય યજ્ઞ છે. જો સીતાનો સ્વયંવર છે એમ કહ્યું હોત તો રામજી દલીલ કરત કે નહીં મહારાજ! અમારાથી એવા લૌકિક કાર્યમાં ભાગ લેવા ન જવાય. તેથી વિશ્વામિત્રે યજ્ઞ કાર્યના સંરક્ષણ માટે મોકલ્યા. રામ! તમારી યાત્રા યજ્ઞ-કાર્યના સંરક્ષણ માટે જ છે ને. મિથિલામાં જનકરાજાના ધનુષ્ય યજ્ઞમાં પણ અનેક અહંકારી રાજાઓ વિઘ્ન ઊભું કરશે. તો ચાલો મિથિલામાં પણ ધનુષ્ય યજ્ઞ થઇ રહ્યો છે તેનું રક્ષણ કરી પૂર્ણ કરાવો. તમારી આ યાત્રા આવા યજ્ઞોને પૂર્ણ કરાવવા માટેની યાત્રા છે. કેટલા યજ્ઞો છે એતો કંઈ નક્કી નથી. વિશ્વામિત્રજીનો યજ્ઞ કરાવ્યો પછી જનકજીનો યજ્ઞ પૂર્ણ કરાવ્યો.

આ રીતે જીવન આપણું પરોપકારમય બની રહેવું છે. માટે જ આપણા પ્રાચીન ઋષિ-મુનિઓએ જીવનમાં પરોપકારને મહત્ત્વ આપ્યું છે. જીવન આપણું ધન્ય ત્યારે જ બને છે, જ્યારે આપણે કોઈને માટે ઉપકારક બનીએ. આપણા સદ્ગુણોથી જીવન સુગંધિત બને અને તેની સુગંધ ચોમેર પ્રસરે તો અન્યોને પણ લાભ થાય. આમ, જીવનમાં પ્રભુ-સ્મરણ કે ઈષ્ટસ્મરણ કદી વિસરવા જેવું નથી. આપણે પ્રામાણિકતાપૂર્વક આપણું કર્તવ્ય કર્મ કરતાં રહેવું જોઈએ.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

આનંદઘનજીના આશીર્વાદ

આનંદઘનજી નામે એક યોગી મહાત્મા હતા. મેવાડની ભુમિમાં વર્ષો સુધી તેમણે વિચરણ કર્યું હતું. સાધનાનાં સાતત્યનાં કારણે તેમના વચનો સાક્ષાત આશીર્વાદ સમા હતા. તે પ્રદેશના રાજા અને રાણીને વર્ષોથી ઘરે પારણું બંધાતું ન હતું. તેમને લાગ્યું કે જો આનંદઘનજી કંઈક મંત્ર લખીને આપે તો ઘરે ચોક્કસ પારણું બંધાશે. તેઓ તેમની પાસે આવ્યા. હૃદયની વ્યથા જણાવી તો આનંદઘનજી બોલ્યા : 'મારી પાસે આવું કોઈ સામર્થ્ય નથી'. તો પણ રાજા-રાણીએ આગ્રહ કર્યો તો તેમણે એક કાગળ ઉપર કંઈક લખીને આપ્યું અને કહ્યું : 'આને માદળિયું બનાવીને રાણીના ખભા ઉપર બાંધી રાખજો, પણ સાથે સદાચારનું પાલન કરવું પડશે'. રાણીએ સર્વધર્મોનું નિષ્ઠાથી પાલન કર્યું અને નવ મહિને પુત્રનો જન્મ થયો. રાજા-રાણી ખુશ હતા. તેઓ આનંદઘનજી પાસે આવ્યા અને કહ્યું : 'ગુરુદેવ! આપનો મંત્ર ફળ્યો'. આનંદઘનજીએ કહ્યું : 'રાણીના હાથ ઉપરનું માદળિયું ખોલો'. રાજાએ ખોલ્યું તો કાગળ ઉપર લખેલું હતું : 'રાની કો પુત્ર હો યા ના હો આનંદઘનજી કો ક્યા ?' વ્યક્તિનું ચારિત્ર શુદ્ધ હોય ત્યારે તે જે પણ લખે, તે મંત્ર સ્વરૂપ થઈ જાય છે.



જીવન માંગલ્ય
સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

પ્રમુખસ્વામી મહારાજ પૂર્ણપુરુષ હતા, છતાં બીજાની અપૂર્ણતાને સ્વીકારી શકતા

પરફેક્શન સારું કે ખરાબ?

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ કલામ સાહેબના બાળપણનો એક સુંદર પ્રેરક પ્રસંગ છે. તેમણે લખ્યું છે કે એક રાત્રે ભોજન સમયે મારી માતાએ મારા પિતાના ભાણામાં શાક અને બળી ગયેલી રોટલી મૂકી. તે સમયે હું મારા પિતાના પ્રતિભાવની પ્રતિક્ષા કરતો હતો. પણ પિતાએ જમવાનું શરૂ કરી મને મારા અભ્યાસ વિશે પૂછ્યું. થોડીવાર પછી મારી માતાએ રોટલી બળી ગઈ તે બદલ માફી માંગી. પિતાએ સહજતાથી કહ્યું કે 'મને તો બળેલી રોટલી ભાવે છે, તમે જરાયે ચિંતા ના કરશો.' એ રાત્રે મેં તેઓને પૂછ્યું કે 'શું ખરેખર તમને બળેલી રોટલી ભાવે છે?' ત્યારે મને પાસે બેસાડી પ્રેમથી સમજાવતા તેમણે કહ્યું કે 'જો બેટા! તારી મા આખો દિવસ કામ કરીને થાકી ગઈ હોય, તે સમયે બળેલી રોટલી દિલને દઝાડતી નથી, પણ બળેલા શબ્દો હૃદયને દઝાડે છે. હું પોતે સંપૂર્ણ નથી. વર્ષોના અનુભવ પરથી હું એક વસ્તુ શીખ્યો છું કે એકબીજાની ભૂલોને સ્વીકારી આપણે સંબંધોનો આનંદ માણવો જોઈએ. આપણે સંપૂર્ણ નથી તે સત્યને લક્ષમાં રાખી બીજાની અપૂર્ણતાઓને પ્રેમથી સ્વીકારી લઈએ તો જીવન મધુર બને છે.



પરંતુ આપણા સૌના જીવનમાં સહેજે પરફેક્શનનો આગ્રહ હોય છે. બીજા પાસેથી અને પોતા માટે પણ!

'હજુ જો મેં મારી રજૂઆત આવી રીતે કરી હોત તો તે વધારે પ્રભાવક બની હોત!', 'હું જો આટલું સમજી શક્યો હોત તો મારા સંબંધો એમની સાથે વધુ સારા હોત!' જીવનમાં ઘટનાઓ બની ગયા પછી મનુષ્યને આવા વિચારો સહજતાથી આવતા હોય છે. અને તે સારી બાબત છે. કારણ કે આપણે બધા જીવનમાં વધુ સારું પરફોર્મન્સ આપવા, વધુ સારા મનુષ્ય બનવા તરફ સહેજે પ્રયત્નશીલ છીએ. આપણે બધા પરફેક્ટ બનવાનો પ્રયત્ન કરી છીએ. પણ યાદ રહે કે પરફેક્શન એક એવી વસ્તુ છે કે જેનો કોઈ અંત નથી. સમાજમાં આજે એક થ્રોટકટ કોમ્પિટિશન છે, શ્રેષ્ઠતા પુરવાર કરવાની! અને એ પણ વાસ્તવિકતા છે કે આ 7 અબજની વસ્તીમાં શેરને માથે સવાશેર બેઠો જ છે. એટલે આપણું ગમે તેટલું સારું કાર્ય 'પરફેક્ટ' છે, આનાથી વધુ સારું હોઇ જ ના શકે એવો દાવો કોઈ માંડી શકે તેમ નથી. એટલે પરફેક્શન જ્યાં સુધી પોતાની જાતમાં સુધારો લાવવા અને પોતાનું વર્ઝન અપડેટ કરવા માટે હોય ત્યાં સુધી તે આશીર્વાદ છે, પણ જ્યારે તે પોતાને સમાજમાં શ્રેષ્ઠ પુરવાર કરવા માટે હોય છે તો લાંબા ગાળે તે હતાશા, ગ્લાનિ, તણાવ, અને અફસોસ ભરેલી જિંદગી બાજુ લઈ જાય છે. કારણ કે આપણે શ્રેષ્ઠતાના સર્ટિફિકેટ બીજા પાસેથી ઝંખતા હોઈએ છીએ. વળી પરફેક્શનિસ્ટ વ્યક્તિઓને બીજા પાસે પણ પરફેક્શનની અપેક્ષા રહે, જેને કારણે તેની અસર માનવ સંબંધો ઉપર પણ પડે. જો તમે પરફેક્શનિસ્ટ છો તો તમારી આંખો ઑફિસની સ્વચ્છતામાં, એમ્પ્લોયીના કાર્યોમાં, ઘરની રસોઈમાં, દીકરાની નોટબુકમાં બધી જ જગ્યાએ ઉણપ જ શોધતી ફરશે. અને તેના કારણે સામેવાળા વ્યક્તિએ જે ભાવથી, મહેનતથી, સમય કે રૂપિયાનો ભોગ આપી સારું કામ કર્યું હશે તેને તમે વધાવી નહીં શકો. અને પછી લોકોને પણ ખ્યાલ આવી જશે કે તમારી પાસેથી 'એપ્રિસિએશન'ની અપેક્ષા રાખવી વ્યર્થ છે. પરંતુ મહાન પુરુષો એ સત્યને સ્વીકારે છે કે આ દુનિયામાં કોઈ માણસ પૂર્ણ નથી. હું સ્વયં પૂર્ણ નથી, તે વિચારથી તેઓ બીજાની અપૂર્ણતાઓને સ્વીકારી શકે છે. અને મધ્યમ માર્ગો કાઢી જીવનનું માધુર્ય અકબંધ રાખે છે.

ગુજરાતમાં ગાંધીનગરમાં રહેતો મા-બાપ વગરનો દીકરો અક્ષરેશ. તેના દાદાએ તેના સારા અભ્યાસ માટે વિદ્યાનગર છાત્રાલયમાં મૂક્યો. 16-17 વર્ષના આ યુવાને ફી માટે ભરવાના રૂપિયા મોજશોખમાં ઉડાવી દીધા. હવે છાત્રાલયના સંચાલકો તરફથી 'ફી'ની માંગણી થાય અને આ તરફ આ વિદ્યાર્થી મૂંઝાય. ઘરે કહી ના શકે. તેને પોતાની ભૂલનો પસ્તાવો હતો. એક વખત તેની નજર પોતાના રૂમમાં રહેલી પ્રમુખસ્વામી મહારાજની છબી પર પડી. તેને કલમ ઉઠાવી અને પોતાના અંતરનો પસ્તાવો સ્વામીશ્રી સમક્ષ રજૂ કર્યો. અક્ષરેશે ભૂલની માફી માંગી અને ભવિષ્યમાં આવું નહીં બને તે માટે કટિબદ્ધતા પણ દર્શાવી. સ્વામીશ્રીએ તે વિદ્યાર્થીને સામે પત્ર લખ્યો. અભ્યાસમાં ધ્યાન આપવા જણાવ્યું અને ફરી આવી ભૂલ ના થાય તે માટે જાગૃતિ આપી. પણ અક્ષરેશ કહે છે કે તે ઘટના બાદ છાત્રાલયમાં કોઈએ તેની પાસે ફી માંગી નહીં. પરંતુ આશ્ચર્ય તો તે હતું કે ૨ વર્ષ પછી જ્યારે તે ઘરે ગયો ત્યારે તેના દાદાએ તેને એક પત્ર વંચાવ્યો. જે પ્રમુખસ્વામી મહારાજે તેના દાદા પર લખ્યો હતો. જેમાં લખ્યું હતું કે 'ઠાકોરભાઈ! તમારા દીકરાથી ભૂલ થઈ છે. પણ તેને ભૂલનું ભાન થયું છે તો તેને માફ કરી દેજો. અને 'ફી'ની ચિંતા ના કરતાં. ભગવાન બધું સારું કરશે.' આમ એક વિદ્યાર્થીની અપૂર્ણતાને ખુલ્લાં હૃદયથી સ્વીકારીને સ્વામીશ્રીએ તેને તે પત્ર લખ્યો પણ સાથે-સાથે તેના ઘરે પણ પત્ર લખ્યો, અને વિદ્યાનગર છાત્રાલયમાં પણ જાણ કરી દીધી કે આ કિશોરની ફી લેવાની નથી. આમ બધી બાજુથી તે તરુણને નિશ્ચિંત કરી તેની કારકિર્દીમાં આગળ વધવા પ્રેર્યો. અલબત્ત, પ્રમુખસ્વામી મહારાજ તો પૂર્ણપુરુષ હતા, છતાં બીજાની અપૂર્ણતાઓને સ્વીકારી શકતા હતા. અને એટલું જ નહીં તેને પૂર્ણતા તરફ આગળ વધારી શકતા હતા, એટલે જ લોકો તેમને ચાહતા હતા. રવીન્દ્રનાથ ટાગોર કહેતા 'મારા જીવનની છેલ્લી સલામો એ વ્યક્તિને છે કે જેઓ જાણતા હતા કે હું અપૂર્ણ છું છતાં મને પ્રેમ આપી ગયા.' એ મિત્રતા હોય કે દાંપત્ય જીવન, સાહેબ સાથેનું વર્તન હોય કે ઓફિસમાં બોસ સાથેનું કે પરિવારના સભ્યો સાથેનું, જો સંબંધોને લાંબા ગાળા સુધી ટકાવવા હોય તો સંપૂર્ણ પરફેક્શનનો આગ્રહ છોડી મર્યાદાઓને સ્વીકારતા શીખવું જ પડશે. કારણ કે જીવનમાં કાર્યો કરતાં સંબંધો વધુ અગત્યના હોય છે, ખરું ને? ઘરના પ્રાંગણમાં આવેલા બગીચામાં પિતા મશીન દ્વારા છોડવાઓનું સમારકામ કરી રહ્યા હતા. ત્યાં એક ફોન આવ્યો, પિતા વ્યસ્ત થયા ત્યાં છોકરાએ મશીન હાથમાં લઈ અયોગ્ય રીતે ફેરવી નાંખ્યું. તેનો હેતુ પિતાને મદદરૂપ થવાનો હતો. પણ છોડને નુકસાન થઈ ગયું. બાપે જેવું આ જોયું અને તે તાડૂકયા. મોટે મોટેથી બૂમો પાડી છોકરા પર ગુસ્સો ઉતારવા લાગ્યા. તે સાંભળી અંદરથી તેમના ધર્મપત્નીએ કહ્યું, 'સાંભળો છો આપણે છોકરા ઉછેરવાના છે છોડવા નહીં!' સંબંધો કાર્યો કરતાં પણ મૂલ્યવાન હોય છે તે ભૂલીએ નહીં.

પરફેક્ટ થવાનો પ્રયત્ન કરો પણ તેનો નશો આપણી અને બીજાની જિંદગીનો આનંદ હણી ના લે તે રીતે!

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન
ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

પુણ્ય કદાચ ન થાય તો કંઈ વાંધો નહીં, પરંતુ પાપ તો ન જ કરવા

પુણ્યકાર્ય માટે તત્પર રહેવું અને પાપકાર્ય કદી ન થાય તે માટે સચેત રહેવું



ભગવાનનું સ્વરૂપ સચ્ચિદાનંદ છે. સત્, ચિત્ અને આનંદ - શબ્દો નાના છે, પરંતુ તેના અર્થ વ્યાપક છે. ભારતીય પરંપરામાં કહેવાયું છે કે જીવનને શિવમય બનાવવા માટે પણ આવા તત્ત્વોની આવશ્યકતા છે. આપણે જ્યારે પરોપકારમય જીવન બનાવીએ, સ્વભાવ આપણો સર્વ માટે સાનુકૂળ અને વાણી જ્યારે સુમધુર હોય ત્યારે સૌ કોઈ આવા વ્યક્તિનો સંસર્ગ ઈચ્છતી હોય છે. આપણે જીવનમાં પુણ્ય જન્માવે તેવા કર્મો કરવાના છે.

પરમાત્મા જે સુખ, શાંતિ અને આનંદ સ્વરૂપ છે, જે સુખરાશિ છે, જે સ્વયં શાંત સ્વરૂપ છે, તેને કેમ પ્રાપ્ત કરવા? તેનો ઉપાય દર્શાવે છે. માટે શાશ્વત શાંતિ માટે કંઇ વિશેષ કરવાનું રહેતું નથી, પરંતુ મનુષ્ય જે ઉત્પાતો કરે છે, એ બંધ કરી દે તો શાશ્વત શાંતિ આપોઆપ મળી જ જશે. પાપનો તાપ બુઝાવવાને બદલે તે પુણ્યનો બરફ પોતાની પાસે રાખે તે જરૂરી છે.

એક પ્રસંગ તમને કહું છું. એક ચોર જેલમાંથી છૂટ્યો. કોઇ આશરો હતો નહીં અને વરસાદ જોરથી વરસી રહ્યો હતો. બે ટંક ખાવાના સાંસા હતા. એને વિચાર આવ્યો કે જેલમાં તો સમયે સમયે ખાવાનું તો મળતું હતું. સમય થાય એટલે સૂઇ જવાનું. જે કામ કરાવે એ કરવાનું. સમય થાય એટલે થાળી, વાટકા લઇ લાઇનમાં ઊભા રહી જવાનું. ત્યાં ભોજન તો સમયસર મળતું હતું. હવે શું થશે? એ નક્કી નથી. ચોર જેલમાંથી બહાર આવીને મુશ્કેલીમાં મૂકાઇ ગયો. એને થયું કે 'આપણને નહીં ફાવે, આપણે પાછા હતા ત્યાં ચાલ્યા જઈએ એ જ બરાબર છે. કારાગૃહને પોતાનું ઘર માનીને બેઠા હોય તેવા લોકોને બહાર ગોઠે નહીં. હવે અંદર તો એમને કેમ જવાય? એ તો રહી જેલ, અપરાધ કરવો પડે, ગુનો કરવો પડે.

ચોરે વિચાર કર્યો એકાદ ગુનો કરી નાખુ. જોરથી વરસાદ પડતો હતો, એક બહેન એક હાથમાં થેલી અને બીજા હાથમાં છત્રી લઇ અડધા ભીંજાતા પોતાની જાતને બચાવતા થેલી સંભાળતા આવતા હતા. ચોરને થયું આ બહેનની છત્રી લઇને ભાગું. બાજુમાં જ પોલીસ સ્ટેશન છે. છત્રી લઇને ભાગીશ અને બહેન બૂમો પાડશે ચોર.. ચોર.. એટલે પોલીસ મને તરત પકડી લેશે. હું ઝડપથી નહીં ભાગું, ધીમેથી ભાગીશ. પોલીસ આવશે અને હું પકડાઇ જઇશ. છત્રી બહેનને પાછી મળશે અને મને મળશે જેલ.

હવે બહેન જેવા નજીક આવ્યા, એટલે ચોરે છત્રી આંચકી અને ભાગ્યો, પચાસ-સાંઠ ડગલા દોડ્યો તો ય બહેન કંઇ બોલ્યા નહીં. ચોરને થયું કે આ બહેન કેમ બોલતા નથી. ચોર.. ચોર.. એમ બૂમ તો પાડવી જોઈએને? એ પાછો ફર્યો. બહેન તો એની સામે જોતાં જોતાં હસવા લાગ્યા. વરસતા વરસાદમાં ચોરને પરસેવો વળી ગયો. તેને થયું કે કંઇ સમજાતું નથી, છત્રી લઇને ચોરે પૂછ્યું કે તમે કેમ કંઇ બોલ્યા નહી? ત્યારે તે બહેન બોલ્યા કે તમારી આ છત્રી હોય તો તમે લઇ જાઓ. એટલે કે તે બહેન પણ કોઇની છત્રી પરભારી જ ઉપાડી લાવ્યા હતા. તેથી કહે છે કે તમારી હોય તો તમે લઇ જાવ. એમાં શું વાંધો છે? લઇ જાઓને તમે પ્રેમથી? ચોરે કપાળ ફૂટ્યું. જેના ભાગ્ય ફૂટેલા હોય એ જેલમાં જવા માગે તો પણ તે ન જઇ શકે. એટલે કે કારાગારની સુવિધા, મુક્તિની ઇચ્છાને જાગૃત થવા દેતી નથી. એ જ રીતે સંસારમાં પણ વધારે પડતી સુવિધા અને સુખ હોય તો પણ ઘણીવાર વ્યક્તિને મુક્તિની ઇચ્છા જાગતી નથી.

મારે તો સૌને એટલું જ કહેવું છે કે પૂજા, પાઠ વગેરે છે, તે બરફની જેમ છે, તે તમારી અંતરાત્મા જે તાપથી તપી રહી છે, તેને ક્ષણવાર માટે તો શાંત કરી દેશે, પરંતુ જો તમારા વિચારોમાં ઠંડક અને અંદરથી દાહ શાંત નહીં થાય તો તે તમને કાયમી શાંતિ આપી શકશે નહીં. ઘણાં લોકોને પૂછીએ તો કહે કે દોઢેક વર્ષ માળા કરી તે કરવાથી શાંતિ મળતી હતી, પરંતુ હવે મળતી નથી. એટલે તેનું કારણ એ છે કે પુણ્યનો બરફ હતો એ પીગળી ગયો, પાણી થઇ ગયો. નીચે તાપ તો એવોને એવો જ રહી ગયો છે, માટે પાણી ઉકળવા માંડ્યું છે. એટલે કહેવાનું તાત્પર્ય એ છે કે પુણ્ય કદાચ ન થાય તો કંઈ વાંધો નહીં, પરંતુ પાપ તો ન જ કરવા અને કરતાં હો તો તેના ઉપર પૂર્ણવિરામ મૂકી દેવો.

આમ, જીવનમાં હંમેશાં પુણ્યકાર્ય માટે તત્પર રહેવું અને પાપકાર્ય કદી ન થાય તે માટે સચેત રહેવું આવશ્યક છે.



જીવન માંગલ્ય
સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

એક પૂર્ણ વ્યક્તિત્વના ધારક માટે પ્રેમ એ અંતરમાંથી સહજ વહેતી ગંગા હોય છે

પ્રેમનું પ્રશિક્ષણ

પ્રસિદ્ધ સુવાક્ય છે, People don't care how much you know, they want to know how much you care!

લોકોને એ પડી નથી કે તમે કેટલું જાણો છો. લોકોને તો એટલું જ જાણવું છે કે વાસ્તવમાં તમને એમની કેટલી પડી છે! સમાજ વ્યસ્ત થતો જાય છે. સમયની કટોકટીમાં અને પોતાની જાતને પુરવાર કરવામાં વ્યક્તિ પ્રેમની પરિભાષા ભૂલતો જાય છે. પરંતુ અનુભવની એરણે ઘડાયેલ વાણીથી એક સંતકવિ કહે છે, 'ઢાઈ અક્ષર પ્રેમકા, પઢે સો પંડિત હોય.' વિશ્વવિખ્યાત યુનિવર્સિટીની ભારેખમ ડીગ્રી મેળવવા કરતાં પણ અઘરું છે પ્રેમના અઢી અક્ષરને સમજવા અને પ્રેમ આપવો. આખરે આ પ્રેમ છે શું? છેક પૌરાણીક યુગથી લઈને આજદિન પર્યંત માનવજાતે આ 'પ્રેમ' શબ્દનો તાગ કાઢવા અપાર પ્રયત્નો કર્યા છે. પશ્ચિમી જગતના મોટા ફિલોસોફર એરિક ફ્રોમ આ પ્રેમની સરળ વ્યાખ્યા આપતાં કહે છે, What is love? It is care, consideration and respect. પ્રેમ એટલે સામા વ્યક્તિની સંભાળ રાખવી, એને સમજવી અને આદર આપવો. આ પાયાના શિક્ષણ વગર પાંગરતો પ્રેમ બેઉ પાત્રોને માત્ર દુઃખરૂપ જ નીવડે છે. વીતેલી એક સદીમાં લોકો જોઈ શક્યા કે દુનિયાની ડીગ્રીના સ્પર્શથી દૂર અને મોહ-માયાના બંધનથી સંપૂર્ણ અલિપ્ત રહેલા એવા પ્રમુખસ્વામી લાખોને નિર્મળ પ્રેમ આપી શક્યા અને લાખોનો પ્રેમ પામી શક્યા. કઈ રીતે? સંભાળ, સમજ અને આદરના ત્રિવેણી સંગમમાં હરકોઈને ઝબકોળીને જ !



1978માં એક ધનાઢ્ય હરિભક્તે સારંગપુરમાં પ્રમુખસ્વામીની હાજરીમાં પારાયણ કરાવી, એ પ્રસંગે એમણે સારો એવો ખર્ચ કર્યો અને મોટી રકમનું દાન પણ કર્યું. આ જોઈને સારંગપુરની બાજુમાં આવેલા કુંડળ ગામના ધરમશી નામના તદ્દન સાધારણ યુવાનને ઉમંગ જાગ્યો અને એણે પ્રમુખસ્વામીને કહ્યું કે 'મારા ઘરે આવીને પારાયણ કરો.' પ્રમુખસ્વામીએ એને કહ્યું કે 'હું અમદાવાદ જવાનો છું એ વખતે તું ગામના પાટિયે ઊભો રહેજે, હું આવી જઈશ' પણ સાથે સાથે એને આ વાત ખાનગી રાખવા પણ કહ્યું કારણ કે તેમને બીક હતી કે આયોજકોને ખબર પડશે તો પોતે બીમાર હોવાને લીધે ત્યાં જવા દેશે નહીં. મુસાફરી શરૂ થઈ અને કુંડળ ગામનું પાટિયું આવતાં એકાએક પ્રમુખસ્વામીએ ત્યાં ઊભેલા ધરમશીની પાછળ ગાડી એના ભાંગ્યાતૂટ્યા ખોરડે લેવડાવી. ઘરમાં બેસવાનું આસન હતું નહીં તો સ્વામી અનાજના ખાલી કોથળા ઉપર બેસી ગયા. મોટી પારાયણમાં કરવામાં આવતી વિધિ પ્રમાણે જ ધરમશી પાસે પૂજન કરાવ્યું. એના ઘરમાં પારાયણમાં વાંચવા લાયક કોઈ પુસ્તક નહોતું, તો સ્વામીએ પોતાની સાથે રાખેલ શિક્ષાપત્રી-નિત્યવિધિની ચોપડીમાંથી એક વચનામૃત વાંચ્યું અને થોડી વાત કરી. પછી ધરમશી પાસે આરતી કરાવડાવી. હવે પ્રસાદ આપવાનો હોય, પણ આ દરિદ્રી પાસે ક્યાં કાંઈ હતું? તો સ્વામીએ ચામાં નાખવાની સાકરના થોડા દાણા ભગવાનને ધરાવીને પ્રસાદ પણ વહેંચ્યો, જે મોટી પારાયણો બાદ આપવામાં આવતી રસોઈ(થાળ)ની જગ્યાએ હતી. પછી સ્વામી ઊભા થતાં થતાં તેને આશીર્વાદનો ધબ્બો આપતાં કહે કે 'લે, તારી પારાયણ થઈ ગઈ.' સુદામાથી પણ કંગાળ એવા વ્યક્તિની લાગણી સાચવવા માટે પ્રમુખસ્વામી કેટલું કરી નાખવા તૈયાર હતા! ધરમશીના સાધારણ ઘરથી જ્યારે સ્વામીશ્રીની ગાડી અમદાવાદ તરફ આગળ વધી, ત્યારે તેનું હૈયું ગાતું હશે કે 'મારી ન્યૂનતા ના નડી તમને, તમારી પૂર્ણતા ગઈ અડી મને!' એક પૂર્ણ વ્યક્તિત્વના ધારક માટે પ્રેમ એ અંતરમાંથી સહજ વહેતી ગંગા હોય છે. તેમાં કોઈ વેરો- આંતરો નથી હોતો. જેમ સૂર્ય ઉગે છે તો સૌને માટે છે, એ બધાને પ્રકાશ આપે છે. પરંતુ પ્રેમના પ્રશિક્ષણમાં વધુ ઉપરની ભૂમિકા છે કે શબ્દો વગર સમજી જાય કે ભાવો શું કહી રહ્યા છે. વ્યકિતની લાગણીઓ અને માંગણીઓને સમજવી. તેથી જ વગર માંગે કરવામાં આવતી સારસંભાળ તો અમૂલ્ય ગણાય છે. માતા પોતાના બાળક સારુ ભીનામાં સૂઈ જાય એ વખતે બાળકે એવી માંગણી કરી હોતી નથી. એને પ્રેમ કહે છે. પરંતુ પોતાના સગાંવહાલાં ન હોય અને જેની પાસે પોતાનો કોઈ સ્વાર્થ સિધ્ધ થવાની આશા પણ ન હોય એવાની આવી સંભાળ રાખવી એ તો ખરેખરા પ્રેમાળ હૈયાનું જ કામ! અમદાવાદના પ્રભાશંકર પંડ્યા અટલાદરા મંદિરે સમૈયા(ઉત્સવ) ઉપર મોડી રાતે આવ્યા ત્યારે મોટી સંખ્યામાં આવેલાં ભક્તોને જોઈને એમણે ઉતારો મળવાની આશા છોડી દીધી અને સભામંડપમાં એક કોરે જમીન ઉપર કશું પાથર્યા વગર સૂઈ ગયા. તેઓ ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યા હતા એવામાં અચાનક કોઈ એક ગોદડું ઓઢાડી ગયું. એની મીઠી હૂંફમાં એમણે રાત વીતાવી. ત્યાં સવારે પ્રમુખસ્વામીના સેવકે એમને જગાડતાં કહ્યું કે 'ઊઠો, અને આ ગોદડું પાછું આપી દો. રાતે પ્રમુખસ્વામી રાઉન્ડ ઉપર નીકળ્યા હતા ત્યારે એમણે પોતાનું ગોદડું તમને ઓઢાડી દીધું છે અને પોતે આખી રાત ટાઢમાં પડી રહ્યા છે.' આવી રીતે સ્વામીએ પોતાની વસ્તુ વગર માંગે બીજાને આપી દીધી હોય એવા તો અનેક પ્રસંગો બન્યા છે. પ્રેમની દુનિયામાં તો 'માંગે અને ભાંગે કદી એ પ્રેમ અમારો છે નહીં, આપવું બસ આપવું એ જ કાયદો છે અહીં' તેવી વાત છે. ત્યાં કોણ નોંધ લેશે, વળતર શું મળશે, સમયે સામેવાળાને યાદ કરાવવું જેવા લૌકિક ક્ષુલ્લક ભાવોથી પર આ નિરાળી દુનિયા છે. પ્રમુખસ્વામી સોનગઢ(વ્યારા)માં હતા. સાંજે વાળુ કરવા બેસતાં પહેલાં એમણે યજમાનને બોલાવીને દૂધ લાવી આપવા કહ્યું. સૌને નવાઈ લાગી કારણ કે આ રીતે તેઓ પોતે દૂધ લેતા નહોતા. દૂધ આવ્યું ત્યારે તેમણે કહ્યું કે 'આપણી સાથે જે શંકર ભગત ફરે છે એમને આ દૂધ આપો, કારણ કે તેઓ દર શનિવારે એકટાણા કરે છે અને દૂધ સિવાય કશું લેતા નથી.' આપણને આપણી સાથે રહેનારા માણસોનો આવો ઝીણવટભર્યો ખ્યાલ રહે છે? જો રહે તો પૃથ્વીને સ્વર્ગ બની જવામાં વાર કેટલી? પ્રમુખસ્વામીને અપાર પ્રેમ મેળવતાં આપણે સૌએ જોયા છે. એવો પ્રેમ પામવો હોય તો એથી અનેકગણો પ્રેમ આપવો પડે. પ્રેમના અઢી અક્ષરને પચાવી જાણનાર પ્રમુખસ્વામી દુનિયાના માંધાતાઓથી ઘણા આગળ નીકળી ગયા. ખરેખર આ એક એવું અમૃત છે જેનાથી 'સ્વ'નું અને આપણી આસપાસ 'સૌ'નું જીવન ખીલી ઉઠે છે. પરંતુ આપણે 'સ્વ'માંથી બહાર નીકળવું પડશે. તો દેખાશે કે કોઈની દુનિયામાં શું ખૂટે છે. મને શું મળશે એ નહીં પણ હું શું આપી શકું એવો ઉદાર દષ્ટિકોણ રાખવો પડશે. યાદ રાખીએ વાસ્તવિક જીવનમાં પણ આઘાત અને પ્રત્યાઘાત સામાન અને વિરુદ્ધ દિશામાં હોય છે. એમ આપેલું પરત ફરશે. પણ એ કોઈ પણ દિશામાંથી આવશે. બીજાની સંભાળ, ગણતરી અને આદરનું આ ગણિત સમજી જીવનના જટિલ કોયડાઓનો સહજ ઉકેલ મેળવી શકીએ તે પ્રભુને પ્રાર્થના.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન
ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કામને સૌથી મોટો શત્રુ માને છે

અલ્પ માત્રામાં થયેલું ધર્મનું પાલન, મહાન ભયમાંથી ઉગારે છે

ભારતીય પરંપરા આપણને ત્યાગ, સંયમના પાઠ પણ શીખવે છે. આ એવા સદ્દગુણો છે, જેને અપનાવીને વ્યક્તિ સર્વાંગી પ્રગતિ તરફ આગળ વધી શકે છે. એવું કહેવાય છે કે અલ્પ માત્રામાં થયેલું ધર્મનું પાલન વ્યક્તિને મોટા ભયમાંથી ઉગારી લે છે. માટે, એ જ રીતે જીવનમાં કામ, ક્રોધાદિને આપણે નિયંત્રણમાં રાખવા અત્યંત આવશ્યક છે.



જીવનમાં એ આવશ્યક છે કે ઈન્દ્રિયોનો સંયમ રહે. ઈન્દ્રિયો કે જે કામ, ક્રોધ, લોભ, મોહના વશમાં ચાલે. આપણા શાસ્ત્રોમાં જે વર્ણન કરવામાં આવ્યું છે તે અનુસાર તેવો વ્યવહાર થાય. કામને જીતવાનો નથી, પરંતુ તેનો નાશ કરવાનો છે. કામ દમનની વાત નથી પરંતુ કામ દહનની વાત આવે છે. કામ દહન ખતરનાક હોય છે. શિવજીએ માટે જ કામનું દમન નહીં પરંતુ દહન કર્યું છે. કામનું દમન કરવામાં બે ભયસ્થાન છે. પ્રથમ ખતરો તો એ છે કે શત્રુ જીવે છે, મર્યો નથી. નારદજીની સાથે પણ આવું જ થયું. વિષ્ણુ મોહિનીને જોઈને તેમના મનમાં કામ ઉત્પન્ન થયો અને કામનો હુમલો થયો. શત્રુ જો જીવીત છે તો તે ગમે ત્યારે હુમલો કરી શકે છે. અને બીજો ખતરો એ રહે છે કે તે દમન કરનારો અહંકારી બને છે. એટલે કે 'મેં કામનું દહન કર્યું છે' – એવો અહંકાર તેનામાં આવી જાય છે.

ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કામને સૌથી મોટો શત્રુ માને છે. શ્રીકૃષ્ણ અર્જુનને કામ ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે નહીં પરંતુ તેનું દહન કરવાનું કહે છે. કામ આપણો પ્રધાન શત્રુ છે કેમકે કામની સાથે ક્રોધ પણ આવે છે અને જો કામની પૂર્તિમાં બાધા ઉત્પન્ન થાય તો ક્રોધ આવે છે. કામની જો પૂર્તિ થઇ જાય તો લોભ ઉત્પન્ન થાય છે. આવો જ ક્રમ કામ, ક્રોધ, લોભ અને મોહ – આ ચારેયનું આપણે ઉચ્ચારણ કરીએ છીએ. શ્રીરામચરિત માનસમાં પ્રભુ શ્રીરામચંદ્રજીએ કહ્યું છે કે કામ એ તો મૂળ છે. કામ એ મુખ્ય શત્રુ છે. તેને જીતવું ખૂબ કઠિન છે. આ શત્રુને નિર્બળ ન સમજવો જોઈએ. આ જ શસ્ત્રથી કામનું પ્રેમમાં, ક્રોધનું કરુણામાં આપણે પરિવર્તન કરી શકીએ છે. આ પ્રકારે તેની દિશા જ બદલાઇ જાય છે. જો આરંભમાં કામ આવે તો તેનો આગળનો પડાવ ક્રોધ છે અને પછીનો પડાવ લોભ અને લોભ તો પાપનો બાપ છે. પછી વ્યક્તિ પાપ જ પાપ કરતો જાય છે.

લાભના વધવાથી, લોભનું આવવું સ્વાભાવિક છે. જેમ જેમ લાભ વધતો જાય છે, તેમ તેમ લોભ વધતો જાય છે. લોભ ક્યારેય બહારથી નથી આવતો, પરંતુ તે આપણી અંદર જ રહે છે. કામ અને ક્રોધ બહારથી આવે છે. આ લોભ તો મેલેરિયાના તાવની જેમ છે. દર્દી ગમે તેટલા ધાબળા કેમ ન ઓઢે!, પરંતુ તે કાંપતો જ રહે છે કેમકે તેને તે ઠંડી અંદરથી લાગતી હોય છે. લોભનું પણ આવું જ હોય છે.

એક કથા એવી છે કે જેમાં ભગવાને દ્વારપાલ જય અને વિજયને શાપ આપ્યો હતો, તેવી વાત આવે છે. આ બંનેને સનત્કુમારોએ શાપ આપ્યો હતો. આ બંનેએ શાપને કારણે ત્રણ જન્મ લેવા પડ્યા હતા. પહેલા જન્મમાં તેઓ હિરણ્યકશ્યપુ અને હિરણ્યાક્ષ બન્યા, બીજા જન્મમાં રાવણ અને કુંભકર્ણ અને ત્રીજા જન્મમાં શિશુપાલ અને દન્તવક્ર બન્યા. શિશુપાલ અને દન્તવક્રને મારવા માટે ભગવાને એક જ અવતાર લેવો પડ્યો અને તે છે કૃષ્ણાવતાર. એ જ રીતે રાવણ અને કુંભકર્ણને મારવા માટે પણ ભગવાન શ્રીરામચંદ્રજીના રૂપમાં, પરંતુ હિરણ્યકશ્યપુ અને હિરણ્યાક્ષને મારવા માટે ભગવાને બે અવતાર લેવા પડ્યા. એટલે કે કામને મારવા માટે એક જ અવતાર, ક્રોધને મારવા માટે એક જ અવતાર પરંતુ હિરણ્યાક્ષ અને હિરણ્યકશ્યપુ – બંને લોભરૂપ છે. તેઓને મારવા માટે બે-બે અવતાર લેવા પડ્યા હતા. હવે તમે જ વિચારો કે આ લોભ સુધી વ્યક્તિ પહોંચ્યો કેવી રીતે? કેમ કે તેણે કામનું દહન કર્યું નહોતું. કામરૂપી શત્રુને જીત્યો નહોતો. જ્યાં કામ છે, વાસના છે, ત્યાં સ્વાર્થ હશે અને જ્યાં પ્રેમ હશે, ત્યાં પરમાત્મા હશે. સુખની દોરી પ્રેમી પોતાની તરફ ખેંચ ત્યારે તે વાસના બની જાય છે અને જ્યારે તે દોરી પ્રિયતમને પોતાની તરફ ખેંચે છે ત્યારે તે પ્રેમ બને છે. પ્રેમ અને વાસનામાં આ જ અંતર છે.

આમ, જીવનમાં સર્વાંગી પ્રગતિ કરવા માટે, સુખમય જીવન જીવવા માટે કામ, ક્રોધાદિનો ત્યાગ અને પ્રભુ પ્રત્યે, પરોપકાર, સંયમ પ્રત્યે પ્રીતિ કરવાની છે.

કથાબિંદુ
મુનિ રાજપુણ્ય વિજય

ચંદ્રકાંત શેઠનો દૃષ્ટિકોણ

સમરાદિત્ય કથાનો એક સરસ પ્રસંગ છે. ચંદ્રકાંતનાં ઘરે ચોરો ચોરી કરે છે. ચોરીના માલ સાથે રૂપવતી પત્નીને પણ બાંધીને લઈ જાય છે. અલ્પ સમય પછી ચંદ્રકાંત પૈસાની પોટલી લઈને નોકરની સાથે પત્નીને શોધવા નીકળે છે. અંધારામાં વજનવાળી પૈસાની પોટલી નોકરના હાથમાં હોય છે. પૈસાથી કોનું મન ના બગડે ! નોકરની બુદ્ધિ ભ્રષ્ટ થઈ. તેણે ધનની લાલચમાં શેઠને ઊંડા કૂવામાં ધક્કો માર્યો. જેવા શેઠ કૂવામાં પડ્યા કે કૂવામાંથી જોરથી અવાજ આવ્યો : 'નમો અરિહંતાણં', શેઠ આ અવાજને પારખી ગયા. એ અવાજ પોતાની પત્નીનો હતો. સહજ પત્નીને પૂછ્યું : 'તું અહીં ક્યાંથી ?' આ અવસરે નવકાર યાદ આવ્યો, એ મોટી વાત છે. પત્ની બોલી : 'ચોરો મને પકડીને લઈ જતા હતા, પણ આ કૂવો જોતા મારા શીલને બચાવવા માટે હું અહીં કૂદી પડી, પણ તમે કેવી રીતે ?' તેમણે પણ પોતાની વાત જણાવી. નોકરે ધનની લાલચમાં મને મારવા ધક્કો માર્યો. પત્ની બોલી : 'કેવો દુષ્ટ નોકર છે!' તો શેઠે સકારાત્મક દષ્ટિકોણ બતાવતા કહ્યું : 'એને તું દુષ્ટ ના બોલ, એને તો ધન્યવાદ આપ. એણે ધક્કો માર્યો તો આપણે અહીં ભેગા થયા ને ! એને તો આપણે ઉપકારી માનવો જોઈએ !!' અપકારી માટે પણ કેવો સરસ દૃષ્ટિકોણ...!!



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS


જેમ જેમ વિનમ્રતા વધતી જાય છે એમ મહાનતા પણ વધતી જાય છે

વિભૂતિ વૈભવ

સામાન્ય માનવ વિભૂતિ ક્યારે બની શકે? જ્યારે એ સામાન્યપણું છોડીને અસામાન્ય બને ત્યારે, જ્યારે એનામાં મહાનતા પ્રગટે ત્યારે.

મહાનતા વેચાતી મળતી નથી, ખેતરમાં ઉગાડી શકાતી નથી, પરંતુ એ વિભૂતિ પુરુષોના કદમ ચૂમતી આવે છે કારણ કે એમની પાસે સદ્ગુણોનો ભંડાર હોય છે. એ જ છે વિભૂતિ પુરુષોનો વૈભવ! એ વૈભવ એમની જીવનભરની સાધનાનો પરિપાક હોય છે.

આ સંસારમાં આપણી વચ્ચે જ રહીને ઘૂમતા-ફરતા આ ઓલિયાઓની જીવનશૈલી આપણા કરતાં ખાસ અલગ નથી હોતી, પરંતુ એમનો આંતરિક વૈભવ હિમાલય કરતાં પણ ઊંચો હોય છે. છેલ્લી એક સદીથી આપણી વચ્ચે રહીને, ઈશ્વરના ચરણે જીવન સમર્પિત કરી દીધું હોવા છતાં, આપણા સૌના માટે પોતાના જીવનની ક્ષણેક્ષણને લોહીનો કણેકણ વાપરી જનારા મહાપુરુષ હતા - પ્રમુખસ્વામી મહારાજ.



The higher you go, the higher is the level of courtesy; and the higher is the level of courtesy, the higher you go - જેમ જેમ વિનમ્રતા વધતી જાય છે એમ મહાનતા પણ વધતી જાય છે. પ્રમુખસ્વામી મહારાજે પોતાના જીવન દ્વારા આ સિદ્ધાંતને સાબિત કરી બતાવ્યો છે. ઈ.સ.૧૯૮૨માં એમના વિદેશના ધર્મ પ્રવાસની શરૂઆત થઈ લંડનના હીથ્રો એરપોર્ટ ઉપરથી. શ્રી દાદુભાઈ પટેલ ખૂબ ઉમંગભેર જાજરમાન રોલ્સ-રોયસ ગાડી લઈને એમને વિમાન ઉપર તેડવા આવેલા. સ્વામીશ્રી ગાડીની આગલી બેઠક પર બેઠા. દાદુભાઈ જમણી બાજુની બેઠક પરથી ગાડી ચલાવતા હતા. પાછળની બેઠક પર ચાર સહયાત્રીઓ ગોઠવાઈ ગયેલા. આ વિશાળ એરપોર્ટમાંથી ગાડીને સલામત રીતે બહાર લઈ જવા માટે એક અંગ્રેજ ભોમિયો પણ આવેલો હતો, પરંતુ પ્રશ્ન એ થયો કે એ ક્યાં બેસે? ગાડીમાં તો કોઈ જગ્યા જ બાકી નહોતી. સ્વામીશ્રીએ આ જોયું કે તરત એક ક્ષણના પણ વિલંબ વગર તેઓ આગલી બે બેઠકની મધ્યમાં આવેલ ગિયરબોક્સ ઉપર બેસી ગયા અને ભોમિયાને પોતાની સીટ ઉપર બેસાડ્યા. જેનું સ્વાગત કરવા રોલ્સ-રોયસ ગાડી આવેલ તે બેઠા ગિયરબોક્સ ઉપર, અને પોતાની બેઠક ઉપર બેઠા બીજા. જોવાની ખૂબી એ હતી કે સ્વામીશ્રી આમ કરતી વખતે એટલા સહજ રીતે વર્તતા હતા કે શું બની ગયું એનો કોઈને ખ્યાલ પણ ન આવ્યો.

તારીખ 24-1-74, મુંબઈ. બીજે દિવસે સ્વામીશ્રી વિદેશની ધર્મયાત્રાનો પ્રારંભ કરવાના હોવાથી આજે પોદાર કોલેજના હોલમાં વિદાય-સભા આયોજાઈ હતી. આ સભામાં પ્રખર વક્તા પૂજ્ય શ્રી ચિન્મયાનંદજી પણ ઉપસ્થિત રહેવાના હતા. તેના અનુસંધાનમાં સ્વામીશ્રીએ પહેલેથી જ આયોજકોને સૂચના આપેલી કે 'બંને આસન- એટલે કે પોતાનું અને અતિથિને બેસવાનું- એકસરખાં જ કરવાનાં છે તે ધ્યાન રાખજો.' જ્યારે પણ કોઈ સંત-મહાત્મા સભામાં આવવાના હોય ત્યારે તેઓની આ કાયમી આજ્ઞા રહેતી. મુંબઈમાં આવા જ એક પ્રસંગે એક સંત-મહાત્મા અણધાર્યા જ આવી ચડ્યા. એમના માટે બીજું સારું આસન લાવવું શક્ય દેખાતું નહોતું. ત્યારે સ્વામીશ્રી તરત જ પોતાના આસન ઉપર ખસી જઈને એકદમ ખૂણામાં બેસી ગયા અને અતિથિ સંતને પોતાના આસન ઉપર વ્યવસ્થિત રીતે માન સહિત બેસાડ્યા. નિર્માનીપણે વર્તવું એ એમનો સહજ સ્વાભાવિક ગુણ હતો.

પચાસ-સો માણસો જ્યારે પોતાનું નિરીક્ષણ કરી રહ્યા હોય ત્યારે સદ્ગુણી દેખાવાનો પ્રયત્ન કોઈ પણ માણસ કરવાનો. પરંતુ જીવનના કણેકણમાં નિર્માનીપણું વણાયેલું હોય, એ ત્યારે જણાય કે જ્યારે છેક નાની વયથી જ એ વ્યક્તિ નિર્માનીપણે વર્તતી હોય. પ્રમુખસ્વામીને એમના ગુરુ શાસ્ત્રીજી મહારાજે દીક્ષા આપી ત્યાર પછીના થોડા વર્ષો એમણે એક નાના સાધકની જેમ મંદિર બાંધકામની તનતોડ મજૂરી-સેવા કરીને અને સંસ્કૃતનો અભ્યાસ કરીને વિતાવેલા. પરંતુ એમનામાં છુપાયેલી દિવ્ય પ્રતિભાને ગુરુ ઓળખી ગયેલા. આથી શાસ્ત્રીજી મહારાજે પ્રમુખસ્વામીને ૨૮ વર્ષની કુમળી વયે વિશ્વવ્યાપી બોચાસણવાસી અક્ષર-પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના પ્રમુખ (એટલે કે મુખ્ય વહીવટકર્તા અને સત્તાધીશ) બનાવ્યા. આના દ્વારા પ્રમુખસ્વામી સંસ્થાના તમામ વડીલ સંતો અને તમામ હરિભક્તોના ઉપરી બની ગયા હતા. પરંતુ પ્રમુખ તરીકેના એમણે કરેલ પ્રથમ ઉદબોધનમાં સત્તાની સ્વીકૃતિનો એક છાંટો પણ દેખાયો નહીં, ઊલટાનું એમણે તો માત્ર પ્રાર્થના કરી કે, 'મારામાં જે શક્તિ જ્ઞાન અને પ્રેરણા છે તે બધું જ આપે આપેલું છે. હું આજે આપ ગુરુશ્રી સમક્ષ પ્રતિજ્ઞા કરું છું કે મારું કર્તવ્ય બરાબર બજાવવા આપની સંસ્થાને મારા દેહની પરવા કર્યા સિવાય પૂર્ણ રીતે વફાદાર રહી આપનો કૃતકૃત્ય બનીશ.' કરોડો ભાવિકોના હૃદયમાં ગુંજતું થયેલું નામ 'પ્રમુખસ્વામી' જે દિવસે અસ્તિત્વમાં આવ્યું એ દિવસે સ્વામીશ્રીના પ્રથમ ઉદ્ગારોમાં નિર્માનીભાવ, દાસભાવ, સેવકભાવના મેહુલા વરસ્યા. એની પરાકાષ્ઠા તો ત્યારે આવી કે જ્યારે આ સભા પૂર્ણ થઈ ત્યારે ઉપસ્થિત તમામ હરિભક્તોને જમાડવામાં આવેલાં. એ બધાનાં એંઠાં વાસણ પ્રમુખસ્વામીએ એકલા હાથે જ ઊટકી કાઢ્યાં. The Servant Leader તરીકે એમણે કરેલી આ પ્રમુખપદની પ્રથમ સેવા હતી. દુનિયાના કયા પ્રમુખની કારકિર્દી આવી સેવાથી શરૂ થઈ હશે!

પુસ્તકોના વાંચન દ્વારા સદ્ગુણોની માહિતી ચોક્કસ મળે, પરંતુ એને આત્મસાત કરવા માટે એ સદ્ગુણો જેમણે જીવનમાં ઉતાર્યા હોય એમનું જીવન જ પ્રેરણા આપી શકે. એટલા માટે આ વિભૂતિ વૈભવ જાણવો અને માણવો જરૂરી છે.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ક્યારેક અવિશ્વાસ, આશંકામાં પરિણમે તો ચિંતનનું સ્તર વિકૃત બને છે

ભગવાનમાં અખંડ વિશ્વાસ રાખીશું તો સર્વાંગી પ્રગતિ થવાની જ છે

કબીર કહે છે કે 'બુરા દેખન મેં ગયા, બુરા ન મિલા કોઈ' – સામેવાળાની સારપ અને પોતાના દોષોને જોવાની વૃત્તિને ખીલવજો. ભારતીય પરંપરા પણ કહે છે કે, શત્રુઓના ગુણ ગ્રહણ કરો અને ગુરુના દોષને છોડી દો. આવી ગુણગ્રહણવાળી દૃષ્ટિ આવી જાય ત્યારે એક મહત્ત્વની વાત તમારે કરવાની છે અને એ છે વિશ્વાસ રાખવાની.

વ્યક્તિ જ્યારે વિશ્વાસ રાખે છે ત્યારે તેણે ભગવાનનાં જે પરમ ભક્તો થઈ ગયા, તેની જેમ અખંડ રાખવાનો છે. નરસિંહ મહેતા, મીરાંબાઈ હોય તેમણે ભગવાનમાં અતૂટ વિશ્વાસ રાખ્યો છે. આવો જ વિશ્વાસ દ્રૌપદીને પણ હતો. આ રીતે જીવનમાં મહત્ત્વની વાત વિશ્વાસની છે. વિશ્વાસ તમારે રાખવો જ પડશે પછી તે ભગવાનમાં હોય કે માણસમાં. જો વિશ્વાસ નહીં રાખો તો તમને પણ અશાંતિ જ રહેશે. બીજાની વાત તો પછી થશે સૌપ્રથમ તમારું મન બેચેન રહેવા લાગશે. ક્યારેક અવિશ્વાસ, આશંકામાં પરિણમે તો ચિંતનનું સ્તર વિકૃત બની જાય છે. તેને લીધે વ્યક્તિ ક્યારેક વિચારે છે કે ખોરાકમાં ફૂડ પોઇઝનિંગ નહીં જ હોય એમ માનીને આપણે વિશ્વાસ સાથે હોટલમાં જમવા જતા હોઈએ છીએ. એન્જિન ડ્રાઈવર રાતના ઊંઘી નહીં જાય અને સાવચેતીથી ટ્રેન ચલાવશે એ વિશ્વાસથી ટ્રેનમાં બેસીએ છીએ. પાયલોટ સાવચેતીથી પ્લેન ટેક ઓફ કરશે અને લેન્ડિંગ કરશે એ વિશ્વાસથી પ્લેનમાં મુસાફરી કરીએ છીએ. આ વિશ્વાસ એ કોઈ બજારમાં મળતી ચીજ નથી. પરંતુ એ તો કેળવવો પડે છે. જાણીતા ચિંતક, ઓશો ભારપૂર્વક એવું કહેતા હતા કે શ્રદ્ધાને વધારે મહત્ત્વ આપો. એક વખત તમે સામેવાળી વ્યક્તિમાં વિશ્વાસ મૂકશો કે તેની જવાબદારી વધી જવાની. તેથી જ તો જૂની કહેવત યાદ રાખવા જેવી છે કે 'વિશ્વાસે તો વહાણ ચાલે છે' તમે વિશ્વાસ મૂકો છો ત્યારે પથ્થર પરમેશ્વર બની જાય છે. તો માણસ જેવો માણસ સારો શું કામ ન થાય?

વિશ્વાસ નહીં હોય તો સમાજ નહીં ટકે. વિશ્વાસનું વાવેતર જીવનમાં ડગલે ને પગલે આપણે કરવું જ રહ્યું. જો તમે ભગવાન ઉપર, કોઈ આત્મીય સ્વજન ઉપર કે માર્ગદર્શક ઉપર વિશ્વાસ રાખશો તો તમને કાર્યમાં સફળતા પણ મળશે. વર્ષોથી દ્વારકામાં બિરાજતા દ્વારિકાનાથના દર્શને સમગ્ર ભારતમાંથી શ્રદ્ધાળુઓ, ભક્તો આવે છે. વિધર્મી લોકોને પથ્થરમાં ઈશ્વર દેખાતો નથી પરંતુ શ્રદ્ધા રાખનારને તો પથ્થરની પ્રતિમામાં પણ પરમેશ્વરનાં દર્શન થાય છે. ડાકોર કે અંબાજીનાં દર્શને લોકો કોઈ મોટી નદી વહેતી હોય એમ લોકસમૂહની રીતે નદીની જેમ પદયાત્રા કરતા કરતા દર્શને જતા કોણે નથી જોયા? ક્યારેક જેના પર વિશ્વાસ મૂક્યો છે, તે વિશ્વાસ ભંગ કરે, તેને અપવાદ માનજો અને વિશ્વાસ મૂકવાનું ચૂકશો નહીં.

વિશ્વાસ વ્યક્તિને સજ્જન બનવાની પ્રેરણા આપે છે. માત્ર ટીકા કરવાથી નહીં ચાલે. શંકા કરીશું તો વિશ્વાસના વાવેતરનાં મૂળ સાથે બળી જશે. વ્યક્તિની અંદર રહેલી સારપમાં વિશ્વાસ કરતા શીખજો. તમને ભાવ હશે અને શ્રદ્ધાનું સિંચન હશે તો સ્કૂલના શિક્ષક નોકરીયાત નહીં પરંતુ ગુરુ દેખાશે. વ્યક્તિ એ ગુરુ નથી પરંતુ તેની અંદર રહેલું ગુરુત્વ એ ગુરુ છે. દોષો જોવા જ હોય તો પોતાના જુઓ. અન્યનાં નહીં.

આપણાં મંદિરોમાં ચોક્કસ દિવસોએ મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા થતી હોય છે. આ પ્રાણ પ્રતિષ્ઠા પછી પથ્થરની મૂર્તિમાં ભગવાનનું દૈવી તેજ ઝળકી રહે છે. સમાજે પણ એક શિક્ષકમાં ગુરુની પ્રતિષ્ઠા કરવી જોઈએ. ગુરુ પ્રત્યેની ભાવના અને શ્રદ્ધા આપણને તારશે. 'ગુરુત્વ'માં પૂરો ભરોસો રાખીશું તો ગુરુ પ્રગટ થશે. શિક્ષકમાંથી ગુરુનું સર્જન કરવા માટે વિશ્વાસની જરૂર છે. જો શિક્ષકમાં વિશ્વાસ નહીં રાખીએ તો તેનાથી નુકસાન સમાજને જ થવાનું છે.

સદ્ગુરુ એ તો ધરી છે અને શિષ્ય પૈડાનું પ્રતીક છે. ગુરુ શિષ્યને પકડે છે ત્યારે શિષ્ય જો એ બંધન સ્વીકારશે નહીં તો શિષ્યની આંતર-બાહ્ય ગતિ, પ્રગતિ શક્ય જ નથી. ગુરુની શોધ જ કરવી ન જોઈએ, પરંતુ આપણે અધિકારી શિષ્ય બની જવાનું છે. જેવા આપણે અધિકારી શિષ્ય બની જઈશું તેવા ગુરુ આપોઆપ મળી જશે. સદ્ગુરુ તો ચંદ્ર સમાન છે. સૂર્યનું કામ વિકાસ કરવાનું છે. તો ચંદ્રનું કામ પોષણ કરવાનું છે. બંને રીતે સદ્ગુરુ તમારા જીવનને વિકસિત કરે છે.

ભારતીય સમાજ સંવેદનશીલ સ્વભાવવાળો છે. ભક્ત ભરોસો કરે તો તેમાં ફાયદો ભક્તને જ છે. સમાજ જો શિક્ષકોમાં ભરોસો કરશે તો તેનો ફાયદો સમાજને જ થવાનો છે અને આમ થવાથી શ્રદ્ધા અને ભરોસાના ભાવપ્રતિષ્ઠાવાળા પૂર્ણ ગુરુઓ પ્રગટશે. જીવનમાં વિશ્વાસને અખંડ ટકાવી રાખવો એ ભક્ત તરીકે, શિષ્ય તરીકે અને સાચા સાધક તરીકે માર્ગમાં ઉન્નતિ કરવાની અનિવાર્ય શરત પણ છે, તે યાદ રાખવું અનિવાર્ય છે.

યાદ રાખો, ભગવાનમાં અખંડ વિશ્વાસ રાખીશું તો સર્વાંગી પ્રગતિ થવાની જ છે.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

અભિમાન અને આત્મસમર્પણ

ઈ.સ.ની છઠ્ઠી શતાબ્દીમાં હરિભદ્ર નામના સર્વધર્મના વિશદ વિદ્વાન થયા. તેમની પાસે તર્કશક્તિ અને શાસ્ત્રોનો અભ્યાસ એવો અનુપમ હતો કે તેઓને 'કયા વિષયનું જ્ઞાન નથી ?' એ પ્રશ્ન થતો. જોકે પોતે મેળવેલા જ્ઞાનનું તેમને અભિમાન ખૂબ હતું, તેથી તેમણે જાહેર ઉદ્ઘોષણા કરાવી હતી કે મેં ન સાંભળ્યો હોય, તેવો શાસ્ત્રપદાર્થ કોઈ મને સંભળાવે, તો મારે તેમના શિષ્ય થવું! સમય ઘણો વ્યતીત થયો, કોઈ તેમને પરાજિત ના કરી શક્યું. એક દિવસ રાત્રિના સમયે તેઓ એક જૈન ઉપાશ્રય પાસેથી પસાર થતા હતા, ત્યારે 'યાકિની મહત્તરા' નામના એક સાધ્વીજી ભગવંતનો સ્વાધ્યાયનો અવાજ આવી રહ્યો હતો. સ્વાધ્યાયમાં ગુંજતી શાસ્ત્રપંક્તિ આ હતી : 'ચક્કીદુગં હરિપણગં...' આ સાંભળી હરિભદ્ર વિચારવા લાગ્યા કે આ શાસ્ત્રપદાર્થ મારા ધ્યાનમાં નથી! તેઓ ઉપાશ્રયમાં ગયા અને એ શાસ્ત્રપદાર્થ સમજાવવા કહ્યું. પણ રાત્રિના સમયે જૈન સાધ્વીજીના ઉપાશ્રયમાં પુરુષોનું આગમન નિષિદ્ધ હોવાથી સાધ્વીજી ભગવંતે સાધુ ભગવંત પાસે જવા કહ્યું. પછી જૈનાચાર્ય શ્રી જિનભદ્ર સૂરિજીએ વિસ્તારથી એ પદાર્થ સમજાવ્યો. પોતાનાં વચન પર મક્કમ રહી તેમણે તેમના શિષ્યત્વને સ્વીકારી પૂર્ણપણે આત્મસમર્પણ કર્યું. સંપૂર્ણ જીવનકાળ દરમિયાન શ્રી હરિભદ્ર સૂરિજીએ 1444 ગ્રંથોનું સર્જન કરી સાહિત્યની અનુપમ સેવા કરી.



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

વ્યક્તિ ભૂલ કરે તો તેના પર ગુસ્સે થવાના બદલે તેના અંતરનો આદર પામીશું

સંબંધોને વધુ સઘન બનાવવા આટલું કરો

જયપુરમાં કોંગ્રેસ અધિવેશનનું આયોજન થયું હતું. સરદાર સાહેબ આ અધિવેશનમાં ભાગ લેવા માટે પોતાના ઉતારેથી કાર્યક્રમ સ્થળે જવા માટે નીકળ્યા. સરદાર જીપગાડીમાં બેઠા હતા. ડ્રાઈવર જીપ હંકારીને અધિવેશનના પ્રવેશદ્વાર સુધી લાવ્યો. સરદારને સત્કારવા માટે ઘણા લોકો પ્રવેશદ્વાર પર એમની રાહ જોઈને ઊભા હતા.

ડ્રાઈવરે પ્રવેશદ્વાર પર જીપ ઊભી રાખી, સરદારે જીપમાંથી ઊતરવા માટે હજુ તો એક પગ નીચે મૂક્યો ત્યાં એમને મળવા માટે કેટલાક લોકો જીપ પાસે આવી ગયા. સરદારનો એક પગ જમીન પર અને બીજો પગ જીપમાં જ હતો. ગાડી ચલાવી રહેલા ડ્રાઈવરને થયું કે સરદાર સાહેબ નીચે ઊતરી ગયા છે એટલે એમણે ગાડી હંકારી દીધી.

સરદાર તો સીધા જ નીચે ફંગોળાયા. ગાડી સહેજ આગળ ગયા પછી ડ્રાઈવરને પોતાની ભૂલ સમજાઈ એટલે એ ગાડી ત્યાં જ રાખીને દોડતો દોડતો પાછો આવ્યો. આસપાસ ઊભેલા લોકોએ સરદારને ઘેરી લીધા હતા. ગાડીમાંથી ફંગોળાયા હોવાથી સરદારને થોડું વાગ્યું પણ હતું. ડ્રાઈવરે સરદાર સાહેબને આવી હાલતમાં જોયા એટલે એ તો ધ્રૂજવા લાગ્યો. આજે જાણે કે એનું આવી જ બનશે એ વિચારમાત્રથી એના દિલની ધડકન તેજ થઈ ગઈ.

આસપાસ ઊભેલા લોકોને પણ હતું કે અંગ્રેજ સરકાર પર તાડૂક્તા સરદાર આજે આ ડ્રાઈવરને પણ બરોબરના ખીજાશે. સરદાર શાંતિથી ઊભા થયા. કપડાં પરની ધૂળ ખંખેરીને ડ્રાઈવર સામે એક હળવું સ્મિત આપ્યું. ડ્રાઈવર પર ગુસ્સો કરવાના બદલે કે તેને શિખામણનો એકપણ શબ્દ કહ્યા વગર સરદાર સભા સ્થળે જવા માટે આગળ નીકળી ગયા. ડ્રાઈવર સરદારની આ દરિયાદીલી જોઈને એમનો ચાહક બની ગયો.

આપણું રોજ ધ્યાન રાખનારી વ્યક્તિ દ્વારા કેટલીક વખત સાવ અજાણતાં નાની એવી ભૂલ થાય તો એ માફ કરવાના બદલે આપણે એને સજા કરીએ છીએ. ભૂલનું પુનરાવર્તન થતું હોય ત્યારે સજા કરીએ તો બરોબર પણ બિચારો પહેલી વખત કોઈ ભૂલ કરે અને દુર્વાસાની જેમ એના પર કોપાયમાન થઈ જઈએ તો એના દિલને જીતવામાં આપણે નિષ્ફળ જઈશું.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ૧૯૮૧માં અમદાવાદ ખાતે ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ ખૂબ ભવ્યતાથી ઊજવતા હતા. આ ઉત્સવની પાણીની માંગને પહોંચી વળવા ટેકરા ઉપર પાણીનો હોજ બનાવ્યો હતો. હોજની બાજુમાં પાણીનો બોર હતો. તેની સાથે હોજની લાઈન જોડી હતી. પાણીનો વાલ્વ ખોલે તો જ હોજમાં પાણી ભરાય. રાત્રે આ વાલ્વ કોઈએ ભૂલમાં ખોલ્યો હશે તેથી સવારે બોર ચાલુ કરતાં જ આ હોજ ઊભરાઈ ગયો અને માટીનું ધોવાણ થઈ ગયું. આ સાથે જ મોટો હોજ મિનિટોમાં જ ફસકી પડ્યો. દસથી બાર હજાર રૂપિયાનું નુકસાન થઈ ગયું. ખબર મળતાં પ્રમુખસ્વામી મહારાજ પણ ઘટના સ્થળે પહોંચી ગયા. પાણીની સેવામાં જોડાયેલા અક્ષરવિહારી સ્વામીને અંતરમાં સખત ડર લાગ્યો કે હવે ઠપકો અને શિખામણ જરૂર મળશે. પણ એની સામે સ્વામીશ્રીએ તેઓને જોઈને પ્રેમથી પૂછ્યું કે, 'વિહારી! શું જુએ છે?' આ નાના સંતે ખેદ સાથે કહ્યું કે, 'સ્વામીબાપા! આ હોજ ફાટી ગયો.' સ્વામીશ્રી બોલ્યા, 'એમ! હોજ ફાટી ગયો!' એમ કહેતાં ખડખડાટ હસી પડ્યા. ગંભીર વાતાવરણ હળવું થઈ ગયું. તેઓએ બધું જોયું પણ એક શબ્દ બોલ્યા નહીં અને પ્રસન્ન મુદ્રામાં જ આશીર્વાદ આપીને ત્યાંથી વિદાય થયા.

ક્યારેક આપણે સામેવાળી વ્યક્તિને સુધારવા માટે શબ્દોરૂપી શસ્ત્રો ઉગામીએ છીએ કારણ કે આપણે પરિસ્થિતિથી અકળાઈ ગયા હોઈએ છીએ. પણ મહાપુરુષો આવા સમયે ક્ષમારૂપી ચાદર ઓઢાડી સામેવાળાને હૂંફ અને સલામતીનો અનુભવ કરાવે છે. તેઓ સામેવાળાની ભાવના અને દાનતને ગણતરીમાં લે છે. ભલે કોઈના દ્વારા એક વખત ભૂલ થાય પણ જો એ ભૂલને માફ અથવા નજર-અંદાજ કરીએ તો આપણા ધાર્યા બહારનું સકારાત્મક પરિણામ આપણે પામી શકીએ છીએ. આમ જોવા જઈએ તો સામેવાળી વ્યક્તિ જ્યારે ભૂલ કરે છે ત્યારે ભગવાન આપણને તક આપે છે તેને ક્ષમા કરવાની, તેના અંતરનો આદર પામવાની. પણ ખેદની વાત એ છે કે આપણે આ તક ચૂકી જઈએ છીએ. અને કેવળ ચૂકી જઈએ છીએ એટલું જ નહીં પણ ગુસ્સો કરી બાજી બગાડી નાંખીએ છીએ. આપણને કેટલીય વખત અનુભવ થયો હશે કે આપણાં સંતાન, સંબંધી કે મિત્ર દ્વારા થયેલી ભૂલનો પ્રતિભાવ આપણે ગુસ્સાથી આપ્યો હોય અને પછી આપણે જ એમને મનાવવા માટે પ્રયત્નો આદર્યા હોય.



સંબંધોને સુધારવા માટે પછી આપણે જ વલખાં મારવા પડે છે. માટે જો આપણે આજથી નક્કી કરીએ કે કોઈપણ વ્યક્તિ મારા કાર્યમાં ભૂલ કરે તો તેના પર ગુસ્સે થવાના બદલે તેના અંતરનો આદર પામવાની તક ઝડપી લઈશું તો એ વ્યક્તિ સાથેના આપણા સંબંધો સારા હશે તેના કરતાં પણ વધુ સારા બની જશે.

તો ચાલો આજથી જ ગુસ્સાને છોડી અંતરનો આદર પામીએ અને સંબંધોને વધુ સઘન બનાવીએ.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ધર્મ-અધર્મ વચ્ચેનો ભેદ ઘણો સૂક્ષ્મ છે, એનો નિર્ણય સ્થૂળ બુદ્ધિથી થઈ શકતો નથી

જીવનમાં પ્રગતિ કરવી હોય તો વિવેક અનિવાર્ય છે

ધર્મ-અધર્મ, પાપ-પુણ્ય, સારા-નરસા વચ્ચેનો ભેદ જો વિસરાઈ જાય તો વ્યક્તિનું પતન નિશ્ચિત છે. બીજી રીતે કહીએ તો જ્ઞાન, સત્ય અને વિવેકની વિસ્મૃતિ થાય ત્યારે વ્યક્તિ પ્રગતિના માર્ગેથી દૂર થઈ જાય છે. જોકે, આવો વિવેક જ્ઞાનથી આવે છે. માત્ર સ્થૂળ બુદ્ધિ જ નહીં, પરંતુ વ્યક્તિએ સૂક્ષ્મ બુદ્ધિનો ઉપયોગ કરવાનો હોય છે. આવો વિવેક પ્રાપ્ત થાય તો જીવનમાં પ્રગતિ શક્ય બને છે.

આ સંદર્ભમાં એક ઉદાહરણ લઈએ. સીમા ઉપર રાષ્ટ્રની સુરક્ષા માટે સૈનિકોને મોકલવામાં આવ્યા હોય, લડાઈ ચાલતી હોય અને એમને જઈને કોઈ મહાત્મા કહે કે અરે! તમે હિંસા કરી રહ્યાં છો. અહિંસા પરમ ધર્મ છે, તમે આ શું કરી રહ્યાં છો? ત્યાં તો તેમને ઉપદેશ અપાતો હોય છે કે લડવું એ જ તમારો ધર્મ છે. જરા વિચારો કે સીમા પરનાં સૈનિકો રાષ્ટ્રની રક્ષા માટે લડતાં લડતાં પચાસ સૈનિકને મારી નાખે તો આપણે તેને પરમવીર ચક્ર આપીને તેઓનું સન્માન કરીશું, પરંતુ એ જ સૈનિક રજામાં ઘરે આવીને પોતાના પાડોશીને મારી નાંખે તો એને ખૂની, હત્યારો કહીશું, એને સજા કરીશું.

સીમા ઉપર લડવું એ એનો ધર્મ છે, ત્યાં પચાસને માર્યા તો પરમવીર ચક્ર મળે, એ ધર્મ છે અને અહીં આવેશમાં આવીને પાડોશીનું ખૂન કર્યુ હોય તો ત્યારે તે હત્યારો છે. કારણ કે એ અધર્મ છે, પાપ છે. અહીં સજા છે. તમે જોયું? ક્રિયા એક સરખી લાગતી હોય તો પણ ક્રિયાનો હેતુ બદલાઈ જાય છે. ક્રિયાનો ભાવ બદલાઈ જાય છે. એક ક્રિયા ધર્મરૂપ માનવામાં આવે છે અને બીજી ક્રિયાને અધર્મરૂપ માનવામાં આવે છે. ધર્મ-અધર્મ વચ્ચેનો ભેદ ઘણો સૂક્ષ્મ છે, એનો નિર્ણય સ્થૂળ બુદ્ધિથી થઈ શકતો નથી. અહિંસા હંમેશાં ધર્મ નથી હોતી અને હિંસા હંમેશાં અધર્મ હોતી નથી.

એ જ રીતે આર્થિક શોષણની વાત કરીએ તો આર્થિક શોષણ કરવાનો કોઈનો આપણને અધિકાર નથી, એમ આપણી આવડત કે શક્તિઓને વેચવાનો પણ આપણને અધિકાર નથી. કારણ કે આવડત કે શક્તિ આપણી નથી. શક્તિ પ્રભુની છે, તેથી એની કિંમત માગવાનો પણ આપણને કોઈ અધિકાર નથી. આ શક્તિ આપણા શરીરમાં ક્યાંથી આવી? અન્ન ખાધું, જળ પીધું, આ અન્નજળ કોણે આપ્યા? ભગવાને. તો એ શક્તિ કોની થઈ? ભગવાનની. પહેલાં આઠ કલાક કામ કરીશ. અને પછી પુરસ્કાર લઈશ. એવી ભાવના રાખીએ. શક્તિ વેચવાનો આપણને શો અધિકાર છે? શક્તિ પ્રભુની અને વેચીએ આપણે?

શક્તિને મૂલ્ય છે, એની કિંમત ન હોય. કિંમત અને મૂલ્ય વચ્ચે તફાવત છે. હવાને મૂલ્ય છે પણ કિંમત નથી. હવા જો ન હોય તો આપણે જીવી શકીએ જ નહીં. એ જ રીતે શક્તિ પ્રભુએ આપણને આપી છે, તેને વેચાય નહીં અને તેની કિંમત લેવાય નહીં. પ્રભુએ આપેલી શક્તિનો સદુપયોગ કરો. પૂજા ભાવથી તમારું કર્મ કરો, કર્મને યજ્ઞ બનાવો. મૂડીવાદ અને સમાજવાદ એ બંનેથી હટીને યજ્ઞ એ ત્રીજુ સાધન છે. આપણા ઋષિઓએ તેનું પ્રતિપાદન કર્યુ છે. યજ્ઞાલિઝમ એ સમાજમાંથી આર્થિક અસમાનતા દૂર કરવાનું સાધન છે. પૂંજીપતિ બનો. લક્ષ્મીનું આહ્‌વાન કરો પણ લક્ષ્મીના માલિક ન બનો. લક્ષ્મીપતિ તો પરમાત્મા છે. આપણે લક્ષ્મીના માલિક નથી બનવાનું. લક્ષ્મીના મુનિમ બનવાનું છે. હું માલિક નથી, હું તો મુનિમ છું, હું લક્ષ્મીનો દુરુપયોગ નહીં કરું, લક્ષ્મી તો ભગવાન શ્રીવિષ્ણુની છે.

પોતાની પાસે જરૂરિયાત કરતાં વધારાની જે સંપત્તિ છે, તેને શું કરવાનું? એ સંપત્તિનો સદુપયોગ કરવાનો. દીન-દુઃખીયાને મદદ કરવાની. આમ, કરવાથી સંપત્તિનું વિકેન્દ્રીકરણ થશે. સમાજનાં સંપન્નો ભેગા મળી યજ્ઞ કરે અને એનો પ્રસાદ સૌને મળે.

એ જ રીતે વાત કરીએ તો આપણા દેશમાં સત્તા અને શ્રદ્ધાએ એકબીજાના પૂરક બનવાની જરૂર છે. શ્રદ્ધા પ્રાણ છે તો સત્તા એ શરીર છે. પ્રાણ અને શરીર સાથે હોય તો જ વ્યક્તિ જીવતી રહી શકે છે. સમાજમાં જીવંત શાસન માટે શ્રદ્ધા અને સત્તા બંનેનો સમન્વય થવો જોઈએ. સત્તા દ્વારા સમાજને બાહ્ય વ્યવસ્થા મળે છે અને શ્રદ્ધાથી અનુશાસન ચાલે છે. ધર્મનું કામ લોકોના હૃદય ઉપર શાસન કરવાનું છે. આવા ધાર્મિક વ્યક્તિ લોકોની શ્રદ્ધાનું પ્રતીક બને ત્યારે સત્તાનું કાર્ય ઘણું સરળ બની જાય છે.

આમ, જીવનમાં બધા જ સ્તરે સત્ય, જ્ઞાન અને વિવેકની આવશ્યકતા છે. આ માટે જરૂરી છે, યોગ્ય માર્ગદર્શન. ગુરુ દ્વારા આપણને આવા વિવેકની પ્રાપ્તિ થતી હોય છે. માટે જ જીવનમાં માતા-પિતા, શિક્ષક, ગુરુ આવો વિવેક આપવા સક્ષમ છે. ચાલો, આપણે વિવેકસંપન્ન બનીએ અને પ્રગતિના પંથે આગળ વધીએ.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

મેઘરથ રાજાનો જીવદયાપ્રેમ

ઈન્દ્ર સભામાં ઈન્દ્રએ મેઘરથ રાજાના જીવદયાપ્રેમની પ્રશંસા કરતા કહ્યું, મેઘરથ રાજાના શરણે જે જાય તેની સુરક્ષા રાજા પ્રાણના ભોગે પણ કરે. ઈન્દ્રની પ્રશંસાને બે દેવોએ ના માની. બંને દેવો પરીક્ષા કરવા પૃથ્વી ઉપર આવ્યા. એક દેવે કબૂતરનું તથા બીજા દેવે બાજનું રૂપ ધારણ કર્યું. તે સમયે રાજા પરિવારજનો સાથે બેઠા હતા અને ત્યારે જ ખુલ્લી બારીમાંથી કબૂતર આવીને રાજાના ખોળામાં બેસી ગયું. તે ભયથી ખૂબ ધ્રૂજતું હતું. અલ્પ સમય પછી એ જ બારીમાંથી બાજ પક્ષી ઊડતું રાજાની સમીપ આવ્યું અને બોલ્યું, 'રાજન! આપના ખોળામાં જે કબૂતર છે તે મારું ભોજન છે. તે મને આપી દો.' રાજાએ પ્રેમથી બાજને કહ્યું, 'તારું ભોજન છે એ વાત સાચી, પણ અત્યારે એ મારા શરણાર્થી તરીકે આવ્યું છે માટે એ તને નહીં આપી શકું, તેના બદલે તારે જે જોઈએ તે આપીશ.' રાજાએ સેવકને ફળાદી લાવવા કહ્યું તો બાજ બોલ્યું, 'મારે તો ભોજનમાં માંસ જ જોઈએ છે.' 'સારુ, હું તને મારું માંસ જ આપી દઉં છું.' પરિવારે કસાઈ પાસેથી માંસ લાવવા કહ્યું તો રાજા બોલ્યા, 'કસાઈ બીજા કોઈ પ્રાણીને મારશે જે યોગ્ય નથી, તેથી કબૂતર જેટલું મારું જ માંસ આપું એમ કહી ત્રાજવું અને છરી મંગાવી.' એક પલ્લામાં કબૂતર મૂકી છરીથી પોતાના સાથળનું માંસ કાપીને બીજા પલ્લામાં મૂક્યું, પણ કબૂતરનું પલ્લું ભારે હતું. ધીરે ધીરે ઘણું માંસ મૂક્યું, પણ પલ્લું ઊંચું ના થયું. આખરે એ પલ્લામાં રાજા પોતે જ બેસી ગયા. કબૂતરને બચાવવા પોતાની જાત ન્યોછાવર કરવા તૈયાર થયા. કેવો પરાકાષ્ઠાનો જીવદયાપ્રેમ! હવે બંને દેવો પોતાનાં વાસ્તવિક રૂપમાં આવ્યા અને રાજાનાં ચરણોમાં નતમસ્તક થઈ કહ્યું, 'ઈન્દ્રએ આપની જે પ્રશંસા કરી તે વસ્તુતઃ યથાર્થ છે.'



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

ગુણાતીતાનંદ સ્વામી કહે છે, 'કેટલાંકને મન રમાડે છે અને કેટલાંક મનને રમાડે છે'

'સ્વ' સાથે સંવાદ

એક કઠિયારો દરરોજ વહેલી સવારે ઊઠે. સૂર્ય ક્ષિતિજે આવે તે પહેલાં કુહાડી લઈને જંગલમાં પહોંચી જાય. વહેલી સવારથી લાકડા કાપવાની શરૂઆત કરે તે સૂર્યાસ્ત સુધી. ખૂબ પરસેવો રેડે. ભૂખ, ઊંઘ, થાક, તડકો સહન કરે. કાળી મજૂરી કરે પણ તોય ગરીબી જાય નહીં. કઠિયારાએ એક સંત-મહાત્મા પાસે પોતાની વ્યથા વ્યક્ત કરી. આ દારુણ ગરીબીમાંથી ઉગારવાનો ઉપાય માંગ્યો. મહાત્માએ એક સોનેરી સલાહ આપી અને કઠિયારાની જિંદગીમાં આશાનો સૂર્યોદય થવા લાગ્યો. મહેનત રંગ લાવી. સમય અને શક્તિનું યોગ્ય વળતર મળવા લાગ્યું. જીવન આનંદ અને ઉત્સાહથી ભરાવવા લાગ્યું. કઠિયારાને સંતે જે સૂચન કર્યું તે જો આપણા જીવનમાં અમલમાં મૂકીએ તો આપણી જિંદગીની કરવટ પણ બદલાઈ શકે તેમ છે. મહાત્માએ એટલું જ કહ્યું હતું કે તું રોજ રાત્રે તારી કુહાડીની ધાર કાઢવાનું શરૂ કરી દે. સામાન્ય લાગતી બાબત છે. ક્યારેક એમ લાગે કે 'લે! કઠિયારાને એટલી તો ખબર પડવી જોઈએ ને!' 'એમાં શું નવી વાત કરી' પણ આ સહજ લાગતું સત્ય આપણી સડસડાટ દોડતી જિંદગીમાં એટલું સહજ નથી. એ કઠિયારાની જેમ આપણે પણ મહેનત કરી છીએ. સમય-શક્તિનું ઇન્વેસ્ટમેન્ટ કરી છીએ. ક્યારેક આપણને પણ એવો વિચાર આવી જાય છે કે હું જે પ્રમાણમાં પુરુષાર્થ કરું છું તે પ્રમાણે મને વળતર મળતું નથી. તો જરૂર છે આપણી કુહાડીની ધાર કાઢવાની. સ્વયં સાથે સંવાદ કરી જીવનને નિખારવાની. પદ-પ્રતિષ્ઠા-પૈસાની દોડમાં આપણે પોતાની જાત સાથે બેસવાનું ભૂલી તો નથી ગયા ને! તમે ક્યારેક તમારા ખુદના નંબર પર કોલ કરી જોજો, સામેથી જીવનની વાસ્તવિકતા સંભળાશે, 'તમારા દ્વારા ડાયલ કરવામાં આવેલ નંબર હમણાં વ્યસ્ત છે...' વ્યસ્ત રહેવામાં આપણે જીવનનો આનંદ લેવાનું કે પોતાની જાતને વધુ બહેતર બનાવવાનું જ ભૂલી જઈએ તો તે વ્યસ્તતા શા કામની? એવી વ્યસ્તતા તો મજૂરથી માંડીને પશુઓની પણ હોય છે. તો પછી ભગવાને આપણને બુદ્ધિ આપીને ખારભૂમિમાં બીજ વાવ્યું કે શું! ભગવાન સ્વામિનારાયણ પોતાની પરવાણીના ગ્રંથ વચનામૃતમાં કહે છે કે બાહ્યદૃષ્ટિએ કરીને પદાર્થને જોયા કરે છે પણ જોનારો પોતે પોતાને નથી જોતો એ જ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે. આવો, આપણે પોતાના જીવનને વધુ સમૃદ્ધ બનાવવા આપણા ૨૪ કલાકમાંથી માત્ર ૧૫ મિનિટ પોતાની જાતને આપીએ.



પણ તેમાં કરવાનું શું? પ્રથમ 'उत्साहाद् आदारात् कुर्यात्उत्साहाद् आदारात्कुर्यात्' ઉત્સાહથી પ્રારંભ કરીએ. જેમ નવી દુકાન કે નવા ધંધાની શરૂઆત કેવા ઉત્સાહથી કરીએ છીએ, તેમ આ ટેવનો પણ પ્રારંભ વિશ્વાસ અને ઉમંગથી કરીએ! એક સુંદર ડાયરી અને પેન લઈને એકાંતમાં નિશ્ચિત સમયે બેસીએ.(ઘણી વખત સારી ડાયરી પણ લખવા માટે ટ્રિગર કરે છે, જેમ શાળામાં નવી નોટબુક!) ૪ વસ્તુની નોંધ કરીએ. What am I grateful for? આજના દિવસમાં એવી કઈ ઘટનાઓમાંથી હું પસાર થયો કે જેના માટે હું ધન્યતા અનુભવું છું? What can I improve? આજના દિવસમાં બનેલા પ્રસંગોમાં મારે ક્યાં સુધારો કરવો જોઈએ? Tomorrow's tentative plan આવતીકાલ માટેનું આયોજન અને Prayer - લેખિત પ્રાર્થના. સાધારણ જણાતી આ ચાર બાબતો જો સાતત્યતાપૂર્વક કરવામાં આવે તો ખાતરીપૂર્વક આ એક ટેવ આપણા જીવનનમાં ટર્નિંગ પોઈન્ટ બની શકે તેમ છે. બેન અમાના - BOXROW કંપનીના CEO અને ફાઉન્ડર છે. ઓક્સફર્ડ યુનિવર્સિટીમાંથી ભણેલ આ યુવાનને 'Great British Entrepreneur Award' દ્વારા 'Young Entrepreneur of the Year'નો એવોર્ડ પ્રાપ્ત થયો છે, જે યુવાનને જીવનના ૩ દાયકા પણ પૂરા થયા નથી અને તે UKની ૧૩માં નંબરની ફાસ્ટેસ્ટ ગ્રોઈંગ કંપની ચલાવી રહ્યો છે. ૨૦૨૧માં તેની કંપનીનું રેવન્યુ ૬ મિલિયન પાઉન્ડનું હતું. પોતાની સફળતાનું રહસ્ય જણાવતા તે કહે છે કે હું દરરોજ મારી જર્નલમાં સવારે ૩ વસ્તુ લખું છું. ૧. ત્રણ એવી બાબતો કે જેના માટે હું 'ગ્રેટફુલ' છું. ૨. ત્રણ એવા કાર્યો કે જે મારે આજના દિવસમાં મુખ્ય કરવાના છે. ૩. મેં કરેલ ત્રણ સારી બાબતો જેના માટે હું પોતાને અભિનંદન આપું છું. અને રાત્રે હું આ ડાયરીમાંથી પસાર થઉં છું. આ ટેવ મારા જીવનને ખૂબ શિસ્તસભર રાખે છે.

સામાન્ય લાગતી આ બાબતો આપણને લાંબા ગાળે ખૂબ મદદરૂપ થાય છે. ઉપરોક્ત ૪ બાબતોની નોંધ કરવાથી એક જીવનશૈલી ઘડાય છે. જે જીવનમાં બનતી સારી ઘટનાઓ માટે આપણને જાગૃત કરે છે. આપણી આંખો ખોલે છે, સારું જોવા માટે. જેથી જિંદગી વધુ જીવવા જેવી લાગે છે. આવતીકાલના દિવસને આપણી ઈચ્છા અનુસાર આકાર આપે છે. જે વ્યક્તિ પાસે આવતીકાલ માટેનું આયોજન નથી તેની જિંદગી લોકો ચલાવતા હોય છે કે પછી નવરું મન તેને ડ્રાઇવ કરે છે. પણ જે જાગૃત છે તે પોતે જીવનને દિશા ચીંધે છે. ભગવાન સ્વામિનારાયણના પરમ ભક્ત ગુણાતીતાનંદ સ્વામી એક સુંદર વાત કરે છે, 'કેટલાંકને મન રમાડે છે અને કેટલાંક મનને રમાડે છે' જેની પાસે ભવિષ્યનું આયોજન છે તે મનને રમાડે છે અને બાકી તો બહુધા સરેરાશ લોકો એવા જ છે જે મનના તાલે નાચે છે. ભૂલોમાં સુધારો કરવાથી વ્યક્તિનું સર્વોત્તમ વર્ઝન તૈયાર થાય છે. રોજ-બરોજના જીવનમાં જો આપણે આપણા સિદ્ધાંતોથી એક ઈંચ ડિફલેક્ટ થઈએ તો વર્ષો બાદ આપણે આપણા ધ્યેયથી માઈલો દૂર થઈ જઈએ. અને અંતિમ સૂચન છે 'પ્રાર્થના'. શા માટે પ્રાર્થના? અમેરિકામાં એક હરિકેન આવ્યું. તેને ઘણું નુકશાન કર્યું. વેધર ફોરકાસ્ટ પણ આમાં કંઈ મદદ ન કરી શક્યું. બીજા દિવસે છાપામાં હેડલાઈન આવી કે 'Sometimes God remind us after all who is the BOSS' કેટલીક વાર ભગવાન આપણને યાદ અપાવે છે કે આખરે બોસ કોણ છે! જીવનમાં ચમત્કારો સર્જાય છે જો ભગવાનમાં શ્રદ્ધા હોય તો. જીવનમાં સફળ થવા કેટલા તુક્કા અજમાઈએ છીએ, તો શ્રદ્ધા સાથે આ પ્રયત્ન કરીએ. બસ દરરોજની ૧૫ મિનિટ જીવનમાં નવા રંગો ભરી દેશે.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ક્રિયા બાધક નથી, પરંતુ કર્મ બાધક છે. જેમ પાપ બાંધે છે, તેમ પુણ્ય પણ બાંધે છે

ધર્મ અને નીતિથી યુક્ત બનીશું તો જીવનરૂપી સંગ્રામમાં વિજયી થઈશું



પ્રકૃતિ એ તો ગતિશીલ છે. ગતિ એ પ્રકૃતિનો પરિચય છે. ક્રિયા એ પ્રકૃતિનો સ્વભાવ છે. ક્રિયામાં અને કર્મમાં પણ અંતર છે. પ્રકૃતિના સ્વભાવરૂપ ક્રિયામાં જ્યારે જીવને કર્તાપણાનું અભિમાન થાય ત્યારે એ ક્રિયા મટીને કર્મ બને છે. ક્રિયા બાધક નથી, કર્મ બાધક છે. ક્રિયા સાથે પાપ-પુણ્ય શબ્દ નથી. કર્મ સાથે પાપ-પુણ્ય શબ્દ લાગે છે.

કોઈએ પ્રશ્ન કર્યો કે શું પાપકર્મ આપણને બાંધે છે અને પુણ્યકર્મ બાંધતા નથી? તેનો પ્રત્યુત્તર છે, ક્રિયા બાધક નથી, પરંતુ કર્મ બાધક છે. જેમ પાપ બાંધે છે, તેમ પુણ્ય પણ બાંધે છે. પાપ લોઢાની સાંકળથી બાંધે છે. પુણ્ય સોનાની સાંકળ છે. સાંકળ બંનેને બાંધે છે, પણ પાપ એ જેલ છે અને પુણ્ય એ તમારા ઘરનો ઓરડો છે.

જેલની કોટડીને બહાર જ આગળિયો હોય, અંદર નહીં. જેલની કોટડીનો કેદી તેને અંદરથી બંધ કરવા માટે સ્વતંત્ર નથી. બહારવાળો ફાવે ત્યારે બહારથી તાળું મારી દે, ફાવે ત્યારે ખોલે, ફાવે ત્યારે અંદર આવે, ફાવે ત્યારે કેદીને અંદરથી બહાર લઈ જાય. કારણ કે એ તો કેદી જ છે, તે પરતંત્ર જ રહેવાનો છે. ત્યારે તમારા ઘરના ઓરડાને બહારથી પણ આગળિયો છે અને અંદર પણ સ્ટોપર છે. તમે અંદરતી બંધ કરવા પણ સ્વતંત્ર છો અને અંદરથી દરવાજો ખોલીને બહાર નીકળવા પણ સ્વતંત્ર છો. આ રીતે પાપ એ જેલની કોટડી છે અને તેની સજા તો ભોગવવી જ પડે છે. જ્યારે પુણ્ય એ ઘરનો ઓરડો છે. તેના બંધનમાંથી તમારે છૂટવું હોય તો છૂટી શકાય છે. તમારા બધા જ પુણ્ય કર્મો પરમાત્માને સમર્પિત કરો છો.

યુવાવસ્થામાં વ્યક્તિ રાગના બંધનમાં જકડાઈ જાય તો કંઈ વાંધો નહીં પણ ઘડપણમાં તો રાગ છૂટવો જોઈએ ને? કેટલીકવાર તો એવું જોવામાં આવે છે કે ઘડપણમાં રાગનો રંગ ઘેરો થવા માંડે છે. રામાયણમાં મનુ અને શતરૂપાની કથા આવે છે એમની પાછલી અવસ્થામાં રાગનો રંગ ઝાંખો નથી થતો એનું વર્ણન કરતાં તુલસીજી લખે છે.

જીવનની ચોથી અવસ્થા આવી પહોંચી છે. જીવનની સંધ્યા ઢળી છે, ઘરમાં બેઠાં બેઠાં ઘડપણ આંબી ગયું છે છતાં જીવનમાં હજું સુધી વિરાગ આવ્યો નથી. ભગવાન જો કદાચ તમારા જીવનમાં એવી ઘટનાઓનું નિર્માણ કરે અને ઈશ્વરની ઈચ્છાથી રાગ છૂટી જાય અને તમે કદાચ વિરાગી બની જાઓ તો જ્ઞાનનું અમૃત તમને અવશ્ય મળશે.

એક વાત યાદ રહે કે વૈરાગ્યની પ્રાપ્તિ વગર જ્ઞાનની પ્રાપ્તિ ન થઈ શકે. તેના વિના જ્ઞાનની સિદ્ધિ સંભવ જ નથી. જ્ઞાનની પ્રાપ્તિ કેટલી મુશ્કેલ છે તે વર્ણવતા તુલસીદાસજી કહે છે કે જ્ઞાનને પંથે ચાલવું એ તલવારની ધાર પર ચાલવા બરાબર છે. હા, આ રસ્તો અદ્ભુત છે. મુગ્ધ કરી દે તેવો છે, પરંતુ રાગ છૂટે નહીં તો? તો એને છોડો નહીં, એને મોડો. એના મૂળની દિશા જ બદલી નાખો.

રાગ ભલે રહે પરંતુ તે કેવળ ભગવાન શ્રીરામમાં જ રહે. જો તે પ્રભુમાં જ રહે તો એ શું બનશે? એ બનશે અનુરાગ. આ અર્થમાં તુલસી અનુરાગી છે. તુલસીએ પ્રભુ પાસે અનુરાગ માંગ્યો છે, ભક્તિ માગી છે, જ્ઞાન નહીં.

એક ખૂબ જ પ્રસિદ્ધ ચિંતકે કહ્યું છે કે સમાજમાં એક તો સજ્જનો બહું ઓછા હોય છે અને એ સજ્જનોમાં પાછા સક્રિય પણ ઓછા હોય છે એ સક્રિય સજ્જનોમાં પણ સંગઠિત સક્રિય સજ્જનો તો ખૂબ જ ઓછા હોય છે. આજે જગતને દુર્જનોની દુર્જનતા જેટલી પીડા નથી આપતી એટલી પીડા સજ્જનોની પીડા દુઃખ પહોંચાડે છે. આજની મુશ્કેલી એ છે કે માણસમાં જે સજ્જનતા છે, માનવતા છે અને એ હિમાલય જેવડી ઊંચી છે તો પણ હિમાલયના બરફ જેવી થીજી ગયેલી છે. ઉપરાંત, નિષ્ક્રિય બની ગઈ છે.

માનવતા થીજી જાય અને નિષ્ક્રિય બનીને પડી રહે તો એનો લાભ સમાજને કેવી રીતે મળી શકે? આપણે સૌએ પ્રયત્ન કરીને હિમાલયની જેમ થીજી જઈને નિષ્ક્રિય બની ગયેલી માનવતાને પીગળાવવી જોઈએ. એ પીગળશે એટલે પ્રવાહિત થશે અને પ્રવાહિત થઈને સરિતા વહેવા માંડશે અને પીગળેલી માનવતાના નીર દરેકની તરસ છીપાવશે અને શાંતિ પણ પમાડશે. આજે જરૂર છે, સક્રિય સજ્જનોના સંગઠનની અને હિમાલયની થીજી ગયેલી માનવતાને ગંગા-યમુનાનાં રૂપે પ્રવાહિત કરવાની છે. આ દિશામાં સજ્જનો, સક્રિય સજ્જનો અને સંગઠિત સજ્જનોની ખૂબ જ જરૂર છે. આમ, આપણે ધર્મ અને નીતિથી યુક્ત બનીશું તો જીવનરૂપી સંગ્રામમાં વિજયી બની શકીશું.





જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

જીવનમાં નાની નાની વાતો અને સિદ્ધાંતોનો ખ્યાલ રાખવો જોઈએ

મૂલ્યવિહીન કશું નથી

શું આપણે કલ્પના કરી શકીએ કે ખેતરમાં ઊગતી નકામી શૂળ (કાંટા)થી ધન પામી શકાય? કદાચ નહીં, પરંતુ આ કલ્પના વાસ્તવિકતામાં પરિવર્તિત થઈ શકે છે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અંગ્રેજોએ ભારતથી ઘણું લોખંડ બ્રિટનમાં નિકાસ કર્યું હતું. જેના પરિણામે ભારત દેશમાં નાની ટાંકણીની પણ ખેંચ ઊભી થાય ત્યાં સુધીની લોખંડની તંગી સર્જાઈ હતી. તેથી તે સમયે સામાન્ય ટાંકણીના ભાવ પણ આસમાને પહોંચ્યા હતા. આવી કપરી પરિસ્થિતિમાં ગોંડલ રાજ્યના રાજવી ભગવતસિંહજી મહારાજે એક દિવસ પોતાની કચેરીમાં સૂક્ષ્મ નજરે એક દૃશ્ય જોયું. કાગળ સાથે ટાંકણી પણ કચરાપેટીમાં જાય છે. તેઓ વિચારમગ્ન થયા, 'એક તો લોખંડની અછત અને તેમાં આ ટાંકણી કચરાપેટીમાં જાય છે. શું કરીએ તો તેની બચત થાય?' અને તેમના મનમાં એક વિચાર સ્ફુર્યો. બીજે દિવસે તેમણે રાજ્યના દાતણ વેચનારાઓના મુખીને બોલાવી ફરમાન જાહેર કરાવ્યું, 'તમામ સેવકોએ બાવળના દાતણ કાપીને વધેલી શૂળો ફેંકવી નહીં. પરંતુ સારી, મજબૂત અને કાગળમાં ભરાવવામાં કામ લાગે તેવી શૂળોનું બંડલ બનાવી રોજ સાંજે કચેરીમાં પહોંચાડવી.' ત્યાર બાદ બધા જ ટાંકણીને બદલે શૂળ વાપરવા માંડ્યા. બે વર્ષ બાદ ભગવતસિંહજીએ દીવાન પાસે આંકડો કઢાવ્યો. ત્યારે આશ્ચર્ય, રાજ્યની તિજોરીને 1,22,000 રૂપિયાનો ફાયદો થયો હતો.

અંગ્રેજીમાં કહેવાયું છે, 'There is only one degree of difference between hot water and steam.' સફળતા અને નિષ્ફળતા, નફો અને ખોટ વગેરે પામવામાં ક્યારેક આપણે જેની ગણતરી પણ ન કરી હોય તેવા વિચાર, વસ્તુ કે વ્યક્તિ કારણભૂત હોય છે.

એક જહાજ એડન બંદરેથી મુંબઈ આવવા નીકળ્યું. હોશિયાર ખલાસીએ એક માણસને હોકાયંત્ર પાસે બેસાડ્યો. સાથે સૂચના પણ આપી કે સોય તેની જગ્યા બદલે, તો તરત જાણ કરવી. આગળ જતાં જહાજે સહેજ દિશા બદલી. હોકાયંત્રનો કાંટો એક ઈંચના વીસમા ભાગ જેટલો ખસ્યો. ત્યાં બેસાડેલ માણસને થયું, 'એટલામાં શી જાણ કરવી?' એમ વિચારી ખલાસીને કહેવાનું ટાળ્યું. એમ કરતાં-કરતાં જહાજે પંથ કાપી નાખ્યો. છેવટે ભારતનો કિનારો દેખાયો, પણ પોતાનું ધ્યેયસ્થાન મુંબઈ 500 માઈલ ઉત્તરે રહી ગયું હતું.


ક્યાં એક ઈંચના વીસમા ભાગના બે છેડા વચ્ચેનું અંતર અને ક્યાં 500 માઈલનું અંતર. શૂળ હોય કે સોય. સામાન્ય રીતે દેખાતી આ બે સૂક્ષ્મ વસ્તુએ પરિણામ ઉપર ઘણો મોટો તફાવત સર્જી દીધો.

'ટીપે ટીપે સરોવર ભરાય', 'કાંકરે કાંકરે પાળ બંધાય...' આવી કહેવતો લોકજીભે વારે વારે આપણને સંભળાય છે તે પુસ્તકોમાંથી નહીં, પરંતુ અનુભવ અને પરિસ્થિતિઓમાંથી પ્રવર્તી છે. તેથી જીવનમાં નાની નાની વાતો અને સિદ્ધાંતોનો ખ્યાલ રાખવો જોઈએ.


24-4-1987માં પ્રમુખસ્વામી મહારાજ સારંગપુર હતા. દુષ્કાળની કપરી પરિસ્થિતિ હતી. આવી વિકટ પરિસ્થિતિને નાથવાની શરૂઆત સ્વામીશ્રીએ સ્વયંથી કરી. તેઓએ કેવળ એક જ બાલટી પાણીથી સ્નાન કરવાનું શરૂ કરી દીધું હતું. તે સમયે સ્વામીશ્રી સર્વને શૂન્યમાંથી સર્જન કરવાની પદ્ધતિ સમજાવતા કહેતા, 'ટીપે-ટીપે સરોવર ભરાય. પંખા, લાઈટો વગેરેનો પણ ગણતરીપૂર્વક ઉપયોગ કરીએ તો બાર મહિને વીસ-પચીસ હજાર રૂપિયા બચે.' આ પથ પર ચાલીને જ તેઓએ તેમના જીવનકાળ દરમિયાન 1200થી વધુ મંદિરોની રચના કરી છે. અરે! લંડનમાં પણ પથ્થરના કલા-કોતરણીવાળા બેનમૂન મંદિર અને સુરતની બી.એ.પી.એસ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ જેવા ઘણા પ્રકલ્પો પ્રમુખસ્વામીએ હરિભક્તોના સમર્પણની સાથે કચરામાં નાખવા લાયક ટીન કે પસ્તી જેવી મામૂલી વસ્તુને એકત્ર કરાવીને તેના મૂલ્યમાંથી કર્યા છે. ઘણીવાર આપણાં મનમાં નાની વસ્તુ, માપ કે માનવનું કોઈ મૂલ્ય નથી હોતું, પરંતુ કોઈ પણ નાનામાં નાની વસ્તુનું કંઈક મૂલ્ય હોય છે. જે જીવનમાં કોઈ પણ ક્ષણે ઉપયોગમાં આવી શકે છે. વિકાસ હોય કે વિનાશ, પ્રગતિ હોય કે અધોગતિ. જેમ એક નાની કુંચી જ મોટા મકાનમાં પ્રવેશવાનો દ્વાર ખોલે છે. તેમ નાના વિચારોને જ ધ્યાનમાં રાખી જીવતા મહાન પુરુષોએ સિદ્ધિના શિખરો સર કર્યાં છે.

અંતે આપણે પણ આપણી આજુબાજુથી પ્રાપ્ત થતા નાના પરંતુ સારા વિચારોને અમલમાં મૂકીએ અને નાના પરંતુ ખરાબ વિચારોની ગૌણતા કરી આપણે પણ પ્રગતિના પંથે પ્રયાણ કરીએ.

jivanmangalam@gmail.com



ગોંડલના મહારાજા ભગવતસિંહજી



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

વ્યક્તિની અંદર સાચી મુમુક્ષા જાગ્રત થાય ત્યારે તેને અધિકારી સદ્ગુરુ મળે છે

અધિકારી શિષ્ય ગુરુકૃપાથી ભવસાગર પાર કરવા સમર્થ બને છે

ગુરુ ત્યારે પ્રસન્ન થાય છે જ્યારે તેમને કોઈ અધિકારી શિષ્ય મળે છે. પરીક્ષિતને શુકદેવજી સદ્ગુરુના રૂપમાં મળ્યા એ પરીક્ષિતનું સૌભાગ્ય છે, પરંતુ શુકદેવજીને પરીક્ષિત જેવો શિષ્ય મળ્યો એ શુકદેવજી માટે સૌભાગ્યની વાત છે. અર્જુનને શ્રીકૃષ્ણ મળ્યા એ અર્જુનનું સદ્ભાગ્ય છે, પરંતુ શ્રીકૃષ્ણને અર્જુન જેવો શિષ્ય મળ્યો એ શ્રીકૃષ્ણનું સૌભાગ્ય છે. નરેન્દ્ર દત્તને રામકૃષ્ણ પરમહંસ જેવા ગુરુ મળ્યા તે નરેન્દ્ર દત્તનું સૌભાગ્ય છે, પરંતુ રામકૃષ્ણ પરમહંસને નરેન્દ્ર દત્ત જેવો પરમ શિષ્ય મળ્યો તે રામકૃષ્ણનું પણ સૌભાગ્ય છે. શ્રીકૃષ્ણને સમજવાવાળા અર્જુન જોઈએ ત્યારે જ ગીતા કુરુક્ષેત્રમાં કહેવામાં આવશે, ગાવામાં આવશે. શુકદેવજીને સમજવાવાળા પરીક્ષિત સામે હશે તો ભાગવત ભીતરથી પ્રગટ થશે. જેના પર શાસન કરી શકાય તે શિષ્ય છે. અધિકારી શિષ્ય એ છે જેના પર ગુરુનું શાસન હોય. અવિલંબી ગુરુની આજ્ઞાનું પાલન જે કરે તે અધિકારી શિષ્ય. તો અધિકારી શિષ્યને અધિકારી સદ્ગુરુ મળે છે. જ્યારે વ્યક્તિની અંદર સાચી જિજ્ઞાસા જાગૃત થાય છે, જ્યારે વ્યક્તિની અંદર સાચી મુમુક્ષા જાગ્રત થાય ત્યારે તેને અધિકારી સદ્ગુરુ મળે છે. હમણાં મને કોઈએ પ્રશ્ન કર્યો કે, 'ગુરુનું મહત્ત્વ તમે બતાવ્યું તે ઠીક છે, ગુરુ વગર કોઈ ભવસાગર તરી શકતું નથી, પરંતુ ગુરુ સદૈવ હોવા જરૂરી છે?'

ઉદાહરણ રૂપે કહીએ તો, જો આપણે રામકૃષ્ણ પરમહંસનું ચરિત્ર સાંભળીએ તો આપણને તેમાં ગુરુભાવ ઉત્પન્ન થાય છે. હવે તે સદેહ તો છે નહીં. તો ગુરુ સદેહ હોવા જરૂરી છે કે નહીં? પ્રશ્ન એવો હોવો જોઈએ જેમાં કોઈ જાણકારી હોય. એવું માનવામાં આવે છે કે સ્વામી વિવેકાનંદ, સ્વામી રામતીર્થ જેવી વિભૂતિઓ વિદ્યમાન ન હોવા છતાં પણ જો તેમાં આપણને ગુરુનો ભાવ હોય તો આપણે તેમને પૂર્ણ રૂપે સમર્પિત થઈશું. કારણ કે અંતમાં તો આપણી શ્રદ્ધા જ આપણને લક્ષ્ય સુધી લઈ જશે. એકલવ્ય પાસે ગુરુ દ્રોણ સદેહે નહોતા, પરંતુ એકલવ્યની જે શ્રદ્ધા છે તેના દ્વારા ગુરુ તેની અંદરથી પ્રેરણા આપતા રહ્યા અને એકલવ્ય એવો શ્રેષ્ઠ બાણ ચલાવવાવાળો બન્યો કે અર્જુન સામે પણ ટક્કર લઈ શકે. ગુરુ તેને સદેહે શીખવાડતા નહોતા. પરંતુ એકલવ્યની ગુરુ પ્રત્યેની જે શ્રદ્ધા છે તેના દ્વારા તેને પ્રેરણા મળતી રહી. તો વ્યક્તિ મહત્ત્વની નથી તેની ગુરુતા, તેની શક્તિ મહત્ત્વની છે. વ્યક્તિ તો એક માધ્યમ છે.

ગુરુ બનવા જશો તો ખુદ ભટકી જશો, સામેવાળાને તમારી અંદર ગુરુનો ભાવ જાગ્યો તે ભાવને વંદન. તે ભાવ જ તેને લક્ષ્ય સુધી લઈ જશે. વ્યક્તિ તો ખરેખર એક માધ્યમ છે. હકીકતમાં તો શક્તિની જ પૂજા કરવામાં આવે છે, પરમાત્માની જ પૂજા કરવામાં આવે છે. આપણી શ્રુતિ કહે છે, આપણા વેદો કહે છે કે આ જે જ્ઞાન છે તે જ બ્રહ્મ છે અને મહાત્માની અંદર જે શક્તિ છે. તે જ બ્રહ્મ છે. આ પ્રકારે મહાત્માની પૂજા થાય છે.

આસક્તિ પતન તરફ લઈ જાય છે. પરંતુ એ જ આસક્તિ જો કોઈ સમર્થ સંત કે સદ્ગુરુ પ્રત્યે હોય તો ઉન્નતિનું કારણ બની શકે છે. આપણે આપણા ગુરુ પ્રતિ કેટલા આસક્ત હોઈએ છીએ! ગુરુથી દૂર રહેવાનું આપણે પસંદ કરતા નથી.

સદ્ગુરુ બાપ છે, મા છે, મિત્ર છે, સદ્ગુરુ માર્ગદર્શક છે. સદ્ગુરુ સંકટના સમયમાં આપણો સહારો બને છે. એટલા માટે કે આપણે સંસારના કંટકમય માર્ગ પર ચાલી શકીએ, ટકી શકીએ અને ભટકીએ નહીં.

પારિવારિક સંબંધથી જોવા જઈએ તો માતા ગુરુ છે, પિતા ગુરુ છે, આપણી સંસ્કૃતિ તો એમ કહે છે કે છોકરો સોળ વર્ષનો થઈ જાય, ત્યારે તેના પિતાએ તેની સાથે મિત્રતાપૂર્ણ વ્યવહાર કરવો જોઈએ. સદ્ગુરુ પણ સાચા મિત્રની જેમ આપણી સાથે વિનોદ કરે છે. સદ્ગુરુ પણ મિત્ર એટલા માટે બને છે કે આપણો સંકોચ દૂર થાય. એ વાત અલગ છે કે સૂક્ષ્મ રૂપથી જોઈએ તો શિષ્યનો સંકોચ એ એનું આભૂષણ છે. સદ્ગુરુ જ્યારે આવે ત્યારે આપણે આપણાં સ્થાન પરથી ઊભા થઈએ છીએ. તેમની ઉપસ્થિતિમાં ભોજન કરતા નથી અને ભોજન કરવા ઈચ્છીશું, તો પણ કંઈ ખાઈ નહીં શકીએ. આ એક સંકોચ છે, એક મર્યાદા છે અને આધ્યાત્મ માર્ગમાં તે શિષ્યનું આભૂષણ છે. સદ્ગુરુની ઉપસ્થિતિમાં કોઈ બીજા પર ક્રોધ કરવો એ પણ અવિવેક છે, અપરાધ છે. સદ્ગુરુ ફક્ત ભણાવતા જ નથી. એક-એક શબ્દ દ્વારા સદ્ગુરુ પોતાના શિષ્યની અંદર અવતરિત થાય છે.







જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

દુનિયાનાં કોઈપણ ક્ષેત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે પુરુષાર્થ અનિવાર્ય છે

બીજો કોઈ શોર્ટકટ નથી

પ્રાચીનયુગથી અદ્ય પર્યંત ગણિત, સ્વાસ્થ્યવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, રોકેટવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન આદિ અનેક ક્ષેત્રોમાં માનવજાતે કલ્પનાતીત સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આજે માણસ ચંદ્ર પર જઈ આવ્યો. પૃથ્વીનું પેટાળ માપી આવ્યો. આ દરેક સિદ્ધિઓના મૂળમાં છે, મનાવે કરેલો પુરુષાર્થ. ખરેખર, જ્યાં પુરુષાર્થ નથી ત્યાં સિદ્ધિ પણ નથી. આ દુનિયામાં જે પુરુષાર્થ કરે છે તે જ કંઈક પામે છે. ખેડૂત ખેતરમાં જેટલો પરસેવો સીંચે તેટલો વધુ પાક લણે. વૈજ્ઞાનિકો સંશોધનકાર્યમાં રાત-દિવસ એક કરે ત્યારે વિશ્વ કંઈક નવું સર્જન જોઈ શકે છે. આજે રતન ટાટા, મુકેશ અંબાણી, રોહિત શર્મા કે વિરાટ કોહલીની સફળતા જોઈ આપણી આંખો અંજાય છે. પરંતુ, એ કક્ષાએ ટકી રહેવા માટે રોજનો 16 થી 18 કલાકનો પુરુષાર્થ તેઓ કરે છે. The heights by great men reached and kept were not attained by sudden flight. But they, while their companions slept, were toiling upwards in the night. એટલે કે મહાન વ્યક્તિઓ સફળતાનાં શિખરો પર ઓચિંતાના નથી પહોંચ્યા, પરંતુ જ્યારે તેમના મિત્રો નિદ્રાધીન હતા ત્યારે તેઓ મોડી રાત સુધી પુરુષાર્થ કરતા હતા.


જાણીતા અંગ્રેજી અખબારનાં એક ઈન્ટરવ્યૂમાં વિરાટ કોહલીએ એમની સિદ્ધિનું રહસ્ય જણાવ્યું હતું કે, 'Perhaps I have the more ability to work harder than my colleagues' મારા સાથી મિત્રો કરતાં મારામાં પુરુષાર્થ કરવાની ક્ષમતા વધારે હતી. એટલે હું અહીંયા છું. ગોડ ઓફ ક્રિકેટ તરીકે પ્રસિદ્ધ સચિન તેંડુલકરને પણ જ્યારે સફળતાનું રહસ્ય પૂછવામાં આવ્યું ત્યારે તેઓ બોલ્યા હતા કે,

મહાપુરુષો શીખવી જાય છે કે પુરુષાર્થ વિના કોઈ વિકલ્પ જ નથી. પરંતુ, આજે વગર મહેનતે પાસ થવાની અને વગર મજૂરીએ પૈસા કમાવાની મનોવૃત્તિ વધતી જાય છે

'રોજ સવારે 6 વાગે હું નેટ પર પહોંચી જતો, 500 ડિલિવરી ફેસ કરવાની અને ત્યારબાદ જ બીજું કોઈ કાર્ય હાથમાં લેવાનું. પછી ભલે ફોર્મ સારું હોય કે આગલા દિવસે જ સેન્ચુરી કે ડબલ સેન્ચુરી ફટકારી હોય.' ખરેખર, પુરુષાર્થ વગર નામના મળતી નથી. આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી 70 વર્ષની ઉંમરે એક પણ રજા લીધા વગર રોજના 14-15 કલાક કામ કરે છે. ત્યારે ભારત દેશ માટે યોગ્ય નિર્ણયો આવે છે.

આ તો લૌકિક ક્ષેત્રની વાત થઈ, પણ આધ્યાત્મિક ક્ષેત્રમાં સંસારથી વિરક્ત એવા ત્યાગી હોવા છતાં પ્રમુખસ્વામી મહારાજે પ્રચંડ પુરુષાર્થનો અનુપમ દાખલો બેસાડ્યો છે. 1971માં ગુરુપદે આવ્યા બાદ માત્ર 45 વર્ષના ટૂંકા ગાળામાં વિશ્વના 55થી વધુ દેશોમાં ફરીને, 18000 ગામડાઓમાં જઈને, અઢી લાખથી વધુ ઘરોમાં પધારીને, 7.5 લાખ પત્રો લખીને, 162થી વધુ પ્રવૃત્તિઓનું સફળ સંચાલન કરીને તેઓએ માનવ ઉત્કર્ષનું અસાધારણ કાર્ય કર્યું. લાખો-કરોડો લોકોના અંગત જીવનમાં રસ લઈ તેઓને ધર્મના માર્ગે વાળ્યા છે. ખરેખર, દુનિયાનાં કોઈપણ ક્ષેત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે પુરુષાર્થ અનિવાર્ય છે.

જ્યાં પ્રચંડ પુરુષાર્થનો પનો પણ ટૂંકો પડે તેવો 6 ડિસેમ્બર, 1973નો દિવસ પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં આવ્યો. તે દિવસે એકાદશીના નિર્જળ ઉપવાસમાં સવારે નવ વાગે શરૂ થયેલી પધરામણી બપોરે સાડા ત્રણ વાગે વિરમી ત્યારે પધરામણીનો આંક 122ને આંબી ગયો હતો. પરંતુ, સર્વે સંતો ભક્તોને આશ્ચર્ય તો ત્યારે થયું જ્યારે જાણ થઈ કે સ્વામીશ્રીને તો સવારથી 102 ડિગ્રી તાવ હતો. આવો પ્રચંડ પુરુષાર્થ કેવળ ભક્તોની સુખાકારી માટે.



ખરેખર, મહાપુરુષો આપણને શીખવી જાય છે કે પ્રચંડ પુરુષાર્થ વિના કોઈ વિકલ્પ જ નથી. પરંતુ, આજે વગર મહેનતે પાસ થવાની, વગર મજૂરીએ પૈસા કમાવાની, વગર કામ કર્યે અધિકાર પ્રાપ્ત કરવાની મનોવૃત્તિ વધતી જાય છે. સશક્ત અને નીરોગી માણસો આજે પુરુષાર્થથી, પરિશ્રમથી દૂર થતા જાય છે. પરસેવો પાડ્યા વિના સરળ અને સહેલું કામ શોધે છે અને લઘુતમ શ્રમથી મહત્તમ સફળતાની ઝંખના કરે છે. પરંતુ, યુવાનોએ આ પ્રકારના વિચારોથી મુક્ત થઈને પુરુષાર્થ દ્વારા સિદ્ધિનો માર્ગ અપનાવવો પડશે. વેદના મંત્રને અનુસરવું પડશે. 'ચરૈવેતિ, ચરૈવેતિ...' 'ચાલ્યા જ કરો, ચાલ્યા જ કરો... પુરુષાર્થ કરો, આગળ વધો.'

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

તમે કથા શ્રવણ કરો છો ત્યારે કાન દ્વારા ભગવાન શ્રીકૃષ્ણ તમારા હૃદયમાં આવે છે

પાપની મુક્તિ અને પુણ્યની પ્રાપ્તિ માટે પ્રભુનું નામ-સ્મરણ કરીએ

પ્રભુ નામસ્મરણ પાપનો નાશ કરાવે છે. એ જ રીતે તેમના વિવિધ વિગ્રહોના દર્શન, તેમના તીર્થસ્થાન અને તેઓની લીલાઓનું સ્મરણ પણ પુણ્યોદય કરાવે છે. ભગવાનનું સ્વરૂપ, ભગવાનનું ધામ, ભગવાનનું નામ અને ભગવાનની લીલા. આ ચારમાંથી કોઇ એકનો પણ આશ્રય ભક્ત કરે છે તો તે ભવસાગરથી પાર થઇ જાય છે. જે ચારેયનો આશ્રય કરે છે તેના આનંદ અને સૌભાગ્યની વાત અવર્ણનીય છે. આ પ્રકારે ભગવાન સંબંધિત ચાર વાત છે.



રાજા પરીક્ષિતે લીલાઓનું શ્રવણ કર્યું અને પ્રસન્ન થયા. રાજા પરીક્ષિતે કહ્યું કે ભગવાનની કથા કર્ણરમ્ય છે. મનને આનંદ આપનારી છે. આપણને લાગે છે કે ભગવાનની કથાનું જેણે શ્રવણ કર્યું છે તેની સંસાર વિષયોની તૃષ્ણા દૂર થઇ જાય છે, આ થયું ભગવદ્ કથા શ્રવણનું પ્રથમ ફળ. બીજુ ફળ છે ભગવાન અને ભગવાનનાં ભજનમાં અરુચિ છે તે પણ દૂર થઇ જાય છે. ભક્ત ભગવાનનાં નામનો જપ કરે છે, નામ સ્મરણ કરે છે, નામનો આધાર લે છે. જ્યાં ભગવાનનું પ્રાગટ્ય થયું છે, તેમની લીલાઓ થઇ છે, તે ધામનું પણ મહત્ત્વ છે. ભક્તો તે ધામની યાત્રા, નિવાસ પણ કરે છે. અયોધ્યા ધામ, વૃંદાવન ધામ, ચિત્રકુટ ધામ. જ્યાં સ્થળનું મહત્ત્વ છે તેને ધામ કહે છે અને જ્યાં જળનું મહત્ત્વ છે તેને તીર્થ કહે છે અને છેલ્લે ભગવાનની લીલા. ભગવાનની લીલાઓનું ગાયન કરવું, શ્રવણ કરવું. સંસારનાં વિષયોની તૃષ્ણા અને ભજનમાં અરુચિ બંને સમસ્યા છે. જુઓ, જેવી રીતે ભૂખ નથી લાગતી, મંદાગ્નિ થઇ જાય તો તે પણ રોગ કહેવાય છે. સમયે સમયે ભૂખ લાગવી જોઇએ. ભૂખ નથી લાગતી, ભોજનમાં અરુચિ થઇ તો તે રોગ છે એ જ રીતે ભજનમાં પણ રુચિ નથી લાગતી તો તે રોગ છે. તેની દવા કરવી જોઇએ. ભોજનમાં રુચિ ન લાગે તો જેમ ડોક્ટર પાસે જાવ છો. તેમ ભજનમાં રુચિ ન લાગે તો કોઇ સદ્દગુરુ પાસે જવું જોઇએ. તેમને જઇને કહેવાનું કે મહારાજ, મારું મન માળા જપવામાં નથી લાગતું, ભજનમાં રુચિ લાગતી નથી. તુલસીદાસજીએ ગાયું છે કે

રામ નામમેં આલસી, ભોજનમે હુસિયાર,
તુલસી ઐસે જીવ કો, બાર બાર ધિક્કાર.

તો પછી કોઇ સદ્દગુરુ ચૂર્ણ આપશે અને તમારી ભૂખ ખુલશે. ભજનમાં રુચિ થઇ જાય એવા ચૂર્ણનું નામ છે, શ્રીમદ્ ભાગવત, તે ચૂર્ણનું નામ છે, ભાગવત કથા. આમ, મહાપુરુષોના મુખથી આપણે કથા શ્રવણ કરીએ તો ભજનમાં રુચિ થાય છે.

વાસ્તવમાં તો ભજનમાં રુચિ કરાવે, ભગવાનની તરફ આપણને અભિમુખ કરે તે જ સંત છે. જેના દર્શન આપણને ભગવાન તરફ અભિમુખ કરે, જેનું પ્રવચન ભજન તરફ આપણી રુચિ વધારે તે સંત છે.

ત્રીજી વાત જે ભગવદ્ કથાથી મળે છે તે એ કે ભગવદ્ કથાથી મનુષ્યનું મન તરત જ શુદ્ધ થઇ જાય છે. એક સંતે કહ્યું છે કે જ્યારે તમે કથા શ્રવણ કરો છો ત્યારે તમારા કાન દ્વારા ભગવાન શ્રીકૃષ્ણ તમારા હૃદયમાં આવે છે. હવે જો તમારા હૃદયમાં, મનમાં કચરો છે તો કોઈપણ વ્યક્તિ પોતાના રહેવાનું સ્થાન ગંદુ રાખતું નથી. જ્યારે તમે કથા સાંભળો છો ત્યારે ભગવાન પણ હૃદયમાં રહે છે અને તે જુએ છે કે આના મનમાં તો ખૂબ ગંદકી છે ત્યારે સ્વયં શ્રીકૃષ્ણ તમારું મન સાફ કરે છે. આનો અર્થ એ થયો કે જીવનું કોઇ કર્તૃત્વ નથી. જે કંઇ પણ થઇ રહ્યું છે તે ભગવાન દ્વારા થઇ રહ્યું છે.

ચોથું ફળ છે, મન જ્યારે શુદ્ધ થઇ જાય છે ત્યારે ભગવાનમાં ભક્તિ, અનુરાગ, પ્રેમ ઉત્પન્ન થાય છે. વિશુદ્ધ મનમાં જ પવિત્ર પ્રેમ જાગૃત થઇ શકે છે. માટે કથા જ મનને શુદ્ધ કરશે અને કથા જ મનમાં પ્રેમરૂપી અમૃતનું સિંચન કરશે. એટલે કે મનરૂપી પાત્રને સાફ કરવાનું કામ અને તે પાત્રમાં પ્રેમરૂપી અમૃત ભરવાનું કામ ભગવદ્ કથા જ કરે છે.

પાંચમી વાત એ કે ભગવાનની મંગલમય કથા દ્વારા આપણને ભગવદ્ અભિમુખ કરનારા સંતો-મહાપુરુષો પ્રત્યે પણ પ્રેમ જાગે છે. આમ, ભગવદ્ કથાનાં શ્રવણથી તૃષ્ણાઓ દૂર થાય છે, ભગવાનનાં ભજનમાં રુચિ થાય છે અને મન શુદ્ધ થઇ જાય છે અને શુદ્ધ મનમાં પ્રેમરૂપી અમૃત ભરાય છે અને સંતો પ્રત્યે સંબંધ જોડાય છે. એટલે કે સત્સંગ સારો લાગે છે અને સત્સંગમાં આસક્તિ થાય તો મુક્તિનું કારણ બને છે.

ચાલો, આપણે પણ પાપની મુક્તિ અને પુણ્યની પ્રાપ્તિ માટે પ્રભુનું નામ-સ્મરણ કરીએ અને સચ્ચિદાનંદની પ્રાપ્તિ તરફ આગળ વધીએ.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

ભરત ચક્રવર્તીની ભાવના

ઋષભદેવ પ્રભુએ પુત્રોને પોત-પોતાનાં નામથી અંકિત એવા દેશો આપ્યા. બાહુબલીને બહલી દેશનું તક્ષશિલાનું રાજ્ય તો ભરતને અયોધ્યાનગરીનું રાજ્ય આપ્યું. એ પછી ભરતે ષટ્ખંડ જીતી પોતાનું સ્વામિત્વ પ્રસ્થાપિત કર્યું. એક દિવસની વાત છે. ભરત રાજ્યસભામાં બેઠા હતા, અને ત્યાં એકસાથે યમક અને શમક નામના બે પુરુષ વધામણી આપવા માટે આવ્યા. યમકે શુભ સમાચાર આપતા કહ્યું, 'રાજન! પુરિમતાલ નગરીનાં શકટ નામનાં ઉદ્યાનમાં પરમતારક શ્રી ઋષભદેવ પ્રભુને કૈવલ્યરત્નની પ્રાપ્તિ થઈ છે.' યમકની વાત પૂર્ણ થાય પછી શમક બોલ્યો, 'મહારાજ! વર્ષોની સાધના પછી આપની આયુધશાળામાં હજાર દેવો દ્વારા અધિષ્ઠિત ચક્રરત્ન ઉત્પન્ન થયું છે.' જે સમાચાર માટે ભરત વર્ષોથી લાલાયિત હતા તે મળતા ખૂબ ખુશ થયા.

ભરત હવે દ્વિધામાં પડ્યા કે કૈવલ્યરત્ન અને ચક્રરત્ન બંનેમાં પ્રથમ ઉત્સવ હું કોનો કરું? અને તરત તેમણે સાંસારિક સુખનાં કારણ સ્વરૂપ એવા ચક્રરત્નના ઉત્સવના બદલે અક્ષય સુખને આપવાવાળા એવા પિતાના કૈવલ્યરત્નની ઉજવણીનો નિર્ણય કર્યો. ભૌતિક આલંબન અને આધ્યાત્મિક આલંબનમાં આપણે પ્રાધાન્ય આપવું હોય તો કોને આપીએ? તે આપણે સૂક્ષ્મતાથી વિચારવા જેવું છે.



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

જીવનમાં આવતી દરેક પરિસ્થિતિને નીરખવા કેવળ આંખો પર્યાપ્ત નથી

શાશ્વત વિજય પામવો છે ?

પ્રમુખસ્વામીની દૃષ્ટિ રાખમાંથી ઊભા થયેલા દ્વારને જોતી હતી. પોતાના દૃષ્ટિકોણને વાચા આપતા બોલ્યા, 'જે થયું તે ભગવાનની ઈચ્છા, બીજો અડધો બનાવી દો.' અને સંતો-ભક્તોના અથાગ પરિશ્રમથી અઠવાડિયામાં જ દ્વાર તૈયાર થઈ ગયો

'રેખાઓમાં રહ્યો અડોઅડ બિંદુઓનો ફાળો, જીવન એટલે સમસ્યાઓનો સરવાળો.'

સફળતાના શિખરોને સર કરનારા મહાપુરુષોના જીવનમાં ડોકિયું કરતા ખબર પડે કે મુશ્કેલી, અવરોધો અને નિષ્ફળતારૂપી કડવા ઘૂંટડા તો એમણે પણ પીધા છે.

ભારતમાંથી અંગ્રેજ સત્તાને ઉખાડીને ફેંકી દેનાર રાષ્ટ્રપિતાને પણ એક દિવસ વગર કારણે ટ્રેનમાંથી નીચે ફેંકી દેવાયા હતા.


આખા વિશ્વને અજવાળનાર એડિસનના જીવનમાં પણ એક દિવસ અંધકાર ફેલાયો હતો જ્યારે તેની પ્રયોગશાળા સળગી હતી.

અમેરિકાના લોકપ્રિય અને સફળ રાષ્ટ્રપતિ તરીકે પ્રસિદ્ધિ પામનાર લિંકન ૫૧ વર્ષ સુધી એક નિષ્ફળ વ્યક્તિ તરીકે જ પ્રસિદ્ધ હતા. આર્થિક, કૌટુંબિક અને રાજકીય ક્ષેત્રે નિષ્ફળતાની હારમાળા ! તો પ્રશ્ન એ છે કે, જીવનનાં દરેક તબક્કે આવતી વિપરીતતાઓમાં પણ તેઓ કેમ હાર્યા નહીં ? કારણ કે તેઓની પાસે નિષ્ફળતાને નીરખવાનો સફળ દૃષ્ટિકોણ હતો. તેઓની દૃષ્ટિ O = Obstacle નહીં પરંતુ O = Opportunity તરફ જ રહી છે.

ઈ.સ.૧૯૫૮ની વાત છે. એક યુવક એરોનોટિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ પૂર્ણ કરી વાયુસેનામાં પ્રવેશ મેળવવા ભારતના દક્ષિણ છેડાથી ૨૦૦૦ કિ.મી.નો પ્રવાસ ખેડી દેહરાદૂન પહોંચ્યો. તેનું બાળપણથી જોયલું સ્વપ્ન હવે સાકાર થવાનું હતું. તેના યુવામાનસમાં માતૃભૂમિ માટે કંઈક કરી છૂટવાની તમન્ના હતી, તરવરાટ હતો. પરંતુ Interviewમાં ૨૫ વ્યક્તિઓમાંથી ૮ ઓફિસરોની જ ભરતી થવાની હતી. અને તે નવમા નંબરે આવ્યા !

કાંઠે આવેલું વહાણ ડૂબી ગયાનો અહેસાસ થયો. વર્ષોથી ચણેલા આશાના મિનારાઓ જાણે કકડભૂસ થતા હોય એવું જણાયું. નિરાશ હૃદયે તે ઋષિકેશમાં શિવાનંદ સ્વામીના આશ્રમમાં જઈ તેમને મળ્યો. તેમણે જે કહ્યું તેનું વર્ણન પોતાના પુસ્તકમાં કરતા કહે છે : 'તેમણે મને કહ્યું કે તું કદાચ ઍરફોર્સનો પાઈલટ થવા માટે નથી સર્જાયો. તારા માટે નિર્મિત યોગ્ય માર્ગે લઈ જવા માટે આ નિષ્ફળતા જરૂરી હતી તેથી તેને સ્વીકારી ઈશ્વરની ઈચ્છાને સમર્પિત થા !

આ શબ્દોએ યુવાનના પડી ભાંગેલા સ્વપ્નોને ફરી બેઠા કર્યા. પોતાની દૃષ્ટિ બદલી તેથી માર્ગમાં આવતા પથ્થર પર જ પગ દઈ વધુ ઊંચે ઊડતા શીખ્યો. પછી તો તે યુવક ઈન્કોસ્પાર (Incospar) માં રોકેટ એન્જિનિયર થયો. અનેક યુનિવર્સિટીઓમાંથી માનદ્ Ph.d ની ડિગ્રી મેળવી. હા, તે યુવક એટલે ભારતના મિસાઈલ મેન અને એક સમયના આદરણીય, લોકલાડીલા રાષ્ટ્રપતિ ડૉ.કલામ. ખરેખર, એક સાચો દૃષ્ટિકોણ કેટલું કામ કરી જાય છે.



કેટલાંક અંધ માણસો લાચારીપૂર્વક એવું કહે છે કે, 'I am blind, please help' જ્યારે કેટલાક એવું કહે છે કે 'Today is a beautiful day and I cannot see it' માણસ કયા દૃષ્ટિકોણથી પરિસ્થિતિને જુએ છે તે અગત્યનું છે.

પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં પણ આ સદ્ગુણના દર્શન અનેક પ્રસંગોએ થયા છે. અનેક શુભપ્રેરણાઓની સરિતા વહાવતો, ગુણતીત દ્વિજન્મશતાબ્દી મહોત્સવ સન ૧૯૮૫માં અમદાવાદ ખાતે ઉજવાયો. જેની વિશાળતા, ભવ્યતા અને દિવ્યતાને આજે પણ લોકો યાદ કરે છે. ત્યાં પધારનાર દરેક મુમુક્ષુઓનું સ્વાગત કરતો વિરાટ પ્રવેશદ્વાર બંગાળી કલાકારી અને સુંદર નકશીકામથી શોભતો હતો. એક દિવસ કાગળ-કંતાન-કાપડ અને વાંસની વળીથી સજ્જ થયેલા ૨૦૦ x ૧૦૦ x ૭૧ ફૂટના એ પ્રવેશદ્વારની ડાબી બાજૂથી અચાનક આગ લાગી. આગ શમતા સુધીમાંતો અડધો પ્રવેશદ્વાર બળીને ખાખ થઈ ગયો. ચારે બાજુ માનવ મહેરામણની દોડધામ, રઘવાટ અને બૂમબરાડાઓનો અવાજ પહોંચ્યો મહોત્સવના અધ્યક્ષ પ્રમુખસ્વામી મહારાજના કાને. ખૂબ જ સ્થિરતાથી સંપૂર્ણ વિગત સાંભળી તેઓ ઘટના સ્થળે પહોંચ્યા. વ્યવસ્થાપક સંતો ભક્તોના મનમાં પણ ચિંતા હતી કે હવે આ અડધા દ્વારનું શું કરવું ? દ્વાર બનાવનાર બંગાળી કારીગરો નથી અને બીજા કોઈને અનુભવ પણ નથી, વળી ચાલું ઉત્સવમાં બાંધકામ પણ કઈ રીતે કરવું ? બધાના મનમાં એક વિચાર આવ્યો કે બાકી રહેલો અડધો દ્વાર પણ કાઢી નાંખવો. જાણે દ્વાર હતો જ નહીં. હા, બધાની આંખો દ્વારની જગ્યાએ સમથળ જમીન જોતી હતી. જ્યારે પ્રમુખસ્વામીની દૃષ્ટિ રાખમાંથી ઊભા થયેલા ભવ્ય દ્વારને જોતી હતી. પોતાના દૃષ્ટિકોણને વાચા આપતા તેઓ બોલ્યા, 'જે થયું તે ભગવાનની ઈચ્છા, બીજો અડધો બનાવી દો.' અને સંતો-ભક્તોના રાતદિવસના અથાગ પરિશ્રમથી માત્ર અઠવાડિયામાં જ પહેલાં જેવો દ્વાર તૈયાર થઈ ગયો.

હા, જીવનમાં આવતી પરિસ્થિતિને નીરખવા કેવળ આંખો પર્યાપ્ત નથી, આ પ્રકારના દૃષ્ટિકોણની પણ આવશ્યકતા છે. આપણે પણ આ દૃષ્ટિકોણ અજમાવી જીવનસંગ્રામે શાશ્વત વિજયને પામીએ.

jivan
mangalam@
gmail.com




ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

શ્રીકૃષ્ણે ગોવર્ધનરૂપી પ્રકૃતિનો યજ્ઞ કરવાનું આપણને શીખવ્યું હતું

ભગવાન શ્રીકૃષ્ણ શીખવે છે કે, આપણે પ્રકૃતિની પૂજા કરવાની છે

વિશ્વભરમાં વિશ્વ પર્યાવરણ દિને પર્યાવરણની જાળવણી, જાગૃતિ અને જતન અંગેની ચર્ચા થશે. જોકે, ભારતીય પરંપરા આપણને આ વાત વેદકાળથી શીખવી રહ્યું છે. જેમાં આપણે પ્રકૃતિનું દોહન કરવાનું છે. તેનું નિકંદન નથી કાઢવાનું. ખાસ કરીને રામાયણ, મહાભારતકાળમાં પણ આ વાતની પુનરોક્તિ થઈ છે.



વર્તમાન સમયમાં આપણે ભગવાન શ્રીકૃષ્ણ પાસેથી શીખવાનું છે કે શ્રીકૃષ્ણે ગૌમાતાની સેવા કરી હતી અને ગોવર્ધનરૂપી પ્રકૃતિનો યજ્ઞ કરવાનું આપણને શીખવ્યું હતું. પ્રકૃતિની પૂજા કરો. વૃક્ષોને કાપો નહીં, વૃક્ષોને વાવો. જે વૃક્ષને કાપે છે અને કુહાડીથી પ્રહાર કરે છે, એ માણસે સમજવું જોઈએ કે તે સમગ્ર માનવતાનાં અસ્તિત્વ ઉપર પ્રહાર કરી રહ્યો છે.

ચાલો, આપણે ભગવાન શ્રીકૃષ્ણના ચરણોમાં પ્રાર્થના કરીએ કે 'પ્રભુ, અમે અગણિત અપરાધ કર્યા છે. અમે તારી ખૂબસૂરત દુનિયાને બદસૂરત કરી નાખી છે, અમને સન્મતિ આપો, સદ્બુદ્ધિ આપો, પ્રભુ! તારી દુનિયા પવિત્ર હો, જીવવા લાયક હો, અમને આ પૃથ્વીગ્રહના વાસી છીએ તેનું ગૌરવ થાય.'

ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને ટોચનું જ્ઞાન, શ્રીમદ્ ભગવદ્ ગીતામાં આપ્યું છે. વસુધા એટલે કે પૃથ્વી. એક સુધા સ્વર્ગમાં છે અને એક વસુધા ઉપર જે સુધા છે, તે શ્રીમદ્ ભગવદ્ ગીતા. દુગ્ધં ગીતામૃતં મહત્ - સુધા એટલે અમૃત. વિચાર કરો કે જે સ્વર્ગનાં દેવતાઓને પણ પ્રાપ્ત નથી, જે સ્વર્ગનાં દેવતાઓનાં ભાગ્યમાં પણ નથી તે વસુધા ઉપર વસેલા ભગવાન શ્રીકૃષ્ણના મુખમાંથી નીકળેલી આ સુધાને પીને જે પ્રસન્નતાને પામેલા અને સંસારમાંથી ખસેલા(પૂર્ણ જ્ઞાનથી વિમુખ થઈ ગયેલા) આવા લોકોને પ્રાપ્ત છે. એટલે સ્વર્ગના દેવતાઓ કરતાં પણ પૃથ્વી ઉપરના આવા માનવ બનવું કે જે ગીતારૂપી અમૃતનું પાન કરે છે તે મોટું ભાગ્ય છે, તે મોટું સૌભાગ્ય છે. સ્વર્ગની સુધા તો પુણ્યથી મળે, પરંતુ વસુધા પર આ સુધા? તો જવાબ છે, શ્રીમદ્ ભગવદ્ ગીતારૂપી આ સુધા એટલે કે કથા એ તો પ્રભુની કૃપાથી મળે.

આપણાં બાળકોને તમે એ શીખવાડજો કે આ દેશ પાસે ઋષિ સંસ્કૃતિનો અણમોલ વારસો છે. આપણા સંતાનો આ વારસાની કિંમત સમજી આખા વિશ્વને કહે છે કે વિશ્વબંધુત્વ અને પ્રેમનો સંદેશો લઈને આખી દુનિયામાં ચારે તરફ તેનો પ્રસાર કરવાનું પણ શીખવજો.

ભગવાન માત્ર સત્સંગથી પ્રસન્ન નહીં થાય. એવું કેવું કે તમે ભગવાનનું નામ લો અને તેમનું કામ ન કરો? હનુમાનજી ૧૦૦ યોજન સમુદ્ર પાર કરીને લંકા પહોંચ્યા હતા. તે સમયે વિભીષણજી નિદ્રાધીન હતા. હનુમાનજી ત્યાં પહોંચે છે પછી જાગે છે. સંતોએ તેનો અર્થ એવો કર્યો છે કે વિભીષણ રામભક્ત તો હતા, પરંતુ નિદ્રાધીન હતા. માત્ર માળા કરનાર જ ભક્ત છે એવું નથી આપણે જાગૃત ભક્ત બનવાનું છે. માટે જ ભગવાનનું નામ તો લો જ અને સાથે તેમનું કામ પણ કરવાનું છે. ભગવાન શ્રીકૃષ્ણએ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં યજ્ઞની વાત પણ કરી છે. આ વિચારધારામાં તો ઋષિઓએ કલ્પેલી યજ્ઞની ભાવના છે પણ ધર્મને માનવતાવાદી બનાવવાની વાત જ છે. એટલે કે વસ્ત્ર વગરનાંને વસ્ત્ર આપવા તે યજ્ઞ છે. રોગી રૂપિયાનાં અભાવમાં દવા નથી કરાવી શકતો, ચિકિત્સા નથી કરાવી શકતો ત્યારે તેની ચિકિત્સા કરાવવી તે યજ્ઞ છે. મહત્ત્વની વાત એ છે કે આ પ્રસાદ છે એટલે આપનારાને પણ અહંકાર નથી આવતો અને લેનારાને પણ લઘુતા નથી આવતી. કોઇને બિચારા બનાવીને નથી આપવાનું.

પ્રસાદમાં એવો ભાવ છે કે મારા જેટલો જ આ પ્રસાદ ગ્રહણ કરવાનો તું પણ અધિકારી છે. કોઈ વ્યક્તિ એક કિલો પેંડાનું પેકેટ ખરીદે ત્યારે તેનામાં એવો ભાવ હોય કે તે મારું છે. પરંતુ એ જ્યારે મંદિરે જાય અને ભગવાનને તે અર્પણ કરી દીધા પછી તેના મારાપણાની ભાવના ખતમ થઈ જાય છે અને પછી એ પ્રસાદ બની જાય છે અને માટે તેને વહેંચીને ખાવાની વાત છે અને સાથે જ તેનો દુરુપયોગ પણ ન થવો જોઈએ. ચાલો આપણે પણ ભગવાન શ્રીકૃષ્ણની શ્રીમદ્ ભગવદ્ ગીતારૂપી સુધાનું સુપાત્ર બની રસપાન કરીએ અને પ્રકૃતિનું સંરક્ષણ કરીએ, તેની જાળવણીએ કરીએ અને માનવતા અને પ્રેમને પ્રસરાવીએ.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

સકલચંદ્રજીનું સુંદર સર્જન

ઉપાધ્યાય શ્રી સકલચંદ્રજી મહારાજ કપડવંજમાં બિરાજમાન હતા. એક રાત્રે તેઓ કાયોત્સર્ગ ધ્યાનમાં હતા. તેમણે સંકલ્પ કર્યો કે ઉપાશ્રયની પાછળની ગલીમાં રહેતા કુંભારનો ગર્દભ ના ભોંકે ત્યાં સુધી કાયોત્સર્ગ કરતા રહેવાનું! આમ તો ગર્દભ દિવસમાં કેટલીયે વાર ભોંકતો, પણ એ દિવસે સાંજે જ કુંભાર ગર્દભને લઈ બીજા ગામ જતો રહ્યો. લાંબા સમય સુધી ગર્દભનો અવાજ ન આવ્યો, મન ભટકે ના એ હેતુથી ઉપાધ્યાયજીએ સત્તરભેદી પૂજાનો શુભારંભ કર્યો. 72 કલાક પછી કુંભાર ગર્દભને લઈ ઘરે આવ્યો. પોતાનું ઘર જોઈ ગર્દભ ખુશીમાં ભોંકવા લાગ્યો અને ત્યારે જ ઉપાધ્યાયજી કાયોત્સર્ગ ધ્યાનમાંથી બહાર આવ્યા. આ 72 કલાકમાં તેમના દ્વારા પૂજાનું એવું અનુપમ સર્જન થયું કે પ્રતિ વર્ષ પ્રત્યેક જિનાલયની વર્ષગાંઠે સર્વ સંઘોમાં આ પૂજા ભણાવવામાં આવે છે. પૂજાનાં અંતિમ ચરણમાં સરસ શબ્દો છે : 'સકલ જિનેસર કાઉસગ્ગ ધ્યાને એહ પૂજા વિરચાયા.' આજે પણ કપડવંજમાં એ સ્થાને હજારો શ્રદ્ધાળુઓ દર્શન કરવા આવે છે અને જે ઉપાશ્રયમાં આ સર્જન થયું હતું તેની પાછળની ગલીમાં કુંભારવાડો છે.





જીવન માંગલ્ય
સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

આજે છ અબજની વસ્તીની અંદર મૂંઝાઈને બેઠેલા અર્જુન પાસે કૃષ્ણ ક્યાં છે?

સુખ-દુઃખનાં પલ્લાં વચ્ચે સ્થિરતા મેળવવાની કળા

માણસમાત્રને જોઈએ છે આનંદ, સુખ, શાંતિ. જીવન આનંદમય, સુખમય, શાંતિમય હોય તેવું સૌ કોઈ ઇચ્છે છે. પરંતુ એવું બનતું નથી. સુખ-દુઃખના પ્રવાહો સૌ કોઈને તાણી જાય છે. ક્ષણિક સુખ અને પાછળ દુઃખની સવારી, કે થોડી-ઘણી શાંતિ પછી અશાંતિની સવારી અણધારી આવી પહોંચે છે.

શાંતિ-અશાંતિનું સતત ફરતું ચક્ર જીવનને રગદોળ્યા કરે છે. એમાંય આજનો સમય ક્યારેય નહીં ધારેલો એવો વિકટ ચાલી રહ્યો છે. સંજોગો રોજ નવા નવા દુઃખના કે નવી નવી સમસ્યાઓના સીમાડા દેખાડતા રહે છે. પળે પળે મન ઉદ્વેગમાં રહે છે. ધારેલાં કાર્યો, ધંધા-પાણી, આવકનાં સાધનો અને પરિણામો હાથ-તાળી દઈ છટકી જાય છે. કાલે શું થશે તેની ચિંતા આજના દિવસનાં સુખ-ચેન છીનવી લે છે. ધન, દોલત, પદ, પ્રતિષ્ઠા, પરિવાર, મિત્રો અને બીજું બધુ જ ગમે તેટલું હોવા છતાં ઓછું પડે છે - મનને શાંતિ આપવા માટે.

ટૂંકમાં, મનમાં એક મહાભારત નિરંતર ચાલે છે. કુરુક્ષેત્રના મેદાનના અર્જુન જેવી સ્થિતિ મનમાં રોજ પેદા થાય છે. મનમાં રોજ વિષાદયોગ રચાય છે. સગાં-વ્હાલાં પ્રત્યેની મમતામાં કે મનના માનેલા ધર્મોમાં અંદર બેઠેલો અર્જુન મૂંઝાય છે. ઘડીક લડી લેવાની વૃત્તિ, ઘડીક સંઘર્ષ સામે બાથ ભીડવાની હિંમત, તો ઘડીકમાં મેદાન છોડવાની વાત.

પણ પાંચ હજાર વર્ષ પહેલાં અર્જુનનું બળિયું પાસું એ હતું કે એની પાસે કૃષ્ણ હતા. આજે છ અબજની વસ્તીની અંદર મૂંઝાઈને બેઠેલા અર્જુન પાસે કૃષ્ણ ક્યાં છે? એનો જવાબ જડતો નથી એટલે આત્મહત્યાઓ થાય છે. વિશ્વમાં દર વર્ષે એવા મૂંઝાઈ ગયેલા આઠ લાખ લોકો આત્મહત્યા કરે છે. તે એવા દયનીય લોકો છે જેમની પાસે રસ્તો હોવા છતાં રસ્તો જડતો નથી.

બહાર ઝાકમઝોળ હોવા છતાં માંહ્યલી દુનિયા અંધારી બની છે. દર વર્ષે એવા મૂંઝાયેલા દસ લાખ લોકો આક્રોશમાં ભાન ભૂલીને બીજાની હત્યા કરી બેસે છે. ક્યાંય માર્ગ જડતો નથી આનંદ મેળવવાનો, એટલે એવા અબજો લોકો દરરોજ કરોડો લીટર દારૂના નશામાં લથડિયાં ખાય છે, અને કરોડો યુવાનો નશીલી દવાઓ કે ધૂમ્રપાન અને નિમ્ન સ્તરની બીભત્સતામાં ગૂલ થઈ જાય છે. અને અંતે પોતાનો અને બીજાનો સર્વનાશ નોતરે છે. પારિવારિક કલહો પણ એવી મૂંઝવણનું જ પરિણામ બને છે. અને અસંખ્ય પરિવારોને મનની અશાંતિ છિન્નભિન્ન કરી નાંખે છે.

મનનું આ મહાભારત યુગોથી ચાલ્યા કરે છે અને મનમાં બેઠેલો અર્જુન યુગોથી મૂંઝાય છે. શું છે આનો ઇલાજ? એનો ઇલાજ મેળવવા કૃષ્ણ પાસે જવું પડે. અર્જુનને કૃષ્ણ મળ્યા, મહાભારતના યુદ્ધમાં, કુરુક્ષેત્રના મેદાનમાં મૂંઝાયેલા અર્જુનને કૃષ્ણે શાંતિની સાચી દિશા ચીંધી. શ્રીકૃષ્ણ માર્ગ ચીંધે છે - ગમે તેવા સંજોગોમાં મનની સ્થિરતા કેળવવાનો. દરેક વખતે સંજોગો બદલવાનું આપણા હાથમાં નથી હોતું. પણ સંજોગો પ્રત્યેના આપણા વલણને બદલવાનું આપણા હાથમાં જ છે.

આપણે અને આપણું મન. કુસ્તી આ બે વચ્ચે જ છે. જીવનનો રસ્તો ખડબડિયો છે અને રહેવાનો. આપણે આપણી ચાલ બદલવી પડે કે જેથી હેલાં ન આવે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ ઘણી વખત ઊંટની સવારીનું ઉદાહરણ લડાવીને કહેતા, 'આ સંસાર ઊંટની સવારી જેવો છે. તમે ઊંટ પર સવારી કરો તો હેલાં આવે જ. જો બરાબર બેસતાં ન આવડે તો પડી જવાય. એટલે ઊંટ જેવી રીતે ચાલે એના તાલે તાલ આપણે પણ નમતાં અને હેલાં ઝીલતાં શીખવું પડે. એમ આ સંસારમાં પણ સુખ-દુઃખના હેલાં આવે, તેમાં તેને અનુરૂપ થઈ જવું પડે. નહીંતર ગબડી પડાય અને દુઃખી થઈ જવાય.' આ હેલાં ઝીલવાની કળા ભગવાન શ્રીકૃષ્ણ ભગવદ્‌ગીતામાં અર્જુનને શીખવે છે. પાંચ હજાર વર્ષ પહેલાંનું એ જ્ઞાન આજે પણ એટલું જ ઉપયોગી છે.

આપણા બધા વતી જાણે અર્જુન પાંચ હજાર વર્ષ પહેલાં પૂછે છે, સુખ-દુઃખમાં સમતા કેવી રીતે કેળવવી? જીવનનાં દ્વંદ્વોમાં મન કેવી રીતે સ્થિર રાખવું? જય-પરાજયની બંને સ્થિતિમાં મનને આનંદમય કેવી રીતે રાખવું? લાભ અને અલાભમાં મનમાં શાંતિ કેવી રીતે જાળવી રાખવી? આ બધા સંજોગોમાં જેની મતિ સ્થિર રહેતી હોય એવા મહાપુરુષ કેવા હોય? તે કેવી રીતે બોલે? તે કેવી રીતે વર્તે? ભગવદ્‌ગીતાના દ્વિતીય અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ તેનો ઉત્તર આપે છે - 18 શ્લોકોમાં.

આ 18 શ્લોકોમાં શ્રીકૃષ્ણ એમ કહેવા માંગે છે કે એવા સ્થિતપ્રજ્ઞ મહાપુરુષ આ પૃથ્વી પર આપણી વચ્ચે જ હોય છે. એમનું જીવન જોઈને, એમાંથી પ્રેરણા મેળવીને તમે તમારું જીવન ઘડો, તમે પણ મનની એવી સમતા કેળવી લો. યુગે યુગે એવા સ્થિતપ્રજ્ઞ મહાપુરુષો આ ધરતીને શોભાવતા રહે છે. પોતાના જીવન દ્વારા અસંખ્ય લોકોને પ્રેરણાનું અમૃત પાય છે. કોઈ અપેક્ષા વિના, નિઃસ્વાર્થ ભાવે. આપણા યુગે નીરખેલા એવા સ્થિતપ્રજ્ઞ પુરુષનું મુખારવિંદ લાખો લોકોનાં હૃદયમાં સૌને સતત પ્રેરણા આપી રહ્યું છે. એમનું પવિત્ર નામ, પ્રમુખસ્વામી મહારાજ સાંભળતાં જ લોકોનાં હૈયે હામ આવી જાય છે.

સમતા અને મમતાના એ મેરુ હતા. ભગવદ્‌ગીતાના એ અઢારેય શ્લોકોનું જીવતું, જાગતું, હાલતું, ચાલતું અને સૌની વચ્ચે રહેતું અજોડ ઉદાહરણ હતું. નિષ્કલંક અને નિર્દોષ, પરગજુ અને પરોપકારી, પરમાર્થી અને સેવાર્થી ચરિત્ર હોવા છતાં, જીવનમાં સુખ-દુઃખ એમને પણ આવ્યાં. માન-અપમાનના હેલાં પણ આવ્યા. કષ્ટોની કોઈએ ન જોઈ - અનુભવી હોય તેવી બધી જ બાબતો તેમના જીવનમાં પણ બની. અને શરીરના કુચ્ચેકુચા બોલાવી દેતી બીમારીઓ પણ છેલ્લી ઘડી સુધી પજવતી રહી. પરંતુ એ બધા વચ્ચે પ્રમુખસ્વામી મહારાજ હંમેશાં આનંદ, આનંદ અને આનંદ ભોગવતા રહ્યા, ચારે તરફ આનંદ, આનંદ અને આનંદ વહેંચતા રહ્યા. દુઃખ કે આપત્તિઓના તેમણે ક્યારેય રોદણાં ન રોયાં કે ન બીજાને રોવાં દીધાં. 17,000થીય વધુ ગામો અને અનેક દેશોનાં પાણી પી ચૂકેલા સ્વામીશ્રીએ ક્યારેય કોઈ ગામમાં, કોઈ દેશમાં, કોઈનેય એમ કહ્યું નથીઃ 'મને આ નહીં ફાવે.'

શ્રીમદ્ ભગવદ્‌ગીતા આ વિરલ સ્થિતિને 'બ્રાહ્મી સ્થિતિ' કહીને બિરદાવે છે. વર્તમાન સમયે એવા જ બ્રાહ્મી સ્થિતિના ધારક પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ આપણી વચ્ચે બિરાજીને આપણને જીવનનાં સુખ-દુઃખનાં પલ્લાં વચ્ચે મનને સ્થિર, શાંત, સુખમય, આનંદમય રાખવાની પ્રેરણા આપી રહ્યા છે. આ બ્રાહ્મી સ્થિતિના ધારક સત્પુરુષોમાંથી પ્રેરણા મેળવીને આપણે પણ આપણા જીવનને ધન્ય બનાવીએ.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન
ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ધર્મને જીવનનો હિસ્સો બનાવવા માટે નિશ્ચિત અવસ્થાની રાહ ન જુઓ

ધર્મને જીવનમાં ધારણ કરવા ઊર્જા, સંકલ્પ અને સાહસની જરૂર પડે

સત્યને કયારેય કોઈપણ હાલમાં કોઈના માટે છોડી શકાય નહીં. સત્યના પાલન માટે બધુ જ છૂટી જાય તો ભલે છૂટી જાય, પણ સત્ય છૂટવું ન જોઈએ. કારણ કે સત્ય પરમાત્માનું સ્વરૂપ છે. સત્ય અનંત છે. આ ધરતી સત્ય પર જ ટકેલી છે. જેમને પણ પરમાત્માની પ્રાપ્તિ થઈ છે તે સત્યના માર્ગ પર જ થઈ છે. સત્યનો પથ થોડોક કઠણ જરૂર છે પણ મુશ્કેલ નથી. સત્ય પીડા આપી શકે છે, પરાજય નહીં. સત્યનાં પથ પર ચાલનારાને કષ્ટ તો પડે છે પણ તે નષ્ટ નથી થઈ શકતા. સત્ય તો સ્વયં બ્રહ્મ છે.

જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે અને ઊંચાઈઓને પ્રાપ્ત કરવા માટે સતત પ્રયત્ન કરો અને જબરદસ્ત ઈચ્છા રાખો. આવું સ્વયં પર વિશ્વાસ રાખવાથી જ શક્ય બનશે. 'તમે સંસારના મોટા ભાગના લોકો પર વિશ્વાસ કરો છો તો પછી સ્વયં પ્રત્યે હીન ભાવ શા માટે રાખો છો? આ સંસારમાં જે કંઈ પણ છે તે મનુષ્ય માટે છે. હું બધુ જ પ્રાપ્ત કરી શકું છું.' આવો વિચાર કરી અને સખત મહેનત કરો. નિષ્ફળતાની ચિંતા ન કરો. નિષ્ફળતા સ્વાભાવિક છે. નિષ્ફળતા જ આપણને નિરંતર આગળ વધવા માટે પ્રેરિત કરે છે. માણસ પાસે બહુ સામર્થ્ય છે. આવું સામર્થ્ય બીજા કોઈ જીવ પાસે નથી. અમે તમારી આંખો બંધ કરી રાખી છે અને સદીઓથી અંધારું અંધારું એવી બૂમો પાડો છો. તો એ સમજી લો કે આંખ ખોલતાની સાથે જ પ્રકાશ થઈ જશે. તમે જરાય કમજોર નથી. તમે સર્વ શક્તિમાન છો. હિમ્મત ન હારો. એકવાર જબરદસ્ત પરિશ્રમ કરો. બાકી બધુ તમારું જ છે.



ધર્મ અને અધ્યાત્મના માર્ગ પર યુવાનીમાં જ પ્રવેશ કરવો જોઈએ, વૃધ્ધાવસ્થાની રાહ ન જોવી જોઈએ. ધર્મને જીવનમાં ધારણ કરવા માટે ઊર્જા, સંકલ્પ અને સાહસની જરૂર પડે છે. તે યુવાવસ્થામાં જ સંભવ છે.

ધર્મને જીવનનો હિસ્સો બનાવવા માટે નિશ્ચિત અવસ્થાની રાહ ન જુઓ. ભગવાન શ્રી રામે યુવાવસ્થામાં વનમાં જઈ અને ધર્મના માર્ગને પસંદ કર્યો તેથી તેઓ રાવણનો વધ કરી શકયા અને રામરાજ્યની સ્થાપના કરી શક્યા. શ્રીકૃષ્ણ ભગવાનનું તો બાળપણ જ વનમાં વીત્યું. વન વ્યક્તિનું ઘડતર કરે છે. જે યુવાનીમાં ધર્મનું આચરણ કરશે તે સ્વયં ઊર્જાવાન રહી પોતાનું કલ્યાણ અને પરોપકાર પણ કરી શકશે. તેથી સમય ગુમાવવો નહીં, ઘણા સારા કાર્યો પ્રતિક્ષા કરી રહ્યા છે.

તમને ખબર છે કે તમારી અંદર કેટલી શક્તિ કેટલી ઊર્જા અને કેટલું સામર્થ્ય છુપાયેલું છે! દુનિયાનું કોઈપણ મશીન આજ સુધી તે જાણી શક્યું નથી. તમારી શક્તિના એક નાનકડા ભાગ જેટલું પણ જો તમે કર્મ કરી શકો તો બહુ મોટું કાર્ય થઈ શકે.

મનુષ્ય પાસે જેટલી શક્તિ, જેટલા વિચાર અને જેટલું નવ સર્જન કરવાનું સામર્થ્ય છે તે બીજા કોઈ જીવ પાસે નથી. સેંકડોવાર તમે અસફળ થઈ શકો છો, ઠોકર ખાઈ શકો છો, પરંતુ તમારી જાત પર અને ભગવાનમાં વિશ્વાસ રાખવાના કારણે તમે સંસારને જરૂર કંઈક આપવામાં સફળ થશો.

સમાજને કેટલાક એવા મનુષ્યની જરૂર છે. જે પરમાર્થના યજ્ઞમાં નિરંતર લાગેલા રહી અને આ સમાજનું ભલું કરી શકે. જ્યારે તમે એમ બોલો કે, 'હું શું કરી શકું?' ત્યારે તમે તમારી સાથે સાથે ભગવાનની પણ મજાક ઉડાવો છો. એવું કંઈ પણ નથી જે તમારાથી ન થઈ શકે. બસ દૃઢ ઈચ્છાશક્તિની અને તમારી અંદર છુપાયેલી શક્તિને ઓળખવાની જરૂર છે. 'ભોજન ભોજન એવું બોલવાથી ભૂખ શાંત થતી નથી. 'પાણી... પાણી' એવા પોકાર પાડવાથી તમારી તરસ છીપાવાની નથી. બસ, એવી જ રીતે પ્રભુ-પ્રભુ જપવાથી સાથે-સાથે પ્રભુના ગુણ અને સ્વભાવ તમારી અંદર ઉતારવાથી ઘટના ઘટે છે. ધર્મની ચર્ચા કરવાથી નહીં, ધર્મનું આચરણ કરવાથી દૈવીય અનુભૂતિ થશે. લોકો શબ્દોની સ્તુતિઓથી પરમાત્માને રીઝવે છે. તમે આચરણ અને મૌનની સ્તુતિથી પ્રભુને રીઝાવો. આચરણની સુગંધ જલદી ત્યાં સુધી પહોંચે છે. પશ્ચિમના લોકોની સમસ્યા એ છે કે તેઓને ખબર નથી કે તેમને કયા માર્ગ પર ચાલવાનું છે, પરંતુ અહીં ભારતમાં શાસ્ત્રો તમને માર્ગ બતાવે છે. તેનો સ્વીકાર કરો અને આગળ વધો.

શાસ્ત્રોના માર્ગે ચાલી તમારું કલ્યાણ કરો. જગતનું કલ્યાણ કરો અને પરમાત્માની કૃપા પ્રાપ્ત કરો. તમે જ્યારે જાઓ તો તમારા તરફથી સંસારને કંઈક આપીને જાઓ. જે આપીને જાય છે તે દેવતા છે અને તેઓનું જીવન સાર્થક છે.

કથાબિંદુ
મુનિ રાજપુણ્યવિજય

પ્રસન્નચંદ્રજીનું સંયમગ્રહણ

પોતનપુરમાં પ્રસન્નચંદ્ર નામના રાજા રાજ્યનું સુચારુ રીતે પાલન કરતા હતા. રાજા ધર્મપ્રેમી, સત્યવાદી અને ન્યાયકુશલ હતા. એક દિવસ સંધ્યાનો સમય થયો. રાજા રાજમહેલના વિશાળ ગવાક્ષમાં બેસી નગરનું નિરીક્ષણ કરી રહ્યા હતા. સહજ તેમની નજર અનંત આકાશમાં ગઈ. આકાશમાં રંગબેરંગી વાદળો ઘેરાયેલા હતા. સંધ્યાનો અદ્‌ભુત રંગ ખીલેલો હતો. રાજા ક્યારના સંધ્યાનાં મનોરમ્ય રંગોને નિહાળતા ખુશ થતા રહ્યા. કુદરતની વિસ્મયસભર કલાકૃતિ જોઈ પ્રસન્નચંદ્ર પ્રસન્ન થઈ ગયા, પણ અલ્પ સમયમાં વાદળો વિખરાઈ ગયા અને સંધ્યાની લાલી ક્ષણભરમાં નષ્ટ થઈ ગઈ. આ જોઈ રાજા વિસ્મિત થયા અને વિચારવા લાગ્યા. 'ખૂબ જ સુંદર દેખાતી સંધ્યાની લાલી અચાનક ક્યાં જતી રહી? ખરેખર સંસાર ક્ષણિક છે. સંધ્યાનાં રંગોની જેમ શરીર પણ સર્વથા અનિત્ય છે. સંસાર અને શરીર જો ક્ષણિક છે તો તેનાં દ્વારા મળતું સુખ શાશ્વત ક્યાંથી હોઈ શકે? મારે તો શાશ્વત સુખ મેળવવું છે.' આમ સંધ્યાનો રંગ વૈરાગ્યના રંગમાં પરિવર્તિત થયો. તરત જ પોતાના બાળ પુત્રને સમસ્ત રાજ્યાદિ-ઋદ્ધિ સોંપી રાજાએ સંયમ જીવન ગ્રહણ કર્યું. સંસારમાં જ્યારે પણ વૈરાગ્યનાં નિમિત્તો મળે, ત્યારે અંતરને ક્ષણિક વૈરાગ્ય વાસિત અવશ્ય કરીએ.



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

જિંદગીની બાજી જીતવા પહેલાં જાત સાથેના યુદ્ધમાં જીતવાની શરૂઆત કરવી પડશે



'યુદ્ધ' શબ્દ સાંભળતા મનના પડદા પર ભાત-ભાતની છબીઓ આકાર લેવા માંડે. કોઈના મનમાં મહાભારતના યુદ્ધની, એક તરફ પાંડવસેના અને બીજી તરફ કૌરવસેનાની, તો કોઈ ઇતિહાસના રસિયાને પ્રથમ કે દ્વિતીય વિશ્વયુદ્ધની સ્મૃતિઓ પણ તાજી થઈ જાય, તો કોઈના મનમાં ભારત - પાકિસ્તાનની સરહદ પરના દૃશ્યો તરવરવા લાગે. પરંતુ યુદ્ધ એ સરહદો પૂરતું મર્યાદિત નથી. યુદ્ધ ચાલે છે સમાજમાં, નાત-જાતમાં, કુટુંબોમાં, પરિવારોમાં...

પરંતુ આ બધા યુદ્ધ ખેલાય છે, એમાં કેટલાંય ઘવાય છે અને યુદ્ધ સમાપ્ત થાય છે. પરંતુ એક યુદ્ધ અવિરત ચાલે છે, આપણા સૌ સાથે. અને એ યુદ્ધમાં જે જીતે છે તે જિંદગીની બાજી જીતી જાય છે. આ છે આપણી ભીતર ચાલતું એક ઘમાસાણ યુદ્ધ. આપણા મન સાથેનું યુદ્ધ. આ પૃથ્વી પર પ્રત્યેક વ્યક્તિ કંઈક કેટલાય અરમાનો સાથે જિંદગીની બાજીનો આરંભ કરે છે. સપના હોય છે, થનગનાટ અને તરવરાટ હોય છે, બુદ્ધિ, શક્તિ, ઉત્સાહનો ધસમસતો પ્રચંડ પ્રવાહ હોય છે. પરંતુ મન રૂપી શત્રુ લક્ષ સુધી પહોંચવા દેતો નથી. અવલોકન કરવા જેવી બાબત છે કે, દિવસની શરૂઆત થાય છે, એલાર્મ વાગે છે, રાત્રે નક્કી કર્યું છે કે સવારે છ વાગે ઉઠવું જ છે, અને ઘંટડી વાગતા જ અંદરથી કોઈ કહે છે કે 'બસ! પાંચ મિનિટ!' અને આ યુક્તિથી આપણને છેતરી 5થી 50 મિનિટ ખેંચી નાખે છે. કોણ છે એ? દર વખતે સ્કૂલ-કોલેજમાં નવા સત્રના પ્રારંભમાં શુભ સંકલ્પ કરીએ છીએ કે, આ વખતે પહેલેથી જ મહેનત કરવી છે અને કોઈ 'આવતીકાલથી શરૂ કરીશું' એમ કહીને છેતરી જાય છે. કાલ પડતી જ નથી. છેવટે દર વખતની જેમ પરીક્ષાના 15 દિવસ પહેલાં ચોપડાનું ઉદ્ઘાટન થાય છે! (કેટલાકને તો ત્યારે પણ એવું જ લાગે છે કે 'હજુ વાર છે!') એ છેતરનાર કોણ છે? કોઈ ડાયેટિંગના શુભ-સંકલ્પ કરે છે, અને ભોજનનાં આસન પર જેવો બેસે છે અને અંદર કોઈ હતપત થવા લાગે છે. 'આટલું તો ચાલે' એમ કહીને મીઠાઈ, ફરસાણ, ફાસ્ટ-ફૂડ બધું જ હજમ કરાવી દે છે. કોણ છે જે શરીર રૂપી દેશમાં દુશ્મનને Entry અપાવી દે છે? એવું કહેવાય છે 'હાર્યો જુગારી બમણું રમે' કોણ છે જે એ કહે છે કે 'આ વખતે તો જીતી જઈશું!' આવી ઘટનાઓની લાંબી હારમાળા થઈ શકે તેમ છે.

આ વાંચતા કદાચ આપણા ચહેરા પર એક માર્મિક સ્મિત ઊભરી આવે, કારણ કે ક્યાંક આપણને આપણું પ્રતિબિંબ દેખાઈ ગયું હોય! પરંતુ તે 'સ્મિત' આપણા માટે ગંભીર ચિંતનની ઘંટડી છે. 'વેક-અપ કોલ' છે કે આપણો શત્રુ આપણી અંદર જ છે. જે સતત આપણી પ્રગતિને રૂંધી રહ્યો છે. જે સતત આપણા પગ નીચે તરફ ખેંચી રહ્યો છે. આપણી બરબાદી એ જ તેનું લક્ષ છે. આ છે મન સાથેનું યુદ્ધ. ભગવાન સ્વામિનારાયણ પોતાના વચનામૃતમાં આ બાબતનો ઉલ્લેખ કરતા કહે છે કે ***'जितं जगत ही केन मनो ही येन'***, 'જેણે મન જીત્યું તેણે જગત જીત્યું' જિંદગીની બાજી જીતવા પહેલાં આપણી જાત સાથેના યુદ્ધમાં આપણે જીતવાની શરૂઆત કરવી પડશે. આપણે બહારના શત્રુઓ માટે જેટલા ગંભીર છીએ તેટલા ગંભીર મનશત્રુ સામે લડવા થવું પડશે. પ્રતિક્ષણ ખેલાતા આ આંતરીક યુદ્ધમાં જેમ - જેમ આપણે જીતતા જઈશું તેમ - તેમ બહારની દુનિયામાં આપણો વિજય નિશ્ચિત થતો જશે. આ મૂળભૂત જગ્યા છે જ્યાંથી મહાન પુરુષો અને સાધારણ માણસો વચ્ચેની ભેદરેખા ઘાટી થતી જાય છે.

બહુધા એવું નથી હોતું કે સફળ માણસોને વહેલા ઊઠવું, એક્સરસાઇઝ કરવી, વાંચન કરવું, મહેનત કરવી બહુ ગમતું હોય છે. તકલીફ તો તેમને પણ પડે છે. પણ જાત ઉપર કઠોર થઈને તેઓ મનનું ધાર્યું થવા દેતા નથી. સતત મનને પરાસ્ત કર્યા બાદ વિજયની હારમાળાઓ તેમના કંઠે પડતી હોય છે. જ્યારે બીજી તરફ સતત મનથી પરાસ્ત થઈને સાધારણ માણસોના સપના બસ સપના જ બની રહે છે. પરંતુ પ્રશ્ન થાય છે કે મન સામેની લાચારી તો અમે પણ જાણીએ છીએ પણ આ યુદ્ધમાં વિજય કેવી રીતે પ્રાપ્ત થાય? મહાભારતના યુદ્ધમાં અર્જુન શ્રીકૃષ્ણ આગળ આ કબૂલાત કરતા કહે છે:

चञ्चलं हि मनः कृष्ण प्रमाथि बलवद्दृढम्।
तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम्॥ ३४॥

હે કૃષ્ણ! મન નિશ્ચિતપણે ચંચળ, વિક્ષેપ કરનારું, દૃઢ અને બળવાન છે; એને વશ કરવાનું હું વાયુને રોકવાની જેમ ઘણું દુષ્કર માનું છું.

અર્જુનના નિખાલસ પ્રશ્નના પ્રત્યુત્તરમાં ભગવાન શ્રીકૃષ્ણએ મન જીતવાના રહસ્યો ઉદ્ઘાટિત કર્યા છે.

असंशयम् महाबाहो मनः दुर्निग्रहं चलम्।
अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते॥ ३५॥

હે મહાબાહો! નિઃસંદેહપણે મન ચંચળ અને વશ કરવું મુશ્કેલ છે; પરંતુ હે કૌન્તેય! અભ્યાસ અને વૈરાગ્યથી તે વશ થાય છે.

અભ્યાસ- લક્ષ્ય તરફ દોરી જતી સુટેવોનું, કાર્યોનું સતત પુનરાવર્તન. અને લક્ષથી વિચલિત કરતી વસ્તુઓથી દૂર રહેવું. આ રહસ્ય છે મનને જીતવાનું, જિંદગીને જીતવાનું. 'Change your Habits, Change your Life' પુસ્તકમાં ટોમ કોર્લી નામના લેખકે 233 Self made millionairesનો 5 વર્ષ સુધી અભ્યાસ કરેલ સર્વે મૂક્યો છે. અવલોકન કરતા તારણ એ મળ્યું કે, આ લોકોના જીવનમાં ચાર બાબતો સમાન જોવા મળી. નિયમિત સવારે વહેલા ઉઠવું, નિયમિત એક્સરસાઇઝ કરવી, નિયમિત વાંચન કરવું અને ટાઈમ વેસ્ટર્સથી દૂર રહેવું. આ તારણ એ શ્રીકૃષ્ણ ભગવાને બતાવેલ રહસ્યની સાક્ષી પૂરે છે. સતત અભ્યાસ અને ધ્યેયથી દૂર લઈ જતા પરિબળોથી વૈરાગ્ય. ભગવાન સ્વામિનારાયણ કહે છે કે, 'મનુષ્ય દેહ કરીને ન થાય તેવું શું છે, જે નિત્ય અભ્યાસ રાખીને કરે તે થાય છે.' તો આ શૈક્ષણિક સત્રના આરંભે કટિબદ્ધ થઈએ નિત્ય અભ્યાસ માટે, મન સામે દરરોજ લડવા માટે, જાત ઉપર કઠોર થવા માટે, પછી સફળતા આપને આશ્લેષમાં લેવા તત્પર થઈને પ્રતીક્ષા કરતી હશે. ***'शिवास्ते सन्तु पन्थानः।'***

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

પરમાત્માનો અનુભવ થાય ત્યારે જે લાગણી ઉત્પન્ન થાય એ છે પરમાનંદ!

ભગવાન અને સાચા ગુરુની કૃપાથી જીવનમાં વિવેકની પ્રાપ્તિ થાય છે

આપણે પૂર્ણજ્ઞાની બની શકીએ? હા. એક વખત પરાતત્ત્વ સમજાઈ જાય પછી બધું સમજાઈ જાય. જ્યાં સુધી ઈશ્વર નથી સમજતો ત્યાં સુધી આપણું વિશ્વ અધૂરું છે. કમ્પ્યૂટરની ડિસ્ક હાથમાં આવે અને તેને ઉકેલતાં આવડે, તેનો ઓપરેટિવ વર્ડ ખબર પડે તો આખો મેળ બેસી જાય છે. આપણું અને પરમાત્માનું પણ આવું જ છે. ભાગવત પારાયણ દરમિયાન સાત દિવસમાં આપણા જ્ઞાનની જ્યોત પ્રજ્વલિત થાય છે. 'જ્યોત સે જ્યોત જલે'ની જેમ ચૈતન્યરૂપ એવા પરમાત્માની નિકટ બેસવાથી આપણી જ્યોત પણ પ્રજ્વલિત થવા માંડે છે. એક પ્રજ્વલિત દીવાની પાસે બીજો દીવો લઈ જઈએ એટલે આપોઆપ એ પ્રગટવાં માંડે છે. બીજો દીવો પ્રજ્વલિત થાય છે તેનાથી પહેલા દીવાને કોઈ ફરક પડતો નથી. એમાંથી કશું ઓછું થતું નથી. ભાગવત પ્રદીપના રૂપમાં આ એક દીપ આપણી વચ્ચે પ્રજવળી રહયાં છે. એનાથી આપણે આપણા દીવા પ્રજ્વલિત કરી રહ્યાં છીએ. સંગીતના ઓરડામાં જો એક વીણા વગાડો તો તેના સ્વર-આંદોલનથી ઓરડામાંની બીજી ન વગાડાયેલી વીણાના તાર પણ ઝંકૃત થઈ ઊઠે તે કહેવાય નહીં!

પરમાત્મા સત્, ચિત અને આનંદ સ્વરૂપ છે. આનંદ એ સુખ કરતાં ઉપલી કક્ષા છે. આનંદ એ પરમાત્મા સત ચિત અને આનંદ સ્વરૂપ છે. આનંદને સુખ સાથે સરખાવશો નહીં. સુખ અને દુઃખથી પર એવી કક્ષા તે આનંદની કક્ષા. એ આનંદ એટલે દૃશ્યાત્મક સ્વરૂપ, નામાત્મક સ્વરૂપ અને અનુભવાત્મક સ્વરૂપ. પરમાત્માનો અનુભવ થાય ત્યારે જે લાગણી ઉત્પન્ન થાય એ છે પરમાનંદ! પ્રભુ સિવાય બીજા કોઈને મળવાથી જે લાગણી જન્મે, અનુભવ થાય એ કેવળ ઈન્દ્રિયો અને વિષયોનો સંયોગ છે. એનાથી સુખ મળે. પરમાત્માનો અનુભવ થાય ત્યારે જે લાગણી ઉત્પન્ન થાય એ છે પરમાનંદ! પ્રભુ સિવાય બીજા કોઈને મળવાથી જે લાગણી જન્મે, અનુભવ થાય એ કેવળ ઈન્દ્રિયો અને વિષયોનો સંયોગ છે. એનાથી સુખ મળે. પરમાત્મા સાથેના સંયોગથી જે આનંદ મળે તે પછી સુકાતો નથી, અખંડ રહે છે.

આનંદ શોધવાની પ્રક્રિયા તો કૂવો ખોદવાની પ્રક્રિયા જેવી છે. કૂવો ખોદીએ ત્યારે પાણી બહારથી લાવીને અંદર નાખતા નથી, પાણી તો અંદર છે જ, પરંતુ અંદરનો કચરો, માટી, પથ્થર દૂર કરીએ એટલે પાણી આપોઆપ ભરાય છે. એ જ રીતે આનંદ આપણા સર્વની અંદર છે જ. આનંદ એટલે પરમાત્મા શ્રીકૃષ્ણ. 'સર્વસ્ય ચાહં હૃદિસંનિવિષ્ટઃ' ભગવાન કહે છે કે સર્વના હૃદયમાં હું છું જ. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અહંકાર જેવા તેના પ્રાગટ્ય આડે આવતા અંતરાયો આપણે બહાર કાઢી નાંખીશું એટલે આનંદની સરવાણી ફૂટી નીકળશે. એક વખત આ આનંદની સરવાણી ફૂટી નીકળે પછી તે સૂકાતી નથી.

આ શ્લોકનું બીજુ ચરણ વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરતા 'વિશ્વોત્પત્યાદિહેતવે' એવા પરમાત્માનું સામર્થ્ય નિરૂપે છે. 'વિશ્વોત્પત્યાદિહેતવે'નો પદચ્છેદ બે રીતે થઈ શકે.

(1) વિશ્વ + ઉત્પત્યાદિહેતવે વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરતા કરનારા, અર્થાત્ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. વિશ્વની ઉત્પત્તિ કોણે કરી? વિશ્વને સાચવે છે કોણ? વિશ્વનો લય કોણ કરે છે? સચ્ચિદાનંદ બ્રહ્મની ત્રણ પ્રવૃતિને લગતાં ત્રણ નામ એટલે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. આપણે પણ આ ત્રણે



આનંદને સુખ સાથે સરખાવશો નહીં. સુખ અને દુઃખથી પર એવી કક્ષા તે આનંદની કક્ષા. એ આનંદ એટલે દૃશ્યાત્મક સ્વરૂપ, નામાત્મક સ્વરૂપ અને અનુભવાત્મક સ્વરૂપ

પ્રવૃતિઓ સતત કર્યા કરીએ છીએ. પરંતુ આપણામાં અને પરમાત્મામાં ફરક છે; કારણ કે પ્રભુ શ્રમ વગર સર્જન કરે છે, આસક્તિ વગર પાલન કરે છે અને દ્વેષ વગર લય કરે છે.

કોઈએ પ્રશ્ન કર્યો. અવતારો બધા વિષ્ણુના જ કેમ? બીજા ભગવાનોના કેમ નહીં? વિષ્ણુનું કાર્ય છે, પૃથ્વીને સંભાળવાનું, તેના સંચાલનનું. આથી, તેઓએ વારંવાર આવવું પડે. બ્રહ્માજીએ તો પોતાનું સૃષ્ટિ સર્જન કરવાનું કાર્ય પૂર્ણ કર્યું. હવે એની સંભાળ લેવાની જવાબદારી વિષ્ણુ ભગવાનની છે. શક્તિ એક જ છે. બ્રહ્મા વિષ્ણુ અને મહેશ જુદા નથી.

(૨) વિશ્વોત્પત્તિ + આદિહેતવે વિશ્વની ઉત્પત્તિના આદિ હેતુ. વિશ્વની ઉત્પત્તિ કઈ રીતે થઈ? કોઈ મનુષ્યને પૂછીએ કે તારો જન્મ ક્યાંથી થયો એમ પૂછતાં જે જવાબ મળે તેમાં પેઢીનો ક્યાંક તો અંત આવતો હશે ને? જેને પ્રશ્ન પૂછી ન શકાય કે તારો જન્મ કઈ રીતે થયો એ પરમાત્મા છે. આ એનું સામર્થ્ય છે. અધ્યાતમાં કેટલાક પ્રશ્નો એવા છે જે પૂછી જ ન શકાય.

બૃહદારણ્યક ઉપનિષદ (૩/૬/૧)માં ઋષિ યાજ્ઞવલ્ક્ય અને વિદુષી ગાર્ગી વચ્ચેના સંવાદ દરમિયાન યાજ્ઞવલ્ક્યે કહેવું પડે છે કે 'મા અતિપ્રાક્ષીઃ। બહુ પ્રશ્નો નહીં પૂછ.' ક્યારેક અતિ પ્રશ્નો પૂછવાથી પણ પ્રગતિ અટકી જાય છે. જે કંઈ જ્ઞાન મળે તે જીવનમાં ઉતારો અને પછી આગળ વધો. ઉદાહરણ તરીકે કોઈને બહુ તરસ લાગી હોય તો તેણ એવું શું કરવું જોઈએ? તરત પાણી પી લેવું જોઈએ. તે વખતે - પાણી એટલે શું? તેનાથી તરસ કઈ રીતે છીપાય? તરસ છીપાવવાનો કયો ગુણધર્મ તેનામાં છે? આવા પ્રશ્નો અપ્રસ્તુત છે. તરસ લાગી છે તો ડાહ્યો માણસ નળ પાસે જઈ પાણી પી લેશે. આ માટે વિવેકની જરૂર છે અને આવો વિવેક ભગવાન અને સાચા ગુરુની કૃપાથી જ પ્રાપ્ત થઈ શકે છે.



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

આપણે પણ સંસ્કારોનું સંવર્ધન કરી, સુખ-શાંતિની સૃષ્ટિનું સર્જન કરવું પડશે

જગતના કોલાહલને અવગણશો તો જ્યાં જવું છે ત્યાં પહોંચી શકશો


'Life is not about earning or yearning, but more about learning.' એટલે કે 'જીવન માત્ર કંઈ કમાવા માટે નથી કે માત્ર કામનાઓ પૂર્ણ કરવા માટે નથી, પરંતુ કંઈક પામવા માટે, કંઈક શીખવા માટે છે.'

આ અંગે ચાઈનીઝ સંસ્કૃતિમાં વાત આવે છે. એક ચક્રવર્તી સમ્રાટ હતા. તેમને ત્રણ દીકરા હતા. તેના મનમાં દ્વિધા થઈ કે મારા પછી આ રાજ્ય-સામ્રાજ્ય કોણ સંભાળશે? એક દિવસ નક્કી કરીને ત્રણેય દીકરાઓને બોલાવ્યા. ત્રણેયને એક નાનકડી પેટી આપી. એ નકશીકામવાળી હતી. ત્રણેયને કહ્યું, 'હું તમને ત્રણેયને 10 વર્ષ માટે ત્રણ નાની પેટી આપી રહ્યો છું. હું બહારગામ જાઉં છું માટે તમે તમારી પેટી 10 વર્ષ માટે સાચવજો અને 10 વર્ષ પછી તે પરત આપજો.'

10 વર્ષ પછી તે પરત આવે છે. સમ્રાટ પરત આવ્યા અને મોટા દીકરાને પૂછ્યું, 'બેટા! મેં તને પેટી આપી હતી, તે ક્યાં છે?' મોટા દીકરાએ જવાબ આપ્યો, 'પિતાજી! તેને મેં મારા હૃદયની જેમ સાચવી છે. તેને એક વિશેષ કક્ષમાં ચારે બાજું સૈનિકોથી સુરક્ષિત રાખી છે.' સમ્રાટે તે પેટીને ખોલી, 10 વર્ષ પછી જે બિયારણ આપ્યાં હતાં તે એમને એમ પરત આપ્યાં. એટલે કે જે હતું તેને સાચવ્યું. જતન કર્યું! જેમ છે એમ રાખ્યું.

બીજા દીકરાને પણ એ જ પ્રશ્ન કર્યો ત્યારે બીજા દીકરાએ જણાવ્યું, 'તમે મને જે પેટી આપી હતી, તે મેં ખોલી અને જોયું તો તેમાં બિયારણ હતાં. એટલે તે 10 વર્ષ સુધી સચવાઈ રહે તે માટે તેને હું દર વર્ષે બદલતો ગયો અને અત્યારે તમારી પાસે જે બિયારણ દેખાય છે, તે એકદમ નવાં છે અને ઉપયોગમાં આવી શકે, તેવાં છે.' એટલે કે તેણે જૂનાનું નવું કર્યું. પરિવર્તન કર્યું!

ત્રીજા દીકરાને પણ એ જ પ્રશ્ન કર્યો ત્યારે ત્રીજા દીકરાએ જણાવ્યું, 'તમે જે નાનકડી પેટી આપી હતી, તેમાંથી સામે તમને જે વન દેખાય છે એ એ જ છે. તમે જે બિયારણ આપ્યાં હતાં, તેનું રોપણ કર્યું, તેમાંથી એક મોટું જંગલ ઊભું થઈ ગયું છે.' એટલે કે ત્રીજા દીકરાએ આ પેટીનું સંવર્ધન કર્યું! સમ્રાટે રાજી થઈને ત્રીજા દીકરાને સમગ્ર રાજ્ય સોંપી દીધું.



ભલે સંવર્ધન કરવું એ શ્રેષ્ઠ છે, પણ જીવનમાં અમુક બાબતનું જતન કરવું પડે, અમુક પરિવર્તન લાવવું પડે અને અમુકનું સંવર્ધન કરવું પડે. આ પ્રસંગ બધાને શીખવે છે કે લાગણીઓનું સતત જતન કરો. માતા-પિતા, વડીલો, મિત્રો, અને સંતો સાથેના સંબંધોને સાચવજો, તેનું જતન કરજો. તેમાં લેશમાત્ર ફેરફાર ન થવા દેતા. જ્યારે બીજા દીકરાની જેમ તમારી પાસે જે જ્ઞાન છે, તેનું સમય સાથે પરિવર્તન કરજો. અપગ્રેડ કરજો અને એ જ જૂનાનું નવું કરજો. જે લોકો જ્ઞાનનું પરિવર્તન સમયની સાથે ન કરે, તે 'Out-of-date' થઈ જાય છે. એટલે કે જ્ઞાનનું પરિવર્તન કરો. સમયની સાથે તમારી જાતને 'Up-to-date' રાખો. જ્યારે ત્રીજા દીકરાએ જે રીતે બિયારણનું સંવર્ધન કર્યું અને નાની પેટીમાંથી જંગલનો વિશાળ પ્રદેશ ખડો કર્યો એ જ રીતે આપણે પણ સંસ્કારોનું સંવર્ધન કરી, સુખ-શાંતિની સૃષ્ટિનું સર્જન કરવું પડશે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં જોઈએ તો સ્વામીશ્રીએ ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલા સનાતન સિદ્ધાંતોનું જતન કરી, તેમાં લેશમાત્ર ફેરફાર કર્યા વગર, સતત પરિવર્તનશીલ સમાજને ધ્યાનમાં રાખી, ધર્મને ગતિશીલ બનાવી, માનવમૂલ્યોનાં બી કેવળ હિંદુ ધર્મમાં કે માત્ર ભારતમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વની માનવજાતમાં ખૂણે-ખૂણે વાવી દીધા છે.

જીવનમાં આપણે કંઈક શીખવું હોય તો પ્રથમ બહેરા બનવું પડે. Be Deaf. આ માટે પૂર્વ રાષ્ટ્રપતિ અને સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક એવા ડૉ. કલામ એક દૃષ્ટાંત આપતા કે તમારે બહેરા બનવું પડે. એક જગ્યા હતી, જ્યાં એક હજાર ઉંદર રહેતા હતા. તે જગ્યા એક બિલ્ડરે ખરીદી. બિલ્ડરે આ સ્થળે 50 માળની ઊંચી ઇમારતનું નિર્માણ શરૂ કર્યું. માળ ઉપર માળ ખડકાતા ગયા અને ઉંદરો આશ્ચર્ય પામતા ગયા. અંદરોઅંદર વાતો કરવા લાગ્યા કે જો અહીં નીચેથી આ બિલ્ડિંગ આવું દેખાય છે તો છેક ઉપર જઈએ ત્યારે તે કેવું દેખાતું હશે? આ ચર્ચા સાંભળીને 100 ઉંદરોને શૂરાતન ચઢ્યું કે આપણે છેક ઉપર જવું, પરંતુ થયું એવું કે જેવા એક-બે માળે પહોંચ્યા, તેમાં 60 ઉંદરોએ નબળું વિચાર્યું કે આટલે માંડમાંડ પહોંચ્યા. થાકી ગયા. ચક્કર આવવા લાગ્યા. મનથી ઢીલા પડી ગયા. સાથોસાથ નીચેથી પણ કોલાહલ થયો... 'ઉપર જવામાં શું દાટ્યું છે, આપણે ઉપર જઈને શું કરીશું? કેમ કે આપણે તો રહેવાનું તો ભૂમિની અંદર જ છે ને! આપણી પેઢીઓમાં કોઈ ઉપર ગયું નથી, માટે પાછા આવી જાઓ. નહીંતર પડશો તો મરશો...' આમ નીચે થતો કોલાહલ અને ઉપર જતા નહીં, પાછા આવી જાવ... વગેરે વાતો સાંભળીને બધા જ ઉંદરો જે માંડ માંડ 10માં માળે પહોંચ્યા હતા, તે પણ નીચે ઊતરી ગયા. એકમાત્ર ઉંદર હતો, જે 50માં માળે પહોંચ્યો અને નીચે ઊતરીને આવી ગયો! આ સ્થિતિ સર્જાઈ ત્યારે બાકીના જે હજાર ઉંદરો હતા તેઓએ, આ ઉપર 50માં માળે જઈ આવેલા ઉંદરનું સન્માન કર્યું કે તમે કેવી રીતે ઉપર પહોંચ્યા! ત્યારે સૌને ખબર પડી કે તે ઉંદર તો બહેરો હતો. તેને બહારની એક પણ બૂમ સંભળાઈ નહોતી કે તેની અસર થઈ નહોતી. આમ, આ દુનિયાનો કોલાહલ સાંભળવાનો બંધ કરશો તો તમારે જ્યાં જવું છે ત્યાં તમે પહોંચી શકશો.

ભગવાન અને સંતની સભામાં બેઠા હોવ ત્યારે દુન્યવી વાતો સાંભળવાનું બંધ કરી દો અને મનથી તમે તૈયાર થઈ જાવ. દુનિયાની અંદર સવળી વાત કરનારા ખૂબ જ જૂજ મળશે. સાચી પ્રેરણા આપનારા ઝાઝા નથી. જો તમે બહારની દુનિયાનો કોલાહલ સાંભળવાનો બંધ કરશો તો અંતરનો એક અવાજ સંભળાશે. ભગવાન અને સંતનો અવાજ સંભળાશે અને તમારે જ્યાં જવું હશે ત્યાં તમને પહોંચવાની પ્રેરણા મળશે.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

જેનામાં વાત્સલ્યભાવ હોય છે એમને જ્ઞાન સાથે કોઈ લેવાદેવા હોતું નથી



સુખમાં છકવું ન હોય તો જીવનમાં સાક્ષીભાવ કેળવો

સ્થિતપ્રજ્ઞતા એટલે સાક્ષી ભાવ. આપણે આવી સ્થિતપ્રજ્ઞતા કે સાક્ષી ભાવ કેળવ્યો છે ખરો? આપણાથી ગરમી સહન નથી થતી. પંખો ચલાવો, પરસેવો થાય છે. આપણે પણ સ્વયં સાક્ષીભાવ કેળવવાનો છે. જેનાથી સુખમાં છકી ન જવાય અને દુઃખમાં ઉદ્વિગ્ન-ઉદાસ નહીં થવાય.

એવું કહેવાયું છે કે, 'યોગો નષ્ટઃ પરંતપ.' શ્રીકૃષ્ણ કહી રહ્યા છે, 'હે અર્જુન આજે એ યોગને હું તારા માધ્યમથી ફરીથી પ્રગટ કરી રહ્યો છું, કારણ કે તું મારો ભક્ત છે, મારો મિત્ર છે. એટલા માટે આ ઉત્તમ રહસ્ય હું તને કહી રહ્યો છું. શ્રીકૃષ્ણ એ રહસ્ય સમજાવવા માટે મિત્રને – સખાને પસંદ કર્યા. જેમ ભક્તિમાં વાત્સલ્ય ભાવ હોય છે, દાસ્યભાવ હોય છે, શાંત ભાવ હોય છે એ જ પ્રમાણે ભક્તિમાં એક ભાવ હોય છે, સખ્ય. તું મારો સખા છે અને તું મિત્ર છે માટે હું તને કહી રહ્યો છું.

હવે જુઓ! જેનામાં વાત્સલ્યભાવ હોય છે એમને જ્ઞાનની સાથે લેવાદેવા હોતું નથી. બસ, આપણે એટલું જ જાણીએ છીએ કે એ મારો છે. જશોદા માને શ્રીકૃષ્ણના વિરાટ અસ્તિત્વ સાથે લેવાદેવા નથી. એમને તો એવા જ ભાવ થાય છે કે આ મારો લાલો છે. તો નંદ અને યશોદાને જ્ઞાન સાથે શું લેવા દેવા? એ તો જાણવાની જિજ્ઞાસા પણ કરતાં નથી.

જ્યારે શ્રીકૃષ્ણ લીલા દરમિયાન યશોદાજીએ લાલાના મુખમાં બ્રહ્માંડને જોઈ લીધું ત્યારે યશોદા કહેશે, 'આમા લાલાનો દોષ નથી મારી આંખોનો દોષ છે મને એવું લાગે છે કે આ ખરાબી મારી આંખોની છે.' એ તો પોતાના લાલાને બાળક જ માને છે એમને ભગવાન માનતા નથી.

તો જેનામાં વાત્સલ્યભાવ હોય છે એમને જ્ઞાન સાથે કોઈ લેવાદેવા હોતું નથી. જેમનો શાંત ભાવ હોય છે એ પણ કોઈ જિજ્ઞાસા કરતા નથી. કારણકે એમણે પરમતત્ત્વને જાણી લીધું છે. અને એ અનુભૂતિમાં જે નિત્ય છે, પરમ સત્ય છે, એ ઈશ્વરના રૂપે જોઈને એના અનુભવમાં સદા મગ્ન રહે છે. જેનો શૃંગાર ભાવ છે તેમને પણ જ્ઞાન સાથે કંઈ લેવા દેવા નથી. બસ એ તો પ્રેમમાં, રાસમાં, પોતાના આનંદમાં મગ્ન હોય છે. ગોપીઓ નિત્ય આનંદમાં મગ્ન છે અને એક જ ભાવ ગોપીયોના મનમાં ઘુંટાયા કરે છે કે શ્રીકૃષ્ણ અમારો માલિક છે. અમે એમના સેવક છીએ.

આકાશ સમું અસીમ વ્યક્તિત્વ

'પરંતુ જેમનામાં સખાભાવ હોય એમનામાં જિજ્ઞાસા હોય છે, જાણવાની ઇચ્છા હોય છે, એ મુક્ત ચર્ચા પણ કરે છે કારણકે સખ્ય ભાવ છે તેથી નિઃસંકોચ ચર્ચા કરે છે.' તું મારો મિત્ર છે. હું જોઈ રહ્યો છું કે તું કંઈક જિજ્ઞાસા કરી રહ્યો છે. હું નિઃસંકોચપણે તું જે મારી સમક્ષ તારા સંશયો મૂકી રહ્યો છે એને જોઈ રહ્યો છું, તું મારો ભક્ત છે, તું મારો સખા છે અને આમ કરીને આ જે ઉતમ રહસ્ય છે તેને હું તારી સમક્ષ પ્રગટ કરી રહ્યો છું. તારા માધ્યમથી દુનિયા સમક્ષ પ્રગટ કરી રહ્યો છું. શ્રીકૃષ્ણની આ ભાષા અને આ વાતો અર્જુનને સારી તો લાગે છે, પણ સાથોસાથ એના મનમાં સંશય પણ થવા લાગે છે કે, આ શું કહે છે? આ આવું કેમ કહે છે? કે આ યોગ મેં સૌથી પહેલાં સૂર્યને કહ્યો અને અર્જુન વચમાં જ બોલી ઉઠ્યો.

હું અને તમે તો હમણાંના છીએ, સૂર્ય તો બહુ પહેલાંનો છે. હું એ કેવી રીતે જાણું કે તમે સૂર્યને કહેવા ગયા હતા? મને આ વાત બુદ્ધિગમ્ય લાગતી નથી. શ્રીકૃષ્ણે ત્રીજા અધ્યાયમાં ત્રણ જગ્યાએ ઈશારો કર્યો હતો અને પોતાની ભગવતાનો પરિચય આપ્યો હતો. પણ અર્જુન એમની ભગવદ્તાનો અનુભવ કરી શક્યા નહોતો. એ તો સામે ઊભેલા સખાને જોઈ રહ્યા છે.

દ્વારકાધીશને જોઈને અર્જુન તો વિચારે છે કે આ તો મારો પરમ મિત્ર છે, મારો પરમ રક્ષક પણ છે, પણ એ ઈશ્વર છે એવો અનુભવ અર્જુનના મનમાં આવ્યો નહોતો. પરંતુ શ્રીકૃષ્ણ સ્પષ્ટરૂપે પોતાની ભગવતતાનો ઈશારો કરી રહ્યા છે.

ભગવાન કહે છે કે આ યોગ મેં સૌથી પહેલાં સૂર્યને કહ્યો હતો. હવે તું સમજી લે કે હું શું કહેવા માગું છું. મારો ઈશારો શેના પર છે? પણ અર્જુનના મનમાં સંશય થયો ત્યારે એ સંશયને તેણે મનમાં ને મનમાં સંતાડીને રાખ્યો. એ સંશય એણે પોતાના અંતરંગ સંખા પ્રિયતમ શ્રીકૃષ્ણની સામે પ્રગટ કરી દીધો. ભગવાન પોતે પણ અર્જુન દ્વારા આ પ્રશ્નની અપેક્ષા રાખતા હતા અને જેવી આશા હતી. તે પ્રશ્ન અર્જુન તરફથી આવ્યો તેનું તાત્પર્ય એ કે જ્યાં આત્મીયતા હોય ત્યાં પછી છુપાવવાની વાત કેવી? તરત પ્રગટ કરી દીધો. જેવો અર્જુન દ્વારા અપેક્ષા પ્રમાણે જ પ્રશ્ન આવ્યો કે તરત શ્રીકૃષ્ણ ફરીથી ખીલી ઊઠ્યાં અને એમાંથી શ્રીમદ્ ભગવદ્ ગીતાનું અવતરણ થયું.

ભગવાન શ્રીકૃષ્ણનું સમગ્ર જીવન તેમની બાળપણની લીલાઓથી માંડીને ગીતાના ગાન સુધી અને ભાલકા તીર્થમાં યાદવોની યાદવાસ્થળી સમયે શાંત અને સ્થિતપ્રજ્ઞ ભાવે મહાપ્રયાણ કરવાની ક્ષણો સુધી વિરાટ બની રહ્યું. આવો સાક્ષીભાવ, સ્થિતપ્રજ્ઞતા કેળવીશું તો જીવનમાં સુખ-દુઃખથી પર થવામાં મદદ મળી રહેશે.



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

પ્રગતિ કરવી હોય તો સદાય પૂર્વગ્રહથી મુક્ત રહેવું. મન સ્વચ્છ રાખવું

ડૉ. કલામ ભોજન કરવા જતા હતા ત્યાં બાળકીએ તેમને સવાલ કર્યો...

આપણી સ્થિતિ આજે એવી થઈ ગઈ છે કે આપણે 'Elsewhere Generation' બની રહ્યા છીએ. એવી પેઢી પ્રગટ થઈ છે કે આપણી સતત 'હાજરીમાં ગેરહાજરી' અનુભવાય છે. જ્યાં છીએ ત્યાં રહી શકતા નથી, જ્યાં હોઈએ ત્યાં રહેવું ગમતું નથી અને જે કાર્ય કરીએ છીએ તે કરવું ગમતું નથી. સતત બીજું કરવું, બીજે હોવું અને બીજું બનવાની ધૂનમાં રહીએ છીએ. માણસ ઓફિસથી ઘરે જાય અને ઇન્ટરનેટ ચાલુ કરે એટલે જગતનો બની જાય છે. તે ઘરમાં હોવા છતાં ઘરમાં નથી. તેમ નિશાળના વર્ગમાં વિદ્યાર્થી વોટ્સએપ ચાલું કરે એટલે વિદ્યાર્થી વર્ગનો મટી દુનિયાનો બની જાય છે. હાજરીમાં ગેરહાજરી. ઓફિસમાં પિકનિકનું પ્લાનિંગ કરે અને પિકનિકમાં ઓફિસના પ્રશ્નો પતાવે. સતત Elsewhere રહેતો માનવ ભૂતકાળનાં દુઃખ ભૂલી શકતો નથી, ભવિષ્યનાં સુખ જોઈ શકતો નથી અને વર્તમાનમાં રહી શકતો નથી.



આવી સ્થિતિમાં તમે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું જીવન જુઓ તો તમને એવું લાગશે કે જેને-જેને તેઓ મળે તેને એમ લાગે છે કે તેઓ મારા માટે જ અહીં આવ્યા છે. સ્વામીશ્રી સંપૂર્ણ તે વ્યક્તિના બની જાય છે. માટે આપણે આપણી દરેક ક્ષણમાં સંપૂર્ણ ઓત-પ્રોત થઈશું તો શાંતિ સર્જાશે.

આપણે જીવનમાં પ્રગતિ માટે ત્રણ શરત અપનાવવાની છે. પ્રથમ છે, Be Deaf! કાનથી બહેરા બનો. એટલે કે દુનિયાનો કોઈપણ કોલાહલ તમારા લક્ષ્ય સુધી પહોંચવામાં નડવો ન જોઈએ. જો તમે એવા બહેરા બની જશો તો તમારી અંદર અંતરનો અવાજ પેદા થશે. તમારે જ્યાં જવું હશે ત્યાં પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી પહોંચી જશો.

બીજી શરત છે, Be Here! જ્યાં છો ત્યાં રહો. એટલે કે આજની ભાષામાં કહું તો વક્તા એક મિનિટમાં 125 શબ્દો બોલી શકે છે અને શ્રોતાનું મગજ એક મિનિટમાં 525 શબ્દો ગ્રહણ કરી શકે છે. એટલે કે વક્તા અને શ્રોતાની વચ્ચે 400 શબ્દોનો 'ગેપ' પડે છે. તેથી તે સમયે શ્રોતા મનથી બીજે પહોંચી જતો હોય છે. આમા વક્તાનો વાંક નથી, શ્રોતાનો વાંક નથી અને વાતાવરણનો વાંક નથી. ફક્ત મગજની ઝડપ ઝાઝી છે, તેથી મન ઝાઝાં ફાંફાં મારે છે. માટે કોઈપણ કથા સાંભળવામાં, વાર્તાલાપમાં કે નાનામાં નાની વાતચીતમાં મનથી સંપૂર્ણ રીતે હાજર રહેજો.

તમે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું જીવન જુઓ. તેમને મળનારી દરેક વ્યક્તિને એવી અનુભૂતિ થાય છે કે તેઓ મને જ મળવા આવ્યા છે. રાષ્ટ્રપતિ ઝૈલસિંઘને મળે તો તેમને એમ લાગે કે મારા માટે જ તેઓ અહીં આવ્યા છે, અને ત્યાંના લિફ્ટમેનને લાગે કે તેઓ મારા માટે જ રાષ્ટ્રપતિ ભવનમાં પધાર્યા છે. બધા જ સંતો અને સત્સંગીઓને એવું લાગે કે સત્પુરુષ મારા માટે જ પૃથ્વી ઉપર આવ્યા છે. એ જ રીતે ત્રીજી શરત છે - Be Clear! દુનિયામાં કોઈપણ કાર્ય કરવું હોય અથવા તેને પાર પાડવું હોય તો એક મહત્ત્વની વાત તમારે અપનાવવા જેવી છે - સાફ અને પારદર્શક બનો. પૂર્વગ્રહથી મુક્ત બનો.

ઘણીવાર આપણે સાંભળ્યું છે કે કોઈ ગ્રહ માણસને નડતો નથી, પરંતુ દુરાગ્રહ અને પૂર્વગ્રહ જ નડે છે. માટે પ્રગતિ કરવી હોય તો સદાય પૂર્વગ્રહથી મુક્ત રહેવું. મન સ્વચ્છ રાખવું. કોઈના પ્રત્યે કોઈપણ પ્રકારનાં દુઃખ, ડંખ અને નકારાત્મકતાનો ત્યાગ કરીને, તમે જે-તે કાર્ય માટે પ્રયુક્ત થજો. જ્યારે પણ તમને કોઈ શંકા થાય ત્યારે તમે સ્વયંને જ પ્રશ્ન પૂછજો. સ્વચ્છ મનની અગત્યતા કેટલી છે? તમે એક ખાલી કપમાં ચા રેડવા જાવ અને તે કપમાં એક નાનો કાળો કચરો ચોંટેલો જુઓ તો તેમાં ચા રેડશો? કદાચ ચા તેમાં રેડો તો તે કચરો તરતો-તરતો ઉપર આવે પછી તે કચરાવાળી ચા તમે પીશો? કે બીજાને પાશો? તમે ચા નહીં રેડો, નહીં પીઓ કે નહીં પાઓ. એ જ રીતે શરીરમાં, મનમાં એક સામાન્ય કચરો-મેલ હશે તો ભગવાન તમને આશીર્વાદ આપશે નહીં, તેઓ તો મોટું મન રાખીને આશીર્વાદ આપી પણ દે તો ચામાં પડેલા કચરાની જેમ તમને તે આશીર્વાદ ખપમાં લાગશે પણ નહીં. મનને સાફ અને શાંત કરવા માટે એક બીજી વાત છે - જરૂરી અને યોગ્ય પ્રશ્ન પૂછવા. આપણી કુટેવ છે, આપણા પ્રશ્નો બુદ્ધિનું પ્રદર્શન કરવા માટે હોય છે, પણ જ્ઞાનના સંવર્ધન માટે નહીં. શુદ્ધ અને સાચા પ્રશ્નથી વ્યક્તિનો વિકાસ થાય છે.

આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. કલામનો એક પ્રસંગ છે. તેઓનું દેહાવસાન થયું તેના એક મહિના પૂર્વે જ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને મળવા આવ્યા ત્યારનો છે. તા. 20 જૂન, 2015ના રોજ ડૉ. કલામ, પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં હસ્તકમળની અંદર 'Transcendence (પરાત્પર)' પુસ્તક ભેટ આપવા માટે આવ્યા હતા, અમદાવાદમાં તેની આગલી રાત્રિની ઘટના છે. રાત્રે 12.30 વાગ્યાનો સમય થયો હતો. હજું તો ભોજન કરવાનું પણ બાકી હતું. તે ભોજન કરવા જતાં હતા ત્યારે એક નાની બાળકીએ સલામતી ઘેરાની આરપાર જઈને ડૉ. કલામને પૂછ્યું, 'હું કેવી રીતે દુનિયાની શ્રેષ્ઠ વૈજ્ઞાનિક બની શકું?'

આ જ પ્રશ્ન, આવા સમયે કદાચ, તમારું જ સંતાન તમને કરે તો? જો પ્રેમાળ માતા-પિતા હોય તો કહે, 'બેટા! કાલે સવારે તને જવાબ આપીશું. અત્યારે જમી લઈએ.' પરંતુ આ તો મહાન વૈજ્ઞાનિક અને રાષ્ટ્રપતિ ડૉ. કલામ હતા. તેમણે રાત્રે 12.30 વાગ્યે ભોજન કરવા જતાં પૂર્વે શાંતિથી તે બાળકીને સાંભળીને તેને ઉત્તર આપતાં કહ્યું, 'બેટા! તેં અત્યારે શું કર્યું?' તેણે કહ્યું, 'મેં પ્રશ્ન પૂછ્યો.' ડૉ. કલામ કહે, 'આમ તું સતત પ્રશ્ન પૂછતી રહેજે, પૂછતી જ રહેજે. જ્યાં સુધી તને યથાર્થ ઉત્તર ન મળે ત્યાં સુધી! તો તું એક દિવસ મહાન વૈજ્ઞાનિક બની શકીશ.'

આમ, કોઈપણ વ્યક્તિ સાચા અને યોગ્ય પ્રશ્નો કરે તો તે ચોક્કસ સફળ બને છે.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ભક્તિ પ્રધાન ગ્રંથ કહેવા માટે વક્તા સંત અને શ્રોતા સમર્પિત હોય એ જરૂરી છે

કથા શ્રવણ એ તો ભગવાન શ્રીકૃષ્ણને પામવાની યાત્રા છે

કથા શ્રવણ એ તો ભગવાન શ્રીકૃષ્ણને પામવાની યાત્રા છે. આપણું ગંતવ્ય, પરમાત્મા સુધી પહોંચવાનું છે. જો ત્યાં સુધી પહોંચી નહીં શકીએ, લક્ષ્ય સુધી પહોંચી નહીં શકીએ તો કેવળ હલેસા માર્યા કરીશું અને જ્યાં હતા ત્યાંને ત્યાં રહીશું.

એવું કહેવાય છે કે, નિમેષ માત્રમાં પે'લું મનોમય ચક્ર આવે, તેના આરા ખંડિત થાય. રામ ચરિત માનસમાં માનસ સરોવરની યાત્રા કરતા તુલસીજીએ જે કઠિનાઈઓ બતાવી છે એમાં ઘરની જંજાળને માર્ગમાં આવતા પર્વતો કહ્યાં છે. એ માર્ગમાં બધા પર્વતો આવે. એ બધી જંજાળ છોડી મનોમય ચક્રના આરા ખંડિત થઈ જાય, મન શાંત થઈ જાય તો નૈમિષારણ્ય...

નૈમિષારણ્ય ભૂમિ નથી એ ભૂમિકા છે. એ નૈમિષારણ્યની ભૂમિકા આપણે આપણામાં ઊભી કરવાની છે. આ નૈમિષારણ્યની ભૂમિકાએ જ્યાં સુધી ન પહોંચીએ ત્યાં સુધી ભગવતકથાનો પ્રારંભ ન થાય. એટલે સૌથી પહેલો શબ્દ છે. 'નૈમિષે સૂતમ' વ્યાસાસન પર સૂતપુરાણી બેઠા છે. બ્રાહ્મણ માતા અને ક્ષત્રિય પિતાથી થયેલું સંતાન એનું નામ સૂત. માતા બ્રાહ્મણ, પિતા ક્ષત્રિય. પ્રાચીનકાળના એ સૂતનું નામ છે, રોમહર્ષણ. વેદવ્યાસના શિષ્ય સૂતને ભણાવ્યા છે. પુરાણની કથા કહેવામાં કુશળ એ પુરાણી. તો વ્યાસાસન પર સૂતપુરાણી બેઠા છે. રોમહર્ષણજીને સહુએ નમસ્કાર કર્યા. અઠ્યાસી હજાર ઋષિમુનિઓની સભા મળી. સભા નાની સુની ન હતી. મંડપ નહોતો. નૈમિષારણ્યના જંગલના વૃક્ષોની નીચે બધા એમ ને એમ બેઠા હતા. શ્રોતા અને વક્તાની તાદાત્મ્યતા એવી હતી કે સૌને વક્તાની વાણી સંભળાતી હતી.

ભગવત્ કથામાં આવી એકાગ્રતા સધાય તો નથી સંભળાતું એવો કોઈ પ્રશ્ન નથી રહેતો. નહીં તો આપણાં કાન પાસે સ્પીકર હોય તો પણ ન સંભળાય. ઘણાં કથામાં બે વાર હસે. એકવાર સમજ્યા વગર... કે બધા હસે છે તો કંઈક હસવા જેવું કહ્યું જ હશે ને એટલે હસી લે અને પછી બાજુવાળાનો ગોઠણ દાબી લે કે શું કહ્યું હતું? સમજીને બીજીવાર દાંત કાઢે. બાજુવાળાએ સાંભળ્યું અને તેં કેમ ન સાંભળ્યું? એનું કારણ કે મનથી ત્યારે આપણે એ કથામાં હાજર નહોતા. ધ્યાન બીજે હતું. એકાગ્રતા જોઈએ.

અઠ્યાસી હજાર શૌનકાદિ ઋષિમુનિઓએ સૂત્પુરાણીને નમસ્કાર કરીને પ્રશ્ન કર્યો.

નૈમિષ મહામાતિમ્ આસીનં સૂતમ્ અભિવાદ
કથામૃત રસાસ્વાદ કુશલઃ શૌંકઃ ઈદં અબ્રવીત

વક્તા કેવા છે? મહામતિ છે. મતિ તો બધા પાસે હોય. કોઈ પાસે સુમતિ હોય તો ઘણાં પાસે કુમતિ હોય. જ્યાં કુમતિ છે ત્યાં વિવિધ પ્રકારની વિપત્તિ છે અને જ્યાં સુમતિ હોય ત્યાં વિશુદ્ધ પ્રેમની સંપત્તિ છે, પણ સંતો ઋષિમુનિઓ તો મહામતિ હોય છે.

આ સૂતજી મહામતિ છે. કોઈક મહામતિ હોય તે સુમતિ કરતાં પણ ઊંચુ અને કોઈક મંદમતિ હોય તે કુમતિ કરતાં પણ નીચું. રામાયણમાં મંદમતિ છે, મંથરા. મહામતિ છે વક્તા. વક્તામાં કથા કહેવાની કુશળતા હોવી જોઈએ, તો બીજી તરફ કથા સાંભળવામાં પણ કુશળતા હોવી જોઈએ. નહીં તો આપણે બેઠા હોઈએ ત્રણ કલાક પણ સાંભળી હોય દોઢ જ કલાક! અડધો કલાક થાંભલાનો ટેકો મળી ગયો હોય, આંખો મળી ગઈ હોય, કલાક એક બીજો વિચારવામાં અને વાતચીતમાં જતો રહ્યો હોય. ત્રણ કલાક જો બેઠા તો ત્રણ કલાક બરાબર એક એક શબ્દ સાંભળ્યો ગુમાવ્યા વિના. પછી શ્રવણ પછી પાછું મનન કરે. આમાં મારા જીવનમાં શું ઉતારવા જેવું છે.

શૌનકાદિ અઠયાસી હજાર ઋષિમુનિઓ એમાં શૌનકજી મુખ્ય છે. શ્રોતાઓના અધિપતિ છે. શૌનકજીને ભારતના માન્ય કુલપતિમાં ગણવામા આવ્યા છે.

કુલપતિ એટલે એક તપોવન પદ્ધતિની સંસ્થા જેમાં દસ હજાર કરતાં વધારે શિષ્યો ભણતા હોય. અહીં તો દસ હજાર નહીં, પણ અઠ્યાસી હજાર ઋષિમુનિઓ છે. અહીં તો આ બધા વિદ્યાર્થીઓ કંઈક મેળવવા બેઠા છે.

તેમણે સૂતપુરાણીને કહ્યું - હે સૂત! અજ્ઞાન રૂપી અંધકારનો નાશ કરવા માટે આપ કરોડો સૂર્ય સમાન છો. સદગુરુ અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરે છે.

ગુરુ શબ્દની વ્યાખ્યા જ શાસ્ત્રકારોએ કરી છે. ગુરુ એટલે અજ્ઞાનનો અંધકારનો જે નાશ કરે છે તે ગુરુ કહેવાય છે. એક સૂર્ય હોય તો પણ અંધકાર ન રહે, આપ તો કરોડો સૂર્ય સમાન છો. આ બાબત શ્રોતાઓની વક્તામાં રહેલી પૂર્ણ શ્રદ્ધા અને નિષ્ઠાને સૂચવે છે.

શ્રીમદ ભાગવત અને રામચરિત માનસએ ભક્તિ પ્રદાન ગ્રંથો છે તે કથા કહેવા કે સાંભળવા માટે બહુ વિદ્વતા કે પાંડિત્યની જરૂર નથી. બહુ ભાષા જ્ઞાન હોય એ પણ જરૂરી નથી. ભક્તિ પ્રધાન ગ્રંથ કહેવા માટે એક જ વસ્તુની જરૂર છે, વક્તા સંત હોય અને શ્રોતા સમર્પિત હોય.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

વસુમતીનો અહોભાવ

કૌશામ્બીના શતાનીક રાજાએ ચંપાપુરીને લૂંટી, રાજકુમારી વસુમતીનું અપહરણ કર્યું. કૌશામ્બીમાં તેને વેચવા માટે મૂકી. સજ્જન ધનાવહ શેઠે યોગ્ય મૂલ્ય આપી તેને ખરીદી લીધી અને ઘરમાં પુત્રીની જેમ રાખી. એક દિવસ વસુમતી પિતાતુલ્ય ધનાવહ શેઠના પગ ધોઈ રહી હતી. મૂળા શેઠાણીએ આ દૃશ્ય જોયું અને તેમને થયું, 'આ રૂપવતીના રૂપથી મોહિત થઈ મારો પતિ એની સાથે લગ્ન ના કરી લે! એટલે ગમે તે કરી તેને ઘરમાંથી બહાર કાઢી દઉં.' બીજા દિવસે ધનાવહ શેઠ વ્યાપાર માટે બીજા ગામ ગયા. મૂળા શેઠાણીએ તક જોઈ વસુમતીનું મસ્તક મૂંડાવી, હાથ-પગમાં બેડી પહેરાવીને ભોંયરામાં છુપાવી દીધી. શેઠે ઘરે આવી શેઠાણીને પૂછ્યું, વસુમતી ક્યાં છે? તેણે કહ્યું, મને ખ્યાલ નથી. ત્રણ દિવસ વ્યતીત થઈ ગયા. ચોથા દિવસે પાડોશીના સૂચનથી શેઠને આશંકા ગઇ અને ઘરમાં તપાસ કરી તો ભોંયરામાંથી મૂંડાયેલા મસ્તક સાથે બેડી બાંધેલી, ત્રણ દિવસની ભૂખી વસુમતીને જોઈ. શેઠે વસુમતીને બહાર લાવી અને હાથ પગની બેડી તોડવા લુહારને બોલાવવા ગયા. શેઠ આવે તે પૂર્વે મહાવીર સ્વામી ભગવાન ભિક્ષા માટે દ્વારે આવ્યા. વસુમતીએ 5 મહિના અને 25 દિવસના ઉપવાસથી પ્રભુને અહોભાવથી વહોરાવી દીધા. આમ પ્રભુનું દીર્ઘ તપસ્યાનું પારણું થયું. અહોભાવનાં કારણે વસુમતીની બેડી તૂટી ગઈ અને મસ્તક પર વાળ આવી ગયા.



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

મનુષ્ય જીવનનાં જવાબ શોધવાની ધૂનમાં યોગ્ય પ્રશ્ન પૂછવાનું ભૂલી જાય છે

જો તમે સાચો પ્રશ્ન પૂછશો તો ઈતિહાસ બદલાશે

જીવનમાં કોઈ લક્ષ્ય રાખો ત્યારે તેના માટે જરૂરી છે કે યોગ્ય પ્રશ્ન કરો. જો તમારી પાસે કોઈ લક્ષ્ય હોય તો તમારે માટે એક વાત જે ખૂબ જ મહત્ત્વની છે, તેને ધ્યાનમાં રાખવાની છે. 'Ask the right questions and you will get the right answers.' એટલે કે તમે સાચા પ્રશ્નો પૂછશો તો તમને સાચા ઉત્તર મળશે. 'When you ask the right question then history will change.' – જો તમે સાચો પ્રશ્ન પૂછશો તો ઈતિહાસ બદલાશે.

ગાંધીજી આચાર્ય કૃપલાણીજીને મળ્યા. તેમણે કહ્યું, 'ઈતિહાસ એમ કહે છે કે જ્યારે કોઈ સ્વતંત્રતા જોઈતી હોય તો ક્રાંતિ કરવી પડે અને સત્તાની ઉપર જવું હોય તો લોહી રેડ્યા વગર તે શક્ય બનતું નથી. આખો ઈતિહાસ એવું બોલે છે કે શાંત ક્રાંતિ ક્યારેય શક્ય નથી.' આ સમયે ગાંધીજીએ પ્રશ્ન પૂછ્યો અને કહ્યું, 'History will change – ઈતિહાસ બદલાશે.' મહાત્મા ગાંધીજીના અહિંસક આંદોલનથી 'ઐતિહાસિક શાંત ક્રાંતિ' થઈ અને સમગ્ર વિશ્વે તેની નોંધ લીધી. એ જ રીતે ચાર્લ્સ ડાર્વિન કે જેને ઉત્ક્રાંતિવાદના જનક કહેવાય છે, તેમને બધી જગ્યાએથી જાકારો મળ્યો. શાળામાં ગયો તો શિક્ષકે વિશેષ અભ્યાસની ના પાડી. માતા-પિતાએ પણ તે કંઈક કરશે એવી આશા છોડી દીધી. એટલું જ નહીં, તે ચર્ચમાં પાદરી બનવા માટે ગયો અને ત્યાં પણ નિષ્ફળતા પ્રાપ્ત થઈ. પરંતુ એક મધ્યમ કક્ષાના જીવશાસ્ત્રી તરીકે તેણે કુદરતને પ્રશ્નો પૂછવાના છોડ્યા નહીં. બૌદ્ધિક પ્રશ્નોની પરંપરાના આધારે તેણે અંતે વિશ્વને ઉત્ક્રાંતિવાદનો સિદ્ધાંત આપ્યો. ડાર્વિનનો આ સિદ્ધાંત સાચો છે કે ખોટો તેની ચર્ચા કર્યા વગર એક વાત સ્પષ્ટ સમજાય છે કે પ્રશ્ન પૂછવાથી પ્રગતિ થાય છે. યોગ્ય પ્રશ્નથી ઊર્ધ્વગતિ અને અયોગ્યથી અધોગતિ પમાય છે.

આજે આપણે જે મોબાઈલ ફોન વાપરીએ છીએ તેની શોધ કેવી રીતે થઈ તમને ખબર છે? સાચા પ્રશ્નથી. વાત છે વર્ષ-1973ની. માર્ટિન કૂપર એક સામાન્ય એન્જિનિયર હતા. મોટરોલા કંપનીએ તેને અને તેની ટીમને કાર ફોન ઉપર રિસર્ચ કરવાનું કામ સોંપ્યું. સંશોધન કરતાં તેમણે પોતાની જાતને વારંવાર એક પ્રશ્ન પૂછ્યો કે 'આપણે કોઈ વ્યક્તિને ફોન કરવા, કોઈ સ્થાન પર ફોન કેમ કરવો પડે છે?' જેમ કે, આપણે મગનભાઈને ફોન કરવા તેમના ઘરે, ઓફિસ કે દુકાને શા માટે ફોન કરવો પડે છે? સીધો મગનભાઈને જ ફોન કેમ નથી કરી શકતા? માર્ટિન કૂપરે આ પ્રશ્ન પૂછ્યો અને 10 વર્ષની મહેનત પછી 1983માં મોબાઈલ ફોન આવ્યો. એટલે કે સાચા પ્રશ્નો પૂછો તો તમને યોગ્ય ઉત્તર મળે અને તે તમારામાં જ નહીં, સમષ્ટિમાં પણ પરિવર્તન લાવી શકે છે. ઘણાને તો પ્રશ્ન જ થતા નથી અને થાય તોપણ પૂછતા નથી. મનમાં પ્રશ્ન ન ઊઠે તો કોઈ જ પ્રાપ્તિ થતી નથી. ભગવાન બુદ્ધ યુવરાજ હતા ત્યારે તેમણે ચાર વ્યક્તિને જોઈ અને યોગ્ય પ્રશ્નો પૂછ્યા તો અંતે બુદ્ધ બની ગયા. તેમણે એક બીમાર માણસને જોયો અને પ્રશ્ન કર્યો કે 'આ બીમારી બધાને થાય?' ત્યારે જવાબ મળ્યો કે 'હા.' અને 'રાજાને બીમારી આવે?' તો જવાબ મળ્યો કે 'બમણી ગતિથી આવે.' તેમણે એક વૃદ્ધ વ્યક્તિ જોયો અને પૂછ્યું કે 'આ વૃદ્ધાવસ્થા બધાને આવે?' તો જવાબ મળ્યો કે 'હા.' અને 'રાજાને વૃદ્ધાવસ્થા આવે?' તો જવાબ મળ્યો કે 'ઝડપથી આવે.' તેમણે એક મૃત વ્યક્તિને જોઈ અને પ્રશ્ન કર્યો કે 'બધા મૃત્યુ પામે?' તો જવાબ મળ્યો કે 'હા' અને 'રાજા મૃત્યુ પામે?' તો જવાબ મળ્યો કે



'વહેલા'. પછી એક સંન્યાસીને જોયા અને પ્રશ્ન કર્યો કે 'આ સંન્યાસી એટલે કોણ?' તો જવાબ મળ્યો કે 'દુનિયા તેમને છોડી દે એ પહેલાં, તેઓ દુનિયાને છોડી દે છે.' જવાબ સાંભળી યુવરાજે સંસારનો ત્યાગ કર્યો અને સંન્યાસીમાર્ગ સ્વીકાર્યો.આવી અવસ્થાવાળી વ્યક્તિઓ કે દૃશ્યો કોણે નથી જોયાં? છતાં આપણા અંતરમાં ક્યારેય યોગ્ય પ્રશ્નો ઉદ્ભવતા નથી. તેથી જ આધ્યાત્મિક માર્ગમાં ઊર્ધ્વગતિ થતી નથી.

ભારતની ભવ્ય આધ્યાત્મિક પરંપરામાં યોગ્ય પ્રશ્ન અને યોગ્ય ઉત્તરના સંવાદનું વિશિષ્ટ સ્થાન છે. ઉપનિષદ શું છે? એ ગુરુ અને શિષ્ય વચ્ચેનો સંવાદ. એ જ રીતે શ્રીમદ્ ભગવદ્‌ગીતા - એ ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચેનો સંવાદ છે. એ જ રીતે વચનામૃતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અને વિદ્વાન પરમહંસો વચ્ચેનો સંવાદ છે. આમ, સુયોગ્ય સંવાદથી આપણા દરેક પ્રશ્નનો યોગ્ય જવાબ મળે જ છે, પણ મનુષ્ય જીવનના જવાબ શોધવાની ધૂનમાં યોગ્ય પ્રશ્ન પૂછવાનું ભૂલી જાય છે. જ્યાં સુધી વ્યક્તિ પોતાના પ્રશ્ન બરાબર સમજી શકતો નથી ત્યાં સુધી યથાર્થ જવાબ પામી શકતો નથી. તેનું ઉત્તમ ઉદાહરણ છે, દુનિયાનાં શ્રેષ્ઠતમ વૈજ્ઞાનિકોમાંના એક આલ્બર્ટ આઈન્સ્ટાઈન. તેઓ કહે છે કે 'If I had a problem and my life depended upon it, and I had only an hour to solve it, I will spend the first 55 minutes trying to ask the right questions to understand the problem and the answer will come in the next 5 minutes.' 'જો મારા જીવનમાં એવી આપત્તિ આવે કે જેના ઉપર મારી જિંદગીનો આધાર હોય અને તેનો ઉકેલ લાવવા માટે માત્ર એક જ કલાક હોય તો હું શું કરું?' ત્યારે તેણે કહ્યું કે 'હું પ્રથમ 55 મિનિટ સાચા પ્રશ્નો પૂછી આપત્તિ સમજવા માટે મથીશ અને પછી પાંચ જ મિનિટમાં તેનો ઉકેલ આવી જશે.'

પરંતુ આપણે શું કરીએ છીએ? આપત્તિ સમજ્યા વગર જ ઉકેલ લાવવા દોડધામ કરીએ છીએ. ખરેખરી મહેનત પોતાના પ્રશ્નો યથાર્થપણે સમજવા કરીશું, તો જવાબ તો સહેલાઈથી આપોઆપ મળી જશે.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

સાચા ગુરુ અંધકારથી પ્રકાશ તરફનો માર્ગ બતાવીને ભગવાનની સમીપ લઈ જાય છે

ગુરુકૃપાથી જ્ઞાન, કર્મ અને ભક્તિનો સમન્વય કરશું તો જીવન પવિત્ર બનશે

સચ્ચિદાનંદ ભગવાનના આપણે બધા અંશ છીએ અને તેથી જ આપણી અંદર પણ એ સત્‌થી સંબંધિત ક્રિયા, ચિદ્‌થી સંબંધિત વિચાર અને આનંદથી સંબંધિત ભાવના હોય છે. આ ત્રણેયનો સંબંધ સચ્ચિદાનંદ સાથે છે. કર્મનો સંબંધ સત્ સાથે, વિચારનો સંબંધ ચિત્ત સાથે અને ભાવનો સંબંધ આનંદ સાથે છે. શ્રીકૃષ્ણને આપણે સચ્ચિદાનંદ રૂપ કહીએ છીએ.

सच्चिदानन्दरूपाय विश्वोपत्यादि हेतवे,
तापत्रयविनाशाय श्रीकृष्णाय वयं नुमः।

મનના મેલા કપડાંને ધોવા હોય તો જ્ઞાન એ સાબુ છે, ભક્તિ એ પાણી છે અને વૈરાગ્ય એ ધોકો છે. આપણે ત્યાં સંન્યાસીઓ દંડ ધારણ કરે છે. મનના મેલા કપડાંને ધોવા માટે તેને પાણીમાં પલાળવા પડે. પહેલાં એને ભીંજવો પછી સાબુ લગાડો. ભક્તિમાં મન ભીંજાય નહીં ત્યાં સુધી જ્ઞાનનો સાબુ ન લાગે. કોરા કપડાં પર સાબુ લગાડવા જશો તો મેલ નહીં જાય, પરંતુ કપડું ફાટી જશે.

આ દૃષ્ટાંત બહુ સરસ છે આટલું સમજાય જાય ને! મન થોડું ભાવથી ભીંજાયેલું હોય, પ્રેમથી પલળેલું હોય. ભીંજાવાની મજા આવે. વરસાદ વરસે અને મન નાચે. હોળીમાં ભીના રંગોથી રમવાની મજા આવે. 'મન રસ કો ખોજતા હૈ. જહાં ભી ઉસકો રસ મિલે. મન કો લગાના નહીં પડતા મન લગ જાતા હૈ.' એ હોય તો જ માણસ મનથી સાંભળે. પ્રેમથી કહેવાય. પ્રેમપૂર્ણ વાર્તાલાપ મનને ગમે. સદ્‌ગુરુ પ્રેમથી કહે,

'ગુરુના પ્રેમની વાણી અમને યાદ રહી જાશે,
ગુરુની પ્રેમની ભાષા અમને યાદ રહી જાશે.'

ગુરુની આત્મીયતા, ગુરુની શિષ્ય પ્રત્યેની વત્સલતા, શિષ્યના હિતનું ચિંતન અને ચિંતા. એ વાણી એટલી ભીંજાયેલી હોય છે કે મનને ગમે. ગુરુનો ઠપકો હોય એમાં પણ પ્રેમ હોય. ગુરુનો પ્રેમ એટલે પ્રેમનો ધોધ. દુર્જન આપણી પ્રશંસા કરે એના કરતાં કોઈ સંત ક્રોધ કરે તે સારું. એમાં આપણું હિત છુપાયેલું છે.

તો મન પહેલાં એમાં ભીંજાય પછી ભીંજાયેલા મન પર જ્ઞાનનો સાબુ લગાડી ચોળી ચોળીને મનના કપડાંને ધોવાનું એટલે મનન કરવાનું. જ્ઞાનનો સાબુ લગાડી ચિંતન કરો પછી જરાક કર્મનો ધોકો લઈ ધોકાવી નાખો. એને આચરણમાં લાવો. જ્ઞાન-કર્મ અને ભક્તિ એ ત્રણેયનો સમન્વય જીવનમાં થશે તો આપણાં મનનું મેલું કપડું નિર્મળ થશે.

निर्मल मन जन सो मोहि पावा ।

આવા સત્યને સરળ રીતે શ્રીકૃષ્ણે ભગવદ્‌ગીતામાં સમજાવ્યું છે. માટે જ આપણે જ્ઞાન, કર્મ અને ભક્તિનો સમન્વય કરીએ તો જીવન પવિત્ર બનતું જશે. આવું પવિત્ર જીવન અન્ય માટે પણ પ્રેરણારૂપ બની રહેશે.

હવે અજ્ઞાન દૂર કરવાનું કાર્ય, ગુરુનું છે. આપણા સાચા ગુરુ અંધકારથી પ્રકાશ અને અજ્ઞાનથી જ્ઞાન તરફનો માર્ગ બતાવીને ભગવાનની સમીપ લઈ જાય છે. ઘણી વખત મનુષ્યને પોતાના અજ્ઞાનને કારણે એવું લાગતું હોય છે કે ભગવાન કોઈ એકનો પક્ષ લે છે, પરંતુ વાસ્તવમાં, ભગવાન હંમેશાં સત્યની પડખે જ હોય છે. માટે તેઓ કેવળ દૃષ્ટા નથી, પરંતુ ભક્તો માટે કરુણાવત્સલ પણ છે. ભગવાન પોતાના ભક્તની રક્ષા કરવા માટે મોરપીંછ ધારણ કરીને જાણે કહે છે કે ભક્તોના યોગક્ષેમની જવાબદારી મારી છે અને તે માટે સતત કાર્યરત્ પણ છું.

પ્રકાશને કારણે આપણે દૃશ્યો જોઈએ છીએ અને આ દૃશ્યોમાં ખોવાઈ જઈએ છીએ અને પ્રકાશને



ભૂલી જઈએ છીએ, એવું જ પરમાત્મા માટે પણ છે. આપણી બધી ક્રિયાઓ પરબ્રહ્મની ચેતનાની સત્તાને આધારિત છે, પરંતુ આપણે ભૂલી જઈએ છીએ કે સમગ્ર સૃષ્ટિનું સંચાલન કરનારા ભગવાન અકારણ નિરંતર હવા પ્રસરાવે છે અને બદલાની કોઈ આશા વગર બધા પર સમાન રીતે સતત હેત વરસાવે છે.

સજ્જનોની પીડાના નિવારણ માટે નિરાકાર બ્રહ્મ સાકારરૂપ ધારણ કરે છે. આપણે સૂરજ પાસે પ્રકાશ માંગવો પડતો નથી તે આપોઆપ મળે છે. આપણે શ્વાસ લેવા હવા સતત વહ્યા કરે છે. નિર્મળ જળ વરસતું રહે છે. ભગવાની આ બધી કૃપા નિરંતર છે અને આપણે વિસ્મરણથી તેમની હાજરીનું ભૂલી જઈએ તો પણ તેમની કૃપાદૃષ્ટિ સતત આપણા ઉપર હોય છે. જેમ બાળક રમતમાં તન્મય બનીને માતાને ભૂલી જાય, પરંતુ ભૂખ લાગે અથવા કોઈ ઈજા થાય અથવા મારપીટ થાય તો તરત માતા દોડતી આવે છે અને તેની કૃપાદૃષ્ટિ સતત બાળક ઉપર હોય જ છે.

ભગવાન તો કરુણાનિધાન પણ છે એટલે આપણા ચર્મચક્ષુથી લાગે કે તેઓ દુષ્ટોનો સંહાર કરે છે, પરંતુ ખરા અર્થમાં ભક્તોની રક્ષા અને દુષ્ટોને તારે છે. માટે જ તેઓ 'તારણહાર' પણ છે. ભગવાન 'પરમકૃપાળુ' પણ છે અને કોઈજાતના ભેદભાવ વગર બધા ઉપર કૃપા કરે છે, પરંતુ ક્રિયાભેદથી આપણને એવું લાગે છે કે ભક્તોને બચાવે છે અને અસુરોનો નાશ કરે છે, પરંતુ વાસ્તવમાં ભગવાનની લીલા અસુરોના ઉધ્ધાર માટે હોય છે. બકાસુર, અઘાસુર, નાગદમન વગેરે લીલા થકી તેઓનો પણ ઉદ્ધાર કર્યો છે.

આમ, કરુણાનિધાન ભગવાનની સમીપ લઈ જાય તે છે, ગુરુ. તેઓની કૃપાદૃષ્ટિ માટે આપણે સતત પ્રયત્નશીલ રહીએ.



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

પોતાની ક્ષતિ ન હોવા છતાં ક્ષમા માગવી, અન્યની ભૂલ હોવા છતાં ક્ષમા આપવી

ક્ષમા : પારિવારિક પ્રશ્નોની જડીબુટ્ટી

દિનપ્રતિદિન મનુષ્યનું જીવન યંત્રવત્ બની રહ્યું છે. એ થોડી થોડી વાતમાં હતાશ-નિરાશ-મૂડલેસ થઈ જાય છે. દુઃખના વમળોમાં ધકેલાઈ જાય છે. એ પળભર પણ ધીરજ ધરી શકતો નથી, પોતાની મરજી સચવાતી નથી ત્યાં તે ભભૂકી ઊઠે છે. પારકા દોષ દેખી એનો પારો આસમાને ચઢે છે. પરિણામે, સમાજમાં તેની દશા હતપ્રભ જેવી બને છે, સ્વાસ્થ્ય પણ કથળે છે, હાઈ બ્લડપ્રેશર જેવાં રાજરોગ એને કોરી ખાય છે. આ બધી સમસ્યા ઉકેલવા અહીં પ્રસ્તુત છે એક એવું ક્ષમાનું અમોઘ શસ્ત્ર કે જે હાથવગું રાખવાથી સુખ-ચેન ને શાંતિની જિંદગી મળે છે.



ક્ષમા આપવી એ વ્યક્તિમાં રહેલો મોટો સદ્ગુણ છે. ક્ષમા બક્ષવી એટલે કોઈક વ્યક્તિની ગેરવર્તણૂક કે અપકૃત્યને માફ કરી દેવું. તેના ગેરવાજબી વ્યવહાર કે વર્તન તરફ દુર્લક્ષ્ય સેવી તેને દરગુજર કરવું. કોઈક તેના વર્તન કે વાણી દ્વારા ખરેખર નુકસાન પહોંચાડ્યું હોય કે નુકસાન પહોંચાડવામાં મદદ કરી હોય તો એ નુકસાન વેઠીને પણ તેના પ્રત્યે ઉદાર વલણ દાખવવું. ઉદારતા એ ક્ષમાની જનની છે. પોતાના કોઈક ગેરવાજબી વર્તન કે કટુ વાણી બદલ અન્યની ક્ષમા માગવી એ પણ એક ગુણ છે. પોતાની ભૂલ ન હોય અને અન્યની ભૂલને પોતાને માથે લઈ, ક્ષમા માગવી એ અતિ મોટો ગુણ કહેવાય.

ઈશ્વરમાં પૂરી આસ્થા ધરાવતા શહેરના એક ધનિક વ્યક્તિને ઘેર કોઈ લઘરવઘર માણસ આવી અને કરગરવા લાગ્યો કે 'મને અહીં રાતવાસો કરવા દેશો?' તેની આવી કફોડી દશા જોઈને, પણ ધનિકે તેને કોઈ આશરો તો ન આપ્યો, ઉપરથી ઉપદેશ ઝીંક્યો, 'અલ્યા, પ્રભુની પ્રાર્થના કર તો તારું દળદર ફીટે.' 'એનું નામ ના લેશો, એણે તો મારી આવી દશા કરી છે.' પેલો માણસ ક્રોધથી તાડૂક્યો. પ્રભુની આવી નિંદા કરતો સાંભળી આ ધનિકે તેને આકરા શબ્દો કહી કાઢી મૂક્યો. રાત્રે ઘરમંદિરમાં આરતી કર્યા બાદ પ્રભુ સમક્ષ આ ભાઈ કહેવા લાગ્યા, 'પ્રભુ, આજે મેં એક નાસ્તિકને બરાબર શિક્ષા કરી, તેને તગેડી મૂક્યો, એ આપની નિંદા કરતો હતો.' જાણે મૂર્તિમાંથી અવાજ સંભળાયો, 'ભાઈ, તેં આ બહુ ખોટું કર્યું, એ માણસ મને જન્મથી જ ગાળો ભાંડતો આવ્યો છે. મેં તેને આજ સુધી નિભાવ્યો અને હજી ય નિભાવ્યા કરું છું. તું તેને એક રાત પૂરતો પણ ન રાખી શક્યો?' ભગવાન આપણી અગણિત ક્ષતિઓને માફ કરે છે. ઘરની વ્યક્તિઓમાં જો એક ક્ષમાનો સદ્ગુણ વિકસે તો ઘરમાંથી કજિયા-કંકાસ ટળે, શાંતિ પ્રસરે અને ઘર એક સુખસદન બની જાય.

શ્રીહરિલીલામૃતમાં ક્ષમા-ગુણનો કેટલો બધો મહિમા ગાયેલો છે. 'ભલા તણું ભૂષણ તો ક્ષમા છે, કલેશનું કારણ અક્ષમા છે, ક્ષમા ધરે તે સુખિયા સદાય, ક્ષમા વિના પ્રાણી ઘણા પીડાય.' વળી, ક્ષમા જેવો કોઈ જાપ નહીં એમ વર્ણવતાં કહે છે કે, 'ક્ષમાની તુલ્યે નહીં કોઈ જાપ, નિંદાની તુલ્યે નહીં કોઈ પાપ.' આજના આ વિષમકાળમાં કુટુંબનું એકમ હવે તૂટું તૂટું થઈ રહ્યું છે. એક જ કુટુંબની વ્યક્તિઓ વચ્ચે વિસંવાદિતા અને વિરોધનું વાતાવરણ જોવા મળે છે. કુટુંબરથનાં બે મુખ્ય પૈડાં પતિ અને પત્ની વચ્ચે પણ એકરાગ હોતો નથી. સાસુ-વહુ વચ્ચેનો ખટરાગ એ પરાપૂર્વથી ચાલી આવતી દુર્ઘટના છે. પિતા-પુત્ર વચ્ચેનો વિચારભેદ વકરતો વકરતો અબોલામાં પરિણમે છે. એક જ કુટુંબમાં સાથે વસતાં આ સઘળાં પાત્રો જો ક્ષમાનો એક જ ગુણ કેળવવાનો અભ્યાસ કરે તો એનાં અદ્ભુત પરિણામો પ્રાપ્ત થાય છે. પત્નીના કોઈ વર્તન કે કડવા વેણ સામે પતિ થોડી ક્ષમા દાખવે અને પત્ની પતિની જો કોઈ વિચિત્રતાઓ હોય તો તે નિભાવતા શીખે, સાસુ વહુ પ્રત્યે થોડી ઉદારતાથી જુએ અને વહુ પણ સાસુની જૂની રહનસહન અને રૂઢિગતતાને થોડી સહન કરે, પિતા પુત્રના અપરિપક્વ અભિગમને માફ કરી દે અને પિતા એ આખરે કુટુંબના વડા છે એમ સમજી પુત્ર પણ એમના ઘડપણને સહર્ષ સ્વીકારે તો, કુટુંબમાં કલેશ અને ઉદ્વેગને ઠેકાણે પ્રેમ અને ઐક્યના અંકુરો ફૂટી નીકળે. સંપ, સુહૃદભાવ અને એકતાથી ઓપતું કુટુંબ વિશેષે કરીને, કુટુંબમાં ઉછરતા બાળકોના જીવનઘડતરમાં અમૂલ્ય ફાળો આપી શકે. કુટુંબમાં એકરાગ, અન્યોન્ય પ્રત્યે ક્ષમાભાવના હોવી જોઈએ.

પ્રમુખસ્વામી મહારાજે આપેલી 'ઘરસભા'ની એક મહાન સંકલ્પના, જેણે હજારો તૂટતાં નષ્ટપ્રાય થતાં કુટુંબોને સુગંધિત કરી, ઉગારી, સુખનાં સદન બનાવી દીધાં, એ સંકલ્પનાને વધુ ને વધુ ચરિતાર્થ કરવામાં, કુટુંબના સભ્યોની એકમેક પ્રત્યેની ક્ષમાભાવના અત્યંત આવશ્યક સદ્ગુણ બની રહે છે. ક્ષમા બક્ષવામાં, ક્ષમા બક્ષનારની પ્રૌઢતા સાચા સ્વરૂપે પ્રગટે. વડીલપણું એકવેંત ઊંચું જાય અને અંતરે આનંદ છવાઈ જાય. સાસુ વહુને માફ કરે, એમાં સાસુ અને જનેતા વચ્ચેનો ભેદ ભૂંસાઈ જાય. પિતા પુત્રને માફ કરે તો તે બંને વચ્ચે મિત્રતાનું અદ્વૈત રચાય. પતિ, પત્નીને અને પત્ની પતિને માફ કરે ત્યારે જ સાચી સંલગ્નતા કેળવાય. તેમનાં લગ્ન 25 વર્ષ પૂર્વે થયાં હોય, પરંતુ આવી ક્ષમાભાવનાથી, જાણે હજું ગઈ કાલે જ લગ્ન થયાં ન હોય એવો ઉલ્લાસ જળવાય. ક્ષમાનો આ સદ્ગુણ જો અંતરે ધારીએ તો એકમેકની બદબોઈની બદબૂ દૂર થઈ તેને ઠેકાણે પ્રેમનો પરિમલ પ્રસરી રહે. આનંદની લહેરીઓ ઊઠે. અને આમ જો નિરંતર કરવાનું વ્યસન પાડીએ તો આનંદના ઓઘ ઊઠે.

યોગીજી મહારાજ એવા મહાપુરુષ, જેમણે જીવનની પ્રત્યેક પળે સૌને નભાવ્યા, અદકામાં અદકા જનની પણ ક્ષમા માંગી, અન્યના દોષોને દરગુજર કરી ક્ષમા જ બક્ષી, તેઓ શાશ્વત આનંદના ઓઘની અનુભૂતિ કરતાં આપણને પ્રબોધે છે કે 'સહનશક્તિ એ જબરો ગુણ છે. કો'ક શબ્દ આપણને કટાક્ષથી કહે તો સામું ન બોલતાં સહન કરવું. તેમને ક્ષમા ગુણ કહે છે. તે ક્ષમા કરવાથી પોતાના હૈયામાં શાંતિ અખંડ આપે છે, ને આનંદના ફુવારા છૂટે છે અને મોટા જીવમાંથી રાજી થાય છે...' પોતાની ક્ષતિ ન હોવા છતાં ક્ષમા માગવી અને અન્યની મહામોટી ભૂલ હોવા છતાં ક્ષમા આપવી, આવા મહાપુરુષો તો જવલ્લે જ જોવા મળે.

કુદરતે કેટકેટલી અમૂલ્ય સેવાઓનો નિઃશુલ્ક લાભ આપણને આપ્યો છે!! મફત હવા, મફત સૂર્યપ્રકાશ, મફત વરસાદ, આકાશના ચંદરવામાં ઉષા-સંધ્યાની વિવિધ રંગગૂંથણીનાં મફત દર્શન, જમીનનો ઉપયોગ વિના રોકટોક અને એવું તો ઘણુંય છે. આપણે નથી કશાનું ભાડું ચૂકવતા. તો આનો ઋણ સ્વીકાર, આપણે આટલું કરીને તો ચોક્કસ કરી શકીએ કે કુટુંબમાં કોઈક સભ્યની વિચિત્રતા કે સ્વભાવની અવળાઈને ક્ષમ્ય ગણી, એને નિભાવી તો લઈએ જ.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

પ્રેમમાં સમર્પણ એ તો પ્રેમનો સ્વભાવ છે. પ્રેમમાં દેવું પડે એવી કોઈ શરત નથી

શ્રીકૃષ્ણને પોતાના હૃદયમાં જે છુપાવે, તેને ગોપી કહેવાય

જ્યાં મોહ આવે છે ત્યાં રુદન આવશે જ. પરંતુ મોહ જ્યારે મોહન માટે થઈ જાય છે, મોહન માટે રડવું, મોહનના વિયોગની વ્યથા વૈષ્ણવની સંપત્તિ છે. ભગવાનમાં રાગ થાય તો અનુરાગ બની જાય. મોહ મોહનમાં થઈ જાય તો મોહન જ મળી જાય અને જે આસક્તિ ભગવાન માટે થઈ જાય છે. તો ભગવાન માટે થયેલી આસક્તિનું નામ છે તીવ્ર ભક્તિ. આસક્તિનો અર્થ શો છે? જેના વિના એક ક્ષણ પણ આપણે જીવી ન શકીએ. એક ક્ષણ પણ જેના વિના જીવવું અસંભવ બની જાય ત્યારે આસક્તિ કહેવાય છે. એવી આસક્તિ જો ભગવાન માટે થઈ જાય તો તેનું નામ ભક્તિ જ નહીં તીવ્ર ભક્તિ હશે.



રાગ તો છે જ. મોહ તો સહજ છે જ અને આસક્તિ પણ છે. કંઈ છૂટતું નથી. તો કંઈ વાંધો નહીં. છોડો નહીં, મોડો. આ બધું જ્યારે ભગવાનને માટે થાય એનું નામ તીવ્ર ભક્તિ. મળે પછી મધુરાભક્તિ ભળે અને જાગો... સૂતો હોય એને જગાડાય પણ સૂવાનો ઢોંગ કરે તેને કોઈ જગાડી ન શકે. કોઈ વાંધો નહીં, પણ એક એવું સ્વપ્ન આવે જેમાં સાથે વાછરડાંઓને લઈને ભગવાન શ્રી કૃષ્ણ આવે.

ગોવાળીયાઓ એટલે શું? ગોપાલ. ગો એટલે ઈન્દ્રિય. તેનું રક્ષણ કરનાર. એ બધા દેવતાઓને લઈને આવે અને મારી મટકી ફોડે અને માખણ લૂંટીને ખાય. માખણ શું છે? વૈષ્ણવોનું જે સાત્વિક મન છે એ જ માખણ છે. માખણ જેવું કોમળ હોય એવું વૈષ્ણવનું મન કોમળ બની જાય છે. જેમ થોડીક જ વારમાં માખણ ઓગળવા માંડે છે. એમ બીજાનું દુઃખ જોઈને પીગળે એને વૈષ્ણવ કહેવાય.

બીજાનાં દુઃખ જોઈને દ્રવે એનું નામ દિલ અને બીજાના દુઃખને જોઈને દ્રવે જ નહીં, એની તરફ વહે તેનું નામ દ્રવ્ય. સંતો પાસે દિલ છે. અને શ્રીમંતો પાસે દ્રવ્ય છે. આ બંને ભેગા થઈને દિલ અને દ્રવ્યનો ઉપયોગ કરે. દુનિયામાં કોઈ કંગાળ રહે? તો માખણ જેવા સાત્વિક અને કોમળ વૈષ્ણવો હોય છે. જુઓ! આ મન ચંચળ છે. માખણ ચોંટે પછી શું થાય? ચીકણો થાય અને પછી ચીકાશયુક્ત વસ્તુને પકડવી હોય તો તકલીફ પડે અને તેના ઉપર ચાલવું હોય તો ય મુશ્કેલી થાય. આ મન માખણ જેવું ચંચળ છે. એ મનને ભગવાનમાં લગાડવાનું છે. તો લાગે કેવી રીતે? તો જુઓ. એ તો શરણાગત જીવ છે ને? ભગવાનને તેઓ કહે છે તેવું કરો.

મેં તો મારું મન આપણામાં લગાડવાનો બહુ જ પ્રયાસ કર્યો. મારા ઘણાં પ્રયાસો વિફળ થયા. હવે તો તમને એક જ વિનંતી કરું છું કે પોતાનામાં મન ત્યારે જ લાગે છે કે જ્યારે તમે જ અમારા મનને ચોરીને લઈ જાઓ. ભગવાને કહ્યું, આ રીતે ચોર બનીને શા માટે આવ્યા? જાહેરમાં લૂંટીશ, મટકી ફોડીશ. ભગવાન આ મનરૂપી માખણ ચોરે છે અને મહેનતનું છે ને? હરામનું બધા લૂંટાવે. કરોડો રૂપિયા લૂંટાઈ જાય તો કહે, જવા દો ને? બે નંબરના છે ને? એક વસ્તુ તમે જોઈ લો.

કોઈએ ઘડીયાળ ભેટ આપી હોય અને પહેરતા હોઈએ છીએ. ક્યાંક આપણે બહાર નીકળ્યા અને કોઈ લૂંટી ગયું તો કહીએ જવા દો ને? આમે ય કોઈકે આપ્યું હતું ને? પ્રેમ હોય ત્યાં હંમેશાં લૂંટાવવાનું આવે છે. પ્રેમ હોય ત્યાં પ્રેમમાં સમર્પણ એ તો પ્રેમનો સ્વભાવ છે. પ્રેમમાં દેવું પડે એવી કોઈ શરત નથી. પણ પ્રેમ થાય ત્યારે દીધા વગર રહેવાય નહીં. સમર્પણ એ પ્રેમની શરત નથી. સમર્પણ એ પ્રેમનો સ્વભાવ છે ને દીધા વગર રહીં જ ન શકે. આપણે ભગવાન માટે તેમની પાછળ ફરીએ અર્થાત્ પ્રભુ પ્રાપ્તિ માટે શ્રદ્ધાપૂર્વક તત્પર બનીએ ત્યાં સુધી આપણે સાધુ છીએ. બીજી તરફ ભગવાન આપણો પીછો કરે અર્થાત્ એક સાચી પાત્રતા જન્મી જાય ત્યારે આપણે સંત બની જઈએ છીએ.

આ ગોપીઓ એવી સંત છે. સીધી સાદી ગૃહિણી છે. કોઈની મા છે, તો કોઈની બહેન છે, કોઈકની પુત્રવધૂ છે તો કોઈકની પત્ની છે. સીધી સાદી ગૃહિણી છે. છતાં કૃષ્ણ પ્રેમમાં એને કોઈ આદર્શ હોય છે. પરમાત્મા જેને પ્રેમ કરે એવી એ સંત છે. ગોપીઓનો અર્થ જ છે કે, જે ગોપનશીલા છે. શ્રીકૃષ્ણને પોતાના હૃદયમાં જે છુપાવે, તેને ગોપી કહેવાય. પોતાની ઈન્દ્રિયો દ્વારા જે ભક્તિ રસામૃતનું પાન કરે તેને ગોપી કહેવાય. તે ગોપનશીલાની પાછળ પાછળ કનૈયો દોડે છે આ સંપત્તિ છે. ભગવાનને આપણી પાછળ દોડવાનું મન થાય ત્યારે સંતત્વ નિર્માણ થાય.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

અંજના સતીની ઉદાસીનતા

હનુમાનજીની માતા અંજના સતી ગિરિકંદરામાં સાધના કરતા હતા. એક દિવસ રામ, લક્ષ્મણ, હનુમાનનું વિમાન તે ગિરિની સમીપથી પસાર થતું હતું, ત્યારે માતાને દર્શન આપવા હનુમાને રામને વિનંતી કરી. વિમાન ગુફા પાસે ઊભું રહ્યું. માતાએ ભગવાનને નમસ્કાર તો કર્યા પણ મુખ પર ઉદાસીનતા હતી. આ જોઈ લક્ષ્મણે માતાને કહ્યું, 'હનુમાનની ભાવનાથી અમે અહીં આવ્યા છીએ. આ અવસરે નમસ્કાર ભાવના બદલે ઉદાસીનતા જોઈ ખેદ થાય છે'. માતાએ લક્ષ્મણને કહ્યું, 'આપ જેવા મહાપુરુષો પધારો એનાથી મારી ઝૂંપડી પાવન થાય, પણ મારી ઉદાસીનતાનું કારણ મારા પુત્ર હનુમાનની નિર્માલ્યતા છે!' લક્ષ્મણ બોલ્યા, 'અરે માતાજી! રાવણ સાથેના યુદ્ધમાં વિજય અપાવવામાં મુખ્ય તો હનુમાન છે અને આપ તેને નિર્માલ્ય કહો છો!' 'લક્ષ્મણ! જો મારો પુત્ર ખરેખર પરાક્રમી હોત તો ભગવાન રામને લંકા સુધી જવાની જરૂર જ શું હતી? તે એકલો જ રાવણને જીતીને સીતા માતાને લઈ આવ્યો હોત! તમારે સૌએ જવું પડ્યું એ જ બતાવે છે કે હનુમાન કેટલો નિર્માલ્ય છે!' આટલું બોલતા તો અંજના માતાની છાતીમાંથી દૂધની ધારા વહેવા લાગી અને એના સ્પર્શમાત્રથી પથ્થરની શિલાના બે ટુંકડા થઈ ગયા. માતા બોલ્યા, 'ઐસો દૂધ મેં તેરે કો પિલાયો, હનુમાન તુને મેરો કુખ લજાયો!!' માતાની શુભ ભાવના આગળ લક્ષ્મણ નતમસ્તક થઈ ગયા.



કર ભલા તો હો ભલા



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

આપણું કામ દુનિયા પાસેથી માત્ર લેવાનું નહીં, બદલામાં કંઈક આપવાનું પણ છે

જ્યારે એક બાળકનો જન્મ થાય છે, ત્યારે સૌથી વધુ આનંદ કોને થાય છે? માતા-પિતા, સગાં-સંબંધી અને મિત્રોને. પરંતુ રડતું કોણ હોય છે? એ નવજાત શિશુ. જો કે આપણે જ્યારે આ દુનિયા છોડીને જઈએ છીએ, ત્યારે એનાથી ઊલટું થવું જોઈએ. આપણને ખુશી થવી જોઈએ, એ બાબતની કે જન્મ સમયે આપણને જેવી દુનિયા મળી હતી, એના કરતાં વધુ સારી સ્થિતિમાં આ દુનિયાને છોડીને જઈ રહ્યા છીએ. દુનિયાને રડવા દેવી જોઈએ, કારણ એમણે એક એવી વ્યક્તિને ખોઈ છે, જેણે આ દુનિયાને વધુ સારી બનાવવામાં પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો છે અને હવે એના ચાલ્યા જવાથી દુનિયા થોડી ગરીબ થઈ ગઈ છે. આપણું કામ દુનિયા પાસેથી માત્ર લીધા કરવાનું નહીં, બદલામાં કાંઈક આપવાનું પણ છે.

હિંદુ ફિલસૂફીને આધારે એવું કહેવાય કે સારા માણસો ક્યારેય મૃત્યુ પામતા નથી, તેઓ સ્વર્ગ સિધાવે છે. એમનું નામ એમના સારાં કર્મોને કારણે સદા અમર રહે છે. બીજી બાજું મૃત્યુ તો માત્ર ધૂર્ત લોકોનું જ થાય છે. એમના ચાલ્યા જવાથી આ ધરતીનો ભાર ઘટે છે. એટલે જિંદગી એવી જીવવી જોઈએ કે આપણા ગયા પછી લોકો આપણને યાદ કરે. સારી ભાવનાથી, નહીં કે ઘૃણાથી!

અંદાજે સો વર્ષ પૂર્વેની વાત છે. જ્યારે એક વ્યક્તિએ પોતાનું નામ 'બેસણાં'ના વિભાગમાં વાંચ્યું, ત્યારે એ ખૂબ જ હેરાન થઈ ગયો. સમાચારપત્રવાળાઓએ હકીકતમાં ભૂલથી એમનું નામ છાપી દીધું હતું. આ વાંચીને એ માણસ થોડીવાર માટે તો ખરેખર ચોંકી ઊઠ્યો. જ્યારે એણે પોતાની જાતને સંભાળી લીધી, ત્યારે એને વિચાર આવ્યો કે એના વિશે સમાચારપત્રમાં શું છાપ્યું છે, એ એણે જાણવું જોઈએ. સમાચારપત્રમાં એવા વિશે લખ્યું હતું, 'ડાયનેમાઈટનો રાજા મૃત્યુ પામ્યો.' અને 'એ મૃત્યુનો સોદાગર હતો.' આ વ્યક્તિ ડાયનેમાઈટનો શોધક હતો અને તેણે 'મૃત્યુનો સોદાગર' જેવા શબ્દો વાંચ્યા, ત્યાં તેણે પોતાની જાતને પૂછ્યું, 'શું લોક મને આ રીતે યાદ કરશે?' એ માણસ ભાવુક થઈ ગયો. એણે એવું નક્કી કરી લીધું કે એ બિલકુલ એવું નથી ઇચ્છતો કે લોકો એને 'મૃત્યુના સોદાગર' તરીકે યાદ કરે. એ દિવસથી એણે દુનિયામાં શાંતિ ફેલાવવા માટે કામ શરૂ કર્યું. એ માણસનું નામ હતું, આલ્ફ્રેડ નોબલ. આજે લોકો એમને નોબલ પારિતોષિકના જનક તરીકે જ યાદ કરે છે.

એટલે લોકોનાં હૃદયમાં અમીટ છાપ અંકિત કરવા માટે એક તત્ત્વચિંતક કહે છે, 'આજ સુધી કોઈપણ વ્યક્તિનું સન્માન એ કારણથી નથી કરવામાં આવ્યું કે એણે દુનિયા પાસેથી શું અને કેટલું લીધું? પણ હા, એટલા માટે જરૂર કરવામાં આવ્યું છે કે એણે દુનિયાને શું અને કેટલું દીધું?' 'બીજાનું ભલું કરવું', 'બીજા માટે ઘસાવું.' આવી પરોપકારી ભાવનાથી વ્યક્તિ સન્માનીય બને છે, આદરણીય બને છે, સ્મરણીય બને છે. એટલે જ કહેવત છે કે 'કર ભલા તો હો ભલા.'

પ્રમુખસ્વામી મહારાજ પણ કહેતા કે, 'બીજાનાં સુખમાં આપણું સુખ.' હિંમતનગરની બાજુમાં એક નાનકડું હિંગટિયા ગામ છે, તેમાં આદિવાસીઓ રહે છે. સાવ અંતરિયાળ ગામના એક સામાન્ય આદિવાસીએ આજથી સાતેક વર્ષ પહેલાં અમેરિકા પ્રમુખસ્વામી મહારાજને પત્ર લખ્યો હતો.

સ્વામીશ્રીએ પત્ર વાંચ્યો, પણ અક્ષર ઊકલી શકે તેમ હતા નહીં. પોસ્ટલ સ્ટેમ્પ દ્વારા ખબર પડી કે આ હિંમતનગરની બાજુનાં ગામનો પત્ર છે એટલે સ્વામીશ્રીએ આ વિસ્તારનું વિચરણ સંભાળી રહેલા શ્રીરંગ સ્વામીને ફોન જોડાવ્યો. જોકે તેઓ ગામડે ફરવા નીકળી ગયા હોવાથી સંપર્ક થઈ શક્યો નહીં એટલે સ્વામીશ્રીએ ખાસ કહેવડાવ્યું કે, હિંમતનગર તેઓ પાછા આવ્યા એટલે સ્વામીશ્રીએ કહ્યું કે, 'આવો પત્ર આવ્યો છે તો કયા હરિભક્તનો છે એ તમે તપાસ કરજો અને ત્યાં જઈને એમને શું પ્રશ્ન છે એ જોઈ આવજો.' શ્રીરંગ સ્વામીએ તપાસ કરી તો એ ગામના રેશ્મા પારધીનો એ પત્ર હતો. પત્રમાં સાવ નજીવી બાબત લખી હતી કે તેઓને ખેતરનો હેન્ડપમ્પ બગડી ગયો છે. સ્વામીશ્રીએ તરત જ આદેશ આપતાં કહ્યું કે, 'તમે તપાસ કરજો કે સરકારી રાહત આમાં મળે છે કે કેમ? જો ન મળતી હોય, તો સંસ્થા દ્વારા એને પમ્પ રિપેર કરી આપજો.' આટઆટલી વ્યસ્તતા અને આવાં આંતરરાષ્ટ્રીય મહાનગરોમાં વિચરતા સ્વામીશ્રી નાનામાં નાના દુખિયારાઓની સંભાવના કરતા, તે તેઓની આધ્યાત્મિકતાનું પરિણામ હતું.


તો આપણે કેવું જીવન જીવવાનું છે ?

એક છોકરો નદીમાં ડૂબી રહ્યો હતો. એટલે એણે મદદ માટે બૂમાબૂમ કરી. એક માણસ જે ત્યાંથી પસાર થઈ રહ્યો હતો, એને દયા આવી. એ નદીમાં કૂદી પડ્યો અને એણે પેલા છોકરાને બચાવી લીધો. જ્યારે એ માણસ જવા લાગ્યો ત્યારે એ છોકરાએ કહ્યું, 'ધન્યવાદ.' તે માણસે પૂછ્યું, 'શા માટે ?' છોકરાએ જવાબ આપ્યો, 'મારી જિંદગી બચાવવા માટે.' એ માણસે છોકરાને કહ્યું, 'બેટા જ્યારે તું મોટો થાય ત્યારે સાર્થક કરજે કે તારી જિંદગી બચાવવા લાયક હતી.' બ્રહ્મપુરાણમાં વેદવ્યાસજી કહે છે કે, 'જીવિતં સકલં તસ્ય યઃ પરાર્થોદ્યતઃ સદા।' અર્થાત્ જે પરોપકાર કરતો રહે છે, એનું જ જીવન સફળ મનાય છે. તો આપણે પરોપકારી જીવનશૈલી અપનાવી પોતાની જિંદગીને સાર્થક કરી શકીએ. jivanmangalam@gmail.com

સદ્-સકારાત્મક વિચારો માટે નિત્ય કથા-શ્રવણ, સત્સંગ કરો



દેહભાવને દૂર કરવો હોય તો શાસ્ત્રકારો કહે છે કે શાંતિથી દિવસમાં દસ મિનિટ બેસી ચિંતન કરો, મનન કરો



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

શુકદેવજી વૈરાગી છે, મુનિ છે. જે મનનશીલ છે તે મુનિ. મનનાત્ મુનિ. જે મનન કરે તે મુનિ. શુકદેવજી સતત બ્રહ્મનું ચિંતન-મનન કરે છે. પરિણામે તેમને સંસાર દેખાતો જ નથી. તેથી તે વૈરાગી છે. વૈરાગ્ય અનેક પ્રકારનો હોય છે. ભોગ ભોગવ્યા પછી તરત જ વૈરાગ્ય આવે છે તે મૈથુનવૈરાગ્ય છે. કોઈ સંબંધીનું મૃત્યુ થાય. તેમનો અગ્નિસંસ્કાર થતો જોઈએ ને એમ થાય કે શું આ સંસાર? શું આ દુનિયા? આ વિચારો સ્મશાન વૈરાગ્ય કહેવાય. પણ આ બધા વૈરાગ્ય લાંબા ટકતા નથી. એનું કારણ એ સંસારથી થાકીને, કંટાળીને કે કોઈ કડવા અનુભવમાંથી જન્મ્યા છે.

શ્રેષ્ઠ વૈરાગ્ય એ છે જે બ્રહ્મના ચિંતનથી પ્રગટે છે. એમાં સંસારનું ચિંતન છે જ નહીં. બીજા બધા પ્રકારના વૈરાગ્યમાં સંસારનું ચિંતન છે. શુકદેવજી સંસારનું ચિંતન કરતા જ નથી. બ્રહ્મનું મનન કરે છે. એવાં દૃષ્ટાંત આપણને ગ્રંથોમાં મળે છે કે, શુકદેવજીને સ્ત્રી અને પુરુષ દેહના ભેદની ખબર જ નથી. એ એટલા વૈરાગી છે કે એ જે દેહને જુએ છે એમાં બ્રહ્મનું જ દર્શન કરે છે.


મનોવૈજ્ઞાનિકો સમજાવે છે કે મનુષ્યનાં મનમાં કેટલાક વિકારોનાં મૂળ બહુ ઊંડા હોય છે. તમે જીવનમાં બીજું બધું જ ભૂલી શકો, પણ પુરુષ અને સ્ત્રીનો ભેદ કદી ન ભૂલી શકો. ઉંમર થાય ત્યારે યાદશક્તિ ચાલી જાય છે. અમુક યાદ આવે, અમુક ન આવે પણ સ્ત્રી અને પુરુષ વચ્ચેનો ભેદ ભૂલી શકાતો નથી. ગમે તેટલી યાદશક્તિ ક્ષીણ થઈ ગઈ હશે છતાં પણ ઉંમરલાયક વડીલો કદી પુરુષને સ્ત્રી તરીકે નહીં સંબોધે.


દેહભાવને સમજવા માટે બીજું દૃષ્ટાંત લઈએ તો, ધારો કે તમે 35 વર્ષ અગાઉ તમારા ગામથી પહેલી વખત મુંબઈ આવ્યા તમારી સાથે ટ્રેનમાં કોઈ પ્રવાસી હતા. બાર કલાકના પ્રવાસ દરમિયાન સ્વાભાવિક છે કે વાતચીત થાય, પરિચય થાય. તમે એમનું નામ પૂછ્યું હતું, સાથે નાસ્તો કર્યો હતો. એ ક્યાં રહે છે, શું કરે છે, મુંબઈમાં એમનો શો વ્યવસાય છે, દેશમાં કયું ગામ છે એ બધું જાણી લીધેલું. ઉંમર પણ જાણી લીધેલી. મુંબઈ સેન્ટ્રલ સ્ટેશને છૂટા પડતી વખતે 'ફરી મળીશું' કહ્યું હતું. પણ પછી મળ્યા જ નહીં! એ એમના કામમાં વ્યસ્ત થઈ ગયા, તમે તમારા કામમાં.

આજે પાંત્રીસ વર્ષ પછી તમે વિચાર કરો છો કે કેવો હું દેશમાંથી મુંબઈ આવ્યો હતો. તમને યાદ આવે છે. પહેલી વખત ગાડીમાં બેઠા હતા. અચાનક તમને પેલા સહ-પ્રવાસીનું સ્મરણ થાય છે. તમે એનાં નામ-સરનામા ભૂલી ગયા છો. એનો ચહેરો કે વ્યવસાય પણ ભૂલી ગયા છો. એને વિશે બધું જ ભૂલી ગયા છતાં એ પુરુષ હતો કે સ્ત્રી હતી એ વાત તમે ક્યારેય નહીં ભૂલી શકો. એ કોઈ ભાઈ હતા કે બહેન હતાં એટલું તો યાદ રહેશે જ! આ તફાવત ભુલાતો નથી. આનો અર્થ એ થયો કે મનુષ્યના ચિત્તમાં આ ભેદ કેટલો ઊંડો પડ્યો છે! એનું જ નામ છે દેહભાવ!

દેહભાવના મૂળમાં જ છે આ તફાવત. એના પછી દેહ, દેહના સંબંધો, મોહ, આસક્તિ, એને પરિણામે સુખદુઃખ બધી જંજાળ ઊભી થાય છે. દેહભાવને દૂર કરવો હોય તો શાસ્ત્રકારો કહે છે કે શાંતિથી દિવસમાં દસ મિનિટ બેસી ચિંતન કરો, મનન કરો. 'હું સ્ત્રી નથી, પુરુષ નથી. હું તો આત્મા છું. હું મન નથી, હું બુદ્ધિ નથી, હું ઈન્દ્રિયો નથી, હું શરીર નથી.' આ બધુ મનમાં કરવાનું છે. મોટેથી બોલશો અને ઘરવાળા સાંભળશે તો તકલીફ થશે. તેઓ કહેશે, 'આવતી કાલથી કથામાં જવાનું નથી! આ બધું શું શીખી લાવો છો?!' આજકાલ તમે કથામાં જાઓ તો તમારી આજુબાજુના લોકોને તકલીફ થાય છે! થવા દો. મનમાં જામીને પડેલી આવી બધી તકલીફો દૂર કરવા માટે તો કથા છે, સત્સંગ છે. જીવનમાં આમૂલચૂલ પરિવર્તન લાવવા માટે કથા-શ્રવણ, સત્સંગ મહત્ત્વના છે. જેનાથી નકારાત્મક વિચારો દૂર થઈ જાય છે અને સકારાત્મક અથવા તો સદ્વિચારોની પ્રાપ્તિ પણ થાય છે. ગાડીને પાટો બદલતી વખતે તકલીફ થાય એવી તકલીફ આપણને થાય. જીવનમાં કેટલીક તકલીફો માણવા જેવી હોય છે. આપણા મનમાં ધારણાઓ, ગ્રંથિઓ અને પૂર્વગ્રહનાં ચોસલાં એવાં જામી ગયાં છે કે આપણે એને બદલવા જ તૈયાર નથી. આમ જ થતું આવ્યું છે અને આમ જ થશે!

શ્રીમદ્ ભાગવત આવી માન્યતાઓરૂપી ચોસલાં ભાગવતના પઠન-શ્રવણથી વિખેરાઈ જશે. ચોસલાં વિખરાશે તો મંથન થઈ શકશે. મંથન થઈ શકશે તો નવનીત પ્રગટશે અને નવનીત(માખણ) પ્રગટે તો કનૈયો આવે. વિચારોનાં ચોસલાં પણ બહુ જામી ગયા હોય ત્યારે મંથન કરીને વિખેરવાં પડે. ત્યારબાદ કનૈયો એમાંથી નવનીત (માખણ) ઉપર લાવી આપે.






ઘરને ઘર બનાવવાની ઔષધિ

એક એવો પરિવાર, જ્યાં ભલે એ. સી. હોય કે ન હોય, પણ અંતરમાં ટાઢક હોય. એક એવું કુટુંબ, જ્યાં ભલે બધા પાસે મોબાઈલ હોય કે ન હોય, પણ સૌના હૃદય અને મન એકબીજા સાથે જોડાયેલા હોય. એક એવું ઘર, જ્યાં ભલે સ્થાન અને અન્નનો અભાવ હોય, છતાં સૌ સાથે ભોજન કરતા હોય અને જીવનમાં આવતા દ્વંદ્વો-વિઘ્નોમાં ખભેખભા મિલાવતા હોય. આવા પરિવાર એ કોઈ અતિશયોક્તિ નથી કે નથી કોઈ કલ્પના, પણ વાસ્તવમાં બની શકે છે એક જીવંત વાસ્તવિકતા.



પરંતુ આજના આધુનિક યુગનું માનચિત્ર કંઈક અલગ છે. સૌ કોઈ વિજ્ઞાન અને ટેક્નોલોજીના સહારે અર્થોપાર્જન કરવા સતત પ્રયત્નશીલ રહે છે. એ આશાએ કે એમાંથી જ સાચું સુખ અને શાંતિ મળશે. પરિણામે સાચો આનંદ દુર્લભ બની જાય છે. અને એકલપંડી, મનમાની જિંદગી જીવવાની શરૂઆત થાય છે. કારકિર્દીના શિખરે પહોંચવા માટે, અંગત લક્ષ્યોને પાર પાડવા માટે, ભૌતિક સુખની પ્રાપ્તિ માટે, પોતાની મહત્ત્વાકાંક્ષાને અને નિજ અહંને સંતૃપ્ત કરવા માટે માણસ મહદ્અંશે કુટુંબને ભૂલી રહ્યો છે. જ્યાંથી માણસ જીવનનું પ્રાથમિક શિક્ષણ મેળવે છે એવા મા-બાપ અને પરિવારજનોથી દૂર જઈ રહ્યો છે. ભૌતિક પદાર્થ વસાવવાની લાયમાં ઘણીવાર પરિવારની આહુતિ આપતા પણ અચકાતો નથી.

આજે માણસ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે ઘરને શણગારવામાં, ઇન્ટિરિયર ડિઝાઈનિંગમાં. આજે માણસ જીવનમાં પ્રધાનપણું આપે છે પૈસા, પદાર્થ અને પ્રસિદ્ધિને. ખરેખર, જીવનનાં પ્લેટફોર્મથી સાચો આનંદ શોધવા નીકળેલી ટ્રેન અન્ય માર્ગે ફંટાઈને તૃતીયમ્ પ્લેટફોર્મ પર પહોંચી જાય છે. જેના કારણે કેટલાક વ્યક્તિઓની ભૌતિક સુખ તરફની દોડનું પરિણામ પરિણમે છે અશાંતિનાં સ્વરૂપમાં. જેના કારણે તેઓનો પરિવાર તૂટે છે, સંબંધો વણસે છે, હતાશા-નિરાશામાં ડૂબકીઓ ખાય છે અને અંતે ઘણીવાર જીવનનો અંત પણ આણે છે.



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

કારકિર્દીના શિખરે પહોંચવા માટે, ભૌતિક સુખની પ્રાપ્તિ માટે માણસ મહદ્અંશે કુટુંબને ભૂલી રહ્યો છે

The national crime records bureauનાં સર્વેક્ષણ અનુસાર ભારતમાં દર કલાકે 14 આત્મહત્યા થાય છે. I.C.M.R.નાં એક અહેવાલ મુજબ વિશ્વમાં દર વર્ષે 10 લાખ લોકો આત્મહત્યા કરે છે. 25 ટકા પરિવારોમાં પારિવારિક હિંસા થાય છે. દર વર્ષે હજારો છૂટાછેડા થાય છે. આજે આ આંકડાઓમાં દિન પ્રતિદિન વધારો જ થતો રહે છે.

વ્યક્તિ સુખ અને શાંતિને પ્રાપ્ત કરવા જતા કેવળ શુન્યતાને પામે છે. પરંતુ જેમ અનંત અંધકારને દૂર કરવા માટે એક દીપક જ જોઈએ તેમ આવા અંધકારભર્યા જીવનમાં પણ એક પ્રકાશનું કિરણ જ કાફી છે. ચાર દીવાલો, બે-ચાર ખડકીઓ, એક-બે દરવાજાઓ, ઊંચી છત અને રસોડા-ગેલેરી સાથે શૌચાલયનો સરવાળો એ 'ઘર' નથી હોતું. માત્ર મકાન છે. જે ખરીદાયા પછી શરૂ થાય છે મકાનમાંથી ઘર બનાવવાની પવિત્ર પ્રક્રિયા!

જ્યાં આવીને હૈયાનાં ઊંડાણમાંથી એક 'હાશ' નીકળી જાય છે. દીવાલોની વચ્ચે હોવા છતાં જ્યાં મુક્તિનો એહસાસ થાય છે, જે છતની આત્મીયતા આપણી તોફાની જિંદગીને સહ્ય બનાવે છે, જે ઓરડાના એક એક ઘનફૂટમાં રહેલી હવાના ચોસલાંઓ આપણાં આંસુ અને આપણી ખુશીઓને ઓળખે છે, એ જગ્યાને ઘર કહેવાય છે. Home is where, heart is!

આ ઘરને ઘર બનાવવાની ઔષધિ પ્રમુખસ્વામી મહારાજ બતાવે છે કે જેઓ દેશવિદેશમાં સતત વિચરતા જ રહ્યાં છે, હજારો ગામડાંઓમાં, લાખો ઘરોમાં, અસંખ્ય વ્યક્તિઓને મળ્યા છે. દરેકના પ્રશ્નો તથા દુઃખો જોયા છે ને સાંભળ્યા છે. તેમણે સૌના પ્રશ્નો અને દુઃખ જોઈને તારણ કાઢ્યું કે, આ બધા જ પ્રશ્નો સ્વભાવના છે. સ્વભાવને કારણે જ અશાંતિ અને ઉપાધિ થાય છે અને આ સ્વભાવનાં દુઃખો ટાળવાં માટે બીજી કોઈ દવા કામ લાગે તેમ પણ નથી. જેમ આગનું નિવારણ પાણી છે. છત્રથી સૂર્યનો તાપ નિવારી શકાય છે. રોગનું નિવારણ વૈદ્ય કરે છે. તોફાની ઘોડાને ચાબુકથી વશમાં રાખી શકાય છે. હાથીને અંકુશ દ્વારા વશમાં લેવાય છે. તેમ સ્વભાવના પ્રશ્નો ટાળવા માટે સમજણ સિવાય બીજો કોઈ ઉપાય જ નથી. અને સમજણ મેળવવા માટે સત્શાસ્ત્રોનું વાંચન અને શ્રવણ એ જ ઉત્તમ માર્ગ છે. ઘરમાં નિયમિતપણે દરેક સભ્ય થોડો સમય કાઢી આ સત્શાસ્ત્રોનું કે પ્રેરણાદાયી જીવન ચરિત્રોનું વાંચન-શ્રવણ કરે તો પ્રશ્નોનું સમાધાન આપોઆપ થઈ જતું હોય છે. કથાવાર્તા થાય તો જ ઘરમાં શાંતિ રહે છે દરરોજ નિશ્ચિત સમયે ઘરના સભ્યોનું સમુહમિલન યોજાય અને તેમાં આવી અધ્યાત્મગોષ્ઠી થાય તો ઘણો લાભ થાય. જેને પ્રમુખસ્વામી મહારાજ ઘરસભા કહે છે. ઘરસભાએ ઘરની શોભા છે. કબીર પણ કહે છે,

जा घर हरिकथा नहीं कीर्तन,
संत नहीं मिजबाना ।
ता घर जमड़े दिरा दिना,
सांज पडे शमशाना ॥

શ્રીમદ્ ભાગવત પણ કહે છે,

कथा भागवतस्यापि नित्यं भवति यद्गृहे ।
तद्गृहं तीर्थरूपं हि वसतां पापनाशनम् ॥

અર્થાત્, જે ઘરમાં નિત્ય ભગવાનની કથા થાય છે, તે ઘર તીર્થરૂપ પવિત્ર બની જાય છે. ઘરમાં રહેનારાનાં પાપ, અશુદ્ધ મલિનતા, કચરો બધુ દૂર થાય છે.

મલ્ટિ બિલેનિયોર વૉરન બફેટ પણ દિવસમાં એકવાર પોતાના પરિવારજનો સાથે ભેગા મળી ભોજન અને પ્રાર્થના કરે છે. જેના કારણે આધુનિક યુગના નિર્માતા હોવા છતાં પરિવારમાં સુખ અને શાંતિ છે. બાળકોમાં સંસ્કાર અને ચારિત્રય છે.

ન કેવળ આ એક વ્યક્તિની વાત છે પરંતુ અનેક લોકોની કહાની છે. આઈનસ્ટાઈન, ઓબામા કે સાંપ્રત સમયે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંપ્રદાયના અનેક હરિભક્તોનો અનુભવ છે કે આ ઔષધીના પાનથી જીવનમાં શાંતિની અનુભૂતિ થાય છે. વિષમ પરિસ્થિતિમાં સ્થિર રહેવાય છે. બાળકો સંસ્કાર અને ચારિત્રયયુક્ત જીવન જીવે છે. પરિવારજનો વચ્ચે આપસમાં સંપ, સ્નેહ અને સુમેળભર્યા વ્યવહારનો સેતુ રચાય છે. તો નિર્ણય આપણા હાથમાં છે કે આપણે કેવું ઘર બનાવવું છે?

સકારાત્મકતા સાથે પ્રગતિના માર્ગે આગળ વધીએ

કોઈ સંસારને અસાર કહે છે તો કેટલાંક સંસારને સાગરરૂપી ઉપમા આપે છે. જેનું કારણ એ પણ છે કે તે ગહન છે. એવા કેટલાય લોકો છે, જે તેમાં અવગાહન કરવાનું પસંદ કરે છે. બીજી તરફ એવા પણ મનુષ્યો છે કે જેમને તેમાંથી મોતી પણ પ્રાપ્ત થતા હોય છે.

જ્યારે કેટલાંક વ્યક્તિઓ આ સંસારરૂપી સમુદ્રમાં મંથન પણ કરતા હોય છે. કોઈને પ્રશ્ન થાય કે મંથન શા માટે? અપેક્ષિત છે અમૃત કે સુખ, પણ યાદ રાખો કે સુખની અપેક્ષામાં દુઃખનું નિમંત્રણ છૂપાયેલું છે. અમૃતની અપેક્ષા કરી તો વિષ પણ તમને મળશે જ, પણ જ્યારે વિષ નીકળ્યું ત્યારે દેવતાઓ દોડીને ભગવાન શિવને ચરણે ગયા. એ જ રીતે માનવ પણ જો મંથનમાં માત્ર અમૃત નીકળ્યું હોત તો ભગવાનની પાસે ન ગયા હોત. આપણે સંસારમાં સુખ મળે ત્યાં સુધી ઈશ્વરને યાદ કરતાં નથી અને કોઈક દિવસ પછી આ સંસારનાં સાગરનું મંથન કરતાં-કરતાં ઝેર નીકળે, જીવનનાં દુઃખ આવે ત્યારે આપણએ દોડીને મંદિર જતાં હોઈએ છીએ.



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

જીવનમાં જ્યારે જ્યારે દુઃખ આવે ત્યારે ત્યારે આપણે દોડીને ભગવાન પાસે જઈએ તો ભગવાન વિષ્ણુએ શું કહ્યું? દેવતાઓને કહ્યું આ વિષ હું ધારણ નહીં કરું, તમે શિવજી પાસે જાઓ. શું ભગવાન વિષ્ણુ આ વિષને ધારણ ન કરી શકે? પણ ભગવાન દેવોને એમ બતાવવા માગે છે કે તમે મારા ભક્ત તો કહેવાયા પણ સાચા ભક્ત કોને કહેવાય? એ જાણવું હોય તો ભગવાન શિવજી પાસે જાવ.



અમૃત પીએ એ દેવ, પણ જગતને અમૃત આપી ઝેર પચાવે એનું નામ મહાદેવ

વ્યક્તિના સહજ સ્વભાવથી શિવજીએ વિષ પીવાનો નિર્ણય કર્યો. દેવતાઓની સ્તુતિથી ફૂલાઈને નહીં, પરંતુ પોતાના સ્વભાવને કારણે તેમણે વિષનો સ્વીકાર કર્યો. તેમણે વિચાર્યું કે મારા માટે આ વિષ નથી, અમૃત છે. અને તેમણે વિષને કંઠમાં ધારણ કર્યું. નીલકંઠ થયા. શિવજીએ જગતને અમૃત આપી પોતે વિષ ધારણ કર્યું. એટલા માટે શિવ દેવ નહીં, પણ મહાદેવ કહેવાયા. અમૃત પીએ એ દેવ, પણ જગતને અમૃત આપી ઝેર પચાવે એનું નામ મહાદેવ.

આપણી દ્દષ્ટિને બદલવાની છે. જેવી રીતે તમે કાંટામાં ગુલાબને જુઓ છો, તેમાં કાંટા પણ છે અને ગુલાબ પણ છે. આ જ પ્રકૃતિનું સત્ય છે. પ્રકૃતિનાં આ સત્યની સાથે તમે કોઈપણ જાતનો હસ્તક્ષેપ કરશો નહીં. આ સત્ય સાથે રમત રમવી ખતરનાક સાબિત થઇ શકે છે. પ્રકૃતિનું જે નિતાંત સત્ય છે તેને નિરખવાની દૃષ્ટિ કેવી હોવી જોઇએ તેનું ચિંતન કરો. આપણે તો કાંટામાં ગુલાબ જોવાનું છે, ગુલાબમાં કાંટા નથી જોવાના. જીવનમાં જે આવે એટલે કે જે કોઈપણ પરિસ્થિતિ આવે તેનો સ્વીકાર કરો. પ્રેમથી તેનું સ્વાગત કરવાનું છે. જીવનમાં સૌપ્રથમ સ્વાગતને આપણે રુદન કહ્યું છે. જિંદગીની શરૂઆત જ રુદનથી થઇ છે. કાંટા પહેલાં ઊગે છે, ગુલાબ પાછળથી ખીલે છે. કાંટા જ ગુલાબની રક્ષા કરશે. જીવનમાં આવતી વિપત્તિ આપણી અનુભૂતિરૂપી સંપત્તિને માટે જરૂરી છે. દરેક નિષ્ફળતા સફળતાની સીડી છે અને આ સીડી ઉપર ચઢીને આપણે સફળતા સુધી પહોંચી શકીશું. મનુષ્યત્વ દુર્લભ છે. માનવનાં રૂપમાં જન્મ લેવો ધન્ય છે. બહુધા, કેટલાંક માણસોમાં નકારાત્મક વલણ રૂઢ થઇ ગયું છે. ઘણાં કહેતા ફરે છે કે કંઇ કેટલીય યોનિઓમાં ભટકીને અહીં આવ્યો છું અને જગતની માયામાં ફસાયો છું. અરે ભાઇ! પરમાત્માએ તમને જે જીવન આપ્યું છે, તેને ભેટ માનીને જીવો અને જ્યારે આપણને કોઇ ભેટ આપે તો આપણે આભારવશ બનીને ભેટનો પ્રેમપૂર્વક સ્વીકાર કરવો જોઇએ. માની લો કે અહીં કોઇ મને પ્રેમથી વસ્તુ આપે તો એનો આભાર માની કૃતજ્ઞતાપૂર્વક એનો સ્વીકાર કરવો જોઇએ. મસ્તીથી જીવો. મસ્તીમાં જ રહો. હું ઘણીવાર કહું છું કે કેટલાક માણસો એવા હોય છે કે જ્યાં જાય ત્યાં આનંદ થાય છે અને કેટલાક માણસો એવા હોય છે કે તેઓ જ્યાંથી જાય ત્યાં આનંદ થાય છે. તેથી આપણે જ્યાંથી જઈએ ત્યાં આનંદ થાય એવી રીતે જીવવાનું નથી. પ્રત્યેક વિપરિત પરિસ્થિતિમાં હસતા રહો. સાનુકૂળતા શોધતા રહો.

એવું પણ છે કે, સ્વર્ગમાં સુખ મળે છે અને નર્કમાં દુઃખ છે. સ્વર્ગનો સીધો સાદો અર્થ છે, સુખ. નર્ક એટલે કે દુઃખ, પીડા. સૌને સુખ મેળવવાની ઇચ્છા થાય તે સ્વાભાવિક છે પણ મુશ્કેલી ક્યાં છે? ખોટી રીતે સુખ મેળવવા માટે દોડવું એ ખરાબ છે. આપણે તો હંમેશા સન્માર્ગ તરફ આગળ વધીને પુરુષાર્થ કર્યા બાદ પ્રાર્થના કરીને પ્રગતિ પ્રાપ્ત કરવાની છે. જીવનને સકારાત્મકતાથી છલોછલ બનાવી દેવાનું છે. ભારતીય પરંપરામાં આપણા પ્રાચીન શાસ્ત્રોમાં પણ કહેવાયું છે કે જ્યારે વ્યક્તિ સંસારરૂપી સમુદ્રને પાર કરવા ઈચ્છતો હોય તેણે સ્વયં સન્માર્ગી બનીને સાચા ગુરુનાં માર્ગદર્શનથી આગળ વધે તો ગંતવ્ય સુધી પહોંચી શકવા સમર્થ બની જાય છે. આમ, જીવનને સતોગુણી બનાવીને સકારાત્મકતા સાથે પ્રગતિના માર્ગે આગળ વધીએ.

પૈસો: ઉડાઉપણું અને કરકસર



પૈસો હાથના મેલની ઉપમા પામીને યુગોથી એક હાથમાંથી બીજા હાથમાં વહેતો રહ્યો છે. પૈસાનું-ધનનું વહેવું નદીની જેમ તદ્દન સ્વાભાવિક છે. એટલે પશ્ચિમની વિચારધારાએ પણ એ જ દિશા સ્વીકારી છે, 'પૈસા ઉડાઓ અને મોજ કરો.' પરંતુ આપણી સનાતન ધર્મ પરંપરાએ ધનને લક્ષ્મીજીના રૂપે પૂજ્ય સ્થાન આપીને એને જાળવવાનું પણ ખૂબ મહત્ત્વ આંક્યું છે. આપણી સંસ્કૃતિ ધર્માર્થ કાર્ય માટે ધનને તત્કાળ વાપરવાની અને ભોગ માટે ધનને ખૂબ વિચારપૂર્વક વાપરવાની વિભાવના આપે છે.

આજનું ટીવી કલ્ચર યુવાનોની રગેરગમાં વહેવા લાગ્યું છે ત્યારે પ્રત્યેક ઘરની એક ફરિયાદ હોય છે, 'છોકરાંઓનાં ખર્ચા ખૂબ છે!' હા, વાતમાં તથ્ય છે. ટીવીમાં નવા શૂઝની જાહેરાત જોઈ, એટલે એ પહેરવાની રઢ ઊપડે. એવું તો કેટકેટલું! વળી મિત્રો સાથે હરવું-ફરવું અને મોજ કરવી એ તો યુવાનીનાં રંગની ખરી મજા છે! પણ ખાલી ખિસ્સે તો એ થાય જ કેમ? પછી એ માટે ગમે ત્યાંથી ગમે તેમ કરીને ખિસ્સું ભરવાની યોજનાઓ વિચારવાની! છૂટા હાથે વપરાતો પૈસો અનેક અનર્થ નોતરે છે. આર્થિક પાયમાલીથી લઈને સમસ્ત સમાજની પાયમાલી. ઈતિહાસ એનો સાક્ષી છે. આપણી નજર સામે બનતા અને છાપામાં ઠલવાતા અનેક સમાચારો એના પુરાવાઓ છે.

ભગવાન સ્વામિનારાયણે એટલે જ શિક્ષાપત્રીમાં સૂત્ર આપ્યું છે, 'આવક પ્રમાણે ખર્ચ કરવો.' એક નાનાશા ઘરમાં ખૂબ મોટો આર્થિક બોજ તાણતો પિતા હોય કે ખોટમાં જઈને દેવાળા ફૂંકતી ખૂબ મોટી પેઢીઓ હોય, આ સૂત્ર દરેકની સફળતા કે નિષ્ફળતાનું કારણ દર્શાવે છે!



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

આજના ઉડાઉ યુગમાં સુખી થવાના ઈલાજરૂપે શું દરેકે કરકસર કરવાનો મંત્ર શીખવો જરૂરી નથી લાગતો?

માતાપિતાનો પૈસો મન ફાવે તેમ ઉડાવતાં સંતાનોને સંબોધીને પ્રમુખસ્વામી મહારાજ ઘણીવાર કહે છે, 'આમ ખર્ચા કરે તો કુબેરનું ધન પણ ખૂટી જાય. ધન વાપરવામાં વિવેક જોઈએ. બિનજરૂરી ખર્ચા નહીં ટાળો તો પાયમાલ થઈ જશો. બે-ત્રણ જોડી કપડાં હોય તે બરાબર છે, પણ કેટલાંક નબીરાને વીસ-પચ્ચીસ જોડ કપડાં! તોય દર વર્ષે નવાં જોઈએ! કેટલાંય જોડ જોડાં! અને વળી વ્યસનોનાં ખર્ચા! કંજૂસાઈ નહીં પણ કરકસર તો શીખવી જ પડે. વધુ પૈસા હોય તો ધર્મ અર્થે કે સારાં કામમાં વાપરો, બીજા કરે માટે આપણે કરવું એમ દેખાદેખીથી જ ખૂબ ખોટા ખર્ચા થતા હોય છે, પણ એમાં ખેંચાવું નહીં.' આજના કિશોરોને ધનઉડાઉ પેઢીને સમજવા જેવો અદ્‌ભુત દાખલો ગોંડલના મહારાજા ભગવતસિંહજીનો છે. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદથી સંગ્રામસિંહજી રાજાને ત્યાં સન 1865ની 24મી ઓક્ટોબરે જન્મેલા ભગવતસિંહજીએ ભારતના રજવાડાંઓને એક ઉત્તમ રાજાવીનું ઉહાદરણ પૂરું પાડ્યું હતું. એમની વહીવટ દક્ષતા, એમની કરકસર એટલે અદ્‌ભુત અર્થશાસ્ત્ર! ખૂબ વ્યવહારુ અને કોઈને પરેશાનીરૂપ ન બને એવી કરકસર! સમસ્ત રાજમાં તેમજ લોકોના ઘરમાં કોઈપણ કામની વસ્તુને નકામી બનાવીને ફેંકી દેવામાં ન આવે તે માટે બાપુ ખાસ તકેદારી રખાવતા. બાટલીઓ, કાચનો સામાન, ધાતુઓનો ભંગાર, કોથળા, ચીંથરાં આ તમામ વસ્તુઓમાંથી પૈસા ઉપજાવવામાં આવતા અને તિજોરીમાં જમા કરાવાતા.

ગોંડલમાં સરકારી ખર્ચે ચાલતું રાજનું બેનમૂન ગેસ્ટહાઉસ હતું. પણ મહારાજનો સખ્ત આદેશ હતો કે ગમે તેવા ઉચ્ચ દરજ્જાના મોંઘેરા મહેમાનને પણ ત્રણ દિવસથી વધારે સમય અતિથિગૃહમાં રહેવા દેવા નહીં અને જો રોકાય તો ચોથા દિવસથી ખર્ચનું બિલ આપવા માંડવું. કવિવર રવીન્દ્રનાથ ટાગોર તેમના કાઠિયાવાડનાં પ્રવાસ દરમિયાન અન્ય તમામ રજવાડાંઓની જેમ જ ગોંડલનાં પણ અતિથિ બન્યા હતા. રવીન્દ્રનાથના દરજ્જાને છાજે તેવી સુંદર રીતે ભગવતસિંહજીએ ત્રણ દિવસ તેમની પરોણાગત કરી. પણ કવિ તેમની શાંતિનિકેતન નામની સંસ્થા માટે ફંડ કરવા નીકળ્યા હોઈ, ત્રણ દિવસમાં તેનું કાર્ય સમાપ્ત થાય તેમ ન હતું તેથી બે દિવસ વધુ રોકાઈ જવું પડ્યું. પાંચમે દિવસે જ્યારે તેઓ ટ્રેનમાં બેઠા ત્યારે અતિથિગૃહના મેનેજરે હળવેક રહીને તેમના હાથમાં વધારાના બે દિવસનું બિલ મૂકી દીધું અને વાંચીને કશુંય બોલ્યા વગર ટાગોરે ચુપચાપ રોકડાં નાણાં ચૂકવી દીધાં.

રખે કોઈ આવા દાખલા પરથી ભગવતસિંહજીને કંજૂસ માને! આ એક જ એવા રાજવી હતા જેમણે સાચી જરૂરિયાતવાળાઓને જરાય સંકોચ વગર છૂટે હાથે નાણાં આપ્યાં હતાં. સ્વયં રવીન્દ્રનાથ ટાગોરને પણ તેમણે આપેલો ફાળો કાઠિયાવાડમાં ભાવનગર પછી બીજે નંબરે હતો. ભાવનગરનાં દીવાન પ્રભાશંકર પટ્ટણીને ટાગોર સાથે અંગત સંબંધ હોવાથી જ ભાવનગરના મહારાજાએ વધારે નાણાં આપ્યાં હતાં. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજી સત્યાગ્રહની લડત ચલાવતા ત્યારે સર ભગવતસિંહજીએ તેમની લડતમાં સહાયરૂપ થવા ખાનગી રીતે નાણાં મોકલ્યાં હતાં. આવી અદ્‌ભુત કરકસર વડે રાજની તિજોરીને જે લાભ થતો અને નાણાંનો બચાવ થતો, તેનો ઉપયોગ મહારાજાએ અથવા રાજકુટુંબે કંઈ પોતાના ભોગ વિલાસમાં કે હલકા શોખો પોષવામાં જરાય નહોતો કર્યો. રાજની પાઈએ પાઈ લોક કલ્યાણનાં કાર્યો પાછળ વપરાતી હતી. રાજાશાહી દરમિયાનનાં ગોંડલ સ્ટેટનાં તમામ સરકારી બાંધકામ પર નજર ઘુમાવી જોશો તો રેલવે સ્ટેશનો-પુલો-રસ્તાઓ-દરબારી ઈમારતો-નદી પરના બંધો.... ક્યાંય એક કાંકરી સરખી પણ ખરતી દેખાશે નહીં. કેટલાંક બાંધકામ તો સદી પુરાણાં હોવા છતાંય આજે પણ તદ્દન નવાં જેવાં જ લાગશે.

અને રાજની આવી કરકસર દ્વારા જે નાણાં બચી શકતાં હતાં તેનો પ્રજાને એ ફાયદો હતો કે ગોંડલમાં પ્રજાના કોઈ પણ વર્ગ પર કોઈ પણ પ્રકારનો ટેક્સ ન હતો. આખા હિન્દમાં એક ગોંડલ જ એવું સ્ટેટ હતું જે સંપૂર્ણ 'ટેક્સફ્રી' ગણાતું હતું. ખુદ વાઈસરોય અને અંગ્રેજ સરકારને પણ નવાઈ લાગતી હતી, 'નામનાય કરવેરા વગર આ રાજ્ય પોતાનો વહીવટ કેવી રીતે ચલાવી શકતું હશે?' આજના ઉડાઉ યુગની વચ્ચે, સુખી થવાના ઈલાજરૂપે, શું દરેક કિશોરે, દરેક યુવાને અને દરેક પરિવારે બિનજરૂરી ખર્ચા ટાળવાનો કે કરકસર કરવાનો આ મંત્ર શીખવા જેવો જરૂરી નથી લાગતો?

દયા, પ્રેમને આચરણમાં ઉતારો, જીવન ભક્તિમય, પ્રેમપૂર્ણ બની જશે

વિશ્વને આજે કરુણા અને પ્રેમની જરૂર છે. આજે યુદ્ધ પીડિત માનવતા નિરાશા નાખી રહી છે. તમારા મનમાં પણ હલચલ મચી ગઈ છે. લોકો તમને આમતેમ કહે છે અને તમારા મનને દુભવે છે. કોઈના પ્રત્યે તમારા હૃદયમાં ઘૃણા, દ્વેષ, ઈર્ષ્યા અને દુર્ભાવ જડ મૂળમાં ઊતરી ગયા છે. તમારી પ્રિય વ્યક્તિ તમને છોડીને ચાલી ગઈ છે. કોઈ તમારું સત્યાનાશ વાળવા કૃતનિશ્ચયી છે. તમે શું કરશો? એનો જવાબ છે, મસ્ત બનો, એમને ભૂલી જાવ ત્યાંથી મનને હટાવી દો, એ બધું ઝેરથી ભરેલું છે. જો એ નહીં છોડો તો ઝેર બધે ફેલાવી દેશે. દુ:ખની, ચિંતાની, બિમારીની બધી વાતો ભૂલી જઈ સ્વાસ્થ્યની, આનંદની પ્રેમની, હાસ્યની મધુર વાતોમાં મસ્ત રહો. તમે હસી રહેલા ફૂલની સાથે હસો, ઉષાના સ્મિતમાં મધુરતા ભરી દો, સંસારમાં હાસ્ય રેલાવતા, ચિંતાને ચપટી વગાડી ભગાડતા અલમસ્ત રહો, ફક્કડ રહો, બસ તમે સ્વાસ્થ્યને પામશો, આનંદ ઉલ્લાસ પ્રાપ્ત કરી શાંતિ અને પ્રેમના સાગરમાં લહેરાશો. તમારા જીવનની એક એક ક્ષણ આનંદ ઉલ્લાસભરી વિતશે.



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



સંત એકનાથ એકવાર ગામ પાસેથી પસાર થઈ રહ્યા હતા. તેમણે જોયું કે કેટલાક લોકો હાથમાં લાકડીઓ લઈ ટોળે વળ્યા હતા અને એક સાપને મારવા પ્રયાસ કરી રહ્યા હતા. એકનાથ ત્યાં પહોંચ્યા અને પૂછ્યું કે ભાઈઓ આ સાપને કેમ મારો છો? કર્મવશ તે સાપ બન્યો છે, પરંતુ તેનો આત્મા તો આપણા જેવો જ છે. એક યુવકે કહ્યું, તો પછી અમને કેમ કરડે છે? એકનાથે કહ્યું તમે તેને હેરાન નહીં કરો તો તે પણ તમને કરડશે નહીં. આથી, ગામલોકોએ સાપને તેના રસ્તે જવા દીધો.

દુ:ખની, ચિંતાની, બિમારીની વાતો ભૂલી જઈ સ્વાસ્થ્યની, આનંદની, પ્રેમની મધુર વાતોમાં મસ્ત રહો. તમે હસી રહેલા ફૂલની સાથે હસો, ઉષાના સ્મિતમાં મધુરતા ભરી દો, ચિંતાને ચપટી વગાડી ભગાડતા અલમસ્ત રહો

ચાર-પાંચ મહિનાનો સમય વીતી ગયો. એકવાર વહેલી સવારે અંધારામાં સંત એકનાથ સ્નાન કરવા જઈ રહ્યા હતા. રસ્તામાં એક સાપ ફેણ ચડાવીને બેઠો હતો. તેમણે સાપને રસ્તામાંથી ખસી જવા જણાવ્યું, પરંતુ સાપ કેમ કરતાંય ત્યાંથી હટતો નહોતો. છેવટે એકનાથે તે રસ્તે આગળ જવાના બદલે બીજો માર્ગ લીધો. સંત એકનાથે બીજા ઘાટ પર જઈ સ્નાન કર્યું. પાછા ફર્યા ત્યારે અજવાળું થઈ ગયું હતું. તેઓ જે રસ્તેથી રોજ જતા હતા તે તરફ નજર નાખી તો રસ્તામાં મોટો ખોડો પડી ગયો હતો. સાપે ફેણ ચડાવીને તેમને તે રસ્તે નહીં જવા દઈને બચાવી લીધા હતા. જો તેમણે ધરાર અવગણના કરીને તે માર્ગે જ જવાનો આગ્રહ રાખ્યો હોત તો ઊંડા ખાડામાં પડી જવાથી તેમને જીવ ખોવાનો વારો આવ્યો હોત પરંતુ એક અબોલ પ્રાણીમાં રહેલા આત્માના અવાજને માન આપી તેઓ અન્ય માર્ગે આવી ગયા અને તેમનો જીવ બચી ગયો.

સંત એકનાથે એકવાર સાપનો જીવ બચાવ્યો હતો. આથી સાપે પણ ઉપકારનો બદલો વાળીને તેમનો જીવન બચાવ્યો. મૂક પ્રાણી પણ ઉપકાર કરનારને ભૂલી જતું નથી અને પોતાને મહાન બુદ્ધિશાળી ગણનાર ભૂલી જતું નથી અને પોતાને મહાન બુદ્ધિશાળી ગણનાર મનુષ્ય અંગત સ્વાર્થ ખાતર ગમે તેવો ઉપકાર કરનારને પણ છેહ દેતાં અચકાતો નથી.

આ રીતે દરેક જીવમાં રહેલા આત્માના સાચા સ્વરૂપને ઓળખવાનું છે. ઉચ્ચતમ સ્વરૂપ ને જ પરમાત્મા કહેવાય છે. આપે ઉચ્ચતમ દશામાં પહોંચીને જે રીતે સત, ચિત્ત તથા આનંદ સ્વરૂપ બની શકીએ છીએ, મહાન, સમર્થ, વિશાળ અંતઃકરણવાળા અને ઉદાર બની શકીએ છીએ તે આપણી સર્વોચ્ચ સ્થિતિની કલ્પના જ ઈશ્વર છે. આપણા આ મહાન તથા વિકસિત રૂપને સામાન્ય રીતે ઈશ્વર કહેવામાં આવે છે. તે જ પ્રેમ કરવા યોગ્ય છે.

ઈશ્વર-પ્રેમનું તાત્પર્ય એ છે કે આપણે આપણા વર્તમાન અવ્યવસ્થિત જીવન અને ધ્યેય જીવનની વચ્ચે એક એવી ચુંબક જેવી સાંકળ બાંધી દઈએ છીએ, જે દિવસે દિવસે તે બંનેનું અંતર ઘટાડતી જાય છે અને છેવટે બંનેને ભેગાં કરીને એક કરી દે છે અર્થાત્ આત્મા ને પરમાત્મા બનાવી દે છે.

પરમાત્માને પ્રેમ કરવો, આપણા આત્માને પ્રેમ કરવો એ જ સર્વશ્રેષ્ઠ છે. આમાં ક્યારેય કોઈપણ પ્રકારનો વિયોગ, વિકાર કે વિરોધ પેદા થતો નથી. દિવસે દિવસે તે વધતો જાય છે અને અંતે માણસ સાચો પ્રેમી તથા સાચો ઈશ્વર ભક્ત બની જાય છે. સાચા ઈશ્વર ભક્તનું રોમ રોમ પ્રેમથી પરિપૂર્ણ થઈ જાય છે. તેના મન, વચન અને કર્મમાંથી પ્રેમ ટપકતો રહે છે કારણે કે તેની અંદર તથા બહાર પ્રેમ જ ભરેલો છે.

આમ, જો પ્રત્યેક મનુષ્ય દયા, પ્રેમ અને વાત્સલ્યને આચરણમાં ઉતારશે તો તેનું જીવન ભક્તિમય, પ્રેમપૂર્ણ બની જશે.

સંપ-સુહૃદભાવ-એકતા



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

'સંપ વગર ઘરનાં ગોળાનું પાણીય સુકાઈ જાય. એટલે કે ગોળાનું પાણી બધાં પીવે પણ તેમાં કોઈ ઉમેરે નહીં!'

સમૂહમાં રહેવું એ માનવનો સ્વભાવ છે. છતાં આ જીવનમંત્રના અભાવે ઝઘડા થાય છે. ભારત ઉપર પરદેશી શાસન વર્ષો સુધી રહ્યું તેનું મૂળ કારણ કુસંપ-એકતાનો અભાવ. આજે માનવ ચંદ્ર સુધી પહોંચ્યો પણ એક માનવ બીજા માનવના હૃદય સુધી ના પહોંચ્યો. વિશ્વની આ મોટી સમસ્યા છે.

બી.એ.પી.એસ. સંસ્થાના ચોથા આધ્યાત્મિક વારસદાર પરમ પૂજ્ય યોગીજી મહારાજના સંપ-સુહૃદભાવ-એકતાના જીવનમંત્રનાં ત્રણેય અંગો એકબીજામાં દૂધ-સાકરની જેમ ઓતપ્રોત છે તેને પૃથક્ પૃથક્ કરી સમજવા પ્રયત્ન કરીએ.

સંપ : ચાર ભાઈઓ રત્નો લેવા દરિયાકાંઠે તપ કરતા હતા. દરિયાએ બ્રાહ્મણનું રૂપ લઈ ચાર ભાઈઓને જુદા પાડી એકબીજામાં કુસંપ કરવા પ્રયત્ન કર્યો. પણ ચારેય ભાઈઓનો એક જ અભિપ્રાય નીકળ્યો કે 'મારો ભાઈ મારા માટે ખોટું કરે નહીં ને ખોટું વિચારે પણ નહીં.' તેમનો આવો સંપ જોઈ દરિયાદેવે ફાંટ ભરીને રત્નો દઈ દીધાં.

ટીટોડીનાં બચ્ચાંને દરિયો પાણીમાં ખેંચી ગયો. ટીટોડીની આખી નાત ભેગી થઈ અને દરિયાને ખાલી કરવા તૈયાર થઈ. આ જ્ઞાતિસંપ જોઈ ભગવાને ગરુડજીને આજ્ઞા કરી, 'તમે તમારી નાતને મદદ કરો.' ગરુડજીએ પાંખથી જે ધૂળ ઉડાડવા માંડી કે દરિયો પુરાવા માંડ્યો. દરિયો ગભરાઈને નમી ગયો અને ટીટોડીનાં બચ્ચાં પાછાં આપી દીધાં. એટલે સંસ્કૃતમાં કહ્યું છે, 'સંહતિઃ કાર્યસાધિકા' સંપથી અશક્ય કાર્ય પણ શક્ય બને છે. વળી કહ્યું છે કે 'સંઘે શક્તિઃ કલૌ યુગે' કળિયુગમાં સંઘશક્તિ જ બળવાન છે. અંગ્રેજીમાં કહેવત છે કે 'યુનાઈટેડ વી સ્ટેન્ડ એન્ડ ડીવાઈડેડ વી ફોલ.' સંપ ત્યાં જંપ. કુસંગ ત્યાં કળિ, આ જ વાતને દૃઢ કરે છે.

પ્રમુખસ્વામી મહારાજ ઘણી વખત કહે છે, 'સંપ વગર ઘરનાં ગોળાનું પાણીય સુકાઈ જાય. એટલે કે ગોળાનું પાણી બધાં પીવે પણ તેમાં કોઈ ઉમેરે નહીં!'

એકતા : પૂર્વે હૈહયવંશના ક્ષત્રિયો અને બ્રાહ્મણો વચ્ચે યુદ્ધ ચાલતું હતું. બ્રાહ્મણો હારતા હતા. તેમણે થાકીને હૈહયોને પૂછ્યું, 'અમારી સંખ્યા વધારે છે. સંઘબળ છે, છતાં અમે કેમ હારીએ છીએ?' ત્યારે હૈહયોએ રહસ્ય પ્રગટ કર્યું કે,

'વયમેકસ્ય શ્રુણવાના મહાબુદ્ધિમતો રણે
ભવન્તસ્તુ પૃથક્ સર્વે સ્વબુદ્ધિવશવર્તિનઃ'

અમે અમારા એક સેનાપતિના કહેવા પ્રમાણે જ લડીએ છીએ, જ્યારે તમે બધા પોતપોતાની બુદ્ધિપ્રમાણે લડો છો.

પાંડવોને 'કરિષ્યે વચનં તવ' મુજબ કૃષ્ણ કહે તેમ જ કરવાનો નિર્ધાર હતો તો તેઓની જીત થઈ. દુર્યોધને સેનાપતિ પદે ભીષ્મને નીમેલા પણ તે કર્ણ, દુઃશાસન, શકુનિ વગેરેની સલાહ પ્રમાણે વર્તતા હતા તો તેમની હાર થઈ.

પ્રમુખસ્વામી મહારાજ એટલાન્ટામાં એકવાર બોલેલા, 'પાંચને પૂછીને કાર્ય કરવું. હું બધું જાણું છું, છતાં સો (જણ)ને પૂછીને કામ કરું છું.' સ્વામીશ્રીની આ સમજણને લઈને સંસ્થામાં ટીમવર્ક-સમૂહમાં રહીને કાર્ય કરવાની વૃત્તિ દૃઢ થયેલી છે.

સુહૃદભાવ : કોઈનાય અપકાર સામું જોયા વગર તેના ઉપર ઉપકાર કરવો તે સુહૃદપણું. 'સુહૃદં સર્વભૂતાનામ્' ગીતા કહે છે કે ભગવાન જ સૌના સાચા સુહૃદ છે. જીવોના અપકાર સામું જોયા વગર સૌને હવા-પાણી-ખોરાક આપે છે. સુહૃદ એટલે મિત્ર. મિત્ર એટલે સૂર્ય. સૂર્યનાં કિરણો પાપી-પુણ્યશાળી, ગરીબ-તવંગર બધાના ઘેર પહોંચે છે.

વળી, સુહૃદભાવ-મિત્રભાવની વિશિષ્ટ વાત યોગીબાપા રાજા અને પ્રધાનના પુત્રોની વાર્તા દ્વારા સમજાવતા. પ્રધાનના પુત્રે સૂતેલા રાજાના કુંવરના ગળામાં છરીથી કાપો મારી લોહીને પડીયામાં ભરી પાટો બાંધી દીધો. પછી તે લોહી કુંવરના પૂર્વના વેરી સર્પને પાઈ તેને તેટલાથી સંતોષ પમાડી વિદાય કરી દીધો. રાજાના કુંવરે છરી વાગી એટલે ઘડીક આંખ ઉઘાડીને પોતાના મિત્રને જોયો પછી તરત જ આંખ બંધ કરી દીધી. તેને પૂછ્યું પણ નહીં કે આ તેં કેમ કર્યું? સવારે પ્રધાનપુત્રે સામેથી પૂછ્યું, 'રાતના બનાવ અંગે તમે મને કેમ કંઈ પૂછતા નથી?' રાજાના કુંવરે કહ્યું, 'મારો મિત્ર જે કંઈ કરતો હોય તે મારા સારા સારું જ હશે.' સુહૃદભાવ ન હોય તો હિતની વાત કડવી લાગે.

શરીરમાં મુખ્યભાગ હૃદય છે. 'સુષ્ઠુ હૃદયં યસ્ય સ ઈતિ સુહૃદ.' હૃદય સારું હોય તો આખું વિશ્વ પોતાનું લાગે. વિશ્વયુદ્ધો પણ ન થાય. સારું હૃદય એ બધા ગુણોનો ઝરો છે. યોગીજી મહારાજનું હૃદય આકાશ જેવું વિશાળ હતું. બાળકો-કિશોરો-યુવાનો-વૃદ્ધો બધા જ તેમાં સમાય. જનરેશન ગેપ જ નહીં. આ વિશાળ હૃદયને લઈને તો તેઓ હંમેશાં બોલતા 'ભગવાન સૌનું ભલું કરો.' સર્વ જીવોના ઉદ્ધારની ભાવના એ સુહૃદપણું છે. 'સંગચ્છધ્વમ્ સંવદધ્વમ્ સં વો મનાંસિ જાનતામ્.'

'દેવાભાગં યથાપૂર્વે સંજાનાના ઉપાસતે.' સુહૃદભાવ હોય તો બધાનું બોલવું, ચાલવું એક સરખું રહે. બધાનાં મન પણ સરખાં રહે. સૂર્ય-ચંદ્રાદિ દેવો પ્રેમ અને સહકારથી પોતપોતાનું કાર્ય સંપીને કરે છે. તો જ પૃથ્વી ઉપર સુખાકારી વર્તે છે. જો તેઓમાં કુસંપ થાય તો બ્રહ્માંડની વ્યવસ્થા કથળી જાય.

વેદ કહે છે, 'સમાનો મંત્રઃ સમિતિ સમાનીઃ સમાના હૃદયાનિ વઃ' સુહૃદભાવ હોય તો આપણો મંત્ર-ધ્યેય, ચર્ચા, હૃદય-બધું સરખું જ રહે.

અંગ્રેજીમા કહેવત છે, 'A Family that prays together, stays together.'

યોગીજી મહારાજ કહેતા કે, 'કોઈ કહે તે ખમવું ને બીજાને તે વાત જણાવવી પણ નહીં કે ફલાણે મુને આમ કહ્યું, 'અહોહો! મારાં મોટાં ભાગ્ય કે આવા કે'નારા ક્યાંથી મળે?' એમ કહેનારાનો ગુણ લેવો. સુહૃદપણું હશે તો જબરા ગુણ આવશે. માટે અવશ્ય સુહૃદપણું રાખવું.'

આમ, યોગીજી મહારાજનો આ જીવનમંત્ર દરેક ક્ષેત્રે, દરેક વ્યક્તિને, દરેક કુટુંબને, દરેક સંસ્થા કે સમાજને, દરેક રાષ્ટ્રને અને સમગ્ર વિશ્વને ઉપયોગી બની રહે તેવો છે.

સત્પુરુષોનો સંગ સન્માર્ગની સાથે સદ્‌ચિંતન પણ જરૂરી છે

હંમેશા સત્પુરુષોનો સંગ કરવો જોઈએ. તેઓ આપણને સન્માર્ગ દર્શાવે છે. માત્ર માર્ગ પ્રશસ્ત કરાવે છે. સન્માર્ગની સાથે સદ્‌ચિંતનનું મહત્ત્વ છે.

પોતાના ભાગ્ય અને ભવિષ્યનું નિર્માણ દરેક વ્યક્તિ પોતાની જાતે જ કરે છે. ઉત્થાન અને પતનની ચાવી ચિંતનની દિશાને જ માનવામાં આવી છે. આપણે આપણી પરિસ્થિતિને જો ઉત્કૃષ્ટ સ્તર તરફ લઈ જવી હોય તો તે માટેની એક અનિવાર્ય શરત છે કે પોતાના ચિંતનને નિકૃષ્ટતા તરફથી અટકાવીને ઉત્કૃષ્ટતા – શ્રેષ્ઠતા તરફ વાળવું જોઈએ. આ પરિવર્તન જ આપણા સ્તર, સ્વરૂપ અને પરિસ્થિતિઓને બદલાવવામાં સમર્થ બની શકે છે. અરણ્યમાં એકવાર શિષ્યએ ગુરુને પૂછ્યું કે ઉન્નતિ માટે માર્ગ પર કોઈનોય પ્રતિબંધ છે? ત્યારે ગુરુએ તેને જવાબ આપ્યો કે તે બધાને માટે સમાન રીતે ખુલ્લો છે. પરમાત્માના વિધાનમાં કોઈ અન્યાય



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

કે પક્ષપાતને સ્થાન નથી. ગુરુએ તેને વિસ્તારથી સમજાવ્યો કે જે વ્યક્તિ પોતાનામાં જેટલા વધારે ગુણ, જેટલી વધારે ક્ષમતાઓ તથા જેટલી વધારે યોગ્યતાઓ વિકસિત કરી લેશે તેટલી વધારે વિભૂતિઓનો તે અધિકારી બની શકશે. માનવીનું ચિંતન જ એકમાત્ર કેન્દ્રબિંદુ છે કે જેના પર વ્યક્તિની દિશા, પ્રતિભા, કાર્ય, પરિસ્થિતિ કે પૂર્ણ રીતે આધાતિત હોય છે. ચિંતનની ઉત્કૃષ્ટા કે નિકૃષ્ટતાના આધારે વ્યક્તિ દેવ કે દાનવ બને છે. સ્વર્ગ અને નર્કનું સર્જન પૂર્ણ રીતે મનુષ્યના પોતાના હાથમાં છે. શિષ્યને પોતાની વાત આગળ વધારતા ગુરુએ કહ્યું કે પોતાની દૃષ્ટિને બહારથી વાળીને આપણી અંદર નાખવી જોઈએ, અધ્યાત્મના માર્ગનો આધાર લેવો જોઈએ. જગતમાં આમતેમ ભટકનારું પ્રાણી આ શીતળ વૃક્ષની નીચે શાંતિ પ્રાપ્ત કરી શકે છે.

જ્યારે પણ આપણે બહારથી માયાથી વિમુખ થઈને અંતર્મુખી થઈએ છીએ ત્યારે આપણને ખબર પડે છે કે આપણે આપણા પોતાના સ્થાનેથી બહુ દૂર જઈ ચડ્યા હતા. માણસની ઈચ્છાઓ કદી પૂરી થઈ શકતી નથી. એમને જેટલી તૃપ્ત કરવાનો પ્રયત્ન કરવામાં આવશે એટલી જ તે અગ્નિમાં ઘી નાખવાની જેમ વધારે ભડકતી જાય છે. તેથી એ પડછાયાની પાછળ દોડવાના બદલે એમના તરફથી મોં ફેરવી લેવું જોઈએ અને વિચારવું જોઈએ કે જ્યારે આપણા ઘરમાં જ મોતીઓનો ભંડાર ભરેલો છે તો પછી કોડીઓની પાછળ શા માટે ભટકવું જોઈએ? અંતરમાં જોવાથી, પરમાત્માની નજીક જવાથી એ ચાવી મળી જાય છે, જેનાથી સુખ અને શાંતિના અક્ષય ભંડારનો દરવાજો ખુલે છે.

પોતાની વાસ્તવિક સ્થિતિને જાણવાથી, આત્મસ્વરૂપને ઓળખવાથી, સંસારના સાચા સ્વરૂપનું જ્ઞાન થવાથી શાંતિની શીતળ ધારા વહે છે, જેનાથી અસંતોષની સળગતી આગ ઠંડી થઈ જાય છે ત્યારે મનુષ્ય એ મૃગતૃષ્ણાને છોડી દે છે. સાચો સંતોષ મળતાં જ એની બાહ્ય જરૂરિયાતો ખૂબ ઓછી થઈ જાય છે અને ત્યારે ઓછું ઈચ્છનારને ખૂબ મળે છે ત્યારે એને ખૂબ આનંદ મળે છે. આમ, વ્યક્તિએ પોતાની બાહ્ય વૃત્તિઓનો ત્યાગ કરીને વૃત્તિઓને અંતર તરફ વાળવી જોઈએ. ભારતીય સંસ્કૃતિમાં આહાર-વિહારની સાથે આચાર-વિચારને પણ મહત્ત્વ આપ્યું છે. જેટલું મહત્ત્વ ધર્મક્રિયાનું છે. એટલું જ મહત્ત્વ સદ્-ચિંતનનું છે. સકારાત્મક વિચારસરણીનું અત્યંત મહત્ત્વ છે. આપણે આપણી મનોસ્થિતિને પણ ચોક્કસ બદલવી જ પડશે. આપે જોયું હશે કે ફૂલ જ્યારે ખીલે છે ત્યારે કેટલા ભ્રમરો તેની ઉપર આવીને બેસી જાય છે. કેટલાં પતંગિયા અને મધ-માખીઓના ટોળાં તેની આસપાસ ઘૂમતાં જોવા મળે છે. આ બધાં ક્યારે આવે છે? જ્યારે ફૂલ ખીલે ત્યારે. ફૂલની જેમ જ જો આપ પણ જીવનને ખીલવી શકો, આપની પાત્રતાનો વિકાસ કરી શકો, આપની મનઃસ્થિતિને બદલી શકો તો અમે વિશ્વાસપૂર્વક કહી શકીએ છીએ અને આપને વિશ્વાસ આપીએ છીએ કે દેવતાઓના આશીર્વાદ આપને અવશ્ય પ્રાપ્ત થશે જ. આપને ગુરુઓના આશીર્વાદ, અમારા આશીર્વાદ મળશે અને બીજા ગુરુઓ પણ આપને આશીર્વાદ આવશે અને તમારી જરૂરિયાતોની પુષ્ટિ કરશે.

પાત્રતાની પરખ દરેક સ્થળે થાય છે. આપ એવા ખ્યાલમાં ન ભટકશો કે બાધાઓ રાખશો, દંડવત કરશો, આજીજી કરશો તો તમને દેવતાઓ બધી જ વસ્તુઓ આપી દેશે. આપણે માનીએ કે આપણી પાત્રતાને જોયા વિના ફક્ત આપણા વિવિધ કાર્યોથી જ પ્રસન્ન થઈને દેવતા આપણને બધું જ આપી દેશે, એવું ક્યારેય થઈ શકે નહીં. માટે જ તમે પાત્રતાનો વિકાસ કરશો અને સખત પુરુષાર્થ કરશો તો સિદ્ધિ મળશે જ.





જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



પ્રગતિ માટે સાતત્ય જરૂરી

વર્ષ 2011માં H.S.C. વિજ્ઞાન પ્રવાહમાં સારા ગુણ પ્રાપ્ત કરીને હજારો વિદ્યાર્થીઓએ એન્જિનિયરિંગની વિવિધ ફેકલ્ટીમાં પ્રવેશ મેળવ્યો. આ પ્રવેશ મેળવવા માટે સમગ્ર વર્ષ દરમિયાન તેમણે આકરી મહેનત કરી હતી. પણ આશ્ચર્ય સાથે ચોંકાવનારી વાત એ બની કે વર્ષ-2011, ડિસેમ્બર માસમાં G.T.U. દ્વારા લેવાયેલ પ્રથમ સેમેસ્ટરની પરીક્ષામાં 27,263 વિદ્યાર્થીઓ નાપાસ થયા અને 10,022 વિદ્યાર્થીઓ જ પાસ થયા. ઘણા હોશિયાર અને તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓને ક્યારેય નાપાસ એટલે શું એ ખબર નહોતી, તેમને આ વખતે ખબર પડી ગઈ. આ વિપરીત પરિણામનાં કારણો પૈકી એક કારણ હતું : સતત અભ્યાસ કરવાનાં મહાવરામાં પડેલાં ગાબડાં.

કોલેજમાં ઉપરાઉપરી પડતી રજા તેમ જ કોલેજના મોકળા અને રંગબેરંગી વાતાવરણને કારણે ધો.12માં રોજેરોજ ભણવાનો-વાંચવાનો જે મહાવરો હતો, તે કોલેજમાં બંધ થયો. એના લીધે મગજની કામ કરવાની શક્તિ ઘટી, બેદરકારી ને આળસ પેઠી અને તેના અઘટિત પરિણામનો સ્વાદ ઘણાબધાએ ચાખવો પડ્યો.

મિત્રો! દુનિયામાં આજે એવી અનેક વ્યક્તિઓ



છે કે જેમાં અપાર શક્તિ, સામર્થ્ય છે, છતાં તેઓ જીવનમાં સફળ નથી થઈ શકતાં. તેનાં ઘણાંબધાં કારણો પૈકી એક મહત્ત્વનું કારણ છે, સાતત્યનો અભાવ.

સાતત્ય (Continuity)ને બીજા શબ્દોમાં નિયમિતતા પણ કહી શકાય. શ્રીજીમહારાજ વચ. ગઢડા પ્રથમ-23માં આ વાતને સમજાવતાં કહે છે : 'જેમ પાણીનો ઘડો ભરીને એક ઠેકાણે ઢોળી આવીએ, પછી વળી બીજે દિવસ અથવા ત્રીજે દિવસ તે ઠેકાણે પાણીનો ઘડો ઢોળીએ તેણે કરીને ત્યાં પાણીનો ધરો ભરાય નહીં; કાં જે, આગલા દિવસનું જળ આગલે દિવસ સુકાઈ જાય ને પાછલા દિવસનું પાછલે દિવસ સુકાઈ જાય. અને જો આંગળી જેવી નાની જ પાણીની સેર્ય (ધાર) અખંડ વહેતી હોય તો મોટો પાણીનો ધરો ભરાઈ જાય.'

તલતુંબડિયા શાસ્ત્રીની વાત આપણે જાણીએ છીએ કે પહેલાં તે સાવ 'ઢબુનો ઢ' હતો, પણ તેણે તુંબડી ભરીને તલ લીધા અને સંસ્કૃતનું એક રૂપ બોલે ને એક તલ તુંબડીમાં નાખે. એમ, એક રૂપ ગોખતાં આખી તુંબડી ભરે. અભ્યાસનું આવું સાતત્ય જાળવવાથી તે મોટો શાસ્ત્રી બની ગયો.

બિલ ગેટ્સે એક માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ સમક્ષ પોતાના અનુભવનો નિચોડ રજૂ કરતાં કહ્યું હતું કે, 'તમે શાળામાંથી બહાર નીકળતાં જ વર્ષના 60,000 ડોલર કમાઈ શકવાના નથી. તમે કોઈ કંપનીના ઉચ્ચ હોદ્દેદાર બની ગાડીમાં ફરવાલાયક તરત નહીં બની જાવ. ત્યાં સુધી પહોંચવા માટે તમારે તેને લાયક બનવું પડશે.' એટલે કે સાતત્યપૂર્ણ પરિશ્રમ કરવો પડશે, જે તેમણે કર્યો હતો.

બિલ ગેટ્સ પ્રેરણા માટે પોતાની ઓફિસમાં સતત પુરુષાર્થના આદર્શસમા ત્રણ મહાપુરુષો આઈન્સ્ટાઈન, લિયોનાર્ડ દ વીન્ચિ અને હેન્રિ ફોર્ડની તસવીરો રાખે છે.

પ્રમુખસ્વામી મહારાજ વર્ષો સુધી બી.એ.પી.એસ. સંસ્થાનું સુકાન રજા-વેકેશન વગર સંભાળ્યું. એકવાર એક સંતે સ્વામીશ્રીને પૂછ્યું : 'નવરાશના સમયમાં તમે શું કરો?' સ્વામીશ્રી તુરંત બોલ્યા : 'ન હોય તો ઊભું કરીએ.'

ભારત-પાકિસ્તાન અને બાંગ્લાદેશ - આ ત્રિકોણીય જંગમાં સચિન તેંડુલકરે બાંગ્લાદેશ સામે 100મી સેન્ચુરી ફટકારીને વિશ્વવિક્રમ સર્જ્યો. 1989માં સચિન ક્રિકેટ રમવા આવ્યો ત્યારે જર્મનીનો બોરિસ બેકર ટેનિસમાં સફળતાના શિખરે હતો, પણ આજે તે કયાં છે? સ્ટેફી ગ્રાફ પણ તે ગાળામાં મોખરે હતી. અમેરિકાનો સ્ટાર ટેનિસ ખેલાડી આન્દ્રે અગાસી તો સચિન પછી રમવા આવ્યો હતો. પેટ સામ્પ્રસ અને રોજર ફેડરર જેવા ખેલાડીઓ આજે નિવૃત્ત થઈ ગયા બાદ કાં તો કોચિંગ આપે છે અથવા તો ટીવી એક્સપર્ટ બની ગયા છે. જ્યારે સચિન વર્ષો સુધી મેદાનમાં રમતો હતો અને 39 વર્ષની વયે પણ મહાશતક નોંધાવી હતી. ક્રિકેટ ઈતિહાસમાં 22 વર્ષ પોતાનું ફોર્મ જાળવી રાખીને અનેક વિક્રમો સર્જનાર સચિનની સિદ્ધિનું રહસ્ય શું છે? સતત પ્રેક્ટિસ...

સચિનના આ સાતત્યપૂર્ણ પરફોર્મન્સના કારણે જ ખેલાડીઓના મુખમાંથી અહોભાવના શબ્દો સરી પડતા :

- શેન વોર્ન : મને એવું લાગે છે કે સચિન મારા સપનાંમાં પણ મારી બોલિંગમાં આગળ આવીને છગ્ગા ફટકારે છે.

- બ્રાયન લારા : હું ઈચ્છું છું કે મારો પુત્ર મોટો થઈને સચિન તેંડુલકર જેવો ક્રિકેટર બને.

રમત કે બિઝનેસ, વિજ્ઞાન કે કલા, કોઈ પણ ક્ષેત્ર હોય, અરે! અધ્યાત્મ ક્ષેત્ર કેમ ન હોય? તેમાં પણ સાતત્ય વિના ચાલે તેમ નથી.

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



એક વખત રાજાને તાવ આવ્યો

માનવતા સૌને શીખવે છે કે આપણે સૌ પ્રત્યે સદ્‌ભાવ રાખવાનો છે. સૌના પ્રત્યે પ્રેમભાવ રાખવાનો છે અને સૌના પ્રત્યે દયાભાવ રાખવાનો છે. આપણા જીવનમાં રહેલાં દોષો-દુર્ગુણોનો ત્યાગ કરવાનો છે અને સત્સંગ દ્વારા, સત્પુરુષોની વાણીનું શ્રવણ કરીને આપણે હંમેશાં કર્તવ્યપથ ઉપર આગળ વધતાં રહેવાનું છે. ભારતીય આધ્યાત્મિક ગ્રંથમાં એવું કહેવાયું છે કે – સ્વલ્પમપિધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્ – અલ્પ માત્રામાં આચરવામાં આવેલો ધર્મ મોટા ભયમાંથી ઉગારી લેવા સક્ષમ છે.

આપણે જીવનમાં ધર્મનું આચરણ છોડવાનું નથી. માત્ર ધર્મ જ નહીં, સત્યના માર્ગથી પણ પીછેહઠ કરવાની નથી. માનવ તરીકેનું શ્રેષ્ઠ આચરણ કરીને આપણે સ્વથી લઈને સર્વસ્વ સુધીની જે યાત્રા છે, તે દરમિયાન માનવતાને મહેકાવવા માટે હંમેશાં તત્પર બની રહેવાનું છે. યાદ રાખો, જે સ્વયં સન્માર્ગે ચાલે છે અને બીજાઓને પણ પ્રેરણા પૂરી પાડે છે, તે પોતાના માર્ગે આગળ વધી શકવા સમર્થ છે.

મનુષ્ય ધન દ્વારા ક્યારેય તૃપ્ત થતો નથી. તેની આવી તૃષ્ણાને લોભ કહેવામાં આવે છે. આ એક ખૂબ જ મોટો વિકાર છે. લોભ મનુષ્યની સદ્‌બુદ્ધિને અજ્ઞાનરૂપી અંધકારથી ઢાંકી દે છે અને તેની બુદ્ધિ જ્યારે અજ્ઞાનના આવરણથી ઢંકાઈ જાય છે, ત્યારે તે અમાનવીય કર્મો કરવા લાગે છે અને એવા કર્મો કરતાં તેને સહેજ પણ શરમનો અનુભવ થતો નથી. આ રીતે આવો મનુષ્ય પોતાનું ધન અને સુખ આ ત્રણેયને નષ્ટ કરી નાખે છે. લોભ જેવા યોગ્ય કર્મો દ્વારા આ નીતિપૂર્વક કમાયેલું ધન મનને અશાંત અને બેચેન બનાવી દે છે તથા ખરાબ કાર્યોમાં જ તે ધનનો નાશ થઈ જાય છે. આવું ઘર કે કુટુંબ ખરાબ કાર્યોમાં જ બરબાદ થઈ જાય છે તથા મનુષ્યનું નૈતિક અધઃપતન થઈ જાય છે.

એટલા માટે જ વેદો દ્વારા નિર્દેશ કરવામાં આવ્યો છે કે મનુષ્યે ધર્મ અનુસાર આચરણ કરીને જ પ્રબળ પુરુષાર્થ દ્વારા વધારે ને વધારે ધન કમાવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ રીતે પ્રાપ્ત કરેલા ધનને મનુષ્ય ખોટા કાર્યો કે કારણ વગર બરબાદ થવા દેતો નથી અને એવા ધનને સમાજના કલ્યાણ માટે વાપરી તેનો આનંદ પ્રાપ્ત કરે છે. દરેકનું આબાદ કલ્યાણ નથી થતું તે જોઈને મનોમન જ પ્રફુલ્લિત થઇ જાય છે. તે પવિત્ર ધન લોકોમાં સાત્વિકતાનો વિકાસ કરે છે અને બધાને સત્ય આચરણ કરવા માટે પ્રેરણા આપે છે. ઈમાનદારીની કમાણી જ શુભ ફળ આપે છે.

સમય સૌને કહે છે કે તમને કોઇ સાથ આપનારું નથી. તમારે જાગૃત રહેવાનું છે. સંસારમાં રહેવાની કળા પ્રાપ્ત કરી લો.


એકવાર એક રાજાને તાવ આવ્યો, ખૂબ ઉપાય કર્યા, પણ કંઈ ફેર ન પડ્યો. તેમને કોઈ જ અભાવ નહોતો, આઠ રાણીઓ હતી, પરંતુ એક સમજદાર વૈદ્યરાજે કહ્યું કે, તમે ગોશીર્ષ ચંદનનો લેપ કરાવો તો દાહજ્વર સમાપ્ત થઇ જાય. રાણીઓ ચંદન ઘસવા લાગી, પરંતુ જ્યારે રાણીઓ તે ચંદન ઘસતી હતી, ત્યારે તેમણે પહેરેલી બંગડીઓનો અવાજ આવતો હતો અને તે સમયે બીમાર વ્યક્તિની માનસિકતા પણ રુગ્ણ જ હોય છે. માટે રાજા ચીડિયો થઈ ગયો હતો. તેણે કહ્યું કે આ શેનો અવાજ છે? મારા કાનમાં વજ્રપાત થાય છે. એટલે રાણીઓએ પોતાના વિવેકથી એવું કર્યું કે બધી બંગડીઓ કાઢીને એકમાત્ર સૌભાગ્યના પ્રતીક સમી એક બંગડી રાખી. જેનાથી બંગડીઓનો અવાજ બંધ થઇ ગયો. તો ફરી પાછો રાજા બહાર આવ્યો અને કહે કે, આ અવાજ કેમ બંધ થઇ ગયો? મારા ઉપચાર માટે ચંદન ઘસવાનું બંધ કરી દીધું કે શું?

ઉલ્લેખનીય છે કે બીમાર વ્યક્તિનો સ્વભાવ બાળક જેવો થઇ જતો હોય છે. તો ક્યારેક ચીડિયો અને ક્રોધિત પણ થઇ જતો હોય છે, પરંતુ રાણીઓએ વિવેક અને વિનમ્રતાથી કહ્યું કે, મહારાજ! તમને શાંતિ મળે અને તે વજ્રપાત કરતો ધ્વનિ ન આવે, તે માટે અમે વધારાની બંગડીઓ કાઢી નાખી અને સૌભાગ્યનાં પ્રતીક સમી એક બંગડી પહેરી અને તેને કારણે અવાજ શાંત થઇ ગયો અને તેનાથી બંગડીઓ વચ્ચે જે ઘર્ષણનો અવાજ આવતો હતો, તે બંધ થઇ ગયો.

તે સમયે જ રાજાની દાર્શનિક દૃષ્ટિ ખુલી અને વિચાર્યુ કે એકમાં શાંતિ, અનેકમાં અશાંતિ. અનેક બંગડીઓ હતી ત્યાં સંઘર્ષ હતો, કર્કશતા હતી, પરંતુ એક બંગડીમાં કોઇ જ સંઘર્ષ, અશાંતિ નહીં. કોઇ જ ક્લેશ નથી. માટે હું પણ એકત્વની ભાવનામાં સ્થિર બની જઉં.

આમ, આધ્યાત્મિક ઉન્નતિ માટે ધર્મનું આચરણ કરીએ, જીવનમાંથી અસત્ય દૂર કરીને સત્ય તરફ, સંઘર્ષને દૂર કરીને શાંતિ તરફ અને ભૌતિકતાનો ત્યાગ કરીને આધ્યાત્મિકતા તરફ આગળ વધીએ.

ગુરુ બનવા જશો તો ભટકી જશો, સામેવાળાને તમારી અંદર ગુરુનો ભાવ જાગ્યો તે ભાવને વંદન. તે ભાવ જ તેને લક્ષ્ય સુધી લઈ જશે



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



વિશ્વભરના મંદિરોનો ઉદ્ગમ



આ જગતનો શાશ્વત સિદ્ધાંત છે કે, 'જરૂરિયાત એ શોધની જનની છે'. એટલે કે સમાજને જ્યારે શિક્ષણની જરૂર પડી ત્યારે ગુરુકુળો અને શાળાઓની વ્યવસ્થા શોધાઈ. સમાજને મનોરંજનની જરૂર પડી ત્યારે બાગબગીચા અને મનોરંજનનાં વિવિધ સ્થાનો રચાયાં. સમાજને આરોગ્યની જરૂર પડી ત્યારે દવાખાનાંઓ બનાવ્યાં. સમાજને શાશ્વત શાંતિ અને જીવનને ઉચ્ચ ભૂમિકા ઉપર લઈ જાય તેવા સ્થાનની જરૂર લાગી, ત્યારે મંદિરોનું નિર્માણ થયું. આપણા ઋષિમુનિઓ આર્ષદષ્ટા હતા. તેમણે વિચાર્યું કે સમાજના આધ્યાત્મિક અને સર્વાંગી ઉત્કર્ષ માટે બધી જ પ્રકારની આવશ્યકતાઓની પૂર્તિ મંદિર દ્વારા થઈ શકે છે.

સૃષ્ટિની શરૂઆતનો માનવ પ્રકૃતિ સાથે તાદાત્મ્ય અનુભવતો. ઘરમાં કે અન્ય સ્થળે નવરાશની પળોમાં તે વિચારતો કે પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ ન હોત તો મારું જીવન કેવી રીતે ચાલત?! તેને આ પંચમહાભૂતો તરફથી શાંતિ અને સહાય મળતાં. તેથી તે તેમને જ દેવતા માનતો અને પૂજા કરતો. વેદોમાં ઉષા, વરુણ, સૂર્ય, ઈન્દ્ર, અગ્નિ, પૃથ્વી વગેરેની ઉપાસના લખેલી છે. 'શાકુંતલમ્' નાટકના મંગળાચરણમાં કવિ કાલિદાસે પણ પૃથ્વી, જળ, તેજ વગેરે આઠ પ્રાકૃતિક અંગોને ભગવાન શિવની પ્રત્યક્ષ મૂર્તિ રૂપે વર્ણવ્યાં છે.

કેનોપનિષદના ઉદ્ભવ પાછળની વિચારધારા પણ કંઈક એવી જ હતી કે આ પંચભૂતરૂપી પ્રકૃતિનો પ્રેરક કોણ હશે? પવનનો પ્રેરનાર, વરસાદ વરસાવનાર, આકાશનો આધાર કોણ હશે? ભગવાને જ તેની આ જિજ્ઞાસા જાણી અને તેમની પ્રેરણાથી માણસને પ્રકૃતિના પાલવમાં છુપાયેલા પ્રભુની પ્રતીતિ આવી. આખી સૃષ્ટિ તેને પ્રભુમય લાગી. તે ભાવવિભોર બની ગાવા લાગ્યો :

'ज्योतींषि विष्णुर्भुवनानिविष्णु र्वनानि विष्णुर्गिरियो दिशश्च।
नद्यः समुद्राश्च स एव सर्वं यदस्ति यन्नास्ति च विप्रवर्य॥'

'હે વિપ્રશ્રેષ્ઠ! આ આકાશી ચાંદની, ભુવનો, અરણ્યો, પર્વતો, દિશાઓ, નદીઓ, સમુદ્રો જે કંઈ અસ્તિત્વ ધરાવે છે, તે બધું પ્રભુમય છે.'

માનવીને શિખર કે ગુફામાં ઉદ્ભવેલા આ વિચારોમાં શાંતિ મળી. આ શાંતિની અનુભૂતિ ગામમાં રહ્યા થકી પણ થાય એટલે માનવે ગામમાં મંદિરો રચવાનું વિચાર્યું. વેદી, પીઠિકા કે બાજોઠ ઉપર કેળના ચાર સ્તંભ કે શેરડીના ચાર સાંઠા જોડી એને ઉપરના ભાગે એક કરીને બાંધ્યા. મંદિરનું આ મૂળ સ્વરૂપ. વળી, ભારતીય સંસ્કૃતિ યજ્ઞીય સંસ્કૃતિ છે. તેથી મંદિરોનાં શિખરોનો આકાર યજ્ઞવેદીની જ્વાળાઓ જેવો કર્યો એમ પણ કહી શકાય. કેળ અને શેરડી સમય જતાં કરમાઈ જાય એટલે વધુ ટકે તેવા કાષ્ટમંડપો બનાવ્યા. કાળક્રમે પછી ઈંટો અને પાષાણનો ઉપયોગ થવા લાગ્યો.

શિખર અને ગર્ભ-ગૃહ (ગુફા)વાળાં મંદિરો બનાવ્યાં. મંદિરોમાં શિખર અને ગર્ભગૃહ સાથે દર્શનાર્થીઓ માટે ગૂઢ મંડપ જોડાયો. ત્રણ દિશાથી પ્રવેશવા માટે મુખ-મંડપો મુકાયા. નૃત્ય માટે નૃત્યમંડપ કે રંગમંડપ ઉમેરાયા. પછી ભિન્ન ભિન્ન પ્રકારના સ્તંભો, મંડોવર, ઝરૂખા, ઘુમ્મટ, ઘુમ્મટીઓ, તોરણ, છત, મંડોવરમાં દિક્પાલો અને દેવીદેવતાનાં વિભિન્ન સ્વરૂપો, ઘુમ્મટમાં દેવતાનાં સ્વરૂપો, મંડોવરના કલાત્મક સ્વરૂપો, પછી શિખરની શરૂઆત, ચારે બાજુની રેખાઓ ત્રાંસમાં આગળ વધે અને ઉપર એક વર્તુળમાં મળે છે. આ વર્તુળ એટલે આમલક (આમલસારો). શિખર ઉપર કળશ અને ધ્વજદંડ. સૌથી ઉપર ધજા. મંદિરો એક શિખરનાં અને એકથી વધુ શિખરનાં થાય છે.

સનાતન હિંદુ પરંપરામાં મંદિરના સ્થાપત્યનાં વિવિધ અંગોની ભગવાનનાં વિવિધ અંગો સાથે એકરૂપતા સ્થાપીને ભારતીય ઋષિઓએ તેનો ખૂબ મહિમા કહ્યો છે. આથી દેવસ્વરૂપ મંદિર તેમ જ ગર્ભગૃહમાં બિરાજતા ભગવાન પ્રત્યે ભક્તિથી સૌ છલકાય છે. ભારતીય મનીષીઓ પંચરાત્રાદિ શાસ્ત્રોના આધારે માનતા કે ધાતુ, પાષાણ, કાષ્ટ, ચિત્ર, લેપન, સ્ફટિક, વેળુ અને મનોમય આ આઠ પ્રકારની મૂર્તિઓ પ્રભુનું સ્વરૂપ છે. તેથી મનોમય સિવાયની અર્ચાસ્વરૂપ પ્રભુની મૂર્તિઓ મંદિરોમાં પધરાવાય છે. વળી મંદિર એટલે કેવળ દેવઘર નહીં. તેમાં કેવળ આરતી, પૂજા અને થાળ થતાં હોય અને ઘંટ, ઝાલર અને નગારાં વાગતાં હોય એવું નહીં, પણ મંદિર એટલે જ્યાં સમય અટકે અને આત્માને શાંતિ મળે. મંદિર એ પ્રેમ, શાંતિ અને સંવાદિતાનું સ્થાન છે.


પહેલાંના સમયમાં મંદિરનાં સ્થાન અને માપ ઉપરથી સમગ્ર શહેરની અન્ય ઈમારતો અને સંસ્થાઓ બંધાતી. મંદિર આખા શહેરનું નિયમન કરતું. કંબોડિયા (પૂર્વે કંભોજ)માં અંગકોરવાટ શહેરમાં વિશ્વનું મોટામાં મોટું હિન્દુ મંદિર છે. 25 ચો.કિ.મી.નો તેનો વિસ્તાર છે. ભારતમાં ત્રિચિનાપલ્લીમાં શ્રીરંગજીનું મંદિર પણ ત્રણેક કિ.મી.ના વિસ્તારમાં બનેલું છે. પૂર્વે ગુજરાતનાં સોમનાથ વગેરે મંદિરો પણ અતિ વિશાળ હતાં. શહેરવાસીઓના કેન્દ્રસ્થાને મંદિર એટલે કે ભગવાન હોવા જોઈએ. જેથી જીવનની બધી પ્રવૃત્તિઓ શુભ ફળવાળી થાય. તમિળમાં માન્યતા છે કે જે ગામમાં મંદિર ન હોય, તે ગામમાં રહેવું નહીં.

મંદિરને મધ્યમાં રાખી જીવનની પ્રદક્ષિણા કરીએ તો ભવના ફેરા ટળી જાય. મંદિર આધ્યાત્મિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજિક વગેરે પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે. ટૂંકમાં, જીવનનાં બધાં અંગોને પોષે તે મંદિર. મંદિરનું નિર્માણ આપણે કરીએ અને મંદિર આપણું સાંસ્કૃતિક નિર્માણ કરે.

ભક્તનું ચરિત્ર, શીલ એવું હોય છે કે તે ભોગાસક્ત નહીં, પરંતુ સતત પ્રભુ-પરાયણ હોય છે

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા





એક પ્રસંગ મહર્ષિ મુદ્ગલનો છે. તેઓ ભગવાનના અનન્ય ભક્ત હતા. તેઓ નિરંતર તપ-સાધનામાં રહેતા. તેઓ જગન્માતાનાં ઉપાસક હતા. ઈન્દ્ર તેમની તપસ્યાથી ભય પામ્યા, વિચાર્યું કે આ ઈન્દ્રાસન તો નહીં લઈ લે! નારદજીને પૂછતાં, નારદજીએ કહ્યું, 'તેમને સ્વર્ગનું આસન નથી જોઈતું. છતાં જો તમે ભયભીત છો તો તે લઈ લે તે પહેલાં જ સ્વર્ગનું સુખ આપો અને અહીં જ બોલાવી લો.' ઈન્દ્રને આ વાત સમજાઈ ગઈ. તેમણે ઋષિને સ્વર્ગ આવવા પ્રાર્થના કરી, ઋષિ પણ તૈયાર થઈ ગયા. તેમને નંદનકાનનમાં અપ્સરા-ગંધર્વો વચ્ચે રાખ્યા.

પેલી બાજુ અપ્સરાઓ જ્યારે નાચવાનો પ્રયત્ન કરતી, ત્યારે મહર્ષિ તેમને ભજન સંભળાવવાનું કહેતા, વૈરાગ્યની મહત્તા સમજાવતા. સ્થિતિ એવી થઈ કે સ્વર્ગનું વાતાવરણ બદલાવા લાગ્યું અને બધી જ અપ્સરા અને ગંધર્વો જાપ કરવા લાગ્યાં, સુખ-ઐશ્વર્યથી તેમને વૈરાગ્ય આવી ગયો. રાજસિકતાને બદલે સાત્વિકતાનું વાતાવરણ થઈ ગયું. ઈન્દ્ર પણ પરેશાન કે આજ સુધી અહીં આવું થયું નથી. આ ઋષિએ તો નંદનકાનનને વૈરાગ્યની કુટિર બનાવી દીધી. આ ઋષિનું પુણ્ય પણ ક્ષીણ નથી થતું. ઈન્દ્રએ બીજો રસ્તો કાઢીને કહ્યું, 'આપ હિમાલય પધારો.' ઋષિ તો ખુશીથી ત્યાં જતાં રહ્યાં. એટલે કે ભક્તનું ચરિત્ર, શીલ આવું જ હોય છે. ભોગાસક્ત નહીં, પરંતુ સતત પ્રભુ-પરાયણ હોય છે.

એ જ રીતે જે કોઈ પણ વ્યક્તિ સત્ય જાણવા માટે ઉત્સુક છે, તેને જોઈને સંતના હૃદયમાં પ્રેમ ઉદ્ભવે છે, પરંતુ જો કોઈ વ્યક્તિ મહાપુરુષ પાસે જઈને પૂછે કે, 'મહારાજ! હવે ચૂંટણી આવવાની છે, તેમાં તમને શું લાગે છે? કોની સરકાર બનશે? અરે ભાઈ, તેમને તો માળા જપવા દો. આને બદલે જો તમે ઈશ્વર વિશે પૂછો તો તેમનાં હૃદયમાં પ્રેમ ઉદ્ભવે અને તે પ્રેમને કારણે ઉપદેશની ગંગા વહે અને પછી એ જ ગંગા ક્યારેક ગીતારૂપે વહે તો ક્યારેક રામાયણનાં રૂપે વહે છે, તો ક્યારેક તે ગંગા ભાગવતરૂપ બની જાય છે.'

મહાપુરુષોના મુખમાંથી નીકળનારી વાણી ગંગા જેવી જ શીતળ, નિર્મળ, પાવન અને સંતૃપ્ત કરનારી હોય છે. આપણે એ ચર્ચા કરી કે શ્રીમદ્ ભાગવત પ્રેમ આપનારી સંહિતા છે એટલે કે તેનું શ્રવણ કરશો તો પ્રેમ પ્રગટ થશે. બ્રહ્માજીએ નારદજીને ભાગવતનો ઉપદેશ આપ્યો અને કહ્યું કે, 'જાઓ, પરિભ્રમણ કરો, આમ પણ તમને શાપ છે એટલે એક જગ્યાએ તમે બેસી શકશો નહીં, તમે પરિભ્રમણ કરો.'

બીજી રીતે જોઈએ તો, જેટલા પણ હરિગુણનાં ગાયક છે તેમને શાપ કહો, ભાગ્ય કહો કે કાર્ય કહો, પરંતુ હું તો તેને વરદાન કહું છું કે તેઓ એક જગ્યાએ સ્થિર નથી રહેતા. તે અર્થમાં પ્રત્યેક કથાકાર સાધુ છે અને સંન્યાસી પણ છે. પછી તે સફેદ વસ્ત્રમાં હોય તો પણ સંન્યાસી. એટલે કે તે ઘરે વધુ સમય રહેતો નથી. એક જગ્યાએ સ્થિર નથી રહેતો, ભિક્ષા માંગીને પેટ ભરે છે. તે પરિવારનો ત્યાગ કરે છે, સાંસારિક વાતો છૂટી જાય છે. તો આ અર્થમાં તે સંન્યાસી જ છે. એક જગ્યાએ સ્થિર નથી અને પરિભ્રમણ કરે છે. નારદજી અસ્થિર છે. અસ્થિરનો એક અર્થ આવો પણ થાય છે. 'અ' એટલે વાસુદેવ શ્રીકૃષ્ણ. તેમનામાં જે સ્થિર થઈ ગયો તે અસ્થિર. શ્રીકૃષ્ણમાં જેની મતિ સ્થિર થઈ ગઈ છે.

અસ્થિર શબ્દ સુંદર છે. જે રીતે નારદજી જેવા સાધુ, કોઈ વક્તા નિરંતર ભલે પરિભ્રમણ કરે એટલે કે તેમનું તન (શરીર) ફરતું રહે છે, પરંતુ તેમનું મન શ્રીકૃષ્ણનાં ચરણોમાં જ સ્થિર છે. જેની મતિ સતત ફરતી રહે છે, ભ્રમણ કરતી રહે છે, તે સંસારી છે. જેનું શરીર (તન) ભલે ભ્રમણ કરતું રહે, પરંતુ બુદ્ધિ શ્રીકૃષ્ણમાં સ્થિર છે, તે સાધુ છે.

સંન્યાસી અને સંસારીમાં આ ભેદ છે. સંસારીનું તન ઘરમાં સ્થિર હોય છે અને મન ભટકતું હોય છે એટલે કે બુદ્ધિ સ્થિર થતી નથી. સાધુનું શરીર ભ્રમણ કરતું હોય છે. એટલે જ કહે છે કે 'સાધુ તો ચલતા ભલા' પરંતુ તેઓનું મન ભગવાનમાં લાગેલું હોય છે અને તેમની બુદ્ધિ શ્રીકૃષ્ણમાં સ્થિર ગઈ હોય છે. આનું પરિણામ એ આવે છે જેમ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં સ્વયં શ્રીકૃષ્ણે કહ્યું છે કે 'મય્યેવ મન આધત્સ્વ મયિ બુદ્ધિં નિવેશય' એટલે કે તું મારામાં જ સ્થિર રહીશ. આ જ સ્થિત ધીઃ એટલે કે અસ્થિર છે.

નારદજી આવા જ મહાપુરુષ છે, જે ભગવાન શ્રીકૃષ્ણમાં સ્થિર છે. આ જ રીતે પ્રત્યેક હરિગુણ ગાયકનાં જીવનમાં જોડાયેલી ઘટના કહો કે શાપ અથવા વરદાન, પણ તેઓ એક સ્થળે સ્થિર રહેતા નથી, પરિભ્રમણ કરે છે અને હરિકથા દ્વારા લોકોનાં હૃદયમાં પરમાત્મા પ્રત્યે પ્રેમ જાગૃત કરે છે.





જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

મંદિર : હિન્દુ અસ્મિતાનો અવિચલ સ્તંભ

લંડનની વિશ્વવિખ્યાત 'સ્કૂલ ઓફ આર્કિટેક્ચર'ના સંશોધક વિદ્વાન ડો. જ્યોર્જ મિશેલ, હિન્દુ મંદિરો વિશે સંશોધન કરવા માટે હિમાલયથી લઈને દક્ષિણ ભારતના ગામડાઓ અને છેક ઈન્ડોનેશિયા સુધી ઘૂમી વળ્યા હતા.

હિન્દુ એશિયાના આ દીર્ઘ પ્રવાસના અનુભવોના અંતે ડો. મિશેલે વિધાન લખ્યું હતું : 'The temple is the most characteristic artistic expression of Hinduism, providing a focus for both the social and spiritual life of the community it serves... No village in Hindu Asia is complete without a temple...' અર્થાત્ મંદિર એ હિન્દુત્વની એક અત્યંત વિલક્ષણ અને કલાત્મક અભિવ્યક્તિ છે, જે હિન્દુઓના સામાજિક અને આધ્યાત્મિક જીવનનું કેન્દ્ર બની રહે છે. મંદિર વિના હિન્દુ એશિયાનું કોઈ પણ ગામ અપૂર્ણ છે...

મંદિર હિન્દુત્વનું એક અભિન્ન અંગ છે. મંદિર વિનાના હિન્દુત્વની કે સનાતન ધર્મની કલ્પના અસંભવ છે. છેલ્લી બે સહસ્રાબ્દીઓનો ઈતિહાસ સાક્ષી છે કે હિન્દુઓને ક્યારેય મંદિર વિના ચાલ્યું નથી, ચાલશે પણ નહીં. હજારો વર્ષોથી હિન્દુઓ મંદિરો સર્જતા રહ્યા છે, તો છેલ્લાં એક હજાર વર્ષના ઈતિહાસમાં આક્રમણકારોએ હજારો મંદિરો તોડ્યાં પણ છે. પરંતુ ઈતિહાસ નોંધે છે કે આક્રમણકારો મંદિરો પ્રત્યેની હિન્દુઓની શ્રદ્ધાને તોડી શક્યા



નથી. એટલે જ વિનાશની કારમી પળો પછી પણ, ફિનિક્સ પંખીની જેમ પોતાની રાખમાંથી ઊભા થઈને હિન્દુઓ, મંદિરો અને મૂર્તિપૂજાનો નવો નવો ઈતિહાસ સર્જતા રહ્યા છે.

શ્રદ્ધાશૂન્ય લોકો પૂછે છે : 'મંદિરોથી માણસને મળે છે શું?' જોકે તેનો જવાબ વાણી અને તર્કની સીમાથી પેલે પારનો છે. પરંતુ માણસ મંદિરોમાંથી કંઈ પામતો ન હોત, તો હજારો વર્ષોથી મંદિરો શા માટે જનમેદનીથી ઊભરાતાં રહ્યાં છે? મંદિરોમાંથી કંઈ લાધતું ન હોત, તો માણસને નવાં નવાં મંદિરો બનાવવાની લગની શા માટે લાગી હોત? માણસ મહેનત કરીને ઘર બનાવે, પોતાને રહેવા માટે, પરંતુ જ્યાં પોતાને રહેવાનું નથી, એવા મંદિર પાછળ તે સમર્પણની ગંગા વહાવી, શા માટે ન્યોચ્છાવર થઈ જાય છે?

ડો. જ્યોર્જ મિશેલને તેનું આશ્ચર્ય થાય છે કે હિન્દુઓ કલા અને કૌશલ્યની અભિવ્યક્તિની તમામ શક્તિઓ મંદિરોમાં ઓવારી દે છે! મંદિરો પ્રત્યેની આ અનન્ય શ્રદ્ધાને કારણે કલા અને સ્થાપત્યનાં કેવાં અદ્ભુત સ્થાનો ઉદ્દ્ભવ્યાં છે!

'જય' નામનો શિલ્પગ્રંથ મંદિરના મુખ્ય 14 પ્રકાર ગણાવે છે : નાગર, દ્રવિડ, લતિન, વૈરાટ, વિમાન, સાવંધાર, મિશ્રક, ભૂમિજ, વિમાનનાગર, વિમાનપુષ્પક, વલ્લભ, સિંહાવલોકન, ફાસનાકાર, રથારૂહ અને આ ચૌદ પ્રકારનાં મંદિરોના પેટા પ્રકાર કેટલા? અઢાર લાખ અને પાંત્રીસ હજાર પ્રકારો! મંદિરોની આટલી બહુલતા શું સૂચવે છે?

કહે છે કે, ગૌતમ બુદ્ધે એક વિલક્ષણ ફિલોસોફી આપીને કર્મકાંડ, મંદિરો, મૂર્તિપૂજા વગેરેનો નિષેધ કર્યો હતો, પરંતુ માણસ ક્યારેય ભક્તિભાવ અને મૂર્તિ પ્રત્યેની આસ્થા વિના રહી શકે તેમ નથી, તે ઈતિહાસે પણ પુરવાર કરી બતાવ્યું. જે ગૌતમ બુદ્ધે કર્મકાંડ અને મૂર્તિપૂજાનો નિષેધ કર્યો હતો, એ જ ગૌતમ બુદ્ધની મૂર્તિઓ જગતની સૌથી વધુ કિંમતી અને ભવ્ય મૂર્તિઓ તરીકે પુજાય છે! મંદિરો અને મૂર્તિપૂજાના પ્રભાવ માટે આનાથી વિશેષ પ્રભાવક ઉદાહરણ કયું હોઈ શકે?

ગાંધીજી કહે છે : 'મૂર્તિપૂજા એ મનુષ્ય સ્વભાવનું જ એક અંગ છે. માણસ બીજી જગ્યા કરતાં મંદિર કે દેવાલયમાં જ કંઈક વધારે શાંત અને સાત્ત્વિક મનોવૃત્તિવાળો બને છે, એનું રહસ્ય બીજું શું છે? મૂર્તિ એ ઉપાસનાની સહાયક છે.'

'મૂર્તિપૂજા એ ખરી ધાર્મિકતાનો ઉદ્ગાર છે.' એમ કહીને આનંદશંકર ધ્રુવ જેવા હિન્દુ ધર્મના પ્રખર વિદ્વાન કહે છે : 'મૂર્તિપૂજા પરમાત્માને સંકડાવી નાખવાના પ્રયત્નોમાંથી નીકળી નથી, પણ એનો સાક્ષાત્કાર કરવાની ઉત્સુકતામાંથી ઉદ્ભવી છે... પરમ તત્ત્વને પ્રત્યક્ષ કરી જોવા, સેવવા અને આલિંગવાનો એ પ્રયત્ન છે.' મંદિર અને મૂર્તિમાં આરોપેલી આ શ્રદ્ધા, હજારો વર્ષોથી હિન્દુ અસ્મિતાનો અવિચળ આધારસ્તંભ બની રહી છે.

આ મંદિરોએ સમાજને શું પ્રદાન આપ્યું છે? તે વિશે પ્રામાણિક સંશોધનો કેટલાં થયાં છે? જગતની અનેક દિશાઓમાં સંશોધનો અને સર્વેક્ષણો થયાં છે અને થાય છે, પરંતુ તેમાંથી સંશોધનોનું એકાદ કિરણ પણ મંદિરના પ્રદાનની દિશામાં વળશે ત્યારે વિશ્વને એક નવી કલ્યાણમય દૃષ્ટિ પ્રાપ્ત થશે, ઈતિહાસનું એક એવું પ્રકરણ જગતના હાથમાં આવશે, જેના માટે ગ્રંથોના ગ્રંથો આરક્ષિત રાખવા પડશે.

ભારતીય ઋષિવર્યોએ મંદિરને જડ ઈમારત તરીકે નહીં, એક જીવંત તત્ત્વ તરીકે સ્વીકાર્યું છે. મંદિરો પ્રત્યેની અનંત આસ્થાને અને માનવજીવન પર તેના પ્રભાવને નિરખીને ડો. જ્યોર્જ મિશેલ નોંધે છે કે, 'હિન્દુત્વ એક એવી જીવંત પ્રણાલી છે, જ્યાં મંદિરનું એક અતિ સામાન્ય સ્વરૂપ પણ એ સમજાવવા માટે પૂરતું છે, કે માણસ હજુય ભગવાન સાથે સંપર્ક સાધી શકે છે...'



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

સર્વે પ્રાર્થના પરમાત્માને જ પહોંચે છે

ભગવાન શ્રીકૃષ્ણે પાંચ હજાર વર્ષ પૂર્વે કહેલી શ્રીમદ્ ભગવદ ગીતાનાં શ્લોકમાંથી 'બ્રહ્મ' શબ્દ લીધો શંકરાચાર્યે અને 'નિર્વાણ' શબ્દ બુદ્ધે સ્વીકાર્યો. એ કૃષ્ણ પછી જ થયા ને બંને? શ્રીકૃષ્ણ પછી જ બુદ્ધ આવ્યા અને બુદ્ધ પછી પાછા શંકરાચાર્ય આવ્યા. તો બ્રહ્મ શબ્દ શંકરાચાર્યે અને નિર્વાણ શબ્દ બુદ્ધે લીધો છે.

'નિર્વાણ' શૂન્ય થવાની વાત છે અને 'બ્રહ્મ' પૂર્ણ થવાની વાત છે. એકમાં ભરાઈ જવાની વાત છે અને એકમાં ખાલી થઈ જવાની વાત છે. જેમ ગંગા અને નર્મદા બંને અલગ અલગ દિશામાં વહેવા છતાં અંતે સમુદ્રને મળે છે, એમ જે સ્થિતિને પહોંચે છે તે સ્થિતિ એક જ છે. એ જ રીતે નામ અલગ-અલગ હોય, પરંતુ અંતે તો પરમ-તત્ત્વ, પરમાત્માને જ પ્રાર્થના પહોંચે છે.


સંશય કરવાનો અધિકાર શિષ્યને, શ્રોતાને છે અને એ અધિકારને છીનવી લેવામાં આવ્યો, ત્યારથી ધર્મનું ક્ષેત્ર તંદુરસ્ત ન રહ્યું. કેવળ માન્યતા બની ગઈ છે કે ઈશ્વર છે તેય માન્યતા અને ઈશ્વર નથી તેય માન્યતા અને એ અર્થમાં નાસ્તિકોની નાસ્તિકતા પ્રામાણિક નથી અને આસ્તિકોની આસ્તિકતા પ્રામાણિક નથી.

ભગવાન બુદ્ધ પાસે એકવાર એક માણસ આવ્યો અને કહ્યું, 'ઈશ્વર છે? હું તો માનું છું ઈશ્વર છે.' બુદ્ધે કહ્યું, 'ઈશ્વર નથી, તારી માન્યતા ખોટી છે. ઈશ્વર જેવું કાંઈ છે જ નહીં.'

સાંજના સમયે બીજો એક માણસ આવ્યો. તેણે કહ્યું 'ઈશ્વર નથી એમ મેં સાંભળ્યું, તમે કહ્યું ઈશ્વર નથી?' બુદ્ધે કહ્યું, 'ના, ઈશ્વર છે ને! ઈશ્વર અને ઈશ્વર જ છે.' 'હા તો ઠીક.' કહી એ જતો રહ્યો. બુદ્ધનો શિષ્ય આનંદ આ સાંભળી રહ્યો હતો. તેણે ગુરુદેવને કહ્યું, 'ભગવન! તમારી આ વાત સમજાઈ નહીં. સવારે જે માણસ આવ્યો હતો તેને તમે કહ્યું કે ઈશ્વર નથી અને સાંજે બીજો માણસ આવ્યો તેને તમે કહ્યું કે ઈશ્વર છે. આ વાત સમજાઈ નહીં. તમે સવારે અલગ કહો છો, સાંજે અલગ કહો છે. આ કેવી વાત કહો છો?'

બુદ્ધને કહ્યા, 'આ બંને જવાબ એ બંને માટે હતા, તમે કેમ સાંભળ્યા? બંનેમાંથી એક પણ જવાબ તમારા માટે નહોતો, તમે વચ્ચે કેમ આવ્યા, પણ હવે તમે પૂછ્યું જ છે તો હું તમને જવાબ આપું છું. જે માણસ સવારે મારી પાસે આવ્યો હતો એ ઈશ્વરને માનતો હતો. એ આસ્તિક હતો, પણ એની આસ્તિકતા પણ માત્ર માન્યતા જ હતી. એ માન્યતા જ્યાં સુધી અનુભૂતિમાં પરિવર્તિત નહીં થાય, ત્યાં સુધી ઈશ્વર એના માટે બોજ જ રહી જશે, મારે એને થોડો આઘાત આપવાનો હોવાથી મેં કહ્યું કે ઈશ્વર નથી, જેથી એને આઘાત લાગે અને એ અનુભૂતિની યાત્રા શરૂ કરી દે. સાંજે બીજો જે માણસ આવ્યો, એણે માની લીધું હતું કે ઈશ્વર નથી. એને મેં કહ્યું કે ઈશ્વર છે, જેથી એ પણ પોતાની માન્યતામાં એટકેલો ન રહે અને યાત્રા શરૂ કરી દે. મેં એને કહ્યું કે ઈશ્વર છે, એમના સિવાય કંઈ જ નથી જેથી એની નાસ્તિકતાને થોડો આઘાત લાગે અને એ પણ યાત્રા શરૂ કરી દે. એટલા માટે આસ્તિક પોતાની આસ્તિકતાને કેવળ માન્યતા ન માને, યાત્રા આગળ અનુભૂતિ તરફ શરૂ કરી દે અને નાસ્તિક કેવળ પોતાની નાસ્તિકતાને માન્યતા ન રહેવા દે અને અનુભૂતિ તરફ યાત્રા આગળ શરૂ કરી દે તો બંને જ્યાં પહોંચશે એ બંને એકબીજાને મળશે. સ્થાન એક જ હશે.'

આજકાલ બહુ ફેશન ચાલી છે નાસ્તિક રહેવાની, બહુ ભણેલા-ગણેલા રેશનાલિસ્ટ કહે છે, 'અમે આ બધામાં નથી માનતા – આ સત્સંગ ને આ કથાવાર્તા ને આ સાધુસંતોને અમે નથી માનતા. પોતાને ભણેલા-ગણેલા, બહુ બુદ્ધિશાળી, આગળ પડતા માને છે. તે પોતાની જાતને બહુ નાસ્તિક કહેવડાવવામાં ગૌરવ માને છે, પણ એમને બૂમ મારીને કહેવું જોઈએ કે, 'દેવતા! તારી નાસ્તિકતા એ ખોટી છે. પ્રામાણિક નથી.' હું મારા શિક્ષકોને કહેતો હોઉં છું કે ભણાવું માટે પગાર મળે છે એ વાત બરાબર પણ પગાર મળે તે માટે ભણાવું તે દી' તમારી ગુરુતા નહીં રહે. તમારામાં ગુરુપણું નહીં રહે અને ગીતાનો કર્મયોગ આ શીખવાડે છે.



ઈશ્વરે હજી માનવજાતમાંથી શ્રદ્ધા ગુમાવી નથી

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



ભાગવત ભગવાનનું જ વાઙ્મય સ્વરૂપ છે અને તેથી ભાગવતના રૂપમાં ભગવાન સ્વયં આપણી ભીતર ભક્તિને જાગ્રત કરવા માટે થઈને આવ્યા છે

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે સુંદર કલ્પના કરીને લખ્યું છે કે આ ધરતી પર જન્મ લેતું પ્રત્યેક બાળક એ પ્રતીતિ કરાવે છે કે ઈશ્વરે હજી માનવજાતમાંથી શ્રદ્ધા ગુમાવી નથી. ભગવાનને માણસજાતમાં હજી શ્રદ્ધા છે. એટલે જ નવજાત શિશુ જન્મે છે. નહીંતર ભગવાને શિશુઓને ધરતી પર મોકલવાનું બંધ કરી દીધું ન હોત? ખોટનો ધંધો હોય તો શું ચલાવવું? પણ હજી ઈન્સાન જન્મે છે એનો અર્થ ઈશ્વરે હજી માણસ ઉપરનો ભરોસો ગુમાવ્યો નથી. ભગવાનને ભરોસો છે કે માણસ સુધરશે. આજે નહીં તો કાલે સુધરશે. એક વખત એ લાઈન ઉપર જરૂર આવશે. ઈશ્વરના વિશ્વાસ ઉપર આપણે ખરા ઊતરીએ, શુદ્ધ થઈએ.

તો કળિયુગનો આ ચમત્કાર છે. લોકો હજી સાંભળે છે. એમને સાંભળવું ગમે છે. હજારોની સંખ્યામાં લોકો સભામંડપમાં બેસે છે. હવે તો ટી.વી.ના માધ્યમથી કથાઓ લાઈવ બની છે. કથા-મંડપમાંથી ઘર સુધી પહોંચી છે. વહેલી સવારના ધાર્મિક કાર્યક્રમો પ્રસારિત થતાં જોવા માટે લોકો વહેલાં ઊઠતાં થયાં છે.

ઘણી જગ્યાએ લોકો કહેતા હોય છે કે, 'ભાઈશ્રી! મને મોડા ઊઠવાની ટેવ હતી, પણ તમારી કથા જ્યારથી શરૂ થઈ છે ત્યારથી વહેલાં ઊઠી જઈએ છીએ.' આ સારી નિશાની છે. આ રીતે ધીરે ધીરે મોટું પરિવર્તન આવી રહ્યું છે અને મારા પરિભ્રમણ દરમિયાન મેં જોયું છે કે કેટલાય લોકોના જીવનમાં પરિવર્તન આવતું હોય છે. જે ક્યારેય મળ્યા ન હોય અને માત્ર ટી.વી. પર કથા સાંભળી હોય અને જીવનમાં પરિવર્તન આવ્યું હોય આવા અનેક લોકો મારા પરિચયમાં છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે લોકોના જીવનને સત્સંગ પ્રેરિત કરે છે. મૂળ સોતા માણસને બદલવાની તાકાત આધ્યાત્મમાં છે. ધર્મમાં છે. સાચા મનુષ્યનું નિર્માણ કરવાનું સામર્થ્ય ભાગવત અને રામાયણ જેવા ગ્રંથોમાં છે.

યુનિવર્સિટી કે કોલેજો ડોકટર આપે, એન્જિનિયર આપે અને આ સત્સંગ સાચા મનુષ્યો આપે. એટલે હું કથાના મંડપને અમારું ખેતર કહું છું. આ ખેતર છે અને તમને સમૂહમાં બેઠેલા જોઉં ત્યારે મને થાય કે, 'આહા! શું મોલાત લહેરાય છે! છોડ તો જુઓ! ત્રણ ત્રણ ફૂટનું કાઠું કાઢી રણછોડ છે તેના દર્શન થાય અને હસતા મોઢા જુઓ જાણે ડૂંડા આવ્યા. દાણા તો જુઓ કેવા આવ્યા! મકાઈના દાણા જેવા મજાના દાંત દેખાય, બધા દાંત કાઢતા હોય ત્યારે! ક્યા ફસલ હૈ!'

એક સાચો ઈન્સાન જાગે, એક સાચો ઈન્સાન બને, તો બહુ મોટું પ્રદાન આવા સત્સંગ સત્રો દ્વારા થઈ રહ્યું છે. વર્ષા નિષ્ફળ જાય અને દુકાળ આવે. પૂરતો વરસાદ ન થાય ત્યારે સૌ કહે સોળ આની પાકની જગ્યાએ ચાર આની પાક થયો છે. એમ ઘણીવાર પચાસ હજાર લોકો બેઠા હોય એમાંથી પચાસને અસર થાય પણ થાય છે ખરી! વર્ષ મોળું જાય પણ સાવ નથી પાકતું એમ નહીં. પાંચસોમાં પરિવર્તન આવે, હૃદય બદલાય, વિચાર બદલાય, ભાવના બદલાય, વ્યવહાર બદલાય.

જીવન શુદ્ધ થાય એ જ કથાનું સાફલ્ય છે, એ જ સત્સંગનું સાફલ્ય છે. તમે કથા કાન દઈને સાંભળો ત્યારે શું થતું હોય છે, જાણો છો? ભાગવત રૂપે શ્રીકૃષ્ણ કર્ણેન્દ્રિય દ્વારા તમારી અંદર પ્રવેશ કરે છે અને જ્યારે ભાગવત રૂપે ભગવાન શ્રીકૃષ્ણ આપણા કાન દ્વારા પ્રવેશ કરે ત્યારે રહે ક્યાં? જવાબ હૃદયમાં.

આ છોડમાં ત્યારે એમ થાય ભગવાન જ્યારે હૃદયમાં રહેવા આવે અને જો હૃદયમાં ગંદકી જુએ તો વિચારે, 'અરે! આના દિલમાં તો જુઓ કેટલો કચરો છે! મારે આવા કચરા વચ્ચે રહેવાનું!' તરત ભગવાન હાથમાં સાવરણી ઉપાડશે અને પોતે જાતે ઝાડુ મારશે અને ભગવાન પોતે જ્યારે તમારા હૃદયને સાફ કરે ત્યારે હૃદય જેવું સાફ થાય તેવું તમારા કર્યાથી સાફ થાય ખરું? શ્રી કૃષ્ણ સ્વયં ભીતર સે તુમ્હારે હૃદય કો બુહારેંગે. યહાં જો શુદ્ધિ હોતી હૈ વહ તુમ્હેં પતા ભી ન ચલે ઈસ તરહ શ્રીકૃષ્ણ કે દ્વારા હોગી. શ્રીકૃષ્ણ સ્વયં તુમ્હારે હૃદય કો શુદ્ધ કરેંગે. શ્રીમદ્ ભાગવત જેવું મનને શુદ્ધ કરનારું બીજું કોઈ સાધન નથી.

ભાગવત ભગવાનનું જ વાઙ્મય સ્વરૂપ છે અને તેથી ભાગવતના રૂપમાં ભગવાન સ્વયં આપણી ભીતર ભક્તિને જાગ્રત કરવા માટે થઈને આવ્યા છે. તો આ કોઈ સાધારણ ગ્રંથ નથી. ભાગવત કોઈ પુસ્તક નથી, કોઈ ગ્રંથ નથી, સાક્ષાત વાઙ્મય મૂર્તિ છે. વૈષ્ણવોનું એ પરમ ધન છે.

વૈષ્ણવોની આ સંપત્તિ છે અને એ ભક્તિથી યુક્ત છે માટે શ્રીમદ્ ભક્તિપ્રધાન ગ્રંથ છે માટે શ્રીમદ્ અને ભક્તિને પ્રગટ કરનાર એવું આ સાધન 'ભક્તયો વર્ધનમ્' ભક્તિના એ ઓઘને, એ પ્રવાહને પ્રગટ કરે અને ન હોય તો વધારે, ન હોય તો જગાડે અને હોય તો એને વધારે. એવી આ ભક્તિ જનિકા સંહિતા જીવનને સમજાવનારી અને મરણને સુધારનારી સંહિતા એનું નામ ભાગવત.

આ છે મંદિરનો સનાતન સંદેશ


જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



યુગોથી માણસ સતત વિકાસશીલ રહ્યો છે. માણસે આ પૃથ્વી ઉપર અદ્દ્ભુત વિકાસ કર્યો છે. માણસ પહેલાં ચાલીને જતો. એમાંથી જમ્બોમાં ઊડવા માંડયો. ચંદ્રલોક અને મંગળ ગ્રહ પર યાન મોકલ્યું. ઘરમાં ટેલિવિઝન, ટેલિફોન, મોબાઈલ, ઈન્ટરનેટ આવ્યા. તેમ છતાં વિકાસ કઈ દિશામાં છે એ મોટો પ્રશ્ન બધાને મૂંઝવે છે. જે ચિંતકો ઊંડા ઊતર્યા છે, તે એવું કહે છે કે આપણે વિકાસ કર્યો છે, પણ દિશા ભૂલ્યા છીએ. એટલે જ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રોથી લઈને ગામડાંઓ સુધી નાના-મોટા પ્રશ્નો લાખોની સંખ્યામાં રોજ થાય છે. કારણ? વિકાસના નામે જીવનમાં સુવિધાઓ અને સગવડો ખૂબ મેળવી, છતાં કંઈક ખૂટે છે અને એ ખૂટતું તત્ત્વ છે ભગવાનનું, આધ્યાત્મનું. જ્યાં સુધી આધ્યાત્મિકતા કે ભગવાન જીવનના કેન્દ્રમાં ન આવે ત્યાં સુધી ગમે તેટલો વિકાસ કર્યો હશે, તે પણ નિરાશાનો અનુભવ કરાવશે. એટલે અનુભવી મહાપુરુષોએ એક વાત લખી છે કે 'રામનામ એક અંક હૈ, સબ સાધન હૈ શૂન્ય.' ભગવાન એકડો છે. એકડા ઉપર મીંડા લગાડો તો મીંડાની કિંમત વધી જાય. તે સિવાય તેનું મૂલ્ય શૂન્ય જ છે. તેમ ભગવાનરૂપી એકડા વિના ઉચ્ચ ડિગ્રીઓ, પદવીઓ, તેનાથી મેળવેલા પૈસા, બંગલો, મોટર, અમેરિકન સિટિઝનશિપ, બધું જ મીંડા છે. જો ભગવાનરૂપી એકડો આવે તો આ બધાની કિંમત અનેકગણી થઈ જાય છે. આ વાત ભારતના ઋષિમુનિઓએ, વિશ્વના અનેક સંતોએ સમજાવી છે.

આ વાત સમજાવવા માટે સ્વામી વિવેકાનંદ 1893માં શિકાગો ગયા. વર્લ્ડ રિલિજિયન



કોન્ફરન્સમાં એમણે રામકૃષ્ણ પરમહંસ દ્વારા ભગવાનની અનુભૂતિ કરેલી, તેનું વર્ણન કર્યું. સૌ અતિ પ્રભાવિત થઈ ગયા, કારણ કે એ ખાલી શબ્દો નહોતા. રામકૃષ્ણ પરમહંસ થકી એમણે ભગવાનને ઓળખ્યા હતા. ભગવાનને કેન્દ્રમાં રાખ્યા હતા. ભારતમાં અનેક સંતોએ ભગવાનને કેન્દ્રમાં રાખીને કાર્ય કર્યું છે. એ જ પરંપરામાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે દેશ-પરદેશમાં વિચરણ કરીને સનાતન હિંદુ ધર્મ અને ભારતીય સંસ્કૃતિનો વિજય ધ્વજ ફરકાવ્યો છે. પ્રમુખસ્વામી મહારાજે એમના જીવનકાળ દરમિયાન 1100 કરતાં વધુ મંદિરો બાંધ્યાં છે અને એ મંદિરો દ્વારા એમણે એ જ સંદેશ આપ્યો છે કે, ભગવાનને જીવનનું કેન્દ્ર બનાવો. પ્રમુખસ્વામી મહારાજ તેમના જીવન દ્વારા, કાર્ય દ્વારા અને આ મંદિરો દ્વારા એવો સનાતન સંદેશ આપે છે. આ મંદિરો માત્ર પથ્થરનો ખડકલો નથી, ખાલી કલા-કારીગરી નથી. એની પાછળ પ્રમુખસ્વામી મહારાજના વિશુદ્ધ હૃદયની ભાવના છે. તમે ગમે તે ધર્મમાં કે ઈષ્ટદેવમાં માનતાં હો, પણ કેટલીક બાબતો સનાતન છે, જે બધાંને બધાં સ્થળે સરખી લાગુ પડે છે.

આપણા મંદિરો માનવજાતને જે સંદેશા આપે છે, તેમાં પહેલો સંદેશ છે : સતત એમ માનો અને અનુભવો કે ભગવાન મને જુએ છે. ભગવાન મને જાણે છે, ભગવાન મારા દરેક કર્મનું ફળ આપે છે, ભગવાન દરેકના હૃદયમાં રહે છે. નાના હોય કે મોટા, ગરીબ હોય કે તવંગર, ભણેલ હોય કે અભણ, દરેકના હૃદયમાં ભગવાન બિરાજે છે. એ સમજણ બરાબર દૃઢ થશે તો આપોઆપ જીવનમાં પવિત્રતા અને પૂર્ણતા આવશે, જીવનની અનેક સમસ્યાઓનું નિરાકરણ થશે.

મંદિર બીજો સંદેશ આપે છે : આપણને જીવન શા માટે મળ્યું છે? એનો નિત્ય વિચાર કરવાનો છે. દુનિયામાં ભલે ગમે તે કાર્ય કરતાં રહીએ, પરંતુ એ જીવનનું અંતિમ ધ્યેય નથી. એ જીવનના નિર્વાહ માટેનો વ્યવહાર છે. આપણે બધા એક જ લક્ષ્ય માટે આવ્યા છીએ, વારંવાર એને સમજવાનો પ્રયત્ન કરજો.

મંદિરનો ત્રીજો સંદેશ છે : સેવા. સેવા તો ઘણાબધા કરે છે, પણ સેવાનું વ્યસન હોવું એ જુદી બાબત છે. દારૂનું વ્યસન હોય એને દારૂ વગર ચાલે જ નહીં. એમ આપણે સેવાનું વ્યસન પાડવાનું છે. સેવા સિવાય રહી શકાય નહીં, એનું નામ સેવાનું વ્યસન. જ્યાં જે સેવા મળે, એ સેવા કરતાં જ રહીએ, તો ક્યારે નિર્વ્યાસનિક થઈ જઈશું, તેની ખબર પણ નહીં રહે.

મંદિરનો ચોથો સંદેશ છે : પોતાનું કર્મ પ્રામાણિકપણે નિષ્ઠાપૂર્વક વ્યવસ્થિત કરો. શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહ્યું છે, પોતાનું કર્મ કુશળતાપૂર્વક કરીને તે કર્મને યોગ એટલે કે ભક્તિરૂપ બનાવો. તમારા કર્તવ્યને ભક્તિ માનો. કર્તવ્ય શ્રેષ્ઠ રીતે બજાવો. તમે ડોક્ટર છો તો વર્લ્ડ બેસ્ટ બનો, એન્જિનિયર છો તો વર્લ્ડ બેસ્ટ એન્જિનિયર બનો.

મંદિરનો પાંચમો સંદેશ છે : ઘરને મંદિર બનાવીએ. પ્રમુખસ્વામી મહારાજે તો સેંકડો મંદિરો બાંધ્યાં, પણ વાત તેટલાથી પૂરી થઈ જતી નથી. બધા લોકો મંદિરનો લાભ કેટલો લઈ શકશે? માટે પોતાના ઘરને મંદિર બનાવો. ઘરમાં આપણે પવિત્ર વાતાવરણ બનાવીશું તો આપણા ઉપર, બાળકો પર, મહેમાન ઉપર પણ તેની ઊંડી છાપ પડશે. ઘરમાં બધાં જ પૂજા કરતાં હોય, સંધ્યા સમયે કે સવારે આરતી વખતે બધાં હાજર રહીને વ્યવસ્થિત આરતી-થાળ કરતાં હોય, ઘરસભા થતી હોય, સાથે બેસીને જમતાં હોય, એનો કેવો પ્રભાવ ઊભો થાય! અને એવા ઘરે કોઈકવાર મહેમાન એક-બે દિવસ માટે આવ્યા હોય, આ બધું જુએ તો તેને ભાષણ કરવાની જરૂર રહે ખરી? આ મહેમાન દસ એવા હરિભક્તોના ઘરમાં ફરે અને આવું જુએ તો એના હૃદયમાં કેવી છાપ ઊભી થાય! કેવી પ્રેરણા મળે!

આમ, બધા જ દૃષ્ટિકોણથી ઘરને મંદિર બનાવવા પ્રયત્ન કરીએ. તેથી આગળ વધીને આપણી દુકાન, ઓફિસ, ફેક્ટરી, મોટેલ કે હોસ્પિટલને મંદિર બનાવીએ અને અંતે આપણે સ્વયં મંદિર બનવાનું છે. તો આ મંદિર સાર્થક ગણાશે. ઉપર કહ્યું તે બધું જ સિદ્ધ કરવા માટે આપણાં શાસ્ત્રો કહે છે : સત્સંગ કરો. સત્સંગ એટલે સાચા સત્પુરુષનો સંગ. સત્પુરુષના સત્સંગથી, મંદિરના સહવાસથી જીવનના કેન્દ્રમા ભગવાનને લાવીએ અને સાચું શાશ્વત સુખ મેળવીએ.

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



મોહ, મમતા ત્યાગી સન્માર્ગે સર્વાંગી પ્રગતિ કરો



જીવનમાં મોહ અને મમતાનો ત્યાગ કરવો જરૂરી છે. એ ન થયું એટલે સર્જાયું હતું, યુદ્ધ. આ સંદર્ભનો મહાભારતનો પ્રસંગ છે. જેમાં ધૃતરાષ્ટ્ર પ્રજ્ઞાચક્ષુ હતા. લડવા જઇ શકે તેમ નથી; પણ લડાઇના સમાચાર જાણવા બહુ ઉત્સુક છે. વ્યાસજી આવ્યા હતા અને એમણે કહ્યું હતું કે 'તમારે યુદ્ધનું દૃશ્ય જોવું છે? હું દિવ્ય દૃષ્ટિ આપું.' પણ જેણે જિંદગીભર જોયું ન હોય તે ગભરાઇ બહુ અને એમાં પણ દૃશ્ય જોવાનું અને તે આ યુદ્ધનું જ અને પછી પાછો અંધકાર!! એટલે ધૃતરાષ્ટ્ર કહે, 'એવી દિવ્ય દૃષ્ટિ મારે નથી જોઇતી, પણ વ્યાસજી મહારાજ એવું કરીને તમે આ સંજયને તે દૃષ્ટિ આપો, સંજય યુદ્ધનું દૃશ્ય જોઇને મને કહેશે.' સંજય એટલે ધૃતરાષ્ટ્રનો દાસ. એટલે વ્યાસજીએ કૃપા કરીને સંજયને દિવ્ય દૃષ્ટિ આપી. સંજયે યુદ્ધને જોઇને રનિંગ કોમેન્ટ્રી આપી છે, લાઇવ કોમેન્ટ્રી આપી છે.

કુરુક્ષેત્રનાં યુદ્ધનું પણ પહેલ-વહેલું લાઇવ ટેલિકાસ્ટ થયું હતું અને એ જોતાં જોતાં સંભળાવે છે એટલે પૂછે છે ધૃતરાષ્ટ્ર, 'મારા અને પાંડુના પુત્રોનું શું થયું?' આ માણસ આંધળો છે અને તેની પત્ની દેખતી હતી છતાં આંખે પાટા બાંધી રહી છે. 'મારો પતિ દુનિયાને ન દેખે તો હું પતિવ્રતા છું મારે દુનિયાને જોઇને શું કામ છે?' ધૃતરાષ્ટ્ર એ મોહ છે. એની પત્ની ગાંધારી એટલે મમતા. એ મોહની પત્ની છે. મમતા એ મોહની પતિવ્રતા પત્ની છે અને આ મોહને મમતાનાં સંતાનો એ દુર્યોધન વગેરે એ મોહ-મમતાનાં સંતાનો છે. હવે મા–બાપ પાસે જ જ્યાં જીવનની દૃષ્ટિ નથી, જેનાં મા-બાપ જ આંધળાં છે, તેમનાં સંતાનો પાસે ક્યાંથી જીવન જીવવાની દૃષ્ટિ હોય! એટલે આંચકી લેવું, પડાવી લેવું, લૂંટી લેવું, ખૂંચવી લેવું, યેનકેન પ્રકારેણ, ગમે તે કરો, પણ કોઇકને મૂંડી નાખો પણ મૂડી લઇ લો, કોઇને ખાલી કરી નાખો. અધર્મથી લૂંટી લઇને બસ ખાવું, પીવું અને ખુશ રહેવું એ જ જેનાં જીવનનો મકસદ હોય, એમાં જ જે જીવનની ઇતિશ્રી માનતા હોય એવા માણસો પોતાના ભોગો માટે ગમે તે હદે જવા તૈયાર થાય, અન્યાય કરે, અધર્મ કરે, એમની પાસે દૃષ્ટિ જ નથી, પછી જીવનની દૃષ્ટિ કયાંથી હોય? કારણ કે એ મોહ અને મમતાનાં સંતાન છે અને મોહ છે જ જન્મથી અંધ. વો જન્માંધ હૈ ઔર મમતા તો દેખ સકતી હૈ, પર ઉસને પતિવ્રતા હોને કે નાતે અપની આંખ પર પટ્ટી બાંધ રખી હૈ.

મમતા દેખ સકતી હૈ પર વો દેખા-અનદેખા કર દેતી હૈ. એ બધું જોતી હોય છે, પણ જોયું-ના જોયું કરે છે ને? મમતા દેખ તો સકતી હૈ, પર મોહ કે કારણ દેખા-અનદેખા કર દેતી હૈ, ઉસે દેખના નહીં હૈ અને આ મોહ અને મમતાના સંતાનો કુરુક્ષેત્રના મેદાનમાં બીજાનું આંચકી લઇને, ઊભા છે અને સામે પક્ષે કૌરવો છે અને સંજય આ કથન ધૃતરાષ્ટ્રને કહી રહ્યો છે. યુદ્ધની રનિંગ કોમેન્ટ્રી આપી રહ્યો છે.

દૃષ્ટ્વા તુ પાંડવાનીકં વ્યૂઢં દુર્યોધનસ્તદા
આચાર્યમુપસંગમ્ય રાજા વચનમબ્રવીત્॥
(શ્રી.ભ. ગી. 1/2)

સંજયે ધૃતરાષ્ટ્રને કહ્યું, 'આપના પુત્રોએ સામા પક્ષની સેનાની વ્યૂહ-રચના વિશે જણાવ્યું.' યુદ્ધમાં જુદા જુદા રોજ ને રોજ વ્યૂહ રચવામાં આવે, એક બાજુ આ વ્યૂહ ગોઠવાય, બીજે પક્ષે બીજો વ્યૂહ ગોઠવાય. વ્યૂહ-રચનામાં વ્યૂહબદ્ધ, શિસ્તબદ્ધ સેનાને જોઇને આપનો પુત્ર દુર્યોધન જઇ રહ્યો છે ક્યાં? કોની પાસે? દ્રોણાચાર્ય પાસે. બાજુમાં દ્રોણાચાર્યનો રથ ઊભો છે. આ બધી કોની સેના છે? કૌરવોની સેના છે. એ દ્રોણાચાર્ય પાસે ગયો. એમ તો કૃપાચાર્ય પણ ગુરુ છે, પણ કૃપાચાર્ય ધર્મગુરુ છે. એ યુદ્ધકળા કોની પાસે શીખ્યો છે? એ યુદ્ધકળા દ્રોણાચાર્ય પાસે શીખ્યો છે એટલે દ્રોણાચાર્ય પાસે જઇ કહ્યું.

પશ્યૈતા પાંડુપુત્રાણામાર્ચા મહતીં ચમૂમ્
વ્યૂઢાં દ્રુપદપુત્રેણ તવ શિષ્યેણ ધીમતા॥
(શ્રી.ભ. ગી. 1/3)

હે આચાર્ય દ્રોણ! સામે ઊભેલી પાંડવોની આ સેનાને જુઓ, એનો સેનાપતિ ધૃષ્ટદ્યુમ્ન આપનો શિષ્ય, એના નેતૃત્વથી રક્ષાયેલી એના દ્વારા વ્યૂહ-રચનાને જુઓ. ધૃષ્ટદ્યુમ્ન કોણ છે? દ્રુપદનો પુત્ર છે. આમાં મોટા મોટા ધનુષ્યવાળા ધનુર્ધારી અને યુદ્ધમાં ભીમ તથા અર્જુન જેવા અનેક શૂરવીરો અનેક મહારથીઓ, સાત્મકી, દ્રુપદ, જેવા ધૃષ્ટકેતુ, ચેકિતાન, કાશીરાજ, પુરુજિત અને કુંતીભોજ, યુધામન્યુ, ઉત્તમોંજા, સુભદ્રાનો પુત્ર અભિમન્યુ અને દ્રૌપદીનાં પાંચે પુત્રો આ બધા કેવા છે? 'સર્વ એવં મહારથાઃ' મહારથી. જે મહાન યોદ્ધા હોય તેને મહારથી કહેવાય. હવે, સામેવાળાના મોટા મોટા યોદ્ધાઓને બતાવે, તો આપણને એમ લાગે કે સામેવાળાના યોદ્ધાઓને બતાવે છે, તો શું એ ડરી ગયો હશે? સામેવાળાના યોદ્ધાને કેમ બતાવે છે? ના, એમ નહીં, પછી કહે છે હવે આપણા યોદ્ધાઓને જુઓ, જે મહાન યોદ્ધાઓ છે. તેમને પણ જુઓ.


આ પ્રસંગ તો આગળ ચાલ્યો હતો, પરંતુ જીવનમાં જો મોહ, મમતા મુકાશે તો જ જીવનના દ્વંદ્વોમાંથી મુક્તિ મળશે. બીજી રીતે કહીએ તો, ગૂઢાર્થમાં અદ્વૈત એટલે કે પરમેશ્વરનું સ્મરણ કરીને ધર્મમય જીવન જીવવામાં આવે ત્યારે વ્યક્તિ સન્માર્ગે આગળ વધીને સર્વાંગી પ્રગતિ સાધી શકે છે.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



ક્ષમા આપવાની પરિવર્તનકારી રીત



સંતો અને મહાપુરુષો તેમના જીવનકાર્ય દ્વારા આપણને શીખવે છે કે સંસારમાં રહીને કેવી રીતે ઉચ્ચ ગતિને પ્રાપ્ત કરી શકાય છે. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને યોગીજી મહારાજના જીવન તરફ નજર કરીએ, તો સમજાય છે કે તેમના સમયમાં કેટલાય પડકાર વચ્ચે તેઓ સમતા રાખીને જીવન જીવ્યા. તેમના જીવનના સંદેશ શીખવે છે કે જ્યાં સુધી તમે બીજાને ક્ષમા આપી શકતા નથી ત્યાં સુધી શાંતિ મળતી નથી, પણ સંતો વ્યક્તિના સ્તરને જોઈને, અંતરાત્માથી ક્ષમા આપી શકે છે. એકવાર પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજ લંડનમાં હતા. હરિભક્તો અને સંતોએ તેમને કહ્યું, 'સ્વામી! એક મહાપ્રશ્ન થયો છે.' સ્વામીશ્રી કહે, 'શું પ્રશ્ન છે?' સંતોએ કહ્યું, 'લંડન આપણા મંદિરના પાર્કિંગમાં ગાડીઓ ઉપર કોઈ સ્ક્રેચ પાડી જાય છે. આ કોણ છે તે પકડાતું નથી.' થોડો સમય બરાબર ધ્યાન રાખવામાં આવ્યું, ત્યારે એક નાનો બાળક પકડાયો. બધા લોકો આ બાળકને પ્રમુખસ્વામી મહારાજ પાસે લઈ આવે છે. આ સમયે બધા આશ્ચર્ય પામી ગયા કે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની સહજ ક્ષમા આપવાની રીત કંઈક અલગ છે.

આ સ્થિતિમાં આપણી પાસે કોઈ આવા બાળકને લાવે તો શું કરીએ? પહેલાં તો બાળકને ધમકાવીએ અને એકાદ ધોલ પણ મારી દઈએ, પરંતુ પ્રમુખસ્વામી મહારાજ એવું નથી કરતા. પૂ. સ્વામીશ્રી બાળકને પૂછે છે, 'તું શું કરે છે?' બાળક કહે, 'હું કાર ઉપર લીટા પાડું છું અને માત્ર મર્સીડીઝ ગાડીઓ ઉપર.' સ્વામીશ્રી તેને પૂછે છે, 'આ સારું કામ છે?' બાળક કહે, 'ખરાબ.' પ્રમુખસ્વામી મહારાજે પૂછ્યું, 'તો તું આવું શા માટે કરે છે?' બાળકે જવાબ આપ્યો, 'મારા પપ્પાની કાર કરતાં આ બધી ગાડીઓ સારી છે એટલે મને ઈર્ષ્યા આવે છે.' સ્વામીજી કહે, 'તારે આવી ગાડી જોઈએ છે? તને આવી ગાડી મળે તો તું લીટા પાડીશ?' બાળક કહે, 'ના.' મહારાજે કહ્યું, 'જો તું ખૂબ ભણીશ, તો આનાથી પણ સારી ગાડી તને મળશે.' બાળકે પૂછ્યું, 'પ્રોમિસ?' તો પ્રમુખસ્વામી મહારાજ કહે, 'હા, પ્રોમિસ.' બાળક લીટા પાડતો બંધ થઈ ગયો. પ્રોબ્લેમનો અંત આવી ગયો અને તેને માફી પણ મળી ગઈ. એટલે કે આવા બાળકોને સમજાવવાના કાર્યને પણ પ્રમુખસ્વામી મહારાજ સહજ રીતે ઉકેલી નાખે છે. 'શું આપણે આપણા બાળકોને આ રીતે શાંતિથી શીખવાડી શકીએ છીએ? 'Be gentle on the people who love you.' (તમને જે પ્રેમ કરતા હોય તેવા લોકો પ્રત્યે ઉદાર બનો). આખો દિવસ, વર્ષોથી જે કુટુંબીજનો તમારી સાથે હોય એને વધુ તક આપજો.

ક્ષમા આપવાની પણ એક રીત છે અને તેનાથી માણસ સુધરે છે, આ વાત પ્રમુખસ્વામી મહારાજ શીખવે છે. અમદાવાદનો પ્રસંગ છે. 1985માં ગુણાતીતાનંદ સ્વામીનો દ્વિ-શતાબ્દી મહોત્સવ યુનિવર્સિટીના મેદાનમાં યોજાયો હતો. જેમાં પ્રદર્શનો–બાળનગરી–સભાગૃહ–સ્ટોલ પણ કરેલાં. ઉત્સવ બાદ ત્રણ-ચાર વર્ષ પછીનો પ્રસંગ છે. એક યુવાન સ્થાનિક સંતને મળવા આવ્યો, તેનું નામ હતું હેમંત. તે સત્સંગી નહોતો. એ યુવાન સ્થાનિક સંતને કહે, 'મારે તમને એક વાત કહેવી છે. મને ગમે તેમ કરીને પ્રમુખ સ્વામી પાસે લઈ જાવ. હું મારી જે પીડા છે, તે તમને નહીં કહી શકું.' તે સમયે પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજ સારંગપુરમાં હતા. જ્યારે તેને પૂ. પ્રમુખસ્વામી મહારાજ પાસે લઈ ગયા, ત્યારે તે યુવાન રડવા લાગ્યો. તેણે પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કર્યાં અને કહ્યું, 'મેં આપનું બગાડવામાં કશું બાકી રાખ્યું નથી, મેં તમને ગાળો બોલી છે. આપના ઉત્સવ વખતે સ્ટોલ રાખ્યો હતો અને સ્ટોલ ચાલ્યો નહીં. એટલે મેં તમારા ફોટા લઈ અને તેના ઉપર ધૂળ નાખી, પગથી કચડ્યો અને થૂંક્યો વગેરે ઘણું અપમાનજનક વર્તન કર્યું.' પ્રમુખસ્વામી મહારાજ તે યુવાનના માથે પ્રેમથી હાથ ફેરવે છે. સ્વામીશ્રી કહે, 'તું શાંત થા. અમે આવું યાદ રાખતાં જ નથી. તું પણ ભૂલી જા.' એ યુવાન રડતાં રડતાં કહે, 'તમારો મેં સતત દ્રોહ કર્યો છે.' સ્વામીશ્રી એના માથે હાથ મૂકી ક્ષમા આપતાં કહેતાં જાય કે, 'હવે તું એ ભૂલી જા. ભગવાનના દરબારમાં ક્યારેય ઉધારના ચોપડા હોતા નથી, જમાના જ ચોપડા હોય છે.' આ પછી સંતે તેને જોયો નથી.

ઉપરોક્ત ઘટનાને દાયકાઓ વીત્યા પછી અમેરિકાના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, શિકાગોની પ્રતિષ્ઠા થઈ, સંસ્થા પાસે તેના અદ્‌ભુત ફોટોગ્રાફ્સ આવ્યા. સંતોએ પૂછ્યું, 'આવા સુંદર ફોટા કોણે પાડ્યા?' ત્યારે એક યુવાનનું નામ આવ્યું. તે યુવાન એટલે હેમંત. હેમંતે કહ્યું, 'સ્વામીજીનાં દર્શન થયાં તે દિવસથી મેં નક્કી કર્યું હતું કે મેં તેમના ફોટો સાથે અણછાજતું વર્તન કર્યું, હવે હું સુંદર ફોટોગ્રાફ લઈશ. તે દિવસથી હું પૂ. મહારાજના અને અન્ય ફોટોગ્રાફ્સ લઉ છું.' કોઈને ક્ષમા આપવાથી તેના જીવનમાં પરિવર્તન આવે છે અને આપણે જો ક્ષમા આપી શકતા નથી તો આપણે આપણું જીવન પણ બરાબર જીવી શકતા નથી. આપણે પણ બીજાને સાચા દિલથી ક્ષમા આપતાં શીખીએ.

ભાગવત ચિંતન



ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

શ્રીકૃષ્ણનો શંખનાદ સજ્જનોને જાગૃત કરે છે: દુર્ગુણો, અસત્ય સામેના યુદ્ધમાં પ્રવૃત્ત કરે છે

ગતાંકમાં આપણે મહાભારતના પ્રસંગની વાત કરી હતી. જેમાં મદ અને મમતાની ચર્ચા હતી. તે ક્રમમાં આગળ વાત કરીએ. યુદ્ધભૂમિમાં ભગવાન શ્રીકૃષ્ણ માત્ર ઉપસ્થિત નથી, પરંતુ તેઓ સૌને જાગૃત કરે છે. પંચજન્ય શંખનો નાદ કરીને તેઓ સૌને દુર્ગુણો, અસત્ય સામેના યુદ્ધમાં પ્રવૃત્ત થવા કહે છે. સંજય ધૃતરાષ્ટ્રને યુદ્ધભૂમિનું વર્ણન કરતાં કહે છે કે -

અસ્માકં તુ વિશિષ્ટા યે તાન્વિબોધ દ્વિજોત્તમા
નાયકા મમ સૈન્યસ્ય સંજ્ઞાર્થ તાન્બ્રવીમિ તે॥
(શ્રી.ભ. ગી. 1/7)

હવે શરૂઆત કેવી રીતે કરે છે? દ્રોણને સારું લાગે એટલે ગુરુદેવ, પ્રથમ તમે ભીષ્મ અને પછી બધાથી વધારે મદાર બાંધ્યો હોય, સૌથી વધારે ભરોસો રાખ્યો હોય, યુદ્ધ સ્વીકાર્યું હોય તો તે કર્ણ ઉપર. કર્ણ તે સમયે ત્યાં હાજર નથી છતાંય યુદ્ધનો મદાર કર્ણ ઉપર બાંધ્યો છે. આ વળી એક નવું પ્રકરણ છે.

ભીષ્મ અને કર્ણને બનતું નથી. એટલે ભીષ્મે કહ્યું છે, 'હું જ્યાં સુધી યુદ્ધ કરતો હોઉં, ત્યાં સુધી આ કર્ણ -સારથિપુત્ર યુદ્ધ નહીં કરી શકે.' છતાં આખો મદાર બાંધ્યો છે કર્ણ ઉપર. એટલે ત્રીજું નામ કોનું આવ્યું?

પછી કૃપાચાર્યનું નામ આપ્યું. કૃપાચાર્ય માત્ર વેદમંત્રો જ બોલી શકે એમ નહીં. યુદ્ધકળામાં પણ હોશિયાર છે. યુદ્ધકળા પણ જાણે છે ને પછી કોનું નામ લે છે? અશ્વત્થામા. એ પણ મહાવીર, મહાબળવાન છે, પછી વિકર્ણ અને સોમદત્તનો પુત્ર ભુરિશ્રવા અને બીજા ઘણા યુદ્ધ કરવાને આવ્યા છે.

અપર્યાપ્ત તદસ્માકં બલં ભીષ્માભિરક્ષિતમ્॥
પ્રયાપ્ત ત્વિદમેતેષાં બલં ભીમાભિરષિતમ્॥
(શ્રી. ભ. ગી. 1/10)

આ શ્લોક સમજવા જેવો છે. ભીષ્મનાં બળ વડે રક્ષાયેલું એવું આપણું આ સૈન્ય અપર્યાપ્ત છે. પર્યાપ્ત ત્વિદમેતેષાં બલં ભીમાભિરક્ષિતમ્॥ અને સામે પક્ષે ભીમના બળ વડે રક્ષાયેલી એમની આ સેના પર્યાપ્ત છે. હવે અહીં 'પર્યાપ્ત' અને 'અપર્યાપ્ત' શબ્દ સમજવામાં ભૂલ ન કરતાં. સીમિત–અસીમિત સેના હવે આ માણસ કહે છે, આપણી અગિયાર અક્ષૌહિણી હોવા છતાં અપર્યાપ્ત અને સામે પક્ષે સાત અક્ષૌહિણી સેના હોવા છતાં પર્યાપ્ત. એટલે એનો અર્થ એ કર્યો કે આપણી તો અસીમિત સેના છે અને એ લોકોની સીમિત છે. આ પક્ષે મુખ્ય યોદ્ધા કોણ છે? ભીષ્મ. એટલે કહે છે.

અપર્યાપ્ત તદસ્માકં બલં ભીષ્માભિરક્ષિતમ્॥

ભીષ્મથી રક્ષાયેલી અને સામે પક્ષે, સેનાપતિ કોણ છે? ધૃષ્ટદ્યુમ્ન. ધૃષ્ટદ્યુમ્ન કોણ? દ્રુપદનો પુત્ર. દ્રૌપદીનો ભાઈ. અર્જુનનો સાળો. ત્યાં એ સેનાપતિ પણ એના દ્વારા રક્ષાયેલ છે એમ નથી કહેતો, દુર્યોધન શું કહે છે? ભીમથી રક્ષાયેલ છે એમ કહે છે.

પર્યાપ્ત ત્વિદમેતેષાં બલં ભીમાભિરક્ષિતમ્॥

ધૃષ્ટદ્યુમ્નથી રક્ષાયેલી છે એમ નહીં, ભીમથી રક્ષાયેલી. સૌથી મોટો કટ્ટર દુશ્મન એ કોને માને છે? ભીમને. પાંડવોમાં સૌથી વધારે ઝેર એમને ભીમ જોડે. દુર્યોધન પછી નિવેદન કરે છે, મહારાજ હવે આપણે તૈયારી કરો અને કૌરવોમાં મહાપ્રતાપી ભીષ્મે જ્યારે દુર્યોધને આવીને દ્રોણાચાર્યને કહ્યું કે, 'આપણા સેનાપતિ ભીષ્મ છે માટે તમે સૌ ભીષ્મ



પિતામહની ચારે બાજુથી રક્ષા કરો.' કારણ કે સેનાપતિ મરાયો તો આખી સેના વિંખાઈ જાય, ખતમ થઈ જાય. એટલે ચારે બાજુથી આ લોકો ભીષ્મની રક્ષા કરે. ભીષ્મ કોણ છે? ભીષ્મ સેનાપતિ છે અને એ સામેવાળી સેનાનો સંહાર કરે. એટલે સૌ આ સેનાપતિનું રક્ષણ કરે. એમ જ્યાં દુર્યોધને કહ્યું કે સેનાપતિ ભીષ્મે, દુર્યોધન આદિ કૌરવોના હૃદયને આનંદ કરાવે એવો શંખનાદ કર્યો. આ ધોળી દાઢીવાળા એકસોવીસ વર્ષ માથેથી ગડથોલિયાં ખાઈને વટી ગયેલા છે. એ વખતે એ લડે છે.

આપણે એ વખતે કયાં હોઈએ? કદાચ હોઈએ જ નહીં. સ્વર્ગમાં હોઈએ, ક્યાંક તો હોઈએ, તો પણ ક્યાં? ખાટલામાં, દવાખાનામાં પડ્યા હોઈએ, ત્યારે આ મહાપુરુષ કુરુક્ષેત્રનાં મેદાનમાં ધોળી દાઢીવાળા એકસોવીસ વર્ષે હાથમાં ધનુષ્યબાણ લઈને યુદ્ધના મેદાનમાં યુદ્ધ કરવાને માટે આવ્યા છે.

ભીષ્મ પિતામહના શંખનાદની પાછળ પાછળ કુરુક્ષેત્રનાં મેદાનની અંદર એ જ્યાં નાદ થતો હતો, ત્યાં શંખ વાગવા માંડ્યા. સંજય કહે છે, 'મહારાજ! આ બાજુ મને એક દશ્ય દેખાય છે.' શું? સફેદ ઘોડાઓ જોડેલા પાંચ સુંદર રથ અને એમાં બેઠા છે, માધવ શ્રીકૃષ્ણ અને રથિ થઈને બેઠો છે પાર્થ. ઉન્હોંને ભી શંખ બજાયા. દેખિયે પહલે કિસને બજાયા? માધવ ભી હૈ ઔર પાંડવ ભી હૈ. રથ સામેથી આવ્યો. આ પક્ષે તો શંખ વગાડ્યો. યુદ્ધનું આહ્‌વાન ભીમાભિરિક્ષત્ન હતું. 'આવી જાઓ.' અહીં પહેલ-વહેલો શંખનાદ સામે કૌરવ પક્ષે થયો છે. પાંડવો કરતાં કૌરવોને જાણે વધારે રસ છે. પાંડવ પક્ષે કોઈએ શંખ વગાડ્યો નહીં. કૃષ્ણને થયું, આ બધા શું કરે છે? એટલે કોણે વગાડ્યો?

સામે પક્ષે પહેલવહેલો શંખ કોણે વગાડ્યો? ભીષ્મએ. ભીષ્મ સેનાપતિ છે અને અહીં? મજાની વાત છે કે પાંડવ પક્ષે પહેલવહેલો શંખ કોણે ફૂંક્યો? યુધિષ્ઠિરે નહીં, ભીમે નહીં, અર્જુને પણ નહીં. પહેલ-વહેલો શંખ કોણ વગાડે છે? શ્રીકૃષ્ણ. નવાઈ લાગે ને! જે લડવાના જ નથી, જેણે પ્રતિજ્ઞા કરી છે કે હાથમાં શસ્ત્ર જ નહીં લઉં એવા શ્રીકૃષ્ણ પાંડવ પક્ષે સૌપ્રથમ શંખ વગાડે છે. ધર્મ માટે જે નાદ થયો – ભગવાન શ્રીકૃષ્ણે પંચજન્ય શંખનો નાદ કર્યો હતો.

સજ્જનો નિષ્ક્રિય બની જાય, ત્યારે ભગવાન શંખનાદ કરીને તેમને જાગૃત કરે છે. ભગવાન માત્ર શંખનાદ નથી કરતા, પરંતુ સજ્જનોને દુર્જનો સામે લડવા માટે પ્રવૃત્ત થવા માટે સહાય કરે છે.

જીવન માંગલ્ય




સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

આદત સે મજબૂર જીવન ચકનાચૂર

એકવાર માર્ગ અકસ્માતમાં ઘવાયેલા એક વ્યક્તિએ મદદ માટે મિત્રનો સંપર્ક કર્યો. મિત્રને સમાચાર મળતાં જ એ ઘાયલ વ્યક્તિને બચાવવા કારમાં બેસીને નીકળ્યો. પુરપાટ વહેતી કારના માર્ગમાં એક ગાય અવરોધક બનતાં તેને થોડી ઈજા થઈ. કાર થોડી આગળ વધી ત્યાં ટ્રાફિકને ઉલ્લંઘતાં એક વાહન સાથે ફરી અથડામણ થઈ, પરંતુ ઘવાયેલ વ્યક્તિને બચાવવો એ અગત્યનું કાર્ય હતું. આગળ વધતાં અંધારિયા માર્ગે એક વૃદ્ધ વ્યક્તિ પણ આ કારની તીવ્ર ગતિનો ભોગ બની. પણ મિત્ર અકસ્માત સ્થળે પહોંચ્યો અને ઘવાયેલ મિત્રને યોગ્ય સારવાર આપીને બચાવી લીધો, પરંતુ માર્ગમાં એક પશુ, એક વાહન અને એક વૃદ્ધને અથડામણ આપીને એક વ્યક્તિને સારવાર આપવી, એ યોગ્ય ગણાય? અકસ્માતનો ભોગ બનેલા વ્યક્તિને સારવાર આપવી એ ફરજ છે. પણ પોતાના દ્વારા અન્યને અકસ્માતનો ભોગ બનાવવો એ કઈ ફરજ છે?

ક્યારેક આપણા જીવનમાં આવું બની જતું હોય છે. આપણી અમુક ક્રિયાઓ-આદતો પાછળનો હેતુ સારો હોય છે, પરંતુ તેનાથી બીજાને ખલેલ કે નુકસાન પહોંચતું હોય તો એ શુભક્રિયાનું પરિણામ પણ અશુભ આવી શકે છે. આવું વારંવાર બને ત્યારે એ ક્રિયા કુટેવ બની રહે છે, તેનો આપણને ખ્યાલ નથી આવતો. આપણી દૃષ્ટિએ આપણે જે કરતાં હોઈએ તે યોગ્ય લાગે, પરંતુ અન્યની દૃષ્ટિએ



અયોગ્ય પણ હોઈ શકે છે. આપણે તે અયોગ્યતાને યોગ્ય માનીને એને વારંવાર પોષીએ છીએ, ત્યારે એ વ્યસન બને છે અને આગળ જતાં આપણે એના અઠંગ વ્યસની બનીએ છીએ. પછી 'આદત સે મજબૂર, જીવન ચકનાચૂર' બને છે. પોતાનું અને બીજાનું - બંનેના જીવનમાં સમસ્યાઓ થાય છે.

ખરેખર તો વ્યસન એટલે વળગણ. એ પછી તમાકુ, બીડી, સિગારેટ, દારૂ, જુગાર વગેરેનું હોય કે પોતાની સ્વાભાવિક ક્રિયાઓનું - પણ એના વિના રહેવાય નહીં. સાહજિક રીતે આપણાથી થઈ જ જાય એને વ્યસન કહેવાય. ટૂંકમાં. વ્યસન એટલે આપણી આદતો! જે પોતાને અને બીજાને નુકસાન ન કરે. પણ મદદરૂપ થાય તેને સારી આદત કહેવાય અને જે પોતાને અથવા બીજાને થોડું-ઘણું, વહેલું-મોડું પણ નુકસાન કરે તેને કુટેવ કહેવાય.


સામાન્યપણે વ્યક્તિ તો બધા સારા જ હોય છે. પણ મહદ્ંશે એમ માનતાં હોય છે કે 'હું સારો છું,' પણ એની ખરાબ આદતો જ એને મૂર્ખ બનાવે છે અને પરિણામે એની કુટેવોમાં વધારો થયા કરે છે. ભારતના મહાન વૈજ્ઞાનિક અને પૂર્વ રાષ્ટ્રપતિ ડો. અબ્દુલ કલામ કહેતા કે, 'એક મૂર્ખ જીનિયસ બની શકે છે, જો તે સમજે કે તે મૂર્ખ છે, પણ એક જીનિયસ મૂર્ખ બની શકે છે, જો તે સમજે કે તે જીનિયસ છે.' પરંતુ કેટલાક તો એમ વિચારે છે કે, 'હું બીજા કરતાં તો થોડોક સારો છું ને!' એમ નથી વિચારી શકતાં કે. 'બીજા ઘણા સારા લોકો કરતાં હું થોડો ખરાબ છું.' હકીકતે વ્યક્તિ પોતે ખરાબ નથી, પણ તેની આદતો તેને ખરાબ સાબિત કરે છે. મૂર્ખના ગળામાં પાટીયું નથી હોતું કે 'હું મૂર્ખ છું.' અને મૂર્ખ પણ એમ જ માને છે કે. 'આ બધા ગાંડા છે ને હું જ ડાહ્યો.' એ જ એની મુર્ખાઈ છે. આવી ખોટી માન્યતાનું વ્યસન વ્યક્તિને ખોટી આદતો સેવવા માટે મજબૂર કરી દે છે અને એમાંથી જ પરિણમે છે અઠંગ વ્યસની!

સંતશ્રી પુનિત મહારાજ કહેતાં કે, 'પહેલાં માણસ ટેવ પાડે છે અને પછી ટેવ માણસને પાડે છે.' માટે ખરાબ આદત જે અંત લાવનારી છે, તેનો જ અંત લાવવો જોઈએ અને સારી આદત જે ઉન્નતિ લાવનારી છે. તેને ઉન્નત કરવી જોઈએ. ઘણીવાર વ્યક્તિને ખ્યાલ હોય છે કે. 'મારે આવું ન કરવું જોઈએ. તેનાથી આ પ્રકારના નુકસાનો થાય છે.' છતાં તે છોડી શકતી નથી. વાસ્તવમાં વ્યક્તિ વ્યસન નથી કરતો, પણ વ્યસન જ વ્યક્તિને ભરખી જાય છે.

માટે જ એમાંથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય એ છે કે એને કદી ન અપનાવો. એનાથી હંમેશાં દૂર રહો, ડરતાં રહો. દેખાદેખી કે મિત્રોના આગ્રહને વશ થઈને અપાયેલ પહેલી સિગારેટ કે ગુટકા-તમાકુના 3-4 દાણા એ જ પતનની શરૂઆત છે. માટે શરૂઆતથી જ એની સામે સિંહગર્જના કરો કે, 'મારે એ ન જ જોઈએ.' કદાચ શરૂઆત થઈ હોય તો પણ ગભરાવાની જરૂર નથી, પાછા વળી શકાય છે: આત્મવિશ્વાસ અને પરમાત્મ વિશ્વાસ! પોતાની દૃઢતા અને પરમાત્માની પ્રાર્થનાના સહારે એ દુઃખસાગરને તમે સર કરી શકો છો. બુરી આદતોની શું તાકાત કે મજબૂત મનના માણસની નજીક ફરકી શકે. ઊઠો, જાગો અને કુટેવોને દૂર કરવા મંડી પડો. ખરાબ આદતો દૂર કરવી અને સારી આદતો કેળવવી એ શરૂઆતમાં અઘરું લાગે, પણ 20થી 30 દિવસ માટે પ્રયત્ન કરી જુઓ. એક સમય એવો આવશે કે કુટેવો સામે સફળતા મેળવનાર તમે હશો!!

વિશ્વવંદનીય સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ કહેતાં કે, 'માણસને વ્યસન કરવાનું મન કેમ થાય છે? કારણ કે, ઝેરને ઝેર તરીકે જાણ્યું જ નથી. વ્યસનને ઝેર સમજો. તો જ વ્યસનથી દૂર રહી શકાશે. સાવધાન રહે, તો ગમે તેવું વ્યસન નીકળી જાય. શૂરવીર થઈને મૂકો, મરતાં મરતાં નહીં.'

ખરાબ આદતો સામે જીતની બાજી હવે તમારા હાથવેંતમાં છે, માટે મંડી પડીએ. શૂરવીર થઈએ જીવનને ચકનાચૂર નહીં, પરંતુ આનંદપ્રચુર બનાવીએ!!



જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



હરિચરણ વિના મુક્તિ નહીં

ભારત ભૂમિ એટલે આધ્યાત્મની ભૂમિ. અહીં પ્રાચીન યુગથી આજપર્યંત ભક્તો વિશેષ ભક્તિ દ્વારા ભગવાનને રીઝવે છે. ભારતીય હિન્દુ સિદ્ધાંત પરંપરા અનુસાર, ભક્તિ દ્વારા મુક્તિ પ્રાપ્ત કરવાનાં જુદા જુદા સાધનો આપણા વેદો, ઉપનિષદો તેમ જ વિવિધ શાસ્ત્રોમાં દર્શાવવામાં આવ્યા છે.

કેન ઉપનિષદ એક પ્રસંગ જણાવતાં કહે છે : દેવો-દાનવોના સમયમાં દેવોએ વિજય પ્રાપ્ત કર્યો. કારણ એટલું જ કે દેવોના પક્ષે ભગવાનનાં આશીર્વાદ હતાં, પરંતુ વિજયના ઉન્માદ અને શક્તિના ગુમાનમાં દેવો વિજય-સમારંભમાં ભગવાનને જ આમંત્રણ આપવાનું ભૂલી ગયા. આવા સમયે ભગવાન येन क प्रकारेण, પોતાના ભક્તોનાં માનનું મર્દન કરે છે. તે ઉદ્દેશથી ભગવાને યક્ષનું રૂપ ધારણ કરીને તેમને સમજાવ્યું કે તમે તો ઘાસનું નાનું તણખલું પણ હલાવી શકવા સક્ષમ નથી. સર્વશક્તિમાન તો પરમકૃપાળુ પરબ્રહ્મ પરમાત્મા છે. માટે બધા જ બળોની સાપેક્ષે ઈષ્ટબળ સર્વોત્કૃષ્ટ છે. તેમનો આશરો ગ્રહણ કરવાનું પ્રમાણ આપણને શાસ્ત્રો અર્પે છે.

तपन्तु तापैः प्रपतन्तु पर्वताद् अटन्तु तीर्थानि
पठन्तु चागमान् ।
यजन्तु यागैर्विवदन्तु वादैर् हरिं विना नैव
मृतिं तरन्ति ॥

પંચાગ્નિ (ચારે બાજુ અગ્નિ અને ઉપરથી સૂર્ય) તપી તપ કરે, પર્વત પરથી પડતું મૂકે, ઘણાં તીર્થોની યાત્રા કરે, વેદોનો પાઠ કરે, યજ્ઞોની આહુતિ આપે, શાસ્ત્રાર્થો કરે, તો પણ ભગવાનનાં શરણ વિના મૃત્યુને તરી શકે નહીં.

પ્રાચીન કાળથી અર્વાચીન કાળ સુધીના આપણા આધ્યાત્મિક ઈતિહાસમાં ડોકિયું કરીએ તો જણાશે કે ધ્રુવ, પ્રહ્લાદ, અંબરીષ, ગજેન્દ્ર, અર્જુન, મીરાંબાઈ, નરસિંહ મહેતા આદિ ભક્તો ભગવાનની શરણાગતિ સ્વીકારી શાશ્વત સુખશાંતિ અને કીર્તિને પામે છે અને મનુષ્યજન્મનું અંતિમ લક્ષ્ય પરમપદને પ્રાપ્ત કરે છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ નારાયણ પણ શરણાગતિનો મહિમા ગાતાં કહે છે :

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते॥
(ગીતા 7/14)

અર્થાત્ મારી ગુણમયી દૈવી માયા કોઈથી તરાય તેવી નથી, પણ જે મારો આશરો કરે છે, તે આ માયાને તરી જાય છે.

ખરેખર, જેમ માછીમાર જાળ પસારે તેમાં દૂરનાં માછલાં પકડાઈ જાય, પણ તેના પગ આગળ રહેલાં માછલાં મુક્ત રહે છે. તેમ માયારૂપી જાળમાંથી છટકવા માટે એક જ ઉપાય છે ભગવાનની શરણાગતિ.

ભગવાન પણ પોતાના શરણે આવેલા મુમુક્ષુનું શ્રેય અને પ્રેય કરે છે. કાશ્મીરની સંત કવિયિત્રી



લલ્લેશ્વરી કહે છે, 'जक्र है तो फक्र क्या?' લગ્નની ચોરીમાં પત્ની એકવાર પતિને કહે છે કે હું તમારી, તો પતિ દેશ-વિદેશ ફરીને કે પછી કોઈ પણ રીતે ધનનું ઉપાર્જન કરીને પણ તેનું પોષણ કરે છે. એટલે જ વાલ્મીકિ રામાયણમાં ભગવાન શ્રીરામ કહે છે :

सकृदेव प्रपन्नाय तवाऽस्तीति याचते।
अभयं सर्वभूतेभ्यो ददाम्येतद् वर्तं मम॥

અર્થાત્ 'એક જ વાર 'હે ભગવાન ! હું તમારો છું' એમ કહી શરણાગત થનાર ભક્તને અભયપદ આપવું એવું મારું બિરુદ છે.'

આ વાત આપણને દરેક શાસ્ત્ર જણાવે છે. મહાભારતનો દસમો દિવસ અસ્તાચલે હતો, તે સમયે મહારથી ભીષ્મ પ્રતિજ્ઞા કરે છે કે આવતી કાલે યુદ્ધ પૂર્ણ થાય તે પૂર્વે હું નહીં, કાં અર્જુન નહીં. આ જાણવા છતાં અર્જુન તે રાત્રે ગાઢ નિદ્રા માણતો હતો. ભગવાન કૃષ્ણે તેને જગાડીને પૂછ્યું : 'પાર્થ! તને ડર નથી લાગતો?' ઉત્તરમાં ધનંજય જણાવે છે કે, 'પ્રભો! તમે જાગો છો એટલે હું ઊંઘું છું.' ખરેખર, જેના માટે ભગવાન જાગતા હોય તે શરણાગતને ભય શેનો? ભગવાન કૃષ્ણ નારાયણનાં આશરાથી પાંડવો લૌકિક અને પારલૌકિક માર્ગને તરી ગયા.

ભગવાન સ્વામિનારાયણ પણ ગઢડા પ્રથમ પ્રકરણના 33મા વચનામૃતમાં કહે છે : 'ભગવાનનો દૃઢ આશરો કરવો એ એક સર્વ સાધનમાં મોટું સાધન છે. તેને કરીને ભગવાન રાજી થાય છે. એ આશરો અતિ દૃઢ જોઈએ. જેને ભગવાનનો આશરો દૃઢ હોય તે ભક્ત માયાને તરી જાય છે.'

ભારતીય આધ્યાત્મિક પરંપરામાં ભક્ત ભગવાનનાં પરમધામને પામવા માટે જપ, તપ, દાન, યજ્ઞયાગાદિક જેવા કઠિન સાધનો કરે છે. પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતાનાં આ શ્લોકમાં સરળતમ માર્ગ બતાવે છે. તેથી સંત કબીર પણ કહે છે,

काशीकांठे घर करो, पीवे निरमल नीर
मुक्ति नहीं हरिचरण विना कहे दास कबीर

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



કૃષ્ણ સાથે સંવાદ રાખી જીવનને તેમના જીવન-સંગીત સાથે જોડી શકાય

ભગવાન શ્રીકૃષ્ણ સંદેશ આપે છે કે યોગમાર્ગમાં જ્યારે ખોટા લોકો ઘૂસે ત્યારે એવા લોકોને દૂર કરો. ધર્મમાં જ્યારે ખોટા લોકો ઘૂસે ત્યારે સમાજ, શાસક, સરકાર બધાંએ ભેગાં થઈ ધર્મના માર્ગમાં ઘૂસેલા લોકોને દૂર કરવાના પ્રયત્નો કરવા જોઈએ. ધર્મને દૂર કરવાનો નથી, પરંતુ તેમાં ઘૂસેલા દૂષણોને દૂર કરવાનાં છે. ટી.વી. ખરાબ થઈ ગયું હોય તો આપણે રિપેર કરાવીએ, ફેંકી નથી દેતા. એમ યોગની જરૂર છે, ધર્મની જરૂર છે, વેદની જરૂર છે, પણ વેદમાર્ગમાં, ધર્મમાર્ગમાં, યોગમાર્ગમાં ઘૂસેલી જે આસુરી વૃત્તિ છે તેને શ્રીકૃષ્ણનું અનુસરણ કરીને સમાજના અગ્રણી પુરુષોએ દૂર કરવી જોઈએ અને એ રીતે યોગમાર્ગ, ધર્મમાર્ગને વિશુદ્ધ કરી રાષ્ટ્રનું કલ્યાણ કરવું જોઈએ.

સામાન્ય રીતે આપણે બહારના વેશને જ જ્ઞાન સમજવાની ભૂલ કરીએ છીએ. બાહ્ય પરિવેશ અને વેશભૂષાને જોઈને આપણે જ્ઞાની હોવાનો અંદાજ લગાવવાનો પ્રયત્ન કરીએ છીએ, પણ એ ખોટી રીત છે. શાસ્ત્રનું એક ઉદાહરણ આ વાતની પુષ્ટિ કરે છે. એક મહાપ્રતાપી પિતાએ તેના મહાજ્ઞાની પુત્રને આજ્ઞા કરી, 'રાજર્ષિની પાસે જ્ઞાનપ્રાપ્તિ માટે તમે જાવ.' પિતા છે, મહર્ષિ વેદવ્યાસ અને પુત્ર છે શુકદેવજી મહારાજ, વેદવ્યાસજી શુકદેવજીને કોની પાસે મોકલે છે? જનક પાસે. એ રાજર્ષિ છે, વ્યાસજી કહે, 'બેટા! તમે તેમની પાસે જાવ અને તેમની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરો.' આ કર્મયોગ છે. પિતાની આજ્ઞા માથે ચડાવીને શુકદેવજી મિથિલા નગરીમાં રાજા જનકજી પાસે જવા નીકળ્યા.

તેમણે વિચાર્યું હતું કે જનકજી નદીને કિનારે આશ્રમ બનાવી, માથા પર જટા ધારણ કરી પથ્થરની કોઈ શિલા પર બિરાજમાન હશે. મૃગચર્મનું આસન પાથર્યું હશે અથવા દર્ભાસન પર બિરાજતા હશે, પરંતુ શુકદેવજીની બધી ધારણા, તેઓ મિથિલા પહોંચ્યા ત્યારે ઊંધી વળેલી જણાઈ. એમણે જોયું તો જનકજીનો વિશાળ રાજમહેલ છે. મોટું સુંદર સિંહાસન છે, ઉત્તમ વસ્ત્રો અને સુંદર આભૂષણો ધારણ કરીને મહારાજ જનક બિરાજમાન છે, ચારે બાજુ દાસ અને દાસીઓ છે. બધી જ સગવડો હાજર છે. શુકદેવજીને આશ્ચર્ય થયું, કારણ કે પિતાએ તેમને જ્ઞાનપ્રાપ્તિ માટે મોકલ્યા છે અને જે પરમ જ્ઞાની ગણાય છે, તેવા જનકજી તો વૈભવ વચ્ચે જીવતાં જણાય છે. છતાં શુકદેવજીને થયું કે પિતાશ્રીએ મોકલ્યો છે તો સમજી-વિચારીને જ મોકલ્યો હશે ને!

'જનક મહારાજ, હું આપને પ્રણામ કરું છું. મારા પિતાશ્રીએ કહ્યું છે કે આપ રાજર્ષિ છો, હું આપની પાસે જ્ઞાનનો ઉપદેશ લેવા માગું છું, પણ માફ કરજો હું જોઉં છું કે તમે તો ગળાડૂબ ભોગોમાં પડ્યા છો. સંસારની આટલી બધી સુખ-સગવડો વચ્ચે તમે રહો છો અને આવા વાતાવરણમાં રહીને તમે રાજર્ષિ કઈ રીતે રહી શકો છો? તમે નિત્ય જ્ઞાનમાં સ્થિત કઈ રીતે છો? મને આશ્ચર્ય થાય છે. આપ મને માર્ગદર્શન આપો અને આવા વૈભવી વાતાવરણમાં પણ તમે જ્ઞાનમાં સ્થિત હો, તો એ યુક્તિ મને પણ શીખવાડો, જેથી સંસારમાં રહીને જ્ઞાનમાં નિત્ય સ્થિત થાઉં.'

જનકજી કહે, 'આપના પિતાએ મોકલ્યા છે તો જરૂર બતાવીશ. ઋષિપુત્ર! આપનું સ્વાગત છે, પણ એક કામ કરો. મારા શિષ્ય બનવા માટે તમારે યોગ્યતા પ્રાપ્ત કરવી પડશે અને એ માટે



તમારે એક વિધિમાંથી પસાર થવું પડશે. એ પછી તમારી જિજ્ઞાસા હું જરૂર સંતોષીશ.' શુકદેવ કહે, 'રાજન! આજ્ઞા કરો.' જનક મહારાજે દૂધ ભરેલો કટોરો મંગાવ્યો. શુકદેવજીને આપીને કહ્યું, 'મિથિલા નગરીની પ્રદક્ષિણા કરી આવો, પણ સાવધાન! કટોરામાંથી એક ટીપું દૂધ નીચે પડવું ન જોઈએ.'

શુકદેવજી તો નગરીની પ્રદક્ષિણા કરવા નીકળી પડ્યા. તેમની જિજ્ઞાસા પ્રબળ હોવાથી તેમના મનમાં વિચાર હતો, યોગ્યતા પુરવાર કરવાનો. જનકજીની શરત પૂરી કરે તો શિષ્ય તરીકે તેઓ કંઈ પણ કરવા તૈયાર હતા. શુકદેવજી હાથમાં દૂધનો કટોરો લઈને ચાલવા માંડ્યા.

જનકજીએ શુકદેવજી જ્યાં પગલાં માંડે, ત્યાં આખે રસ્તે એવી વ્યવસ્થા કરાવી કે ચારે બાજુ અપ્સરાઓ નાચી રહી છે. ક્યાંક સંગીત વાગે છે, સૌંદર્યનો મેળો ભરાયો છે, મતલબ કે ચારેય બાજુ આકર્ષણ... શુકદેવજી શહેરની પરિક્રમા કરીને જનકજી પાસે આવ્યા, કહ્યું, 'રાજાજી! આ લો!' જનકજી કહે, 'એક ટીપું પણ નીચે પડ્યું નથી ને!' 'નથી પડ્યું! જોઈ લો.' 'તમે પ્રદક્ષિણા કરી રહ્યા હતા ત્યારે આસપાસ શું જોયું?' 'કંઈ નહીં.' 'તમને ખબર પણ નથી કે આટલી અપ્સરાઓ નાચી રહી હતી, સૌંદર્ય મેળામાં નાચગાન થઈ રહ્યું હતું, મધુર સંગીત વાગી રહ્યું હતું.'

શુકદેવજી કહે, 'મહારાજ! મારા કાનમાં તો સંગીત આવતું હતું, પણ મારું ધ્યાન એ તરફ નહોતું, નજર દૂધ પર જ હતી. ચિંતા એની હતી એટલે એક ટીપું નીચે પડ્યું નથી. મેં બીજું કંઈ જોયું નથી.'

જનકજી કહે, 'જે રીતે વાતાવરણમાંથી પસાર થતાં તમે કોઈ દૃશ્યો પર આસક્ત થયા નથી, કારણ તમારી દૃષ્ટિ દૂધ ઉપર હતી. એ જ રીતે હું સંસારમાં રહેવા છતાં જ્ઞાનમાં સ્થિત છું. રાજમહેલના વિલાસી વાતાવરણમાં રહેવા છતાં હું તેમાં આસક્ત નથી.'

શુકદેવજીને જ્ઞાન પ્રાપ્ત થયું. જો હું મહારાજા જનક પાસે આવ્યો જ ન હોત, તો જળમાં જે રીતે કમળ નિઃસંગ રહે છે એ રીતે સંસારના ભોગની વચ્ચે વિદેહી બનીને કઈ રીતે રહી શકાય, તેનું જ્ઞાન જ મને મળ્યું ન હોત! ભગવાન શ્રીકૃષ્ણ તેમની બધી જ લીલાઓ દ્વારા સંસારમાં સ્થિતપ્રજ્ઞ કઈ રીતે રહી શકાય તેનો સંદેશ આપીને સમજાવે છે કે, સંસારમાં લોપાયા વિના કૃષ્ણ સાથે સંવાદ રાખીને જીવનને કૃષ્ણના જીવન-સંગીત સાથે જોડી શકાય છે.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



જીવનમાં સ્પર્ધા કરવી છે કે સુખી થવું છે?

ઈંગ્લેન્ડની વિખ્યાત કલા સંસ્થા 'રોયલ એકેડેમી ઓફ આર્ટસ્'માં એક ચિત્ર પ્રદર્શન યોજાવાનું હતું. ધાર્યા કરતાં પણ વધુ ચિત્રકારોએ વિશ્વભરમાંથી પોતાની કૃતિઓ મોકલી. ચિત્રો એક હોલમાં ગોઠવવામાં આવ્યાં, પરંતુ એક ચિત્ર ગોઠવ્યાં વિનાનું રહી ગયું. હોલમાં હવે થોડી પણ જગ્યા બચી ન હતી. સૌને ચિત્ર ક્યાં મૂકવું એ પ્રશ્ન મૂંઝવતો હતો. તેટલામાં જ ત્યાં ગયેલો એકેડેમીનો વ્યવસ્થાપક સમિતિનો માનનીય સભ્ય અને વિશ્વનો નામી ચિત્રકાર ટર્નર (Turner) આવી પહોંચ્યો. તેને આ ઊભરતા કલાકારના ચિત્ર માટે સ્થાનનો ઉપાય પૂછવામાં આવ્યો, ત્યારે ટર્નર બોલ્યો, 'આ તે કંઈ મુશ્કેલી કહેવાય? આનો ઉપાય તો ઘણો સહેલો છે!' સૌએ પૂછ્યું, 'કયો ઉપાય?' ટર્નરે ત્યાં ટાંગેલું પોતાનું ચિત્ર ઉતારી લીધું અને તે સ્થાને પેલા ઊગતા ચિત્રકારનું ચિત્ર લટકાવી દીધું.

માણસ ક્યારેક મોટાં મોટાં કાર્યો સંપન્ન કરી શકે છે, પણ બીજાને આગળ વધવા માટેની તક કે પ્રોત્સાહન નથી આપી શકતો. કારણ કે સફળ થવું સહેલું છે, પણ સ્પર્ધારહિત રહેવું કઠણ છે. ગમે એટલું પામ્યા પછી પણ અંતરમાં રહેલો સ્પર્ધાનો ભાવ ક્યારેક ક્યારેક સપાટી પર ડોકાઈ આવે છે. પરંતુ જે મહાપુરુષો હોય છે તે સ્પર્ધાનો ભાવ ઊભો થાય એવી પરિસ્થિતિમાં પણ નિર્મળ રહી શકે છે.

પ્રમુખસ્વામી મહારાજે સન 2005માં દિલ્હી ખાતે ભવ્ય અક્ષરધામ સ્મારકની રચના કરી. 105



એકરમાં પથરાયેલાં અને પાંચ વર્ષમાં નિર્મિત થયેલાં આ વિશાળ સંકુલને જોઈ મોટા મોટા દિગ્ગજો હેરત પામ્યા. સમાચારપત્રોએ અને ટી.વી. ચેનલોએ 'અક્ષરધામ' અને 'પ્રમુખસ્વામી મહારાજ'નું નામ સર્વત્ર ગાજતું કર્યું. આ અવસરે લંડનના પૂર્વ હાઈકમિશનર એલ.એમ. સિંઘવી સાહેબ પણ આવ્યા હતા. તેઓએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, 'લંડનમાં લોકો મને પૂછે કે ભારતમાં અમારે કોઈ એક મહત્વના સ્થળની મુલાકાત લેવી હોય, તો તે કયું સ્થળ હોઈ શકે? ત્યારે હું કહેતો કે તાજમહેલ જરૂર જોજો, પરંતુ આ અક્ષરધામ એવું સરસ બનાવ્યું છે કે જ્યાં 1000 વર્ષની ભારતીય સંસ્કૃતિનો એક ભવ્ય ઈતિહાસ તાદૃશ થયો છે. અક્ષરધામ જોયા પછી હું લોકોને ચોક્કસ કહીશ કે તમે ભારત જાવ તો સૌથી પહેલી મુલાકાત દિલ્હીમાં અક્ષરધામની લેજો. પછી સમય મળે તો આગ્રાનો તાજમહેલ જોવા જરૂર જજો.' અને પછી તેઓએ છેલ્લું વાક્ય ઉચ્ચાર્યું કે, 'આગ્રાના તાજને ટક્કર મારે એવું આ અક્ષરધામ મંદિર બન્યું છે.'


સામાન્ય રીતે એવું જોવા મળે છે કે, જ્યારે કોઈ કાર્યની સિદ્ધિના પરિપાકરૂપે આપણા ઉપર લોકો પ્રશંસાના પુષ્પો વેરવા લાગે, ત્યારે આપણા હૃદયમાં સ્પર્ધાનાં અંકુરો ફૂટવા લાગે છે અને આ સ્પર્ધાના ભાવો જ અંતે દુઃખનું કારણ બને છે.

આજે એ જ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પ અને પ્રેરણાથી તેમ જ તેઓના અનુગામી મહંતસ્વામી મહારાજના માર્ગદર્શન મુજબ, અમેરિકાની ધરતી પર 185 એકરમાં બેનમૂન સ્વામિનારાયણ અક્ષરધામ સંકુલ આકાર લઈ ચૂક્યું છે. જેમાં મુખ્ય અક્ષરધામ મહામંદિર 255 ફૂટ પહોળું, 345 ફૂટ લાંબુ અને 191 ફૂટ ઊંચું છે, જેના નિર્માણમાં 1,10,000 ટન પથ્થરનો ઉપયોગ થયો છે તેમ જ પથ્થરની 10,000 વિવિધ પ્રતિમાઓ કંડારવામાં આવી છે. જે હજારો વર્ષોની પ્રેરણાદાયી હિંદુ કલા, સ્થાપત્ય અને સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરે છે.

અમેરિકામાં વસતા 12,500 સ્વયંસેવકોની લાખો માનવ કલાકોની સેવા દ્વારા નિર્માણ પામેલ આ અક્ષરધામ મહામંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ મહંતસ્વામી મહારાજ અને આમંત્રિત મહાનુભાવોના હસ્તે આવતા રવિવારે યોજાવા જઈ રહ્યો છે, ત્યારે મહંતસ્વામી મહારાજે સૌ સંતો અને ભક્તોના અંતરમાં એ જ ભાવના દૃઢ કરાવી છે કે આ અક્ષરધામ કોઈની સાથે હરીફાઈ કે સ્પર્ધામાં નથી બનાવ્યું અને એટલે જ અક્ષરધામ સંકુલમાં ઉપસ્થિત પ્રત્યેક સ્વયંસેવક નિઃસ્વાર્થ સેવા દ્વારા સુખની અનુભૂતિ કરી રહ્યો છે.

અંગ્રેજીમાં એક ઉક્તિ છે કે, 'Happiness is found when you stop comparing yourself to other people.' એટલે કે, 'જ્યારે તમે બીજા સાથે સ્પર્ધા કરવાનું બંધ કરો છો, ત્યારે જ તમે સુખ પામી શકો છો.' કારણ કે આપણે ગમે એટલા મોટા થઈશું, પણ આપણા કરતાં ઉપર કોઈક તો પહોંચેલું જ હશે. આથી બીજા સાથે સ્પર્ધા કરવાનું બંધ કરી, આપણે આપણા કાર્યમાં કેન્દ્રિત થઈએ, એ સિદ્ધ કરવા પ્રયત્ન કરીએ, એ શૈલી જ ઉત્તમ છે.

ખરેખર, જે વ્યક્તિ સખત પુરુષાર્થ કરીને સફળ થયા પછી પણ સ્પર્ધામુક્ત રહે છે તે જ સુખ પ્રતિ પ્રયાણ કરે છે.



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



માનવીએ જગતની નિશાળમાં સતત અનુભવથી ઘડાતાં રહેવાનું છે

આ જગત એ નિશાળ છે અને એમાં તમે તમારા અનુભવથી ઘડાવ છો એટલે મનુષ્ય સતત શીખતો રહે છે. આ શીખવાની પ્રક્રિયા જીવનના અંત સુધી ચાલે છે. બુદ્ધિને કેળવવી પડે, મનની લાગણીઓને કેળવવી પડે. તેની સાથે-સાથે શરીર કસાયેલું હોય, તંદુરસ્ત હોય તો મન વધારે વખત રીસાયેલું ન રહે. વિષાદ લાંબો સમય એને અસર ન કરે. ઉદાસી કે વિષાદ જીવનમાં પ્રત્યેક વ્યક્તિને અનુભવાય છે. મન છે તો વિષાદ પણ એને આંગણે મહેમાન થઈને જરૂર આવશે, પણ એ વિષાદગ્રસ્ત મનને જો બુદ્ધિનો વિવેક પ્રેમથી સમજાવે તો વિષાદ લાંબો સમય ન ટકે. આપણું મન ઉદાસ ન રહે.

આપણે ત્યાં પરિવારમાં કોઈનું મૃત્યુ થાય એટલે 'અશૌચ' આવે. એટલે કે સુતક આવે. સુતક માટે સંસ્કૃતમાં શબ્દ છે અશૌચ. શૌચનો અર્થ થાય પવિત્રતા. અશૌચ એટલે અપવિત્રતા. કેમ? કેમ કે ત્યારે વ્યક્તિ શોકમાં ડૂબેલી હોય અને જ્યારે વ્યક્તિ શોકગ્રસ્ત હોય ત્યારે ભગવાનની સેવાપૂજા કરવી એ ઠીક ન ગણાય. પ્રસન્નતા છે એ જ પવિત્રતા છે. પ્રસન્ન મનથી પ્રભુની સેવામાં પવિત્ર થવાનું હોય છે.

આપણે શોકમાં હોઈએ અને ઠાકોરજીની સેવા દ્વારા ઠાકોરજીને સુખ આપવા જઈએ, ત્યારે શોકગ્રસ્ત અવસ્થાને કારણે ઠાકોરજીને પરિશ્રમ પડે. સીધીસાદી વાત છે. તમે ઘરે બેઠાં હો, તમે ઘરનાં માલિક હો અને તમારો નોકર તમારી પાસે રડતો-રડતો આવે તો માલિક તરીકે તમે તેને પૂછો કે નહીં કે, 'ભાઈ શું થયું?' જ્યારે નોકર બધી વાત કરે એની



તકલીફો અને મુશ્કેલી કહે, ત્યારે માલિક નોકરને કહે, 'અરેરે... આવું થયું! બહું ખોટું થયું.' આ રીતે માલિકને પણ દુઃખ થાય.

એવી જ રીતે ઠાકોરજીને પણ શોકગ્રસ્ત અવસ્થામાં વ્યક્તિ સેવા કરે તો દુઃખ થાય. વૈષ્ણવ પરંપરામાં એવી સુંદર વાત અને ભાવના છે કે મારા ઠાકોરજીને શા માટે દુઃખી કરું? ભગવાન તો આનંદ સ્વરૂપ છે એ વાત ખરી; પણ વૈષ્ણવોની ભાવના એવી કે ઠાકોરજીને પરિશ્રમ થાય એવું કંઈ નહીં કરવાનું, પછી શોકમાં મન ડૂબેલું હોય તો સંભવ છે કે સેવામાં પણ ભૂલ પડે. ભૂલ પડે એટલે સાવધાની ન રહે અને ઠાકોરજીને જેવું સુખ આપણે આપવું હોય એવું ન આપી શકીએ, આપણી સેવામાં ક્યાંક ઊણપ આવે.

કુંભનદાસનો દીકરો શ્રીનાથજીની ગાયોની સેવામાં હતો. એક વાર સર્પદંશથી તેનું મૃત્યુ થયું. કુંભનદાસ એ સમયે દંડવતી શીલા પાસે હતા અને કોઈએ જઈને એમને સમાચાર આપ્યા. 'કુંભનદાસજી, તમારા પુત્રને સર્પ કરડ્યો છે અને એનું મૃત્યુ થયું છે.' આ સમાચાર સાંભળી કુંભનદાસ મૂર્છિત થઈ ગયા. કુંભનદાસને મૂર્છામાં પડેલા જોઈને આસપાસના સૌ કહેવા લાગ્યા કે, 'કુંભનદાસ ભલે પરમ વૈષ્ણવ હોય, પણ દિલ તો બાપનું ગણાય ને! દીકરાનું મૃત્યુ કોને ન રડાવે?'

ગુસાઈજીએ શ્રીનાથજીને સમાચાર પહોંચાડયા કે કુંભનદાસજીનો દીકરો સર્પદંશથી મૃત્યુ પામ્યો છે અને કુંભનદાસ દંડવતી શીલા પાસે મૂર્છિત પડ્યા છે. ગુસાઈજીએ ઠાકોરજીને શયન કરાવ્યું, સેવામાંથી પરવારી કુંભનદાસ પાસે પધાર્યા. તેઓ જ્યારે પહોંચ્યા ત્યારે તેમણે કોઈકને કહેતાં સાંભળ્યું કે, 'પુત્ર શોક તો વૈષણવને પણ રડાવે.' ગુસાઈજીએ આ સાંભળી લીધું અને મૂર્છિત પડેલા કુંભનદાસના કાનમાં માત્ર એટલું જ કહ્યું કે, 'કુંભનદાસ! તમને શ્રીનાથજીની ઝાંખી થશે. તમને દર્શનથી વંચિત રાખવામાં નહીં આવે. ઊઠો!' બસ, મૂર્છાનું કારણ એ હતું કે મને અશૌચ લાગ્યું અને હવે મને ઠાકોરજીનાં દર્શન નહીં થાય. ભગવદ્ દર્શન નહીં થાય આ વિચારમાત્રને લઈને ભગવાનના વિરહનો તેમને જે તાપ થયો એને લઈને કુંભનદાસ મૂર્છિત થયા હતા. આ વૈષ્ણવોનો ઠાકોરજી પ્રત્યેનો અનુરાગ છે અને એટલા માટે જ વૈષ્ણવોને આવી સ્થિતિમાં પણ ઠાકોરજીથી વંચિત રહેવું ન પડે તે માટેની વ્યવસ્થા આચાર્ય મહાપુરુષોએ કરી છે.

અશૌચ એટલે એ જે વિષાદ છે, એ જ અશૌચ છે. વ્યક્તિ ચિંતામાં ગ્રસ્ત થઈને નિમાણું મોઢું કરીને બેઠી હોય તે અશૌચ જ કહેવાય. તેથી પુષ્ટિ પરંપરામાં એ વાત આવી કે ઠાકોરજીને જે સમર્પિત છે, જે ઠાકોરજીને નિવેદિત છે, તેણે ક્યારેય ચિંતા ન કરવી. વૈષ્ણવને શોક થતો નથી કેમ કે મનની સાથે ભગવાને બુદ્ધિનો વિવેક પણ આપ્યો છે. તો જીવનમાં બુદ્ધિનો વિવેક પણ હોવો જોઈએ એટલા માટે સત્સંગની જરૂર છે. એટલા માટે સદ્ગુરુની પાસે બેસી શાસ્ત્રોનું ચિંતન-મનન, શ્રવણ કરવું જરૂરી છે. આ બધું બુદ્ધિમાં વિવેક પ્રગટે એના માટેના ઉપાયો છે. તો ત્રણ શરીર છે. સ્થૂળ શરીર, કારણ શરીર અને સૂક્ષ્મ શરીર.

શ્રીમદ્ ભાગવતના દસમ સ્કંધમાં શ્રીકૃષ્ણની લીલાઓનું વર્ણન છે. તેમાં ગોકુળ એટલે સ્થૂળ શરીર, મથુરા એટલે સૂક્ષ્મ શરીર અને દ્વારકા એટલે કારણ શરીર, સૌમાં શ્રીકૃષ્ણ બિરાજે છે. સૌનો આત્મા શ્રીકૃષ્ણ છે અને પ્રત્યેક જીવની અંદર આ ત્રણેય નગર આવેલાં છે. ગોકુળ લીલામાં પણ છે, મથુરામાં પ્રભુ પધાર્યા ત્યાં પણ છે અને દ્વારકામાં પ્રભુ પધાર્યા, ભગવાન દ્વારકાધીશ બન્યા, ત્યાં પણ છે. તો વૃંદાવનની રાસલીલામાં પણ છે. આમ, પ્રભુ જ્યાં હોય ત્યાં વિષાદમાં પણ પ્રસન્નતા પ્રાપ્ત થાય.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



તો આનંદનો ફુવારો છૂટે...

વાત છે 75 વર્ષ પૂર્વની કે જ્યારે ભારત અને પાકિસ્તાનના વિભાજન બાદ સરહદની બંને બાજુ કોમી હુલ્લડો ફાટી નીકળ્યા હતા. દિલ્હીમાં વસતા મુસલમાનો બંગલા ખાલી કરીને પાકિસ્તાન જતા રહ્યા હતા. પાકિસ્તાનથી પોતાનો જીવ બચાવીને આવેલા નિર્વાસિતો દિલ્હીમાં મોટી સંખ્યામાં જમા થયા હતા. પાકિસ્તાનમાં પોતાના પર થયેલા અત્યાચારથી નિર્વાસિતો ખૂબ ગિન્નાયેલા હતા. પરિણામસ્વરૂપે, દિલ્હીમાં પણ ઠેર ઠેર રમખાણો ફાટી નીકળ્યા હતા.

ભોપાલના મહારાજા હમીદુલ્લા ખાન પાકિસ્તાન તરફી વલણ ધરાવતા હતા. તેઓએ સરદાર વલ્લભભાઈ પટેલનો ખૂબ વિરોધ કર્યો હતો. દિલ્હીમાં ભભૂકી ઊઠેલી આગમાં તેઓની દીકરી અને જમાઈ પણ ફસાયાં હતાં. તેમણે પોતાનાં દીકરી અને જમાઈના સમાચાર મેળવવાનાં ખૂબ પ્રયત્નો કર્યા, પણ પરિણામ શૂન્ય. ટેલિફોન સેવાઓ ઠપ્પ થઈ ગઈ હતી. પોતાની સત્તાનો પૂરેપૂરો ઉપયોગ કરવા છતાં નવાબને કોઈ જ સફળતા ન મળતાં તેઓને સરદાર યાદ આવ્યા. સરદાર વિરોધી વિષ ઓકનારા નવાબે માંડ માંડ હિંમત ભેગી કરીને સરદારની પાસે મદદની માંગ માટે હાથ લંબાવતાં ફોન જોડ્યો.

ફોન પર નવાબ છે, એ જાણીને સરદાર નવાઈ પામ્યા. વાત સાંભળીને સરદારે સાંત્વના આપતાં કહ્યું, 'તમે ચિંતા ન કરો. એ વિસ્તારમાં કરફ્યૂ છે એટલે તમારાં દીકરી અને જમાઈ સુરક્ષિત છે. હું સરકારી વાહન મોકલીને એમને મારા બંગલે બોલાવી લઉં છું અને પછી એમને ભોપાલ મોકલવાની તજવીજ કરું છું.' સરદારે પોતે આપેલા વચનને અનુસરતાં આ નિરાશ્રિતોને વિમાન દ્વારા ભોપાલ મોકલી પણ આપ્યાં.

સમાજમાં બે કહેવતો પ્રસિદ્ધ છે – 'ઈંટનો જવાબ પથ્થરથી' અને 'અપકારનો બદલો ઉપકારથી.' આ વિકલ્પોની પસંદગીના આધારે વ્યક્તિની મહાનતા માપી શકાય છે. સામાન્ય માણસ સદા પ્રથમ વિકલ્પ ઉપર જ પસંદગી ઢોળે છે, જ્યારે સાધુપુરુષો હંમેશાં બીજો વિકલ્પ પસંદ કરે છે.

હા, જે વિરોધથી આપણને અથવા આખા સમાજને ખૂબ જ મોટું નુકસાન થવાની સંભાવના હોય એવા સંજોગોમાં યોગ્ય પગલાં લેવાં અનિવાર્ય છે. પણ એ સિવાય તો સાધુપુરુષોએ બતાવેલો માર્ગ ઉત્તમ બની રહે છે.

સન 1986માં પ્રમુખસ્વામી મહારાજ જમણા થાપામાં થયેલી ગાંઠની શસ્ત્રક્રિયા કરાવી મુંબઈમાં પરમાનંદભાઈ પટેલ નામના સદ્ગૃહસ્થના ઘરે વિશ્રામ કરી રહ્યા હતા. ઘણા મહંતો-મહાનુભાવો સ્વામીશ્રીની ખબર કાઢવા આવતા રહેતા. એમાં યજમાન પરમાનંદભાઈના આગ્રહથી રાજ્યકક્ષાના એક કેન્દ્રિય મંત્રી પણ આવી પહોંચ્યા.

કોઈક ગેરસમજના કારણે આ મંત્રી અત્યંત અકળાયેલા હતા. તેઓએ આવતાંવેંત બેફામ બકવાસ શરૂ કરી દીધો. આસપાસ બેઠેલા સંતો પણ સમસમી ઊઠ્યા. તેમાંના એક તો ઉદ્વેગથી ઊકળતા મંત્રીને ઠારવા ગયા, પરંતુ સ્વામીશ્રીએ જ તેઓને હાથના ઈશારે રોક્યા.


બીમાર વ્યક્તિના તો ખબર-અંતર પૂછવાનાં હોય એવા સામાન્ય વિવેકને પણ તેઓ ચૂકી ગયા હતા. લગભગ એક કલાક સુધી આ મંત્રી અત્યંત કુત્સિત શબ્દોમાં રોષ-દોષ ઓકતાં ઊભરો ઠાલવતાં રહ્યા. મંત્રીના મુખમાંથી નીકળતી વાતો સાવ વાહિયાત અને વજૂદવિહોણી હતી છતાં સ્વામીશ્રી શાંતિથી તે સાંભળતા રહ્યા, પ્રતિશોધ-પ્રતિકારના પ્રયત્ન વિના.

આશ્ચર્યની વાત તો એ છે કે, વાતાવરણને કલુષિત કરી એ મંત્રી વિદાય થતા હતા, ત્યારે સ્વામીશ્રીએ તેઓને ભોજન માટે નિમંત્રણ પાઠવ્યું. મંત્રીને વિદાયમાન આપીને સ્વામીશ્રી તો તરત આગળના કાર્યમાં પરોવાઈ ગયા. અપમાન સંબંધી નહીં કોઈ ટીકા-ટિપ્પણી કે નહીં કોઈ ઉચાટ-કચવાટ.

તેઓની આભ ઊંચી મહાનતાનો છેડો આટલેથી કેમ આવે? આ પ્રસંગ બન્યાના બે વર્ષ બાદ આ મંત્રીમુરબ્બી તેઓના કોઈક કાર્ય અંગે આફ્રિકા ગયેલા. પરંતુ ત્યાં તેઓને કોણ ઓળખે? તેથી કોઈ ગજ વાગતો નહોતો. તે સમયે તેઓને 'સ્વામીશ્રી અહીં જ છે' તે સમાચાર મળતાં તેઓ એક મોટા ઉત્સવના સભામંચ ઉપર વિરાજિત સ્વામીશ્રી પાસે દોડી આવ્યા. સ્વામીશ્રીએ ઊભા થઈ ઉત્સવ સભામાં તેઓને આવકાર આપ્યો. તેઓને મંચ પર બેસાડ્યા. જે સ્વામીશ્રીને તેઓ ગમે-તેમ બોલી ગયા હતા, તે જ સ્વામીશ્રી પાસે તેઓએ સહકારનો સાદ કર્યો. વિષનો ઘૂંટડો ગટગટાવનાર સ્વામીશ્રીએ તેઓના કાર્યમાં સહયોગ આપવા સભામાં સૌને અપીલ કરી. તેથી એ મંત્રીનું કામ પલકવારમાં પૂરું થયેલું.

ઉપરોક્ત મહાપુરુષોએ તો ક્ષમા આપી હતી - વિરોધીઓને. મોટે ભાગે આપણે તો આપણા નજીકનાંનું સહન કરવાનું થાય છે. જો આપણે હસતે મુખે સહન કરવાનું શીખી જઈએ, તો સંબંધો કેટલા સુંવાળા બની જાય? સામેવાળી વ્યક્તિ ગમે એટલી કઠણ હોય, પણ એના હૃદયમાં રહેલી કોમળતા આપણા સહિષ્ણુ વર્તનથી અવશ્ય જાગૃત થઈ ઊઠે છે. હા, આ દિશામાં ડગ માંડવામાં અત્યંત સાહસની જરૂર પડે છે, પણ ડગ ભર્યા પછી પસ્તાનારાઓની સંખ્યા અહીં ખૂબ જ જૂજ છે, કારણ કે મહાપુરુષોએ ચીંધેલો માર્ગ સિદ્ધાંતતુલ્ય હોય છે.

અત્યાર સુધીના ઈતિહાસમાં વેર ક્યારેય વેરથી શમ્યું નથી. જ્યારે અપકારનો બદલો ઉપકારથી વાળવામાં શાંતિ થઈ હોય, એવા હજારો પ્રસંગો છે. વાતાવરણમાં સ્થપાયેલી શાંતિ છેક અંતર સુધી પહોંચે છે. આથી જ પ્રમુખસ્વામી મહારાજ અને મહંતસ્વામી મહારાજના ગુરુ યોગીજી મહારાજ કહેતા, 'ક્ષમા કરવાથી અંતરમાં આનંદનો ફુવારો છૂટે છે.' તો, આ આનંદના ફુવારામાં આપણે પણ ગરકાવ કેમ ન થઈએ?



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



મન ભગવાનમાં હોય, બુદ્ધિ પરમાત્માને સમર્પિત હોય, ત્યારે જીવનમાં ઊર્ધ્વ ગતિ પ્રાપ્ત થાય

ભગવાને કહ્યું છે કે, મન જ આપણા બંધન અને મોક્ષનું કારણ છે. જીવનનું આ જ સત્ય છે. ક્યારેક વિચાર આવે કે ભગવાને મન શું કામ બનાવ્યું? મન બનાવીને ભગવાને લાગણી મૂકી. જીવનને હર્યુંભર્યું કરી દીધું, પણ એ મન મળ્યું છે એટલે જ ક્યારેક આનંદ છે અને ક્યારેક વિષાદ પણ છે, ક્યારેક હસવાનું છે, રડવાનું છે, ક્યારેક દુઃખ છે, સુખ છે, શોક છે. જિંદગી ભલે ઔર બુરે કા હિસાબ હૈ, યહ જિંદગી પાપ ઔર પુણ્ય કી કિતાબ હૈ, યહ સોના હૈ, જગના હૈ, હઁસના હૈ, રોના હૈ ફૂલ સે ભરા હુઆ, કાંટો સે ઘીરા હુઆ ગુલાબ હૈ યહ જિંદગી. ગુલાબ છે તો સાથે કાંટા પણ છે. આપણે કાંટા સામે જોઈને નથી જીવવાનું, આપણે તો ગુલાબ સામે જોઈને જીવવાનું છે. કાંટાની વચ્ચે પણ ઠાકોરજીમાં વિશ્વાસ રાખી મુસ્કુરાતા ગુલાબને જોઈ આપણે સંકટો વચ્ચે મુસ્કુરાતા શીખવાનું છે.

જિંદગી અવિરત ચલતી રહતી હૈ, મૃત્યુ પૂર્ણવિરામ નહીં હૈ, અલ્પવિરામ હૈ, જિસ પ્રકાર યાત્રા પર નીકલા હુઆ મુસાફિર રાત મેં કિસી ધર્મશાલા મેં રહ લેતા હૈ ઔર સુબહ હોતે હી ચલ દેતા હૈ, બસ શામ ઢલી, સૂર્ય અસ્ત હુઆ. ઠાકોરજીની આરતીનું નગારું વાગ્યું. ઝાલરનો ઝણકાર થયો. શંખનો ધ્વનિ થયો અને સાંજે ઠાકોરજીની આરતીનું ટાણું થાય એમ જીવનની પણ જ્યારે સંધ્યા ઢળે ત્યારે ઠાકોરજીની આરતી ઉતારીએ અને સૂરજની જેમ આથમી જઈએ. પણ યાદ રહે! હકીકતમાં નથી ઉદય કે નથી અસ્ત. વ્યવહારની ભાષામાં, લોકભાષામાં, એમ કહીએ કે 'આથમી જઈએ.' પછી એક રાત્રિનો



વિરામ. ફરી સવાર પડે. વળી, પાછા ચાલીએ. એક લાંબી નિદ્રા. મૃત્યુ કો લંબી નિદ્રા કહા ગયા હૈ. લેકિન ફિર કહીં જબ આંખ ખુલેગી તો નયે મુલ્ક મેં, નયે જીવન મેં, જીના શુરુ કરેંગે. કારણ કે જન્મે છે એ મરે છે. મરે છે એ ફરી જન્મે છે. ઊંઘી જાય છે, એ ફરી જાગે છે. જુદી દુનિયામાં, જુદા લોકમાં તેનું પ્રારબ્ધ જ્યાં, જેવી રીતે લઈ જાય એવી રીતે જીવનની યાત્રા નિરંતર ચાલે છે અને આ યાત્રા અનંત છે.

શ્રીમદ્ ભાગવતના દ્વાદશ સ્કંધમાં રાજા પરીક્ષિતનો મોક્ષ થયા પછીની આગળ જે મોક્ષની કથા ચાલે છે. તેમાં માર્કંડેય ઋષિનું ચરિત્ર છે. તેમાં એવી કથા છે કે ઋષિ માર્કંડેયને શિવજીનું વરદાન મળ્યું અને આ વરદાનથી તેમણે ભગવાનની માયા નિર્મિત 'મહાપ્રલય લીલા'ના દર્શન કર્યાં. પ્રલયનો સમય નહોતો આવ્યો, પણ ઋષિને પ્રલય જોવો હતો તેથી આ દર્શન શક્ય થયા. જે રીતે આપણે ઘરમાં બેસીને કોઈ પ્રસંગનો વીડિયો ઉતાર્યો હોય એની સી.ડી. જોઈએ છીએ અને પુત્ર તેના પિતાના લગ્નના પ્રસંગોની સી.ડી. જુએ, એમ ઋષિએ ભગવાનની માયા નિર્મિત મહાપ્રલય લીલાના દર્શન કર્યાં. તેમાં એવું વર્ણન આવે છે કે સેંકડો વર્ષો સુધી વરસતા વરસાદમાં આખી દુનિયા ડૂબી જાય છે, ત્યારે પૃથ્વી જળમાં લય પામે છે, જળ તેજમાં, તેજ વાયુમાં, વાયુ આકાશમાં અને આકાશ તમસ એટલે તમસ અહંકારમાં વિલીન થઈ જાય છે. પ્રકૃતિ પુરુષમાં વિલીન થઈ જાય છે. બધું જ તેણે સમુદ્રમાં ડૂબેલું જોયું. ચારો ઓર નીલા સમુંદર કા પાની. નીલા આસમાન. દૂર કીં ક્ષિતિજ પર દોનોં મિલ રહે હૈ ઔર હવા ચલ રહી હૈ. સમુંદર લહેરા રહા હૈ. કશું જ નહીં, આ દૃશ્યમાં કોઈ નથી માત્ર પ્રલયનો સમુદ્ર!

તમે કલ્પના કરો કે દુનિયામાં કોઈ ન હોય, તમે એકલા...! ચારે બાજુ જળ-બંબાકાર. ઉપર આસમાન! માણસ ઘરમાં એકલો હોય, તો પણ નથી ગમતું, હર્યુંભર્યું ઘર હોય અને તેમાં સ્વજનનો સાથ છૂટે તો નથી ગમતું. માર્કંડેય ઋષિ જુએ છે કે કંઈ નથી, પ્રલયના સમુદ્રમાં બધું જ ડૂબી ગયું છે, સમાપ્ત થઈ ગયું છે અને અચાનક માર્કંડેય ઋષિ જુએ છે કે સમુદ્રની લહેરો પર કંઈક તરતું-તરતું આવે છે. એ વસ્તુ નજીક આવી અને જોયું તો વડલાનું પાન હતું. એ વડલાના લીલા પાનમાં એક સુંદર. નાનકડું શિશુ સૂતેલું છે, કમળ લોચન છે, શ્યામ વર્ણ છે. તેને કોઈ મા નથી. તેથી તેણે પોતાના ચરણનો અંગૂઠો મુખમાં મૂક્યો છે અને તેને ચૂસે છે. પોતે પોતાનાથી પોષણ મેળવે છે. આ બાલકૃષ્ણ પ્રભુ છે આપણે શ્લોકમાં ગાઈએ છીએ -

કરારવિન્દેન પદારવિન્દે મુખારવિન્દે
વિનિવેશયન્તમ્।
વટસ્ય પત્રસ્ય પુટેશયાનં બાલં મુકુન્દ મનસા
સ્મરામિ॥

આ બાલમુકુંદ પ્રભુની વાત વર્ણવવામાં આવી છે. અહીં એક પ્રતીક છે, સુંદર સંકેત છે. બાલમુકુન્દ એ દર્શાવે છે કે પ્રલયમાં બધું જ વિલીન થઈ જાય, સમાપ્ત થઈ જાય, ત્યારે પણ એક તત્ત્વ એવું છે જે અવિનાશી છે. કાળ પણ એને મિટાવી શકતો નથી.

આ બાલકૃષ્ણ પ્રભુ નવા જીવનનો સંદેશ છે. એ સંદેશ છે કે જિંદગી અનંત છે. કશું જ અટકતું નથી. નિરંતર બધું ગતિશીલ છે. જે તત્ત્વ છે એ અવિનાશી છે જીવન સતત ચાલતું રહે છે.

તો જન્મ અને મૃત્યુ વચ્ચે જ જીવનની ગતિ છે. આ ગતિ ઉત્તર તરફ ચાલતી રહે છે. આપણે પણ ઉત્તરાભિમુખ થઈને ચાલતાં રહેવાનું છે અને જ્યાં ઉત્તરાભિમુખ થઈને ગંગા વહે ત્યાં ગંગાનો મહિમા અનેકગણો વધી જાય છે.

જિંદગીની ગતિ ઉત્તરવાહિની બને અને ઊર્ધ્વવાહિની થાય એવું ક્યારે બને? મન ભગવાનમાં હોય, બુદ્ધિ પરમાત્માને સમર્પિત હોય ત્યારે ઊર્ધ્વ ગતિ પ્રાપ્ત થતી હોય છે. જન્મ અને મૃત્યુની નિરંતર ઘટનાની વચ્ચે જીવન અનંત છે. અવિરત છે અને જિંદગી જો ઉત્તરવાહિની બને તો એમાં જ જીવનનું સાર્થક્ય છે.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



આધુનિકતા અને નૈતિકતા

આધુનિક જગતના ન્યૂરો-સાયન્ટિસ્ટ તેમ જ મનોવિજ્ઞાનીઓને માટે આધુનિકતા અને નૈતિકતા આ વિષય મહત્ત્વપૂર્ણ સંશોધનનું ક્ષેત્ર બની ગયો છે. મગજની ક્રિયાઓ કોના પર આધારિત છે? મન પર. ભગવાને માનવીને મગજની સાથે મનની આઝાદી આપી છે. મનને કઈ દિશામાં મરોડ આપવો એ લગામ ભગવાને માણસના હાથમાં મૂકી છે. વિચાર અને વર્તનના દૃષ્ટિકોણથી જોઈએ તો. મનને મરોડ આપવાના બે વિકલ્પ છે. નૈતિકતા કે અનૈતિકતા. આ બંને રસ્તે જતું મન આપણા મગજ ઉપર અલગ અલગ પ્રકારે અસર ઊપજાવે છે. આ વિષય ઉપર તાજેતરમાં ખૂબ જ વૈજ્ઞાનિક સંશોધનો થયાં છે.

વૈજ્ઞાનિકો સમજાવે છે કે, આપણા મગજનો એક ચોક્કસ ભાગ છે, જેની અંદર 'મોઈરોર ન્યૂરોન્સ' છે (ન્યૂરોન્સ મગજના ચેતાકોષો), આ કોષો ફક્ત આપણી ક્રિયા જ નહીં, પરંતુ બીજાની ક્રિયાઓ જોઈને પણ ક્રિયાન્વિત થાય છે અને સિગ્નલ બતાવે છે. ફંક્શનલ એમ.આર.આઈ. પણ આ જ વાતને સમર્થન આપે છે. અલગ અલગ સ્ટડી અને પરીક્ષણ મુજબ, સારી કે નરસી ક્રિયાઓને કારણે અલગ અલગ ઉંમરની વ્યક્તિઓમાં, મગજના અલગ અલગ ભાગમાં અલગ અલગ ફેરફારો જોવા મળે છે. આમ, નૈતિકતા અને અનૈતિક્તા આપણા મન અને શરીર તેમ જ અન્ય જીવોનાં મન અને શરીર ઉપર અલગ અલગ પ્રકારે અસર કરે છે.

નૈતિક્તા કોઈ એક સદ્‌ગુણ નથી, પરંતુ ઘણાબધા સદ્‌ગુણોનો એક સમૂહ છે. જેવા કે. બ્રહ્મચર્ય, પ્રામાણિકતા, દયા, પરોપકાર, નિઃસ્વાર્થપણું, અહંશૂન્યતા, સરળતા, પરાભક્તિ અને સત્ય વગેરે. વૈજ્ઞાનિકો નિશ્ચિત સંશોધનોના આધારે કહે છે કે આ દરેક સદ્‌ગુણની સારી અસર મનુષ્ય, પશુ, પંખી, વનસ્પતિ, દરેકનાં મન અને શરીર પર પડે છે. તે જ અનૈતિકતા કે દુર્ગુણની અવળી અસર પણ પડે છે.

એવા જ એક હેતુ સાથે, હિટલરના મૃત્યુ પછી બર્લિનમાં 'ચાન્સેલરી'ના નામે ઓળખાતું તેનું નિવાસસ્થાન રશિયાએ તોડી પાડ્યું હતું. એટલા માટે કે આવનાર પેઢીઓનાં મન-મગજ પર આ અનૈતિક વ્યક્તિ અને તેના નિવાસસ્થાનની અવળી અસર ન થાય! માણસની અનૈતિક્તાની પ્રથમ અસર તેના પોતાના જ મન ઉપર પડીને તેનાં વિકાસ અને લક્ષને ભુલાવે છે. બીજું, નૈતિકતાથી વ્યક્તિને કંઈક ખોટું કર્યાનો અહેસાસ હંમેશાં ડંખ્યા કરે છે. આ અહેસાસ તેની વીરતા, આત્મવિશ્વાસ વગેરેને તોડી નાખે છે અને તેને પરાજય આપે છે.

વૈજ્ઞાનિકોએ આધુનિક યુગમાં પુરવાર કરેલી આ હકીક્ત આપણા ઋષિમુનિઓ તથા મહાન આચાર્યોએ હજારો વર્ષો પહેલાં આપણને સમજાવી છે. તેઓ કહેતા, અનૈતિકતા અશાંતિ આપે છે. નૈતિકતા શાંતિ આપે છે. વાલિયો લૂંટારો અનૈતિકતા મૂકી નારદજી જેવા નૈતિકતાવાળા સંતના આશરે ગયો, ત્યારે જ તેને શાંતિ થઈ. શિવાજીને કંઈક ભેટ આપવા માટે તેમના સૈનિકો એક મુસ્લિમ સ્ત્રીને ડોલીમાં બેસાડી લઈ આવ્યા, ત્યારે અનૈતિક માર્ગે જવાને બદલે, એ સ્ત્રીને માન-મરતબા સાથે વિદાય કરી, ત્યારે જ શિવાજીને શાંતિ થઈ.

જીવનમાં નૈતિક ખજાનો હોય અને કદાચ ભૌતિક સંપત્તિ ન હોપ તો આપણા મનમાં શાંતિ ચોક્કસ પ્રર્વતે છે. અંગ્રેજો સામે મસ્તક ઉઠાવીને વાત કરનાર ગાંધીજી પાસે કોઈ આર્થિક સદ્ધરતા કે ભૌતિક સંપત્તિ ન હતી. માત્ર નૈતિક મૂલ્યોનો જ ખજાનો એમની પાસે હતો અને તેમાં જ એમનો ખરો પ્રભાવ હતો. આધુનિક વિજ્ઞાન હવે આ જ વાતને સમર્થન આપે છે.

વળી, પ્રખ્યાત મનોવિજ્ઞાની એલિઝાબેથ ફેલ્સના રિસર્ચ પ્રમાણે, આપણા મગજની દરેક પ્રક્રિયા આપણી યાદશક્તિ અને લાગણીઓ પર આધાર રાખે છે. માટે એક સારું અને શાંતિભર્યું જીવન જીવવામાં નૈતિકતા ખૂબ મોટો ભાગ ભજવે છે. વર્જીનિયા યુનિવર્સિટીમાં પ્રખ્યાત સાયકોલોજિસ્ટના મત પ્રમાણે 'નૈતિક્તા દ્વારા જ સમાજનું બંધારણ થાય છે.

નૈતિકતાથી ફક્ત આપણી જ નહીં, પરંતુ આપણી આસપાસનાં વ્યક્તિ, વસ્તુ કે પદાર્થમાં પણ શાંતિમય વતાવરણ ઊભું થાય છે. એટલે જ પ્રમુખસ્વામી મહારાજના સાનિધ્ય કે તેઓના દર્શનમાત્રથી લાખો લોકો મનમાં શાંતિનો અનુભવ કરે છે. આનાથી વિપરીતપણે અનૈતિક વ્યક્તિની ઉપસ્થિતિથી માણસને મનમાં અશાંતિ થાય છે. વિજ્ઞાનીઓ હવે સિદ્ધ કરી શક્યા છે કે અનૈતિકતાની સીધી અસરો માણસના શરીર પર પણ થાય છે, જેમ કે, બ્લડપ્રેશર, હૃદયરોગ વગેરેનાં કારણમાં અનૈતિકતાનો પણ એક ભાગ હોય છે.

વળી, વિવિધ સ્તરે સંશોધનો કરીને વૈજ્ઞાનિકો દૃઢપણે માને છે કે નૈતિકતાનું શિક્ષણ બાળકને ગર્ભમાંથી જ આપવું જોઈએ. આપણા પ્રાચીન શાસ્ત્રો એટલે જ 'ગર્ભસંસ્કાર' પર ભાર મૂકતા હતા. એટલે જ રિસર્ચર જેશુઆ ડી. ગિનિસિસ નોંધે છે કે જેટલો પણ આતંકવાદ છે કે જ્યાં પણ લડાઈ છે, તે અનૈતિક્તાને લઈને છે. આમાંથી મુક્ત થવા માટે, વ્યક્તિને બાળપણથી જ નૈતિક મૂલ્યોનું સિંચન મળે એ જ એક માર્ગ છે. એમ થશે ત્યારે જ સમાજમાં શાંતિ સ્થાપી શકીશું.

અંતે પ્રમુખસ્વામી મહારાજના શબ્દો યાદ આવે છે: આપણામાં જે એક વસ્તુની ખામી છે તે મેળવવા સૌથી પહેલો પ્રયત્ન કરવો જોઈએ અને તે 'બળ' છે. શારીરિક બળ, માનસિક બળ, નૈતિક બળ તથા એ બધાથી પર એવું અક્ષય અને અવિનાશી આધ્યાત્મિક બળ મેળવવા આપણે પ્રયત્ન કરવા જોઈએ. પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ જેવા મહાપુરુષોએ આધ્યાત્મિક્તાનું બાળકો અને યુવાનોમાં આંદોલન જગાવ્યું છે તે આજના યુગની સૌથી મોટી આવશ્યકતાને સંબોધતી વૈજ્ઞાનિક અભિગમ સાથેની વિશ્રાંતિની એક મહાન સેવા છે.



ભાગવત ચિંતન



ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

સંસ્કારયુક્ત જીવન સાચી પ્રસન્નતા, સુખ અને શાંતિ આપે; વ્યક્તિને ભયમુક્ત, ભ્રમમુક્ત અને ભારમુક્ત બનાવે

ભારતીય પરંપરામાં સંસ્કારસિંચનનું મહત્ત્વ છે. માનવીય મૂલ્યોનું મૂળ છે. સંસ્કાર સિંચન માટે ચાર પીઠનું મહત્ત્વ છે. પ્રથમ સંસ્કાર પીઠ એટલે માતાની કૂખ. બાળકમાં માતાના ઉદરમાંથી પહેલાં-વહેલાં સંસ્કાર આવે છે. પાશ્ચાત્ય દેશોમાં એવું સંશોધન થયું છે કે બાળક માના ગર્ભમાં હોય ત્યારથી તાલીમ આપી શકાય. એ કેટલી સાચી વાત છે? એક રીતે જોઈએ તો, આ કોઈ નવું સંશોધન નથી. આપણા ભારતીય શાસ્ત્રો-ગ્રંથોને ખોલો. પ્રહલાદ માતાના ઉદરમાં હતા અને ત્યારથી દેવર્ષિ નારદ સાથે જે સત્સંગ થયો, તેની અસર પ્રહલાદ ઉપર થઈ છે. એ સતયુગની વાત છે.

પ્રથમ સંસ્કારપીઠ માતાની કૂખ છે. બીજી સંસ્કારપીઠ પિતાનું કુળ છે. પિતાનાં કુળમાંથી સંસ્કાર આવે. માની કૂખ, પિતાનું કુળ. બાળક એટલે માતાના વિચાર અને પિતાનાં ચરિત્રનું પ્રતિબિંબ. એટલા માટે આપણે ત્યાં એ વાતને બહુ મહત્ત્વ આપવામાં આવ્યું કે બાળક ઉદરમાં હોય ત્યારે મા સાવધાન હોય! એ મોજાં ગૂંથતી હોય, રમકડાં લાવી રાખ્યા હોય અને ક્યાંક કથા ચાલતી હોય, ત્યાં જઈને બેસે. હવે તો વિજ્ઞાનનો વિકાસ થયો છે એટલે ઘરમાં એવી કેસેટ સાંભળે. એ મજાનું ગણગણતી હોય.

માતાના વિચારની ઉદરસ્થ શિશુ પર ઊંડી અસર થાય છે. એટલા માટે પ્રથમ સંસ્કારપીઠ માતાની કૂખ, બીજી સંસ્કારપીઠ પિતાનું કુળ, ત્રીજી સંસ્કારપીઠ એ ગુરુકુળ. માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ અને ત્રીજે સ્થાને આચાર્યદેવો ભવ. ગુરુકુળમાં જાય અને ગુરુ એને કેળવે. પછી જે બાકી રહે તો ચોથી સંસ્કારપીઠ



એ વ્યાસપીઠ. એવા જે સિદ્ધાંતો છે એ સત્યની ગાદી ઉપરથી સંકીર્ણતાથી સંપૂર્ણ રહિત થયેલો મહાત્મા સમાજને સંબોધે. આ ચોથી સંસ્કારપીઠ છે. આ ચાર જગ્યાએથી માણસમાં સંસ્કાર આવે અને એ સંસ્કારોથી માણસ સાચો માણસ બને. આ ચાર સંસ્કારપીઠમાં પણ આપણા ઋષિઓએ પ્રથમ સંસ્કારપીઠ માની કૂખ કહી. કેટલું માનું મહત્ત્વ છે!

જગતમાં કોઈ અનાથ નથી. સૌનો નાથ જગન્નાથ છે, પણ એમ કહી શકાય કે અનાથ હોય તો એક જગન્નાથ પોતે, કારણ કે નાથનો નાથ કોણ? તેથી જ્યારે જગન્નાથને સનાથ થવાનું મન થાય, ત્યારે એ માને શોધે છે. કોઈ યશોદા, કોઈ કૌશલ્યાને એ શોધે છે. એટલા માટે દુલા કાગે કહ્યું, 'ભગવાન જ્યારે જ્યારે માને માધ્યમ બનાવીને આવ્યો ત્યારે વધારે પૂજાયો છે, નહીં તો એ નિજ ઈચ્છા નિર્મિતનો પરમાત્મા અજન્મા છે.' એ મા-બાપ વગર પણ પ્રગટ થઈ શકે અને એવા આપણે ત્યાં અવતારો છે કે જેમાં ભગવાન સીધેસીધા પ્રગટ થયા હોય, પણ એનું એટલું બધું મહત્ત્વ નથી. એટલે કવિ કાગે એક દુહામાં લખ્યું છે કે, 'હરિને ન મળી મા તે દી' પરમેશ્વર જોને પશુ થીયા. પણ ઈ જાયો જશોદાનો કે'વાણો કાગડા.'

કશ્યપ અવતાર થયો, મત્સ્ય અવતાર થયો. એક સમયે એવી કટોકટી આવી કે પોતાના ભક્ત પ્રહલાદની રક્ષા માટે ભગવાન સ્તંભમાંથી પ્રગટ થયા. આમ, નૃસિંહ ભગવાન ભક્ત બાળકને બચાવવા થાંભલામાંથી પ્રગટ્યા છતાં વરાહ અવતારનાં પણ એટલા મંદિર નથી. મત્સ્યાવતારના મોટી સંખ્યામાં મંદિર નથી. કૂર્માવતારના એટલા મંદિર નથી પણ રામ અને કૃષ્ણ પૂજાય છે. કેમ કે તે માતાની કૂખેથી જન્મ્યા છે. ભગવાનને પણ જ્યારે સનાથ થવાનું મન થયું ત્યારે એ મા દ્વારા પ્રગટ થયા.

ભાગવતમાં કૃષ્ણની લીલા છે કે ભગવાને માટી ખાધી. વ્રજમાં તો રજનું મહત્ત્વ છે. એનું નામ વ્રજ શું કામ પડયું? વિદ્વાનોનો મત છે કે બ્રહ્મ બેટા બનકર આયા યશોદા કા અને ઉઘાડે પગે ભગવાન આ ભૂમિ પર ચાલ્યા છે. માટે જ વ્રજની રજ કેટલાંક શ્રદ્ધાળુઓ મોંમાં મૂકતા હોય છે. શું કામ? પ્રભુના ચરણનો સંસ્પર્શ ત્યાંની ધરતીને મળ્યો છે. ત્યાં બ્રહ્મની રજ છે. બ્રહ્મ યશોદા કા બેટા બનકર આયા હૈ.

ચાર અક્ષરનો શબ્દ બ્રહ્મરજ થયો. આ ચાર અક્ષરના શબ્દમાંથી પહેલો અક્ષર 'બ્ર' અને છેલ્લો અક્ષર 'જ' ને મેળવવામાં આવ્યા એટલે નામ પડ્યું 'બ્રજ' એ ભૂમિનું નામ પડ્યું બ્રજભૂમિ. ભગવાને રજ મુખમાં મૂકી. દાઉજીએ જોયું અને કહ્યું, 'લલ્લા મિટ્ટી ખા રહા હૈ.' યશોદાએ હાથમાં લાકડી લીધી અને કહ્યું, 'જા, એને બોલાવ.' કહ્યું, 'લાલા! મા બોલાવે છે. હાથમાં લાકડી લઈને ઊભી છે.' હાથ સાફ કર્યા. મોઢું સાફ કર્યું. થોડે ચિડ ગયે. દાઉને કહ્યું, 'દાઉ, તમને ચુગલી કરવાની ખરાબ ટેવ છે. કોઈની ચુગલી નહીં કરવી જોઈએ.' દાઉજીએ કહ્યું, 'મને ઉપદેશ પછી આપજે, પહેલાં મા પાસે ચાલ.' તો ભય સંભ્રાત હો કર આયે.

માએ કનૈયાનો જમણો હાથ પકડ્યો. જમણો હાથ કેમ પકડ્યો? એ જ ગુનેગાર છે. આ હાથે માટી લઈને મોંમાં મૂકી અને જેણે અપરાધ કર્યો હોય એને પકડવો જોઈએ. જમણે હાથે માએ લાકડી ઊંચી કરી, બોલ્યાં, 'તેરી જિહ્વા પર કુછ બસ નહીં? કુછ ભી ખાતા હૈ? નવડાવી-ધોવડાવી, સારા મજાનાં કપડાં પહેરાવી, શૃંગાર કરીને ધૂળમાં આળોટવાનું, કપડાં મેલાં કરવાનાં અને હવે ધૂળ ખાવાનું ચાલુ કર્યું!'

આમ, સંસ્કારયુક્ત જીવન સાચી પ્રસન્નતા, સુખ અને શાંતિ આપી શકે છે. વ્યક્તિ ભયમુક્ત, ભ્રમમુક્ત અને ભારમુક્ત બને છે.

જીવન માંગલ્ય



સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

ભગવાન પણ ભૂલ કરે?!

સૃષ્ટિનો પ્રારંભ થયો ત્યારથી જ કદાચ આ પૃથ્વી પર શ્વસતાં જીવ, પ્રાણીમાત્રને એક કાર્ય કરવામાં ક્યારેય કંટાળો નથી આવ્યો - બીજાની ખામી જોવામાં; બીજાની ભૂલ કાઢવામાં અને એમાંય આપણી મનુષ્યજાતિની દૃષ્ટિ તો ક્યાં સુધી પહોંચી ગઈ? આપણને તો છેક સર્વકર્તા, સર્વસર્જનહાર એવા પરબ્રહ્મ પરમાત્મામાં પણ 'તેઓ આટલું બરાબર નથી કરતા...' એવું લાગવા માંડ્યું છે.


ઘોર ઉનાળાની વાત છે. વૈશાખના વસમા વાયરાથી બચવા માટે એક વટેમાર્ગુએ વડના વૃક્ષ નીચે વિસામો કર્યો. વડની છાંયામાં તેણે ઠંડા તરબૂચનું તર્પણ પેટને ચડાવી, ત્યાં જ આરામ માટે લંબાવ્યું. થેલાનું ઓશીકું કરીને સૂતેલા એ વટેમાર્ગુની નજર ગઈ, વડની ડાળીઓ પર. પવનની લહેરથી ઝૂલતા ટેટાઓ પર. તેને વિચાર આવ્યો : 'આ ટેટા આટલા નાના અને તરબૂચ કેવાં મોટાં! લાગે છે કે ભગવાને ક્યાંક ભૂલ જરૂર કરી છે. નાનાઅમથા ટેટા ઊગે આવા મોટા ઝાડ ઉપર અને આટલાં મોટાં તરબૂચ ઊગે સાવ નાજુક-નમણી વેલી પર! હં... આવું તે કંઈ હોતું હશે? ખરા ભૂલકરણા છે ભગવાન...'

હજી તો વટેમાર્ગુ આવું વિચારે છે, ત્યાં તો પવનની એક લહેર આવી અને એક ટેટો ડાળી પરથી તૂટીને સીધો પડ્યો વટેમાર્ગુના કપાળ પર. 'આ...' તેના મોંમાંથી ચીસ નીકળી ગઈ. હજી ટેટો પડ્યો જ છે, ત્યાં તો કપાળે મોટું ઢીમચું થઈ ગયું. ભગવાનની ભૂલ કાઢનાર એ વટેમાર્ગુને હવે ભાન થયું કે, 'ભગવાને જે કર્યું છે તે સારું જ કર્યું છે... ત્રીસ ગ્રામના પણ નહીં, એવા આ ટેટાથી આવું થયું, તો વડ ઉપર જો તરબૂચ ઊગતાં હોત, તો શું થાત?'

આ તો એ વટેમાર્ગુની વાત થઈ, જેણે સૃષ્ટિમાં કંઈક જોયું અને લાગવા માંડ્યું કે, 'ભગવાન આવું કેમ કરે છે?' પણ જ્યારે આપણા જીવનમાં બનતાં ઘટનાઓ-પ્રસંગોને તપાસીએ ત્યારે આપણને પણ એમ જ થાય કે, 'ભગવાન મારી સાથે જ કેમ આવું કરે છે?' 'કૂતરાની તો માત્ર પૂંછડી જ વાંકી હોય, મારાં તો નસીબ જ વાંકાં છે.' 'ભગવાનને હું જ દેખાયો?' 'હે પ્રભુ! તારા દરબારમાં આવો અન્યાય કેમ?' હા, આવા તો કંઈકેટલાય પ્રશ્નોની ભરમાર લઈને ઘણા દિલદર્દીઓ ફરતા હોય છે, પણ આવા પ્રશ્નોનાં ગાણાં ગાનારે એક વાર વિચારવા જેવું તો ખરું : 'શું આવાં રોદણાં રડવાથી મુશ્કેલી જતી રહેવાની છે? શું ફરિયાદો કરવાથી પ્રશ્નોનું સમાધાન થઈ જવાનું છે?'

આવો, વિશ્વવંદનીય સંત પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ આ વિશે શું કહે છે? તે સમજીએ...

યુવાનીના સહજ આવેગનો શિકાર બની બેઠેલો એક યુવાન એક વાર પ્રમુખસ્વામી મહારાજ સમક્ષ પોતાની પ્રેમવ્યથા ઠાલવવા માંડ્યો : 'હું એક છોકરીના પ્રેમમાં છું, પરંતુ એનાં મા-બાપના દબાણને લીધે તેના વિવાહ બીજે થઈ ચૂક્યાં છે. મારે એની સાથે જ લગ્ન કરવાં છે. જો એમ નહીં બને તો હું આત્મહત્યા કરીશ. એના માટે સો જન્મ ધરવા હું તૈયાર છું. મને આશીર્વાદ આપો.'



પ્રમુખસ્વામી મહારાજ તેની બાલિશતા જોઈને થોડી વાર મૌન રહ્યા, પછી કહ્યું : 'ભગવાનની ઈચ્છાથી આમ થયું છે, માટે આમાં તારું હિત છે.'

પણ આ વાત તે યુવાનને મંજૂર નહોતી : 'પણ મારી સાથે જ કેમ આવું કર્યું?'

'થોડા દા'ડા એવું દુઃખ લાગશે, કારણ કે આવેગ છે. પણ ભૂલી જવાનું. ભવિષ્યમાં તમને બેયને મુશ્કેલી આવવાની હોય, એના કરતાં ભગવાને અત્યારથી જ નામંજૂર રાખ્યું. માટે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરજે. આત્મહત્યા કરવાનો વિચાર કરતો નહીં. આટલું મારું વચન માન અને જીવનમાં દૃઢતા કર કે ભગવાને જે કર્યું છે એ સારા માટે જ છે.' પ્રમુખસ્વામી મહારાજે જાણે એને સમજાવીને જીવન-અમૃત પાયું.

હા, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી એવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજે પણ સ્વહસ્તે લખેલા ગીતા-શિક્ષાપત્રી તુલ્ય ગ્રંથ સત્સંગદીક્ષામાં લખ્યું છે,

'भगवान् कुरुते यद्धि हितार्थमेव तत्सदा।
48॥'

અર્થાત્ 'ભગવાન જે કરે તે સદાય સારા માટે જ હોય.'(48)

ગમે તેવા વિપરીત સંજોગોમાં, કઠણ મુશ્કેલીઓમાં, આપણા ધાર્યા પ્રમાણે કશું જ ન થાય, ત્યારે આ એક વિચાર સૌકોઈને ખરેખર હિંમત આપે એવો છે. વિચાર નાનો, પણ જો કાયમ રહે તો આપણો આનંદ કોઈ છીનવી ન શકે.

પ્રમુખસ્વામી મહારાજ કહે છે : 'ભગવાનને કોઈ પક્ષપાત નથી. એમને તો દરેકનું સારું જ કરવું છે. ભલે આપણને ભૂંડું થતું હોય એવું લાગે, પણ કોઈનું ભૂંડું થાય એવું ભગવાન ક્યારેય ઈચ્છે જ નહીં.'

તો આવો, આપણે પણ પ્રસંગે-પ્રસંગે આવતી અને આપણને લાગતી મુશ્કેલીરૂપ ભગવાનની ભૂલને ખરેખર પ્રભુનો કૃપાપ્રસાદ સમજીને અપનાવી લઈએ; એ પ્રશ્નો-મુશ્કેલીઓને જ આપણા અનુભવરૂપી પાયા બનાવી તેના પર સફળતાની ઈમારત ચણતાં રહીએ...

નથી આ કોઈ મુશ્કેલી,
આ તો પગથિયું સફળતા ભણી;
મોકલ્યું મારે માટે પ્રભુએ, કૃપા કરી ઘણી ઘણી...
પ્રભુ હજુ મોકલ ઘણું, જરા કરું ફરિયાદ નહીં;
વધે જીવન આનંદ ઘણો, પામું પ્રસાદ તારો અહીં...

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



જીવનમાં શ્રદ્ધા, આશાની સાથે પ્રેમ ભળે તેનું જીવન મહેકી ઊઠે

મનુષ્ય સંસારમાં આવીને સુખ અને દુઃખનાં દ્વંદ્વમાં પીસાતો રહે છે, એમ છતાં બધા જ અવતારોમાં મનુષ્યનો અવતાર શ્રેષ્ઠ એટલા માટે માનવામાં આવે છે કે મનુષ્યને બીજા જીવો કરતાં ભગવાને સૌથી વધારે સંવેદનાનું વરદાન આપેલું છે. મનુષ્યનું હૃદય એટલે જાણે લાગણીઓનો દરિયો અને ભાવનાનું સરોવર. હૈયામાં આશા, શ્રદ્ધા, જેવાં બે તત્ત્વોની સાથે-સાથે પ્રેમનું તત્ત્વ ઉમેરાતાં જેના જીવનમાં શ્રદ્ધા, આશાની સાથે-સાથે પ્રેમ ભળે, તેનું જીવન સુગંધી સુગંધી બની જાય. પ્રેમમાં અનન્યતા જરૂરી છે. સંકીર્ણતામાં જો પ્રેમ ફસાઇ જાય તો પ્રેમનું ગૌરવ ઓછું થઇ જાય. ગોપી જે ભાવે કૃષ્ણને સમર્પિત થઇ હતી, એ ભાવે તમે પણ કૃષ્ણને સમર્પિત થઇ શકો છો અને એ જ પ્રેમના તંતુથી તમે પરિચયમાં આવનાર સૌને પ્રેમના અજબ રસાયણથી ભીંજવી શકો છો.

પ્રેમ અને વાસના એક નથી, પણ એકબીજાના વિરોધી છે. વાસના ભટકાવે છે, પ્રેમ વ્યક્તિને વિશાળતા આપે છે. રાગ અને અનુરાગ સનાતન ભાવો છે અને તેના પ્રતીકો રામાયણમાં પણ પડ્યા છે. રામાયણના અરણ્યકાંડમાં બે પાત્રો આ વાતની પ્રતીતિ પૂરી પાડશે. બંને નારી પાત્રો છે. એકનું નામ છે, શબરી અને બીજા પાત્રનું નામ છે, શૂર્પણખા. શબરી અને શૂર્પણખામાં ભેદ એટલો છે કે શૂર્પણખાને ભગવાન પાસે જવું પડ્યું, જયારે શબરી પાસે ભગવાન પોતે જાય છે. શૂર્પણખા રાગ છે, તો શબરી અનુરાગ છે. શબરી જેવાં છે તેવાં સહજ બનીને રામને ભજે છે. એમનાં વ્યક્તિત્વમાં



કોઇ દંભ નથી.

આચરણમાં અભિમાન નથી. તેમનું સમગ્ર વ્યક્તિત્વ નિર્મળ છે, વિનમ્ર છે અને એમનું ભક્તિપૂર્ણ હૃદય હરહંમેશ ભગવાનમાં લાગેલું રહે છે. જ્યારે શૂર્પણખા રાગ અને વાસનાથી ભટકતી ભટકતી રામ પાસે પહોંચે છે, ત્યારે પણ ભગવાન એને અપનાવતા નથી, કેમ કે તેનામાં દંભ છે. તેથી જ તે એ દેખાવાનો પ્રયત્ન કરે છે. અભિમાની છે, કપટી છે, કામી છે અને બનાવટી રૂપ ધારણ કરીને રામને વરવા નીકળી છે. એક પ્રેમ તો બીજી વાસના. 'ન તુમ સમ પુરુષ, ન મો સમ નારી.' આ શૂર્પણખાના ઉદ્ગારો છે.

આ ઉદ્ગારમાં છલોછલ છલકાતો અહં છે અને ભડભડ બળતી વાસના છે. જ્યાં સાચો પ્રેમ પ્રગટે ત્યાં સૌપ્રથમ તો તેનો અહં જ ઓગળી જાય. પીગળીને પાણી બની જાય. અને પછી વહેવા માંડે. પ્રેમ દ્રવે, પ્રેમ દ્રવિભૂત કરે. રસાયણશાસ્ત્રની ભાષામાં કહીએ તો તે લિક્વિડ ફોર્મમાં છે. પરિચયમાં આવનાર સૌને ભીંજવી દેવા તે તેનો સ્વભાવ છે. પ્રેમ સ્વયં ભીંજાયેલો હોય અને બીજાને પણ ભીંજવી દે. પ્રેમ પાણીની માફક વહે. જ્યારે અહંકાર તો પથ્થર જેવો કઠોર અને ચાલનારને ઠેસ પહોંચાડનારો હોય છે.

શબરી પ્રેમનું પ્રતીક છે, તો શૂર્પણખા વાસનાનું પ્રતીક છે. પ્રેમ હોય ત્યાં દીનતા આવે, જ્યારે વાસના પોતાના સ્વાર્થની ચિંતા કરે. પ્રેમમાં સામાને સુખી કરવાનો પ્રયત્ન હોય. પ્રેમ તત્સુખની ચિંતા કરે અને પ્રેમમાં સમર્પણ છે. શબરી અનન્યતાથી રામના પ્રેમમાં છે અને રામને સમર્પિત છે. પ્રેમમાં બંધન તો છે. પણ તે બંધન પણ વહાલું લાગે છે. આમ તો રસ હોય ત્યાં ગાંઠ ન હોય અને ગાંઠ હોય ત્યાં રસ ન હોય. પણ બે પદાર્થો એવા છે જેમાં આ સિદ્ધાંત લાગુ નહીં પડે. એક શેરડીનો સાંઠો અને બીજી લગ્નની છેડાછેડીની ગાંઠ. આ બંનેમાં ગાંઠ હોવા છતાં રસ છે. પ્રેમ એક એવી રસ્સી છે કે તેનું બંધન જ કંઇક અનોખું છે. મીરાંએ તો પ્રેમના બંધનને સૂતરના કાચા તાંતણા સાથે એક ભજનમાં સરખાવતાં ગાયું છે:

કાચે તે તાંતણે હરિજીએ બાંધી, જેમ ખેંચે તેમ તેમની રે...
મને લાગી કટારી પ્રેમની રે.....

આ પ્રેમની કટારી જ્યારે લાગે ત્યારે તેમાંથી લોહી નીકળતું નથી કે જખમ થતો નથી, પણ શ્રદ્ધા અને સમર્પણની ગાંઠ વધારે દૃઢ ગૂંથાય છે. મીરાંએ આ પ્રેમની કટારી અને પ્રેમના બંધનને કાંચા તાંતણા સાથે બાંધીને ગર્ભિત રીતે કાંચા તાંતણાના એક છેડે પોતે અને બીજો છેડો હરિજીના હાથમાં સોંપીને સમગ્ર જાતને જ હરિજીને સોંપીને કહ્યું કે, 'જેમ ખેંચે તેમ તેમની રે...' પ્રેમની આ સર્વોચ્ચ સપાટી ગણાય. પ્રેમ રસ્સીનું બંધન જ કંઇક અલગ છે. ભ્રમર લાકડામાં કાણું પાડી શકે, એને છેદી શકે, પરંતુ સાંજ થતાં કમળમાં કેદ થયેલો ભ્રમર કોમળ કમળને છેદતો નથી. કેમ? પ્રેમ છે એટલે. જેને તમે ચાહો છો તેને હાનિ કઇ રીતે પહોંચાડી શકો? તેનામાં છિદ્ર કઇ રીતે કરી શકાય. અરે! છિદ્ર (દોષ) નથી.

મીણબત્તીમાં દોરો બળતો રહે છે, મીણ ઓગળતું રહે છે. જેને દિલમાં રાખ્યો એને બળતાં કેમ જોઇ શકાય? તેથી દોરો પોતાના મીણને પીગળતું જોઇ શકતો નથી. તેની પીડાને સહન કરી શકતો નથી. સો વર્ષના આયુષ્યમાં પ્રેમ – સર્વોચ્ચ પ્રેમના બે-ચાર દિવસ જેને ન મળ્યા, તેનું સો વર્ષનું આયખું પણ નકામું. જેણે પ્રેમમાં ડૂબકી નથી લગાવી, તેની તો દયા ખાવી જોઇએ.

સાત સૂરોં કા યહ બહેતા
દરિયા કૃષ્ણ તેરે નામ
હર રંગ મેં હર રંગ મેઘધનુ કા,
તેરે નામ, તેરે નામ, તેરે નામ.

જેના પ્રત્યે તમને પ્રેમ છે તેનું ચિંતન અહર્નિશ ચાલ્યા કરે છે. પ્રત્યેક રંગમાં રંગાયેલા ભક્તને શ્રીકૃષ્ણ આકાશમાં ખીલેલા રંગધનુષ્યની જેમ બધા જ રંગોમાં નીરખવા મળે. બલિદાન માગે તે પ્રેમ નહીં, બલિદાન આપે તે પ્રેમ. પ્રેમમાં તો સમર્પણ થાય અને સમર્પણ કર્યા વગર રહી જ ન શકાય. સમર્પણ પ્રેમનો સ્વભાવ છે, સમર્પણ કરવું ન પડે થઇ જાય. વ્યક્તિ ઓગળી જાય. મારાપણું રહે જ નહીં. મારાપણું મળે, તે પ્રેમ. શ્રદ્ધા અને આશા સાથે પ્રેમ પણ ભળે તો જીવન મહેકી ઊઠે છે.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



અભિપ્રાયોનાં સર્ટિફિકેટ્સ

એક ઘનઘોર જંગલને અડીને નાનકડું ગામ હતું. ગામના લોકોને વન્ય પ્રાણીઓ પ્રત્યે આત્મીયતા હતી. સાબર, હરણ, સસલાં જેવાં અનેક વન્ય પ્રાણીઓ પણ ગામને વનનો જ ભાગ સમજી ગામમાં રહેતાં.

આ ગામના સરપંચે પોતાના ઘરમાં એક નોળિયો પાળેલો. આ નોળિયો સરપંચના ઘરના આંગણામાં જ બહુધા રહેતો. ઘરના સભ્યોનો સ્નેહપાત્ર બનેલો નોળિયો ઘરની રખેવાળી પણ કરતો. એક દિવસની વાત છે, ઘરનો પુરુષવર્ગ કોઈક કામ પ્રસંગે બહારગામ ગયેલો. ઘરમાં સરપંચનાં પત્ની, પુત્રવધૂ અને નાનો પૌત્ર જ હાજર હતાં. સાંજે સાસુ અને વહુ, નાના બાળકને ઘોડિયામાં સુવડાવી કૂવે પાણી ભરવા ગયાં. બાળક અને ઘરની સાચવણી નોળિયો કરશે એ વિશ્વાસે! બંને પાણી ભરી પાછાં આવ્યાં અને હજુ આંગણાંમાં પ્રવેશ્યાં, ત્યાં તો તેમણે એ નોળિયાને સામે ઊભેલો જોયો. તેનું મોઢું લોહીથી ખરડાયેલું હતું.

વહુને ફાળ પડી કે આણે ઘરમાં એકાંતનો લાભ લઈ આપણા લાલાને પોતાનો કોળિયો તો નહીં બનાવ્યો હોય ને! આ વિચાર આવતાં જ તેનું મન સૂધ-બુધ ખોઈ બેઠું. તે કેડે ટેકવેલો ઘડો નોળિયા પર ફેંકી બાળકને જોવા દોડી. જોયું તો બાળક ઘોડિયામાં રમકડાંથી રમતું હતું. પણ તેના ઘોડિયાના એક પાયે કાળોતરો નાગ મૃત પડેલો હતો. હવે તેને પોતાની ગેરહાજરીમાં શું થયું હશે, તેનો ખ્યાલ આવી ગયો. તે નોળિયાને જોવા તરત જ બહાર આવી, પણ તેણે ફેંકેલા ઘડાથી નોળિયાના રામ રમી ગયા હતા. પોતાના ઝડપી નિર્ણયનો ભોગ નિર્દોષ નોળિયો બનતાં તેને ખૂબ દુઃખ થયું, પણ હવે વલોપાત કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ પણ નહોતો.

આવી પરિસ્થિતિમાં આપણે જો આપણા મનને નિર્ણય પર આવતાં પૂર્વે થોડો સમય આપીએ તો બહુ મોટી હાનિમાંથી બચી શકીએ છીએ.

'સફળ વ્યક્તિની સાત સુટેવો' નામનું વિશ્વ પ્રસિદ્ધ પુસ્તક લખનાર સ્ટીફન કવી, પોતાના પુસ્તકમાં એક સુંદર પ્રસંગ આલેખે છે - એક રેલવે સ્ટેશનથી એક પુરુષ તેની સાથે બે બાળકોને લઈને ટ્રેનમાં ચડ્યો. ટ્રેન શરૂ થતાં બાળકો પોતાની પ્રકૃતિ પ્રમાણે ટ્રેનના ડબ્બામાં આમ-તેમ દોડતાં રમવા લાગ્યાં. પેલો માણસ બાળકો તરફ ધ્યાન આપતો નહોતો. તેના મુખ પર ઉદાસીનતા હતી. થોડી વારમાં તો બાળકો કલશોર મચાવવા લાગ્યા. યાત્રીઓ અકળાઈ ગયા. તેમાંથી એક મુસાફરે પેલા ભાઈને પૂછ્યું, 'આ બાળકો તમારા છે?'

ઊંડા વિચારોમાં ખોવાયેલા આ ભાઈએ માત્ર માથું ધુણાવી હા પાડી. પેલો મુસાફર ઊંચા અવાજે બોલવા લાગ્યો, 'તમારે બાળકો પર નિયંત્રણ રાખવું જોઈએ. તેઓને શિસ્ત શીખવવી જોઈએ. એક પિતા તરીકે તમારે આટલું તો ધ્યાન રાખવું જોઈએ! ન સચવાતા હોય તો સાથે શું કામ લાવો છો? ઘરે એમની માતા પાસે રાખવા જોઈએ ને!'

પેલા પુરુષે માથું ઊંચુ કરી નિસાસા સાથે કહ્યું, 'તમારી વાત સાચી છે. મારે હવે બાળકોનું ધ્યાન રાખવું જોઈએ, કારણ કે હમણાં જ હું તેમની માતાના અગ્નિસંસ્કાર કરીને આવ્યો છું, જેની જાણ હજુ બાળકોને નથી.'

બસ, આટલું બોલી તે શૂન્યમનસ્ક બની ગયો. હવે ટ્રેનના ડબ્બામાં ઉપસ્થિત દરેકને પોતાનો ઝડપી નિર્ણય ખૂંચવા લાગ્યો. સૌનો અણગમો પસ્તાવામાં અને તોફાની બાળકો માટેનો ભાવ દયામાં ફેરવાઈ ગયો. કોઈક તેમની સાથે કાલું કાલું બોલવા લાગ્યું, તો કોઈક તેમની સાથે રમવા લાગ્યું, તો કોઈકે તેમને ચોકલેટ આપી રાજી પણ કર્યા.

આપણને પણ નિર્ણય પર કૂદકો મારવાની ટેવ હોય છે. કોઈ પણ વ્યક્તિ માટે આપણે અભિપ્રાયોનાં સર્ટિફિકેટ્સ તૈયાર જ રાખીએ છીએ. તક મળે કે તરત જ તે સર્ટિફિકેટ તેને પકડાવી દઈએ છીએ, પણ સામેવાળા માટે અભિપ્રાય બાંધતાં પહેલાં તેને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ.

પ્રમુખસ્વામી મહારાજ ઘણી વખત કહેતા કે, 'મા-બાપ છોકરાઓને સમજવાનો પ્રયત્ન કરે અને છોકરાઓ પણ મા-બાપને સમજવાનો પ્રયત્ન કરે, તો પ્રશ્નનું નિરાકરણ થાય.'

પ્રમુખસ્વામી મહારાજના આ સૂચનનો જ્યાં-ત્યાં ભંગ થાય છે, વડીલોએ સંતાનોને સાચી સમજ આપવા કહેવું પડે. તે એમની જવાબદારી છે, પરંતુ એમાં સંતાનોનાં મનોવલણને પારખવામાં તેઓ ઝડપી નિર્ણય નથી લેતાં તેનું ધ્યાન અવશ્ય રાખવું પડે. તે જ રીતે સંતાનોએ પણ વાલીઓ પાસે અમુક માંગણીઓ મૂકતાં પહેલાં તેઓની પરિસ્થિતિને સમજે તો છે ને? તેનો વિચાર જરૂર કરવો પડે.

પ્રમુખસ્વામી મહારાજના આ સૂત્રને જીવનમાં ઉતારી જીવનને સુખમય બનાવવા આગળ વધીએ.

આર્યા મૃગાવતીને મળ્યું કેવલજ્ઞાન

કથાબિંદુ

કૌશાંબી નગરીમાં વીર પ્રભુ પધાર્યા. પ્રભુની દેશના સાંભળવા દેવેન્દ્ર સાથે સૂર્ય-ચંદ્ર સ્વયં પોતાનું મૂળ વિમાન લઈને આવ્યા. આર્યા ચંદનબાલા પણ આર્યા મૃગાવતી આદિ અનેક શિષ્યાવૃંદ સાથે પ્રભુને વંદન કરવાં આવ્યાં. સૂર્યાસ્ત થવા આવ્યો હતો, એટલે ચંદનાજી પ્રભુને વંદન કરી પોતાના ઉપાશ્રયમાં આવી ગયાં. સૂર્યનું મૂળ વિમાન ત્યાં હોવાથી અતિશય પ્રકાશનાં કારણે હજી સૂર્યાસ્ત થયો નથી, એવું સમજી મૃગાવતીજી પ્રભુની દેશના સાંભળવાં બેઠાં રહ્યાં. સારો એવો સમય વ્યતીત થયા પછી સૂર્ય-ચંદ્ર પોતાના વિમાન લઈને પાછા ગયા, ત્યારે આસપાસમાં અંધારાનાં કારણે ખ્યાલ આવ્યો કે રાત તો ઘણી થઇ ગઈ છે. તરત તેઓ ઉપાશ્રયે પહોંચ્યાં, તે સમયે ચંદનાજી શયનની તૈયારી કરી રહ્યાં હતાં. મૃગાવતીજીને મોડાં આવેલાં જોઈ તેમને ઠપકો આપતાં કહ્યું : 'ખાનદાન પરિવારની કન્યા રાત્રે પોતાના આશ્રયની બહાર ન જાય!' મૃગાવતીજીને પશ્ચાત્તાપ થયો. તેમણે સામે પ્રત્યુત્તર ન આપ્યો, પણ મનોમન પશ્ચાત્તાપ કરવા લાગ્યાં કે મારાં કારણે મારાં ગુરુજીને અપ્રસન્નતા થઈ. સૂર્યપ્રકાશનાં કારણે રાત્રી થઈ ગઈ, તે પણ ખ્યાલ ન આવ્યો. ગુરુદેવ! મારા અપરાધની ક્ષમા આપો. આમ વારંવારની ક્ષમાભાવના અને આત્મનિંદાનાં કારણે તેમને કૈવલ્યની પ્રાપ્તિ થઈ.

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



જીવનમાં નિષ્ફળતા પણ જરૂરી છે!

હંમેશાં નકારાત્મક વિચારવું નહીં, માણસ પોતાની સમસ્યાઓ વિશે વિચારતાં વિચારતાં ઘણીબધી સમસ્યાઓને જન્મ આપી બેસે છે. ગમે તેટલી સમસ્યા હોયઅને દુઃખથી પીડાતાં હોઈએ, ત્યારે પણ હંમેશાં એક વસ્તુ યાદ રાખવી કે જીવનમાં ક્યાંક તો સારું થયું છે, ક્યારેક તો સારું થયું છે તેનો વિચાર સૂતાં પહેલાં વિચાર કરવો : 'હે ભગવાન! તેં મારા જીવનમાં આ સારું કર્યું હતું. મારા જીવનમાં સૌથી સારી ક્ષણો આ હતી, સૌથી ખુશીની ક્ષણો આ હતી.' એને યાદ કરવાની.

ડાહ્યો માણસ હોય તે દુઃખથી એક વાર દુઃખી થાય અને બેવકૂફ હોય તે એક દુઃખથી અનેક વાર દુઃખી થાય, તેને યાદ કરી-કરીને. કોઈકે અપમાન કર્યું હોય તો ડાહ્યો માણસ એક વાર દુઃખી થાય અને બાધી લે પછી વાત પૂરી, પણ જેનો પોતાના ઈમોશન્સ કે પોતાની થોટ પ્રોસેસ પર કન્ટ્રોલ નથી. તે વારંવાર તે ઘટનાને યાદ કરે. પેલાએ તો એક વાર ગાળ દીધી હોય, અપમાન કર્યું હોય, પણ આપણે એ ઘટનાથી એટલા પ્રભાવિત થઈએ છીએ કે વારંવાર આપણને એ યાદ આવે છે.

દુઃખ જીવનમાં અનિવાર્ય છે, રાજા રામના જીવનમાં પણ દુઃખ આવેલું, પણ દુઃખી થવું અનિવાર્ય નથી. દુઃખ અનિવાર્ય છે એને તમે નિવારી ન શકો. કોઈ અપમાન કરે તો કરે, પણ એથી અપમાનિત થવું કે ન થવું એ આપણા પર આધારિત છે. દુઃખ આવે તો આવે, એને ન રોકી શકો, પણ એથી દુઃખી થવું કે ન થવું આપણા હાથમાં છે. એટલા માટે શ્રીમદ્ ભગવદ્ ગીતાનો સંદેશ છે કે -



જાંબુવાનને ભગવાન શ્રીકૃષ્ણે પરાજિત કર્યા હતા

સુખ, દુઃખ, લાભ, હાનિ, સફલતા-નિષ્ફલતા, જય-પરાજય. ચંદ્ર કી બની હૈ દુનિયા. દુનિયા કા નામ હી હૈ ધૈત ધંધ – દો ઔર ઇસ દુઈ મેં અપને મન કે સંતુલન કો બનાયે રખના યહી યોગ હૈ.

ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહે છે કે - 'સફળતા અને વિફળતા - બંનેમાં મનના સંતુલનને માણસ ટકાવી રાખે એ યોગી છે. સફલતા ભી હમારે મન કે સંતુલન કો બિગાડ દે ઔર વિફલતા ભી હમારે મન કે સંતુલન કો બિગાડ દે. જબ સફલતા મન કે સંતુલન કો બિગાડ દેતી હૈ, તો સફલતા સે આદમી છક જાતા હૈ, અહંકારી હો જાતા હૈ.' સફળતાથી માણસ છકી જાય છે એટલા માટે જીવનમાં નિષ્ફળતા પણ જરૂરી છે.

તમે એક પાત્ર વિશે સાંભળ્યું હશે. એ પાત્ર સત્-યુગમાં છે, ત્રેતામાં છે અને દ્વાપરમાં પણ છે. એ પાત્ર એટલે જાંબુવાન. એ સત્-યુગમાં પણ છે. જ્યારે ભગવાન વામન વિરાટ થયા, ત્યારે એમણે થોડી વારમાં સાત પરિક્રમા કરેલી વિરાટની અને રામાયણમાં રામજીની સાથે છે એટલે ત્રેતામાં પણ છે અને દ્વાપરમાં તો એ કૃષ્ણ સાથે લડે છે અને જાંબુવાનની પુત્રી સાથે જાંબુવતી સાથે કૃષ્ણનાં લગ્ન થાય છે. હવે બધે ઠેકાણે વિજય જ દેખાય છે એટલે ભગવાનને થયું કે આના જીવનમાં પરાજયની પણ જરૂર છે, એટલે દ્વાપરના અંતમાં ભગવાન જાંબુવાન સાથે યુદ્ધ કરે છે.

પોરબંદરની બાજુમાં જ જાંબુવાનની ગુફા છે. ત્યાં લોકો માને છે કે અહીં જાંબુવાન રહેતા હતા અને જાંબુવતીને ત્યાંથી ભગવાન લઈ આવ્યા. દ્વાપરમાં ભગવાન શ્રીકૃષ્ણે જાંબુવાન સાથે યુદ્ધ કર્યું અને એ યુદ્ધમાં જાંબુવાનને પરાજિત કર્યા, માર્યા નથી, પરાજિત કર્યા અને પછી જાંબુવાને ભગવાનને ઓળખ્યા અને પોતાની દીકરી જાંબુવતી ભગવાને સોંપી. આવી કથા છે.

આ રીતે જીવનમાં પરાજયની પણ જરૂર છે. જો મનનું સંતુલન ગુમાવ્યું તો સફળતા પણ છકવી નાખે છે. માણસ અભિમાની થઈ જાય છે. નિષ્ફળતામાં જો મનનું સંતુલન ગુમાવ્યું, તો નિષ્ફળતા તોડી નાખે. માણસ હતાશ થઈ જાય. આપણે તો ગામડામાં જન્મીને મોટા થયા છીએ. આપણે જોઈએ કે મંકોડો દીવાલ પર ચડતો હોય, પછી પડે, હેઠો પડી પાછો ચડે. વળી પાછો લપસી જાય તો પડે અને વળી પાછો ચડે, વળી, હવાની લહેરખી આવે ને થોડે દૂર જઈ પડે તો પણ પાછો ચડવા માંડે. મંકોડો હારતો નથી, તો આપણે તો માણસ છીએ!


નિષ્ફળતા પણ માણસને ડગાવે નહીં, સફળતા પણ એના મનને વિચલિત ન કરે. ગીતાનો આ સંદેશ છે. આ સંતુલન માણસ ટકાવી રાખે તો એ યોગી છે. જય-પરાજયમાં સમતા 'સમત્વં યોગ ઉચ્યતે.' એટલે વિચાર, ભાવના અને ક્રિયા - આ ત્રણેય મળી માણસનું કેરેક્ટર બને છે. સમજ સે હી સમાજ બનતા હૈ.

સમજ ઠીક હૈ તો સમાજ ઠીક થશે. એટલે ભગવાન કહે છે કે, 'હું મારી પ્રકૃતિને અધીન કરી પોતાની યોગમાયા દ્વારા મારી જાતને પ્રગટ કરું છું.' અને પ્રગટ થયેલા ભગવાન કેવા લાગણીવાળા! એ કયાંક હાથ લાંબા કરી હગ કરવા તૈયાર છે. ક્યાંક ભક્તની રાહ જોઈ કેડે હાથ દઈ ઊભા છે. ક્યાંક શ્રીનાથજી ભક્તોની રક્ષા કરવા માટે ગિરિરાજ ગોવર્ધનને ડાબા હાથ પર ધારણ કરી ઊભા છે.

અમને એવો ભગવાન જોઈએ જે નાચતો હોય, ગાતો હોય, જે લાગણીવાળો હોય, જે ભક્તની પૂજા કરતો હોય. ભગવાન શ્રીકૃષ્ણે સુદામાને પોતાના સિંહાસન પર બેસાડી એમના ચરણ ધોયા. મીરાં જો એના પ્રેમમાં નાચતી હોય તો કૃષ્ણ કેમ ન નાચે? કૃષ્ણ એટલે નાચતા ભગવાન, ગાતા ભગવાન અને એણે જે ગીત ગાયું એ ગીતા બની અમર થયું.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



નૂતન વર્ષે શું બદલીશું?

મહારાષ્ટ્રના એક ગામમાં ફુલેકું નીકળ્યું છે. જેમાં ગધેડા ઉપર એક માણસ ઊંધો બેઠો છે. ગળામાં રીંગણ અને ગાજરનો હાર છે. ઢોલ ઢબૂકે છે, વાજાં ગગડે છે. આગળ બાળકો કિકિયારીઓ કરીને નાચી રહ્યાં છે.

ગામના જે-જે રસ્તેથી આ શોભાયાત્રા પસાર થઈ રહી છે, તે દરેક જગ્યાએ લોકો હુરિયો બોલાવે છે. થોડી વારે એક ઘર પાસે આ યાત્રા પહોંચે છે. ઘરમાંથી એક સ્ત્રી બહાર આવીને આ દૃશ્ય જોઈ રડવા લાગે છે, કારણ કે જેની ઉપર અત્યાર સુધી આખું ગામ હસતું હતું તે તેનો ધણી હતો.

તમાશો વિખેરાયો. પેલી બાઈ પોતાના ધણીને લઈને ઘરમાં ગઈ. 'આ લોકો આમ કેમ કરે છે? આપણે તેમનું શું બગાડ્યું છે? તમારી સાથે જ આવું કેમ થાય છે?' પત્નીએ બળાપો કાઢ્યો.

પત્નીના વલોપાતને ખાળવા એના ધણીએ સવળી સમજણ આપી કે, 'આમાં દુઃખ લગાડવા જેવું છે જ ક્યાં? આપણી પાસે મુંડનના પૈસા ન હતા, લોકોએ મને મુંડન કરી આપ્યું. માથે ચૂનો લગાવ્યો તેથી ખોડો ગયો. આપણાં લગ્ન વખતે ફુલેકું નહોતું નીકળ્યું, જે આજે નીકળ્યું અને હારમાં પાંચ શેર ગાજર-રીંગણ છે તો બે-ત્રણ દા'ડા શાક થશે.' આવી અપમાનજનક પરિસ્થિતિમાં સવળો અભિગમ રાખનાર મહાપુરુષ એટલે સંત તુકારામ! જેનાં ભજનો આજે પણ મહારાષ્ટ્રની ભક્તિ-પરંપરાને શોભાવી રહ્યાં છે.

જેમ સૂર્ય તરફ મુખ રાખનારને કદી પડછાયો દેખાતો નથી, તેમ જીવનમાં સવળા અભિગમ તરફ જેની દૃષ્ટિ હોય તેનામાં હતાશાના પડછાયા સુધ્ધાં જોવા મળતા નથી.

જૂનાગઢમાં રહેતા આશિષ માંકડ આનું ઉત્તમ ઉદાહરણ છે, કારણ કે કુદરતે તેમને જીવનના આરંભથી કસોટીની સરાણ પર ચડાવ્યા છે. તેઓ પ્રજ્ઞાચક્ષુ છે. આ સ્થિતિમાં દયાપાત્ર ન થતાં તેમણે પોતાની અભ્યાસયાત્રા આગળ ધપાવી. 1993માં તેમણે ગુજરાતમાં પ્રથમ ક્રમાંકે C.A.ની ડિગ્રી મેળવી, ત્યાર પછી ઉત્તરોત્તર પ્રગતિનાં સોપાન પાર કરતાં કરતાં આજે તેઓ કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંકમાં વાઈસ-ચેરમેનની પદવી સુધી પહોંચ્યા છે. તેમના માર્ગદર્શન નીચે બીજી ઘણી બેંક કાર્યરત છે.

તેમના હાથ નીચે 22 જણનો સ્ટાફ છે. તેઓ દર મહિને ગિરનાર પર્વત (અંબાજી સુધી) ચડે છે. સવળા અભિગમથી કોઈ પણ સમસ્યાનો હલ નીકળે જ છે.' ખરેખર સફળ વ્યક્તિ એ જ બને, જેણે પોતાના પ્રતિ ફેંકાયેલી ઈંટોથી પાયો મજબૂત કર્યો હોય.

24મી સપ્ટેમ્બર 2002, પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજ તીર્થધામ સારંગપુર ખાતે વિરાજમાન હતા. સાંજનો સમય હતો. ભુજ ખાતે આવેલ ધરતીકંપમાંથી ભુજ અને ભુજવાસીઓને ફરી બેઠાં કરવાં તેઓએ રાહતકાર્ય ઉપાડ્યું હતું, તેની મીટિંગ ચાલી રહી હતી.

સાંજે 5-30 વાગ્યાની આસપાસ અંતેવાસી સેવક સ્વામીશ્રીના હાથમાં ફોન આપે છે. ફોન કાને ધરતાં સંદેશો મળ્યો કે, 'ગાંધીનગરના સ્વામિનારાયણ અક્ષરધામ ઉપર આતંકવાદી હુમલો થયો છે.'

સ્વામીશ્રીની ઈષ્ટભક્તિનું ઉત્તમ અર્ઘ્ય સમું અક્ષરધામ લોહીથી ખરડાયું હતું. આ સમાચાર મળતાં જ સ્વામીશ્રીએ ભગવાનને યાદ કરી પ્રાર્થના કરી અને સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી.

બે દિવસ પછી એક ટી.વી. ઈન્ટરવ્યૂમાં સ્વામીશ્રીએ જણાવ્યું કે, 'આ જે પ્રસંગ બન્યો છે, તેમાં અમારી દૃઢ માન્યતા છે કે આ બધું ભગવાનની ઇચ્છાથી થયું છે અને આમાં અમારે કંઈક શીખવાનું હશે.'

આ સાથે તેઓએ સમસ્ત ભારતના લોકોને આ પ્રસંગે શાંતિ જાળવવા માટે અપીલ પણ કરી. ત્રાસવાદીઓના તાંડવમાં 32 દર્શનાર્થીઓ સાથે એક સંતે પણ પ્રાણ ગુમાવ્યા હતા. સ્વામીશ્રીના સવળા અભિગમની એવી અસર થઈ હતી કે દેશમાં એક પણ ઠેકાણે આક્રોશ વ્યક્ત ન કરતાં સૌએ શાંતિ જાળવી.

સમગ્ર વિશ્વમાં ત્રાસવાદીઓના કહેર સામે કઈ રીતે પ્રતિભાવ આપવો તે માટે 'અક્ષરધામ રિસ્પોન્સ' નામના નૂતન અભિગમનો જન્મ થયો. એક વ્યક્તિનો સવળો અભિગમ અસંખ્ય લોકોના મન પર કેવી અસર કરે છે? તેનું ઉત્તમ ઉદાહરણ બન્યો આ પ્રસંગ!

જીવનમાં કઠણ પરિસ્થિતિ તો આવશે. જેને રોકવા કે બદલવા આપણે સમર્થ નથી, પરંતુ વિપરીત પરિસ્થિતિમાં સવળો અભિગમ અપનાવી એમાંથી સારો બોધ લેવો તે આપણા હાથમાં છે.


નાનું નાનું દાન કરીએ

કથાબિંદુ

મુનિ રાજ્યપુણ્ય વિજય

પ્રવચનમાં દાનધર્મની વાત નીકળી કે બપોરે પરિવારનું ભોજન સમાપ્ત થયા પછી જે રોટલી વધે, તેનું તમે શું કરો છો? શ્રોતાઓએ કહ્યું, 'ખાખરા બનાવીએ.' સહજ પ્રેરણા કરી : (1) રોટલી વધે તેના ખાખરા બનાવશો. (2) દૂધ વધે તો તેમાં મેળવણ નાંખી દહીં બનાવશો. (3) જૂના કપડાંના બદલામાં વાસણ લેશો અને (4) ડબ્બા કે કોથળા ખાલી થાય, તો બદલામાં પૈસા બનાવશો. જો આમ જ કરશો, તો દાન કરશો ક્યારે?

સાંજે એક યુવાને આવીને કહ્યું, 'બપોરે ભોજન સમાપ્ત થયા પછી એક જ રોટલી વધી હતી, તેના ઉપર ઘી લગાવ્યું. ઘી લગાવતાં વિચાર આવ્યો કે રોટલી સાથે મીઠાઈ આપું તો? રોટલી સાથે મીઠાઈ લઈ ભિખારીને આપવા ગયો. ભિખારીએ ઘીવાળી રોટલી અને મીઠાઈ જોયાં, તો રડતી આંખે કહ્યું : 'સાહેબ! આજે ઘણા ઘરે ગયો, પણ કંઈ ન મળ્યું. તમે સામેથી રોટલી અને મીઠાઈ આપવા આવ્યા. હું ભગવાનને પ્રાર્થના કરીશ કે તમને સુખી રાખે!' તેની શુભકામનાઓથી મારું હૃદય ભરાઈ ગયું.



માનવ કર્મ કરવામાં સ્વતંત્ર છે, પરંતુ તેના ફળમાં એ સ્વતંત્ર નથી, માટે સારપ વિકસાવો

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા





તમારા જીવનમાં એક માણસ એવો રાખજો, જે તમને કડવું સત્ય કહેવાનો અધિકાર ધરાવતો હોય, તમારું કલ્યાણ થશે. શ્રીકૃષ્ણે પણ પોતાના જીવનમાં એવા કેટલાક માણસો રાખ્યા હતા. કોઈક તમારા ભલા માટે પ્રેમથી ઠપકો આપી શકે એવો કોઈક માણસ હોવો જોઈએ. જ્યારે જ્યારે અસુરો ઉપદ્રવ કરે છે ત્યારે પહેલો ઘા યજ્ઞ પર કરે. યજ્ઞ બંધ કરાવે. એટલે દેવતાઓ ભૂખ્યા મરે. કથાઓ પુરાણોમાં એવી છે કે દેવો અને દાનવોએ જ્યારે સમુદ્ર-મંથન કર્યું અને અમૃત નીકળ્યું, એટલે ભગવાને એ અમૃત દેવોને પાઇ દીધું, દૈત્યોને છેતર્યા, મોહિની રૂપ લીધું, દેવોને પાઇ દીધું અને દૈત્યોને અમૃત ન મળ્યું એટલે દેવતાઓ અમૃત પીને અમર થઇ ગયા. હારે પણ મરે નહીં.

દૈત્યોના ગુરુ શુક્રાચાર્ય હતા. એમની પાસે સંજીવની વિદ્યા હતી. સંજીવની તો દેવોના ગુરુ પાસે નહીં, દૈત્યોના ગુરુ શુક્રાચાર્ય પાસે હતી પછી દેવપુત્ર કચ વિદ્યા શીખવા જાય છે. ત્યાં એની કથા છે અને શુક્રાચાર્યની પુત્રી દેવયાની એના પ્રત્યે આકર્ષાય છે અને જે પરસ્પર શાપ આપે છે, તેની આખી અલગ વાર્તા છે. તો દૈત્યોના ગુરુ શુક્રાચાર્ય પાસે સંજીવની વિદ્યા એટલે મરેલા દૈત્યોને પાછા જીવતા કર્યા અને દેવતાઓ અમૃત પી ગયા એટલે કોઇ દિવસ મરે નહીં, નબળા પડી ગયા, સાવ હાડપિંજર થઇ ગયા, હાલી ન શકે તેવા થઇ ગયા પણ મરે નહીં કારણકે અમૃત પી ગયા એટલે અમર છે. એનો મતલબ માણસની અંદરની સારપ ક્યારેક નબળી પડી જાય, પણ સાવ મરતી નથી. પરાસ્ત થાય, કમજોર હો સકતી હૈ વહ અચ્છાઇ, પરાસ્ત હો સકતી હૈ લેકિન સમાપ્ત નહીં હો સકતી. ઉસ અચ્છાઇ કા નામ સદ્દગુણ કહો, દેવ કહો, વહી હૈ. તો એક બડા આશ્વાસન યહ હૈ. આ પુરાણોની કથાના ઇંગિતાર્થો છે તે સમજવા જેવા છે. માણસના સદ્દગુણો ક્યારેક નબળા થઇ જાય, હારી જાય પણ તે ક્યારેય મરી નથી જતા, અમર છે. બીજી વસ્તુ દુર્ગુણો એટલે કે દૈત્યો યુદ્ધમાં મરી જાય છે. એમણે તો અમૃત પીધું નથી. કેટલીય એવી કથાઓ છે કે દેવતા અને દાનવોના યુદ્ધમાં દેવતાઓએ દાનવોને ખતમ કરી નાખ્યા. રામે રાવણને માર્યો.

ભગવાન વરાહે હિરણ્યાક્ષને માર્યો, ભગવાન નરસિંહે હિરણ્યકશિપુને માર્યો. રામે રાવણ અને કુંભકર્ણને માર્યા, કૃષ્ણે કંસ, શિશુપાલ, દંતવક્ર ઇત્યાદિને માર્યા. મરી ગયા તો બસ પૂરું થયું? કે હવે ગંગા નાહ્યા. હવે આ હેરાન ન કરે! પાછી જીવતી થશે તો? ના, એનો ગુરુ બેઠો છે, જેની પાસે સંજીવની વિદ્યા છે. આપણે પણ નિરાંતે બેસવાનું નથી, આપણી અંદરના દુર્ગુણો ખતમ થઇ જાય, મરી જાય એટલે આપણે નિરાંતભાવે સૂઇ જવાનું નથી કે લ્યો, આ બધા મરી ગયા! એના ગુરુ પાસે સંજીવની વિદ્યા છે. એ પાછા સંજીવની વિદ્યાથી એને જીવતા કરે. આપણને થાય કે આપણો અહંકાર મરી ગયો, પણ ના, કેટલીક ઘટનાઓ એવી ઘટે કે આપણો અહંકાર મરી ગયો હોય તેવું આપણને લાગે, પણ તે પાછો જીવતો થાય છે. આપણને થાય કે આપણી અંદરના વિકારો, કામવાસના મરી ગઇ. બહુ ઉપવાસ કર્યા ને એનાથી કામવાસના મરી ગઇ, પણ ના એ પાછી જીવતી થશે. થોડુંક ખાવાનું ચાલુ કરો અને શરીરમાં તાકાત આવે એટલે પાછી કામવાસના જાગૃત થશે. આ વાતને ભગવાને શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ કહી છે.

જે નિરાહાર રહે છે, તેની વિષય-વાસના દૂર થઈ જાય છે. આ રીતે જે નિરાહાર રહે તેના વિષયો જતા રહે છે, પણ વિષયો પ્રત્યે આસક્તિ છે, તે જતી નથી. આ માટે જરૂરી છે કે, પરમનો સાક્ષાત્કાર થાય. જેને બ્રહ્માનંદ મળી જાય છે, તેને પછી વિષયાનંદ સાવ તુચ્છ લાગે છે. મોટી વસ્તુ હાથમાં આવે એટલે નાની વસ્તુ છૂટી જાય છે. એ જ રીતે બ્રહ્માનંદની પ્રાપ્તિ થાય પછી વિષયાનંદ જતો રહે છે.

કહેવાનું તાત્પર્ય એ જ છે કે, માણસની અંદરની સારપ સમાપ્ત થતી નથી. એ નિર્બળ થઈ શકે છે, પરાજિત થઈ શકે છે, પરંતુ તે સમાપ્ત ન થઈ શકે કારણ કે તે અમર છે. માણસના દુર્ગુણો સમાપ્ત થઈ શકે છે અને તે સમાપ્ત થઈ જાય છતાં આપણે નિરાંતે બેસવાનું નથી કારણ કે એ પાછા જીવંત પણ થઈ શકે છે.

આપણા શાસ્ત્રોમાં એક વાત લખી છે કે આપણા સુખ અને દુ:ખનો કોઈ દાતા નથી, આપણે જ તેના નિર્માતા છીએ. ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને એક ગૂઢ વાત અત્યંત સરળ ભાષામાં સમજાવી દીધી છે કે – હે અર્જુન, કર્મમાં જ તારો અધિકાર છે. એના ફળમાં નહીં. અહીં અધિકાર શબ્દનો અર્થ થાય છે, સ્વતંત્રતા. આ વાત યાદ રાખવા જેવી છે કે, મનુષ્ય કર્મ કરવામાં સ્વતંત્ર છે, પરંતુ તેનું કેવું ફળ મળશે તેમાં સ્વતંત્ર નથી. જોકે, કર્મ ભોગવવા માટે મનુષ્ય બંધાયેલો છે કેમ કે મનુષ્યના પોતાના કર્મની જવાબદારી એની પોતાની જ છે. માટે જીવનમાં સારપને વિકસાવો અને સત્કાર્યો કરતાં રહો.

નૂતન વર્ષના આરંભે...

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



એક વખત શહેરમાં ટ્રાફિક જામ થયો હતો. તપાસ કરતાં ખબર પડી કે ટ્રાફિક જામ થવાનું કારણ રસ્તા વચ્ચે સામસામે આવી ગયેલી કેવળ બે ગાડીઓ જ હતી. બંને ગાડીઓના ચાલકો વટ પર આવી ગયા હતા કે, 'હું મારી ગાડી ન ખસેડું. તું ખસેડ.' બેમાંથી એકેય સમજવા તૈયાર નહોતા.

સ્થૂળ રીતે જોતાં આ ટ્રાફિક જામ ગાડીઓનો હતો, પણ ઊંડા ઊતરીએ તો ખબર પડે કે આ ગાડીઓનો નહીં. પણ સ્વભાવોનો ટ્રાફિક જામ હતો. 'હું નહીં ખસેડું, હું નથી હટવાનો. જા, તારાથી થાય તે કરી લે!'

આપણા ઘરે પણ જે પ્રશ્નો ઉદ્ભવતા હોય છે એનું નિષ્પક્ષ વિશ્લેષણ કરીએ, તો ખબર પડે કે સ્થૂળ બાબતો તો કેવળ નિમિત્ત હોય છે. મોટો પ્રશ્ન તો આપણા સ્વભાવોનો હોય છે. મહાપુરુષો આપણને શીખવે છે કે આપણે સામેવાળાને સમજવાની પૂરી કોશિશ કરવી જોઈએ.

1974માં પ્રમુખસ્વામી મહારાજ મુંબઈમાં હતા. વિવિધ પરાંઓમાં જાહેર સભાઓનું આયોજન થતું હતું. આ શૃંખલામાં તા. 24/1ના દિવસે થાણા વિસ્તારમાં જાહેર સભાનો કાર્યક્રમ મુકરર થયો. થાણાના હરિભક્તોને આ સમાચાર પહોંચી જતાં તેઓમાં તો આનંદની લહેર ફરી વળી હતી. આ સમયગાળામાં જ વિદેશમાં રહેતા એક હરિભક્ત સ્વામીશ્રી પાસે આવી પહોંચ્યા. વાત કરી કે, 'સ્વામી! મારા ભત્રીજાનાં લગ્ન છે. આપે આશીર્વાદ આપવા વડોદરા આવવાનું છે.'

પ્રાર્થના નહીં. વિનંતી નહીં. તેઓ સીધી આજ્ઞા જ કરી રહેલા. તે પણ ગુરુને! સ્વામીશ્રી પર આમ અધિકાર વાપરતા તેઓને જોઈને આસપાસ બેઠેલા સૌને આશ્ચર્ય થયું. પણ સ્વામીશ્રીએ તેઓને સહર્ષ પૂછ્યું : 'કઈ તારીખ છે?'

'24 જાન્યુઆરી.'

'પણ એ દિવસે તો અમારે થાણાનો કાર્યક્રમ ગોઠવાઈ ગયો છે. પહેલાં પણ બે વાર કેન્સલ થયેલો. ત્યાં બધા તૈયારી કરતા હોય. માટે આ દિવસે તો વડોદરા આવવાનું શક્ય લાગતું નથી.'

'ના, બાપા! એવું ન ચાલે. તમારે આવવું જ પડે. હું વેવાઈને કહીને આવ્યો છું. મારે નીચું જોવાનું થાય...' એ હરિભક્ત પોતાની પ્રતિષ્ઠાનો ભંગ ન થાય તે માટે સ્વામીશ્રીને ઢસડી રહેલા.

તેમની આ વાત સાંભળી સૌને થયું: 'સ્વામીશ્રીને પૂછ્યા વિના બારોબાર વચન આપી દેવાનું? સ્વામીશ્રી કંઈ તમારી એકલાની મિલકત છે?' પણ સ્વામીશ્રી વચલો માર્ગ કાઢતાં કહેવા લાગ્યા : 'અમે વસંતપંચમીએ અટલાદરા આવવાના જ છીએ. તે વખતે તમારે ત્યાં આવી જઈશું. આશીર્વાદ પણ આપીશું. માટે આ વખતે રહેવા દઈએ.'

સ્વામીશ્રીની આ વાત પેલા હરિભક્તને સદી નહીં. તેઓ છળી ઊઠ્યા અને છેલ્લી કોટીની વાત કરતાં કહેવા લાગ્યા : 'અમે આટલી બધી સેવા કરી છે તે શા માટે કરી છે? તમે કેમ ના આવો? ગમે તેમ કરીને તમારે આવવું જ પડશે!'

આવી બેહૂદી વાત સાંભળી સ્વામીશ્રીની મુખરેખા લેશ બદલાઈ નહોતી. તેઓએ હરિભક્તને કહ્યું : 'ભલે, આવીશું. બસ!' અને સાથે બેઠેલા સેવકને કહ્યું : 'આ તારીખ નોંધી લો. આપણે જઈ આવીશું.'

કીડી કુંજર પર રાજ કરે એવો આ ઘાટ ઘડાયેલો! અને ખરેખર સ્વામીશ્રી થાણાનો કાર્યક્રમ ઠેલી એક દિવસ માટે વડોદરા પેલા હરિભક્તને સંતોષ આપવા જઈ આવ્યા.

ઉપરોક્ત પ્રસંગમાં કોઈ સામાન્ય માણસ હોય તો એનું મગજ છટકી જાય. સ્વાભાવોનો અકસ્માત સર્જાઈ જાય, પણ એની સામે સ્વામીશ્રીએ ધૈર્ય રાખ્યું અને પેલા હરિભક્તને અનુકૂળ થઈને એને સંતોષ આપ્યો. તેઓ વટ પર ન ઊતર્યા. તેઓએ પ્રસંગ સાચવી લીધો.

ઘણી વખત આપણે પરિવારના સભ્યો સાથેના વ્યવહારમાં વટ પર આવી જઈએ છીએ. પરિણામે, ન કેવળ સામેવાળાને કે ન કેવળ આપણને પણ સમગ્ર પરિવારને એની માઠી કિંમત ચૂકવવી પડે છે. પણ ઘરમાં બનતા આવા પ્રસંગોમાં જો આપણે જાતને સંભાળી લઈએ, તો ઘરના ઘણાખરા ઝઘડા ઓછા થઈ શકે. આપણને સતત ઘસાતાં જોઈને એના અંતરમાં પણ ભગવાન વસશે. તે આપણો વિચાર કરતો થશે. હા, એના માટે રાખવાં પડે - ભગવાનમાં વિશ્વાસ અને ધીરજ.

નૂતન વર્ષ વિક્રમ સંવત 2080ના આરંભે મહાપુરુષોના જીવનમાંથી આપણે પણ સંકલ્પબદ્ધ થઈએ અને ધીરજ જાળવી, ભગવાનમાં વિશ્વાસ રાખી, સામેવાળાને સમજવાની પૂરતી કોશિશ કરીએ.

વીર પ્રભુનો અંતિમ ઉપદેશ

કથાબિંદુ

મુનિ રાજ્યપુણ્ય વિજય

મહાવીર સ્વામીનાં નિર્વાણનો સમય સમીપ હતો. શક્રેન્દ્રએ પ્રભુને કરબદ્ધ વિનંતી કરતા કહ્યું : 'પ્રભુ! અલ્પ સમયમાં ભસ્મરાશિ ગ્રહનો પ્રવેશ થવાનો છે. આ ગ્રહ અતિદુષ્ટ અને ભયંકર છે. તેના દુષ્પ્રભાવે ભવિષ્યમાં 2000 વર્ષ સુધી શાસનનો પ્રભાવ ઘટતો જશે. આપ આપનું આયુષ્ય એક મુહૂર્ત માટે વધારી દો, તો આપની અમીદૃષ્ટિ આ ગ્રહ ઉપર પડશે અને તેનો પ્રભાવ નષ્ટ થશે. શાસનની ઉન્નતિ થશે.' શક્રેન્દ્રને પ્રત્યુત્તર આપતાં પ્રભુએ કહ્યું : 'ભૂતકાળમાં આવું થયું નથી, વર્તમાનમાં આવું થતું નથી અને ભવિષ્યમાં પણ આવું ક્યારેય થવાનું નથી. જે નિયતિ છે, તેને કોઈ પરિવર્તિત કરી શકતું નથી. તમે સુજ્ઞ છો. છતાં તીર્થ પ્રત્યેનાં પ્રેમથી આવી ભાવના વ્યક્ત કરો છો! આ ગ્રહનો પ્રભાવ 2 હજાર વર્ષ સુધી રહેવાનો જ છે. તે પછી શાસનનો ફરી અભ્યુદય થશે. દાન-શીલ-તપ સર્વ ધર્મોમાં અભિવૃદ્ધિ થશે, એટલે નિશ્ચિંત રહો.' આમ, અંતિમ ઉપદેશ આપી અલ્પ સમયમાં મહાવીર સ્વામી નિર્વાણ પામ્યા.



સર્વાંગી પ્રગતિ માટે સન્માર્ગે આગળ વધો

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



ભારતીય પરંપરા આપણને શીખવે છે કે હંમેશાં પરમાત્માને યાદ કરવા. દરરોજ પ્રાર્થના કરવી, ભગવાને જે આપ્યું છે, તે માટે આભાર માનવો. આપણને જે કંઈ મળ્યું છે, તેને માટે આભાર માનવો એ પ્રકૃતિ બની રહેવી જોઈએ. જીવનમાં હંમેશાં આપણે પ્રકૃતિના નિયમોનું પાલન કરવું. આપણને પ્રકૃતિનું દોહન કરવાનું વૈદિક પરંપરા શીખવે છે. પ્રકૃતિનું શોષણ કરવાનું નથી.

આપણે જીવનમાં આગળ વધવાનું છે. સર્વાંગી પ્રગતિ માટે નિયમિત જીવન જીવવાનું છે. વડીલોના આશીર્વાદ સાથે ભગવાનનું સ્મરણ કરતાં રહેવાનું છે. નિરાશા અને આશા, પાપ અને પુણ્ય – જેવા દ્વંદ્વો આવે ત્યારે વિવેક જાગૃત થાય છે.

સદ્‌ગુણો, સત્પ્રયાસો અને આદર્શોના સમન્વયને ભગવાનનું નામ અપાય છે. એક ભગવાન એ છે, જે સમગ્ર વિશ્વની સંભાળ રાખે છે, જેને આપણે નિયામક સત્તાના રૂપે ઓળખીએ છીએ. એક ભગવાન એ છે જે વિશ્વવ્યાપી છે, વિશ્વવ્યાપી ભગવાનનો લાભ ઉઠાવવાની એક શરત છે કે તમે તેના કાયદાનું પાલન કરો અને ફાયદો મેળવી લો. કાયદાને તોડશો તો દંડ થશે, નુકસાન થશે અને માર ખાવો પડશે. એ ભગવાન મનુષ્ય માટે ન્યાય અને નિયમન સિવાય કશું જ નથી કરતો, પરંતુ જે આપણને વ્યક્તિગત રીતે સહાયતા કરે છે તે છે, આપણો અંતરાત્મા. એને જ પરમાત્મા કહે છે.

ગુણ, કર્મ અને સ્વભાવની વિશેષતાનું નામ જ પરમાત્મા છે. તેને જ અંતરાત્મા કહે છે. તમે સ્વયંને એની સાથે જોડી દો. એકતા સાધો. આજ



સુધી તમારો સંબંધ કુસંસ્કારો સાથે રહ્યો હોય, અસુરતા સાથે રહ્યો હોય તે શક્ય છે, ધુતારા અને કપટીઓ સાથે રહ્યો હોય તે શક્ય છે. ચારે બાજુ જે વાતાવરણ ડહોળાઈ ગયું છે, તે અધોગતિ સિવાય બીજું શું આપી શકશે? તમે જે સ્વભાવ બનાવ્યો છે તે ઘૃણા, તિરસ્કાર, કપટ સિવાય બીજું શું શીખવી શકે તેમ છે? આપ ચારે બાજુ માનવ-પશુ કે જેણે દેહ માનવનો ધારણ કર્યો છે, પરંતુ કાર્યો પશુ જેવાં કરે છે એવા પિશાચોથી તમે ઘેરાઈ ગયા છો. તમે થોડા દિવસ માટે આવા સમુદાયમાંથી બહાર નીકળી જાવ અને એવા લોકોના સમુદાયમાં જોડાઈ જાવ, જેનાથી તમારી પ્રગતિ થવાની સંભાવના વધે. ઋષિઓ, દેવતાઓ, ભગવાન સાથે સંબંધ બાંધો.

શું આ બધું છે? ચોક્કસ છે અને તે તમારી સાથે જ છે. બસ, તમે તેને જોઈ શકતા નથી. હવે તમે આ મહાનતા સાથે જોડાઈ જાવ. આદર્શોની સાથે જોડાઈ જાવ. તે જ ભગવાન સાથેનું જોડાણ છે. ભગવાન કોઈ માણસ નથી, તેને તો આપણે એવો માની લીધો છે. ભગવાન વાસ્તવમાં સિદ્ધાંતોનું નામ છે, આદર્શોનું નામ છે અને શ્રેષ્ઠતાના સમુદાયનું નામ છે.

ગરીબ ઘરની કોઈ છોકરી જ્યારે અમીર પતિ સાથે લગ્ન કરે છે, ત્યારે તે તરત જ ઘરની શેઠાણી બની જાય છે, કારણ કે તેણે અમીર પતિ સાથે પોતાનો સંબંધ જોડી દીધો છે.

સંબંધ જોડવા માટે શું કરવું પડે? તમને એવી ભ્રાંતિ છે કે સંબંધ બાંધવા માટે ખુશામત કરવી પડે છે, આ ખોટા ખ્યાલને દૂર કરી નાખો. ખુશામત કરીને ભગવાનને મિત્ર બનાવી શકો છો, તેની કૃપા મેળવી શકો છે. એવું ક્યારેય ન વિચારશો. સાથે-સાથે એવો વિચાર પણ ન કરશો કે જીભની મીઠાશથી, સ્તોત્ર-પાઠ કરવાથી ભગવાનને તમારા બનાવી શકશો. ભગવાન તમારી વાતોને નહીં, તે તો તમારી નિયતને, દૃષ્ટિકોણને, ચિંતનને જુએ છે અને આપની ભાવનાઓને તપાસે છે. જો કદાચ આ બાબતોમાં તમે ઊણા ઊતરશો તો તમારાં કર્મકાંડ ફળદાયી નહીં બની શકે.

તમે જોયું હશે કે પંડિતો જાતજાતનાં વિધિવિધાન અને કર્મકાંડ જાણે છે, પરંતુ અંતે કંઈ મેળવી શકતા નથી. ધર્માત્માઓ તરેહ-તરેહના પૂજાપાઠ, સ્નાન-ધ્યાન કરે છે, તીર્થયાત્રા કરે છે, પરંતુ જો તેમની દાનત, ભાવના અને દૃષ્ટિકોણ ઉચ્ચ ન હોય તો માત્ર લાલ-પીળાં કપડાં પહેરી લેવાથી, વિવિધ આડંબર રચવાથી તેમને કોઈ જ લાભ મળતો નથી.

ભગવાનની કૃપા ક્યાં મળે છે? ભગવાનને પ્રાપ્ત કરવા માટેનું જે સાચું રહસ્ય છે તેને જાણવું જ જોઈએ. તેના માટે શું કરશો? તે માટે તમારે ભગવાન સાથે જોડાઈ જવું પડશે. ભગવાન સાથે જોડાવાને જ ઉપાસના કહેવાય છે. ઉપાસનાનો અર્થ છે જોડાઈ જવું, પ્રભુની પાસે બેસવું. જીવનમાં સર્વાંગી પ્રગતિ માટે સન્માર્ગે આગળ વધતાં રહો. વડીલોની સેવા કરો અને પરોપકારી બનો.

ભારતીય નારીની ખુમારી

કથાબિંદુ

મુનિ રાજ્યપુણ્યવિજય

ઔરંગઝેબના સમયની આ ઘટના... રામદુલારી નામની ભક્તિસંપન્ન સ્ત્રી હતી. સંતોનાં પ્રવચનોથી તેને ધર્મમાં વિશેષ રંગ લાગ્યો હતો. રામદુલારીને ભગવાને ખૂબ જ રૂપ આપ્યું હતું. આ સમાચાર જ્યારે ઔરંગઝેબને મળ્યા, ત્યારે તેને પણ રામદુલારીને મેળવવાનું મન થયું. આમ પણ તે કામી તો હતો જ. આથી તેનું અપહરણ કરાવી પોતાની પાસે બોલાવી. સાક્ષાત રંભા અને ઉર્વશીને પરાજિત કરતું રૂપ જોઈ ઓરંગઝેબે રામદુલારીને કહ્યું : 'તું મારી બનીશ, તો આ સમસ્ત સમૃદ્ધિ તારા ચરણોમાં આળોટશે અને...' કંઈ આગળ બોલે તે પૂર્વે રામદુલારીએ ચાતુર્યપૂર્વક કહ્યું : 'રાજન્! હું ભગવાનની પરમ ભક્તાણી છું. આપ જો મને એક વિશાળકાય મંદિર બનાવી આપતા હો, તો સદાને માટે આપની થવામાં મને કોઈ વાંધો નથી.'

વાત સાંભળી મંદિર વિધ્વંશક ઔરંગઝેબ ધૂંઆપૂંઆ થયો પરંતુ બીજો વિકલ્પ ન હતો. મંદિર તૈયાર કરાવ્યું. મંદિરનું સંપૂર્ણપણે નિર્માણ થયું, તે પછી પ્રથમ વાર રામદુલારી સોળ શણગાર સજી મંદિરમાં પ્રવેશી. ઔરંગઝેબ બહાર બેઠો બેઠો વિચારતો હતો કે બસ અલ્પ સમયમાં ચાંદનો ટુકડો હંમેશાં માટે મારો થઈ જશે!

આ બાજુ મંદિરમાં રામદુલારીએ નૃત્યભક્તિ શરૂ કરી. નૃત્ય એવી ચરમસીમાએ પહોંચ્યું, ત્યારે તેણે જીવનસમાપ્તિનો નિર્ણય લઈ વિષમિશ્રિત હીરાની અંગૂઠી ચૂસીને જીવનની લીલા સમાપ્ત કરી. ભારતીય નારીની શીલસુરક્ષાની ભાવના સામે ઔરંગઝેબ સર્વથા પરાજિત થઈ ગયો.

જીવનની પ્રગતિ : જાણવા કરતાં પામવામાં

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ પોતાના આદર્શ શિષ્ય માટે કહેતા કે, યોગીજી મહારાજ સદ્ગુણોનો મહાસાગર છે. વેદવ્યાસજીએ શ્રીમદ્ ભાગવતમાં સંતના તમામ સદ્ગુણો કહ્યા છે. તેમાં કદાચ કોઈ સદ્ગુણ રહી ગયો હોય, તો તે પણ યોગીજી મહારાજમાં જોવા મળશે. એ જ રીતે પ્રમુખસ્વામી મહારાજનું જીવન પણ અનંત કલ્યાણકારી ગુણોથી છલકાતું રહ્યું હતું. ગુણોનું વર્ણન એક બાબત છે અને વર્તન બીજી બાબત છે.

વર્ણનથી જાણકારી બદલાય, વર્તનથી જીવન બદલાય. વધુ જાણવા કરતાં થોડું પણ પામવામાં પ્રગતિ વધુ છે. તેમાં પ્રયત્ન, પુરુષાર્થ અને પરસેવો પાડવો પડે. પ્રાર્થના પણ સતત કરવી પડે. તે બધું ક્યારે શક્ય બને? પ્રામાણિકતા હોય તો. પુરુષાર્થ અને પ્રાર્થના બંને પ્રામાણિક હોવાં જરૂરી છે. કોઈ પણ પ્રગતિ કે પ્રાપ્તિ માટે પ્રામાણિકતા એ પાયાની બાબત છે.

પ્રમુખસ્વામી મહારાજના જીવનની માનવતા, ભવ્યતા અને દિવ્યતાની દરેક ક્રિયા, કાર્ય, મૂલ્ય, ભાવના અને પ્રાર્થનામાં પારદર્શક પ્રામાણિકતાનાં દર્શન થતાં હતાં. યાદ રહે, વ્યક્તિ ગુણવાન બને, સમાજ ઐશ્વર્યવાન બને, દેશ મહાન બને - તે પ્રામાણિકતાથી જ બની શકે અને ટકી શકે છે. એક સચોટ અને સ્પષ્ટ દૃષ્ટાંતથી સરળતાથી સમજાશે.

એક વિશાળ આંતરરાષ્ટ્રીય કોર્પોરેશનના અતિ સફળ અને સમૃદ્ધ CEO હતા. તેમનો ધંધો વિશ્વના ખૂણેખૂણે પથરાયેલો હતો. કમનસીબી એ કે તેમને કોઈ સંતાન નહોતું. CEOએ વિચાર કર્યો કે હવે કોને નવો CEO બનાવવો?

પોતાના વિશાળ તંત્રમાં એવા ઘણા વિદ્વાન, કુશળ, અનુભવી અને સક્ષમ લોકો હતા. તેમાંથી તેમણે પસંદગીના દસ જણાને બોલાવીને કહ્યું, 'તમે બધા જ વફાદાર છો, આપણી કંપનીના CEO બનવા માટે લાયક છો. એટલે મારી મૂંઝવણ એ છે કે તમારા દસમાંથી કયા એકને મારા વારસદાર તરીકે પસંદ કરું? ભવિષ્યમાં કોણ કંપનીનું સાચી રીતે પાલન-પોષણ કરશે તેને માટે આજે તમને બધાને એક બીજ આપું છું. છ મહિના પછી હું પાછો આવીશ. તમે બધા તે બીજને વાવજો અને એનું પાલન, પોષણ અને જતન કરજો. તેના આધારે હું નક્કી કરીશ કે કોને મારી આ મિલકત આપવી?'



જ્યારે CEO છ મહિના પછી પાછા આવ્યા, ત્યારે નવ જણા તરત જ કૂંડા લઈને પહોંચી ગયા હતા. કોઈના કૂંડામાં બીજ ઊગ્યું હતું, તો કોઈકના છોડમાં કૂંપળ ફૂટી હતી, કોઈને ફૂલ આવ્યાં હતાં, કોઈકનો છોડ સુગંધીદાર, કોઈકનો સીધો, કોઈકનો કાંટાળો હતો. પરંતુ દસમા વ્યક્તિના કૂંડામાં કશું જ ઊગ્યું ન હતું. CEOએ એક પણ શબ્દ બોલ્યા વગર, શાંતિથી તેને ચાવી આપી દીધી. પછી બધાને કહ્યું, 'મેં બધાને જે બીજ આપેલું, તે બાફેલું હતું. જે ઊગી જ ન શકે, પણ તમે બધાએ બનાવટ કરી છે. જેના કૂંડામાં કંઈક ઊગ્યું છે, તેના જીવનમાં કંઈ ઊગશે નહીં. પણ જેના કૂંડામાં કંઈ ઊગ્યું નથી, તે જ આ ધંધાનો ઉદ્ધાર કરશે. તે એક જ પ્રામાણિક છે, જે મારી મિલકતનો વારસ બનશે.'

આપણે દરેકે આપણને પ્રાપ્ત થયેલાં સમૃદ્ધિ, શક્તિ, શિક્ષણ ને સંસ્કારનું જતન કે પોષણ કરવું હોય, તો પ્રામાણિક બનવું જ પડશે. કેવળ વાતો કે વર્ણનથી આધ્યાત્મિક પ્રગતિ થતી નથી. પ્રામાણિકપણે સદ્‌ગુણોને આત્મસાત કરવા પડે.

પ્રમુખસ્વામી મહારાજે સમાજમાં પોતાના વિચારો, વર્તન અને વિચરણથી આપણા જીવનમાં અનેક બીજ વાવ્યાં છે. પેઢીઓ સુધી ચાલે તેવા સંસ્કાર આપેલા છે. કાળ, કર્મ, માયા આપણું કંઈ જ બગાડી શકે એમ નથી. સ્વામીશ્રીનું જીવન સ્વયં માટે નહીં, પણ પ્રભુને સમર્પિત બની, નિઃસ્વાર્થ સેવા માટે હતું.

પ્રમુખસ્વામી મહારાજનો જીવનમંત્ર હતો કે, 'બીજાના ભલામાં આપણું ભલું છે, બીજાના સુખમા આપણું સુખ છે, બીજાના ઉત્કર્ષમાં આપણો ઉત્કર્ષ છે.'

આ બોધપાઠમાં પ્રથમ મધ્યવર્તી વિચાર છેઃ Love Others - બીજાને ચાહો, આખી જિંદગી બીજાની સેવા કરો. બીજો મધ્યવર્તી વિચાર છે, Love Yourself - સ્વયંને સાચી રીતે ચાહો. પ્રામાણિક બનો. ત્રીજો મધ્યવર્તી વિચાર છે - Love God - ભગવાનને ચાહો. પોતાના પ્રાણ કરતાં પણ ભગવાનને વધારે ચાહો.

આવા વિચારો સાથે પ્રામાણિકપણે ભગવાનની ભક્તિની સાથે, બીજાની નિઃસ્વાર્થપણે જીવનપર્યંત સેવા કરીશું, તો જ જીવન બદલાશે, સમાજ બદલાશે અને સમાજનું ભાવિ પણ બદલાશે.



ધર્મથી આવે સમાનતા અને સમરસતા

માણસ ગમે ત્યાં ઢોળાઈ જાય, ગમે ત્યાં ઢળી જાય તો માણસનું જીવન નંદનવન નહીં બને.

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



ધર્મની શક્તિ અધિક છે. પણ ધર્મની એ શક્તિ ફક્ત ટોળાશાહી બનીને રહી જાય એવું નથી. થવા દેવું એ ધર્મ પ્રત્યેની આસ્થા, ભાવના તો છે જ, પણ એ ભાવના પાણી જેવી છે. જો એને સુવ્યવસ્થિત ન કરવામાં આવે તો એ ગમે ત્યાં વહી જશે. એટલે એને વિચારો સાથે જોડવી પડશે. ઋષિઓએ ભાવનાની સાથેસાથે હંમેશાં વિચારોને પ્રાધાન્ય આપ્યું. પાણી જેમ ગમે ત્યાં ઢોળાઈ જાય અને વહી જાય એમ નહીં. એને ચોકક્સ દિશા બતાવવી. એ રીતે ભાવના પણ ગમે ત્યાં વહી જવી અને ઢોળાઈ જવી ન જોઈએ.

માણસ ગમે ત્યાં ઢોળાઈ જાય, ગમે ત્યાં ઢળી જાય તો માણસનું જીવન નંદનવન નહીં બને. આપણે તો એ પાણીનો સદુપયોગ કરવો છે. જેથી આધ્યાત્મની ખેતી હરીભરી થાય. સમાજ નંદનવન બને માટે ભાવનાને ચેનલાઈઝ કરવી પડશે, એ ભાવનાને યોગ્ય દિશા આપવી પડશે, ગાંધીબાપુએ જે કાર્ય કર્યું અને એ ધર્મભાવનાનો સદુપયોગ કરીને કર્યું. ગાંધીજીએ રાષ્ટ્ર માટે ફના થઈ જવા લોકોને તૈયાર કર્યાં. ભાવનાની સાથે રામ નામની શક્તિનો લોકોને પરિચય કરાવ્યો.

આજે પણ એ શક્તિ દ્વારા રાષ્ટ્રનું નિર્માણ થઈ શકે, રાષ્ટ્રનાં વિકાસમાં પણ એ જ શક્તિ દ્વારા લોકોને યોગદાન કરતાં કરી શકાય. જો ધર્મનો યોગ્ય ઉપયોગ થાય તો, ધર્મને માત્ર ક્રિયાકાંડમાં અને પૂજા પાઠમાં બાંધી દઈશું તો કશું નહીં થાય. ભાવનાની સાથે વિચાર પણ આપવો જોઈશે નહીં તો ધર્મ માત્ર નગારું, તગારું અને તાવડો આટલો રહી જશે. ધર્મની જે શક્તિ છે. એનો પણ સ્વીકાર કરવો પડશે.

હું બંગાળમાં કથા કરતો હતો ત્યારે પહેલી વાર એવું બન્યું કે કોઈ મિનિસ્ટર કથામાં આવ્યા અને લોકોને એમણે મંચ પરથી સંબોધીને ભાગવતનો એક શ્લોક ટાંક્યો –

'યાવત્ ભ્રિયતે જઠરમ્ તાવત સત્વમં હી દેહીનામ્ા
અધિકમ્ યોગભિમન્યેત્ સસ્તેનો દંડમરયતિ॥'

શું અદ્ભુત વાત કરી કે, જેટલાથી તમારું પેટ ભારાઈ જાય એટલા ઉપર જ તમારો અધિકાર છે. એનાં કરતાં વધારે જે તમારી પાસે છે, તે તમારી પાસે છે, પણ તમારું નથી. તમારી પાસે શું કામ છે? પ્રારબ્ધથી.

કોઈ એમ કહે; પણ સંતો શું કહે કે તમારી પાસે તમારી આવશ્યકતા કરતાં વધારે છે કારણ કે ભગવાનને તમારા પર ભરોસો છે કે આ આવશ્યકતા કરતાં અધિક જેની પાસે છે તેનો સદુપયોગ કરશે. ઘણાં ભેગું કરીને ખાનારા હોય છે. જ્યારે ઘણા ભેગાં થઈને ખાનારાં હોય છે. ભેગું કરીને ખાવાવાળા તો સંસારમાં ઘણા છે, પણ ભેગાં થઈને ખાવાની ભાવના 'સહનૌ ભુનક્તુ' એ ધર્મના માધ્યમથી મળે છે.

આંગણેથી કોઈ અતિથિ ભૂખ્યો ન જાય. 'સાંઈ ઇતના દીજિયે, જામે કુટુંબ સમાય, મૈં ભી ભૂખા ના રહું ઔર સાધુ ન ભૂખા જાય.' તેથી તો અન્નક્ષેત્રો આપણે ત્યાં ચાલે છે. રોટલો દેવાનો મહિમા આ દેશના સાધુએ સમજાવ્યો અને પોતે દીધો - આ ધર્મની શ્રદ્ધા છે. એ ધર્મની શક્તિનો સ્વીકાર કરવો પડશે. જેટલાથી પેટ ભરાઈ જાય એટલા ઉપર મનુષ્યનો અધિકાર છે. એનાથી વિશેષ જે કાંઈ છે તેને પોતાનું જે માની લે છે,

ભાગવત કહે છે કે એ ચોર છે. બીજાનું પડાવી લીધું, બીજાનું લઈ લીધું એ ચોર નહીં પણ પોતાની



પાસે પોતાની જરૂરત કરતાં જે વધારે છે એને એણે પોતાનું માની લીધું. ભાગવતકાર એને ચોર કહીને છોડી દેતા નથી. કહે છે કે એ દંડનીય છે, એને દંડ થવો જોઈએ.

કાર્લ માર્કસે ધર્મને અફીણનો નશો કહ્યો એની પાછળ એની કોઈ વિચારધારા, કોઈ ચિંતન હશે અને એટલા માટે જ આપણા રાષ્ટ્રનું સંવિધાન ભલે બિન-સાંપ્રદાયિક હોય, પણ એનો અર્થ 'સર્વધર્મ સમભાવ' એવો કરાય છે. ધર્મરહિત શાસનવ્યવસ્થા એવો કરાતો નથી. તો ધર્મનીતિનો સ્વીકાર કરવો પડશે. લોકોની ધર્મ પર આસ્થા છે. એનો સ્વીકાર કરવો પડશે. વાત માત્ર એટલી છે કે એ ધર્મભાવનાને વિચાર દ્વારા ચેનલાઈઝ કરી શકાય, તેને યોગ્ય દિશા આપી શકાય.

એટલે જ વ્યાસપીઠો પરથી સંતો સતત સંબોધતા રહે છે કે ભાવનાને ચેનલાઈઝ કરવાનું કામ કરવું જોઈએ. વિચારહીન સંવેદનશીલતા વ્યક્તિ અને સમાજ બંનેને નુકસાન કરે છે. એ જ રીતે સંવેદનાહીન વિચારશીલતા, કોરી વિચારશીલતા, શુષ્ક વિચારો પણ માણસને ક્યાંય નહીં પહોંચાડે. પ્રભાવિત કરી શકે પણ પ્રભુભાવિત નહીં કરી શકે. એ ભીંજવી નહીં શકે, એ વાત લોકોનાં દિલ સુધી નહીં પહોંચે એટલે કે સંવેદનાહીન વિચારશીલતા નુકસાન કરે છે. ગામડાની પાસે ભાવના કે એને વિચાર આપવાની જરૂર છે. શહેરોની પાસે વિચારો બહુ છે, ત્યાં એને ભાવના આપવાની જરૂર છે.

દિલ ઔર દિમાગ દોનોં કા સંતુલન કરકે જબ કોઈ કર્મ કરતા હૈ, તો ઉસકા કર્મ પૂજા બન જાતા હૈ. ઉસી કો ગીતા મેં કર્મયોગી કહા હૈ, કેવલ દિલ સે કામ કરો ઔર દિમાગ કી ઉપેક્ષા કરો, ભાવનાઓ મેં બહ જાઓ. યહ ભી ઉચિત નહીં હૈ ઔર કેવલ દિમાગી વ્યાયામ કરતે રહો તો હૃદય રેગિસ્તાન જૈસા શુષ્ક હો જાયેગા.

સમતા અને સમરસતા એવી વિચારશીલતા ઝાઝી ઉપયોગી નહીં બને, ધર્મ જોઈએ. જો ધર્મ વ્યક્તિને નિયંત્રિત નહીં કરે, ધર્મ દ્વારા વ્યક્તિ પોતે પોતાની જાત પર સંયમ નહીં રાખે તો એટલા બધા અપરાધો થશે કે તેને સરકાર પહોંચી નહીં શકે. એટલા માટે ધર્મની જરૂર છે. ચાહે રાજા હોય, પ્રજા હોય, શાસક હોય, શાસિત હોય - સૌ જ્યારે પોતપોતાનો ધર્મ સમજે છે અને સ્વીકારે છે ત્યારે ત્યાં અપરાધો ઓછા થાય છે, ખોટું ઓછું થાય છે, અનીતિ થતી નથી.

વ્યક્તિ અને સમાજ બંનેની ઉન્નતિ થાય છે. જે સમાનતા અને સમરસતા સમાજમાં આવવી જોઈએ, એ ધર્મના માધ્યમથી આવી શકે, પણ એ જ ધર્મ જો ખોટી રીતે સમજાવવામાં આવે, ખોટા હાથમાં જતો રહે તો ધર્મના નામે ભેદ ઊભા થશે.

આપણા રાષ્ટ્રમાં, સમાજમાં સમાનતા અને સમરસતા ધર્મના માધ્યમથી જ લાવી શકાય. આવી પ્રચંડ શક્તિ ધર્મનીતિમાં પડેલી છે.

સેવાનો સંતોષ પામવાની રીત

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



લેન્કો નામનો ખેડૂત હતો. એક વખત અતિ બરફવર્ષાના કરાણે તેનો બધો પાક ખરાબ થઈ ગયો. તેણે ભગવાનને પત્ર લખીને રૂ. 100ની વ્યવસ્થા કરવા વિનંતી કરી. ટપાલીએ આ પત્ર વાંચીને પોસ્ટમાસ્તરને આપ્યો. પોસ્ટમાસ્તર ભલો માણસ હતો. એણે વિચાર્યું કે, 'ભગવાન ઉપરથી આનો વિશ્વાસ જતો રહેવો ન જોઈએ.' આથી તેણે આ ખેડૂતને મદદ કરવા માટે મિત્રો પાસેથી 70 રૂપિયા ઉઘરાવી ખેડૂતને પહોંચાડ્યા.

ખેડૂતે રૂપિયા ગણ્યા, તો 70 થયા. તેણે ફરી ભગવાનને પત્ર લખ્યો. આ પત્ર પણ ટપાલીએ પોસ્ટમાસ્તરને આપ્યો. પત્રમાં લખ્યું હતું કે, 'હે ભગવાન! તમે મોકલેલા 100 રૂપિયામાંથી મને 70 મળી ગયા. 30 રૂપિયા ટપાલ ખાતાવાળાએ લઈ લીધા લાગે છે, પણ હવે બાકીના 30 રૂપિયા ન મોકલતા. એમાંથી પણ તે લોકો થોડાક કાઢી લેશે.' પોસ્ટમાસ્તરને આ પત્ર વાંચીને પણ આનંદ થયો કે ખેડૂતને 70 રૂપિયા મળ્યા, એનો સંતોષ તો છે ને!

એક સંતે નદીમાં વીંછીને તણાતો જોયો. એમને થયું કે, 'લાવ, વીંછીને પકડીને કિનારે મૂકી દઉં.' તે સંતે વીંછીને જેવો હાથમાં ઉપાડ્યો કે તરત જ વીંછીએ ડંખ માર્યો. ડંખ વાગવાથી વીંછી સંતના હાથમાંથી પડી ગયો. સંતે ફરી વીંછીને પકડ્યો. ફરી વીંછીએ ડંખ મારતા સંતના હાથમાંથી વીંછી પડી ગયો. એક માછીમારે સાધુને સલાહ આપી, 'વીંછી તમને ડંખે છે છતાંય તમે એને પકડવાનું છોડતા નથી?' સાધુ કહે, 'વીંછી એનો પ્રકૃતિગુણ છોડતો નથી. હું મારો પ્રકૃતિગુણ કેમ છોડું? ડંખવું એની પ્રકૃતિ છે. એને શાતા આપવી એ મારી પ્રકૃતિ છે.'

'હરદી જરદી નવ તજે, ખટરસ તજે ન આમ,
ગુણીજન ગુણ કો નવ તજે, અવગુણ ન તજે ગુલામ.'



ક્યારેક વાસ્તવિક જીવનમાં પણ કોઈનું સારું કરવા જાવ, પણ સામેવાળો તેનું જુદી રીતે મૂલ્યાંકન કરે. આપણને પ્રશ્ન થાય કે જો સમાજસેવામાં અશાંતિ જ થવાની હોય, તો એ બંધ ન કરી દઈએ? તો એનો જવાબ છે – ના. સેવા બંધ કરવા કરતાં સેવાની સાચી પદ્ધતિ શીખવી જરૂરી છે.

1987માં ગુજરાત કારમા દુષ્કાળની ભીંસમાં સપડાયું હતું. પ્રમુખસ્વામી મહારાજે દુષ્કાળને નાથવા સમ્યક્ પ્રયત્નો આદર્યા હતા. કેટલકેમ્પ શરૂ કરવાથી માંડીને અન્ય ગૌશાળાઓને આર્થિક સહાય કરવી અને ઘાસચારો, છાશ, અનાજ અને વસ્ત્ર વિતરણ જેવી અનેક સેવાધારા વહાવવી શરૂ કરી હતી.

સંતો ભરઉનાળામાં ગામડે-ગામડે ફરીને રાહતસામગ્રીઓનું વિતરણ કરતા હતા. આ સમયગાળામાં કેટલાક સંતોએ કેટલાક અણસમજુ લોકોને પોતાની અને સંસ્થાની ટીકા કરતાં સાંભળ્યા, 'આ લોકોને કેટલુંય આવતું હશે, એમાંથી આપણને આટલું જ આપે છે.'

આ સાંભળીને સંતો દ્રવિત થઈ ઊઠ્યા, કારણ કે વાત સાવ પાયાવિહોણી હતી. દુઃખી થયેલા સંતોએ સ્વામીશ્રીને પત્ર લખીને જણાવ્યું, 'આપણે આટલી મહેનત કરીએ છીએ, આટલો ખર્ચો કરીએ છીએ, છતાં લોકો આપણા વિરુદ્ધ ગમે તેવી વાતો કરે છે. એટલે હવે આ સેવા બંધ કરી દઈએ.'

સ્વામીશ્રીએ વળતો પત્ર લખ્યો, 'આવો વિચાર ન કરવો. આપણે જે સેવા કરીએ છીએ, તે લોકોને રાજી કરવા ક્યાં કરીએ છીએ? આપણે ભગવાનને રાજી કરવા સેવા કરીએ છીએ. કોઈ વખાણે કે ન વખાણે પણ ભગવાન આપણી સેવાની નોંધ લે જ છે. સેવા છોડવી નહીં, નિઃસ્વાર્થભાવે કરવી.'

સંતોને અપાયેલું આ માર્ગદર્શન સ્વામીશ્રીના અંતરનું પ્રતિબિંબ હતું. તેઓ ક્યારેય લોકસેવાનાં કાર્યમાં કોઈની ટીકા-ટીપ્પણીથી પાછા ન પડતા અને પ્રશંસાથી ફૂલાતા પણ નહીં. ખરું જોતાં આ જ સમાજસેવાની યોગ્ય પદ્ધતિ છે. સેવાનો સંતોષ પામવો હોય તો ભગવાનને માથે રાખી સેવા કરવી.

પગાર પહેલા કે પછી?

કથાબિંદુ

મુનિ રાજ્યપુણ્ય વિજય

'ઓફિસના માણસોને તમે કેવી રીતે સાચવો છો?' એ વાત પ્રવચનમાં ચાલતી હતી. તેમાં શ્રેષ્ઠીઓને પ્રશ્ન પૂછ્યો, 'તમારા સ્ટાફને પગાર સમયસર ચૂકવો છો કે થોડું મોડું થાય છે?' એક ભક્તે કહ્યું : 'સાહેબ, 4-5 દિવસ મોડો આપીએ તો શું ફરક પડે?' મેં કહ્યું : 'આ તમારું અનુમાન છે. વાસ્તવિકતા સ્ટાફને પૂછી ખરી?'

'ના.' મેં સૂક્ષ્મતાથી સમજાવ્યું : 'તમને લાગે છે કે એમને ફરક પડતો નથી, તો તમનેય 10-15 હજારમાં ફરક પડવાનો નથી. તેઓ મધ્યમ વર્ગીય છે. તેમના માટે આ ફિગર મોટો છે. શક્ય છે કે વહેલો મળે, તો તેમને મોટો ફરક પડી શકે.'

પ્રવચનમાં આ વાત થઈ, ત્યારે મહિનો પૂર્ણ થવામાં 2-3 દિવસ બાકી હતા. એક શેઠે 2-3 દિવસ પૂર્વે પગાર આપવાની જાહેરાત ઓફિસમાં કરી. આ સાંભળી એક યુવાન રડવા લાગ્યો. શેઠે કારણ પૂછ્યું તો તેણે કહ્યું : 'પિતાજીનું સ્વાસ્થ્ય કોઈ કારણે કથળી ગયું છે. પૈસા ડિપોઝિટ કર્યા વિના હોસ્પિટલવાળા દાખલ ન કરે. આજે તમે પગાર આપશો, તો એમને દાખલ કરી શકીશ.'

આ વાત કરતાં શેઠ સ્વયં રડી ગયા અને પોતાનો નિર્ણય જણાવ્યો : 'હવે સૌનો પગાર 5 દિવસ પહેલાં જ આપીશ, કદાચ 5 દિવસ પહેલાં ન આપી શકું, તો એક પણ દિવસ મોડું નહીં કરું.'

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



બંધ આંખે પ્રભુના દર્શન થાય અને બંધ આંખે હૃદયમાં જે દેખાય એ જ સાચું દર્શન

આપણી આંખ જે જુએ છે તે સઘળું ભૌતિક છે. અરીસામાં પડતું પ્રતિબિંબ હકીકતે કોઇનો ચહેરો નથી. પળના પ્રતિબિંબ છે. ઈશ્વરને નિહાળવા માટે ચર્મ ચક્ષુ ખપમાં નહીં લાગે. તેના માટે તો જોઈશે આંતરચક્ષુ. આ આંતરચક્ષુ ખુલ્લી આંખે નહીં, બંધ આંખે પ્રભુના દર્શન કરાવશે. એક સૂફી સંતે તેથી તો લખ્યું કે –

દિલ કે આયને મેં હૈ તસવીરે યાર,
જબ જરા ગરદન ઝુકાઈ દેખ લી.

તેથી તો મંદિરમાં જતાં ભક્તની આંખ બંધ થઇ જતી હોય છે. પ્રેમની ઉત્કટ ક્ષણોમાં ભક્તની આંખો ક્યારે બીડાઇ જાય અને ક્યારે ભગવાનની આરાધનામાં લીન થઇ જવાય તેની જાણે ખબર જ નથી પડતી.

એવી રીતે સાધુ-સંતો આંખ બંધ કરીને ઈશ્વરની આરાધનામાં લીન થતા હોય છે. કોઈને લાગે કે આ બંધ આંખે એમને દેખાતું શું હશે? પણ હકીકતમાં ઉઘાડી આંખે જે દેખાય છે, એ સઘળો માયાનો પ્રપંચ છે. માયાનો ખેલ છે. બંધ આંખે આપણા હૃદયમાં જે દેખાય એ જ સાચું દર્શન. ધ્યાન કરતી વખતે સાધકે બંધ આંખે પોતાના હૃદયમાં જોવાનું હોય છે.

દિલ કે આયને મેં તસવીર યાર કી,
જબ જરા ગરદન ઝુકાઈ, દેખ લી.

આમ દિલના અરીસામાં હૃદયના આકાશમાં પ્રભુનું દર્શન કરવાનું છે. ગામડામાં આજે પણ એવો રિવાજ છે કે એક વ્યક્તિ ચાલી જતી હોય અને સામે છેડેથી બીજી વ્યક્તિ આવી મળે તો બોલે, 'રામ.. રામ' તેનો ભાવ એટલો જ છે કે તમારા હૃદયમાં બેઠેલા ભગવાનને પ્રણામ. તો સામેવાળી વ્યક્તિ પણ એમ જ કહેશે કે તમારા હૃદયમાં બેઠેલા રામને મારા નમન.

જાપાનમાં પણ આવો જ કોઈ રિવાજ હોવાનું એક સ્થળે વાંચ્યું હતું. ત્યાં એકબીજાને મળે ત્યારે જાપાની ભાષામાં 'ફયાલારે' એમ કહેવાય છે. 'ફયાલારે'નો અર્થ થાય 'પ્રભુ પધાર્યા'. આવી રીતે જ્યારે સામેવાળાના હૃદયમાં બેઠેલા ભગવાનનાં દર્શન આપણને થશે, ત્યારે વેર નહીં થાય, વંદન થશે, નમસ્કાર થશે. નમસ્કાર દ્વારા આપણે આપણી જાતને સમર્પિત કરીએ છીએ.

'નમ' તેનું ટૂંકું રૂપ એટલે નમાંથી છેલ્લો 'મ' નીકળી જતાં 'નમઃ' થશે. અબ મેરા કુછ નહીં હૈ. ન મૈં બચા, ન મેરા બચા. બસ તૂ હૈ ઔર સબ કુછ તેરા હૈ.' માયાની પકડમાંથી મનુષ્યે બહાર નીકળવું રહ્યું. માયા એટલે શું? તે રામાયણના અરણ્યકાંડમાં તુલસીદાસજી રામજીના મોઢે સમજાવતાં લખે છે :

મૈં અરુ મોર તોર હૈં માયા
જેહિં બસ કીન્હેં જીવ નિકાયા॥
ગો ગોચર જહઁ લિંગ મન જાઈ।
સો સબ માયા જાનેહુ ભાઈ॥ (અર. 14/1-2)

'મારું' અને 'તારું' એવા જે ભેદ છે, એ જ માયા છે. લક્ષ્મણને શ્રી રામજી માયા અંગે સમજાવતાં કહે છે કે, 'હું', 'મારું' અને 'તારું' આ જે ભેદ છે એ જ માયા છે. જ્યાં હું છે ત્યાં મારું હશે અને જ્યાં મારું હશે ત્યાં તારું હશે. આ પ્રકારનો જે ભેદ છે એ અહંકારના પાયા પર ઊભેલો છે અને અહંકાર અજ્ઞાનને કારણે ટકેલો છે. આવો ભેદ કરાવે તે માયા છે.

નમસ્કારમાં ભાવ એવો છે કે, 'નમસ્ ન મૈં હૂં, ન કુછ મેરા હૈ. તમે તમારા શરીર ઉપર પણ એવો દાવો કરી શકતા નથી કે, 'આ શરીર મારું છે.' જો શરીર પોતાનું હોત, તો મૃત્યુ પછી મનુષ્ય શરીરને સાથે લઇ



જાત, પણ એવું થતું નથી. પ્રાણ નીકળી જાય છે અને પિંજર પડ્યું રહે છે.

'ઊડી ગયો હંસ પિંજર પડી તો રહ્યું...'

શરીર પર ભી તુમ દાવા નહીં કર સકતે કી યહ મેરા હૈ. આપણે એમ કહીએ કે, 'આ શરીર તો મારું છે.' તો પંચમહાભૂત આવીને એમ કહે કે,

'રહેવા દે... એ અમારું છે.'
છિતિ જલ પાવક ગગન સમીરા
પંચ રિચત યહ અધમ સરીરા॥ (કિ. 10/4)

રાખના બધાં રમકડાં

આકાશ, વાયુ, જલ, તેજ અને પૃથ્વી એમ પાંચ મહાભૂતનું બનેલું આ પૂતળું છે અને તેથી જીવ શરીર ઉપર પણ દાવો સિદ્ધ કરી શકે એમ નથી. મકાન હોય, ખેતર હોય, દુકાન હોય, એ બધું તમારા નામે બોલતું હોય એનો આખો દસ્તાવેજ પણ હોય, પણ શરીર તમારા નામે બોલે? આપણે તો એમાં ભાડે રહીએ છીએ. એનો માલિક કોઇ બીજો જ છે.

એટલા માટે કવિએ ગાયું :

'જીવ શાને છે ફરે છે ગુમાનમાં,
તારે રહેવું ભાડાનાં મકાનમાં.
જુઓ એનો રુઆબ, જાણે મોટો નવાબ.

રહેવું ભાડાનાં મકાનમાં અને રુઆબ જુઓ તો નવાબ જેવો! શરીર પર ભી હમ દાવા નહીં કર સકતે તો ફિર ન મૈં રહેગા, તો ન મેરા રહેગા, મેરા નહીં રહેગા તો ફિર તેરા ભી નહીં રહેગા. મૈં, મેરા ઔર તેરા - ઈસસે મુક્ત હો ગયે, તો સમજ લેના કિ આપ માયા સે મુક્ત હો ગયે. માટે નમસ્કાર કરો.

હા, એ સાચું કે, આંતરચક્ષુથી આપણને પ્રભુદર્શન શક્ય બને. બીજી તરફ આધ્યાત્મિક માર્ગે સરળતાથી આગળ વધી શકાય એ માટે જરૂરી બાહ્ય પરિબળનો પણ સહારો પ્રાપ્ત કરીએ.

મંદિરમાં જતાં પૂર્વે પગથિયાંના પથ્થરને ભક્તો પહેલાં પગે લાગે છે, કેમ કે આવા એક પથ્થરમાંથી જ ભગવાનની મૂર્તિ બની છે. આ પથ્થરની મૂર્તિમાં પ્રાણ-પ્રતિષ્ઠા થઇ, એ પરમેશ્વર થયા, મંદિરમાં પૂજાયા. એ છે કે મૂર્તિ ઘડનારના ટાંકણા તેણે ખાધા છે. હા, તપસ્યા વગર મૂર્તિ આમ ને આમ પૂજાય નહીં. સાધુ-સંતો જગતમાં પૂજાય છે.

તેમણે ટાંકણા ખાધા છે. છીણી અને હથોડાના ઘા ખમ્યા છે. તેથી મંદિરમાં પ્રવેશતાં પહેલાં પગથિયાંને નમસ્કાર કરવાનાં હોય છે.

સંસારમાં જે લોકો પગથિયાં બનીને ઊભા હોય, પછી એ પગથિયું સેવાના રૂપે કોઇકને મદદ કરવાનું બન્યું હોય, કોઈને ટેકો આપવાનું બન્યું હોય, કોઇને તકલીફના સમયમાં ખપમાં લાગ્યા હોય. એવા માણસને પહેલાં પગે લાગવું જોઇએ. એના ઋણને હંમેશાં યાદ કરવું જોઇએ.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



વર્તન વાતો કરે



મોટે ભાગે માણસમાત્રનો બીજાને સમજાવવા-સુધારવાનો આગ્રહ સતત રહ્યા કરે છે. આ માટે તે સતત શસ્ત્ર ઉપાડે છે – શબ્દોનું. 'તને કેટલી વખત કહેવાનું?' 'તું સમજતો કેમ નથી?' 'આ છેલ્લી વાર કહું છું.' આવા શબ્દપ્રયોગો દ્વારા આપણે સામેવાળી વ્યક્તિ પર વારે-વારે હુમલા બોલાવીએ છીએ, પણ પરિણામ આપણી અપેક્ષા સુધી પહોંચતું નથી. જ્યારે મહાપુરુષો આવા કોઈ પણ શસ્ત્રનો પ્રયોગ કર્યા વિના કેવળ પોતાના વર્તન દ્વારા જ કહેવાનું ઘણુંબધું કહી દે છે.

ભારતમાં અંગ્રેજોનું રાજ હતું, તે સમયે અમદાવાદમાં મદદનીશ ન્યાયાધીશ તરીકે અંગ્રેજ અફસર કિન્લોક ફાર્બસની નિમણુક થઈ. આ અંગ્રેજે અમદાવાદમાં આવીને કવીશ્વર દલપતરામની પાસે ગુજરાતી ભાષા શીખવી શરૂ કરી. સામે પક્ષે, તેઓ કવીશ્વરને ગુજરાતી સાહિત્યમાં રચના કરવા પ્રોત્સાહિત કરતા. ધીમે ધીમે બંને વચ્ચે મિત્રતા વધવા લાગી.

એક વખત આ બંને મહાપુરુષોને સુરતના નવાબ સાહેબે મિજલસમાં આવવાનું આમંત્રણ પાઠવ્યું. ફાર્બસે દલપતરામને કહ્યું કે, 'મિજલસમાં આપણે બંને સાથે જઈશું.' પણ દલપતરામે કહ્યું કે, 'ત્યાં તો બીભત્સ નાચ-ગાન હોય. હું તે જોતો નથી.' ફાર્બસ ઊંડા ઊતરી ગયા. પોતાના હૃદયમાં રહેલો સદાચારનો હંસલો જાણે ઢંઢોળાયો. તેઓએ પણ મિજલસમાં ક્યારેય ન જવાનો નિર્ણય લીધો. આ છે વર્તનની અસર. ગુજરાતી શબ્દકોશના કયા શબ્દો એવા છે, જે એક અંગ્રેજને મહેફિલમાં જતાં રોકી શક્યા હોત?

આપણે આપણા વિચારો સાથે લાગણીથી એટલા જોડાઈ જઈએ છીએ કે, ગમે તેમ કરીને આપણી વાત સામેવાળાના મનમાં ઠસાવવાના પ્રયત્નો કરીએ છીએ. આ માટે શરૂ થયેલો સહજ વાર્તાલાપ ક્યારેક ઉગ્ર ચર્ચા સુધી પહોંચે છે. એની સામે શુદ્ધ આશયથી થયેલું નાનું એવું વર્તન પણ કેટલી સહજતાથી સામેવાળાના હૃદયમાં સત્પ્રેરણાનું ઝરણું વહાવી શકે છે!?

ભગવાન સ્વામિનારાયણે પણ પોતાના પરમહંસોને શીખ આપી હતી કે, 'તમે વર્તન શુદ્ધ રાખજો. તમારું વર્તન વાતું કરશે.' ભગવાન સ્વામિનારાયણના વચનોને જીવનારા પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં પણ આ ગુણ ઊડીને આંખે વળગે એવો રહ્યો છે.

પ્રસંગ છે સન 1967ની સાલનો. સૌરાષ્ટ્રના ગોંડલમાં ગુરુ યોગીજી મહારાજના 75મા જન્મજયંતી મહોત્સવની પૂર્વતૈયારીની સેવામાં પ્રમુખસ્વામી મહારાજ જોડાયા હતા. એક વખત બન્યું એવું કે તેઓ નિર્માણ પામી રહેલી હોસ્ટેલનું બાંધકામ જોવા નીકળ્યા. સમૈયામાં આ ભવન પણ ઉપયોગમાં લેવાનું હોવાથી બાંધકામ સમયસર પૂરું થાય એ આવશ્યક હતું. ભવનના બીજા માળે આવેલા પ્રાર્થનાખંડમાં લાદી બેસાડવાનું કામ મુંબઈના લવજીભાઈ સંભાળી રહેલા. પ્રમુખસ્વામી મહારાજે તેઓને પૂછ્યું : 'કામ કેવું ચાલે છે?'

ત્યારે તેઓએ કહ્યું, 'છેલ્લા ચાર-પાંચ દિવસોથી લાદીઓ ઉપર ચડાવીને મજૂરોનાં હાથમાં છાલાં પડી ગયાં છે. તેથી બધા મજૂરો કામ અટકાવીને બેઠા છે. લાદીઓ ઉપર ચડાવવાની ના પાડે છે.'

પ્રમુખસ્વામી મહારાજે તરત જ કહ્યું, 'ચાલો, અમે આવીએ છીએ.' કહી તેઓએ લાદીઓની થપ્પી પોતાના માથા પર ઉપાડી અને બીજે માળે જઈને ઉતારી!

પ્રમુખસ્વામી મહારાજ કોઈ પણ પ્રકારની સેવા કરવા હંમેશાં તત્પર રહેતા. મોવડી મજૂર બને એ દૃશ્ય સગી આંખે જોવા છતાં તેઓના મનમાં ઊતરતું નહોતું! આ નિરપેક્ષ સેવાની અસર એ થઈ કે તેઓને જોઈને અન્ય ભક્તો પણ સેવાસ્થળે દોડી આવ્યા અને લાદીઓ ઉપર ચડાવવા લાગ્યા.

આપણા વર્તનનો અવાજ એટલો મોટો હોય કે વાણીનો ધ્વનિ એમાં દબાઈ જાય છે. શબ્દોનું સામ્રાજ્ય વર્તન સામે વામણું પુરવાર થાય છે. આ મર્મ સમજનારનું જીવન કેટલું સરળ બની રહે?

એકતાના અભાવનું ફળ

કથાબિંદુ

મુનિ રાજ્યપુણ્ય વિજય

પાણીપતનું યુદ્ધ ચાલુ હતું. અહમદશાહે મરાઠાઓ સામે મોરચો માંડ્યો હતો. કોઈ પણ રીતે કિલ્લેબંધી તોડીને તેમને પરાસ્ત કરવા હતા. એક દિવસ સાંજે અહમદશાહ ફરવા નીકળ્યા. તેમણે જોયું, મરાઠાઓની છાવણીમાંથી કંઈકેટલીય જગ્યાએથી ધુમાડા નીકળતા હતા.

તેમણે સેનાપતિને પૂછ્યું : 'આ લોકો જાતે જ પોતાની 'ચિતા' જલાવતા હોય, તો આપણે યુદ્ધ કરવાની જરૂર ન પડે!' 'ના, જહાંપનાહ, એમ જાતે બળીને મરે, એના કરતાં આપણી સામે હાર ન સ્વીકારે! તેઓમાં અલગ અલગ જાતિઓ છે. પરસ્પર ઊંચ-નીચના ભેદભાવને કારણે બીજાની રસોઈને તેઓ હાથ પણ ન અડાડે. એટલે અલગ અલગ રસોઈના આ ધુમાડા દેખાય છે.'

અહમદશાહ ખુશ થયા, કારણ કે યુદ્ધમાં બંને પક્ષમાંથી એકમાં એકતા ન હોય, તો ત્યાં દ્વેષ હોય. આથી તે પક્ષ ક્યારેય જીતી ન શકે. અલ્પ દિવસો પછી એવું જ થયું. 'યુદ્ધ જીતવું' એ વાતને લક્ષ્યમાં રાખવાને બદલે 'જીતનો યશ કોને મળશે?' એ માટે પરસ્પર ટાંટીયા ખેંચાવા લાગ્યા, એકબીજા પ્રત્યે વૈમનસ્ય વધવા લાગ્યું. આના પ્રતિફળ રૂપે મરાઠાઓને હારનો ઉપહાર સ્વીકાર કરવો પડ્યો.

ભાગવત ચિંતન



ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ગુરુકૃપા જીવનનાં દ્વંદ્વોમાં સાચો માર્ગ દર્શાવે છે

જીવન દ્વંદ્વોનો સમૂહ છે. પાપ-પુણ્ય, સુખ-દુઃખ, શાંતિ-અશાંતિ, આ બધાંમાં જો આપણે ગુરુકૃપાથી ધર્મના માર્ગે ચાલીએ તો, વિવેકની પ્રાપ્તિ થાય છે. જે આપણને સાચો માર્ગ દર્શાવે છે.

આ સંદર્ભમાં શ્રીમદ્ ભાગવતમાં આત્મદેવ બ્રાહ્મણની કથા છે. આ બ્રાહ્મણને સંસારમાં દુઃખ આવ્યું એથી એને વૈરાગ્ય થયો. તો સૌપ્રથમ વાત છે સરળ બનવું. સરળ થવું એ જ સૌથી કઠણ વાત છે. જ્યારે એ સ્થિતિમાં શ્રીમદ્ ભાગવત પરમપિતા પરમાત્મા જે સુખ, શાંતિ અને આનંદ સ્વરૂપ છે, જે આનંદ સિંધુ છે, જે સુખરાશિ છે, જે સ્વયં શાંત સ્વરૂપ છે, એને કેમ પ્રાપ્ત કરવા તેનો ઉપાય બતાવે છે. આમ શાંતિ માટે વિશેષ કશું કરવાનું રહેતું નથી. મનુષ્ય જે કરે છે એ બંધ કરે તો શાંતિ જ છે.

પાણી ગરમ કરવું હોય તો પ્રયાસ કરવો પડે. ચૂલે ચડાવવું પડે, નીચે આગ પેટાવવી પડે, પણ ઠંડું તો એની મેળે જ થઈ જાય કેમ કે શીતળતા એ જળનું સ્વરૂપ છે. ગરમ પાણીને ઠંડું કરવું હોય તો એને માટે એક જ ઉપાય છે કે ચૂલાની આગને બુઝાવી દેવી. મનુષ્ય પાપના તાપને પોતાની નીચે પેટાવે છે અને એના ઉપર બેઠા પછી ઊકળે નહીં તો થાય શું? અને જ્યાં હૈયાઉકાળો હોય, ત્યાં શાંતિ ક્યાંથી ટકવાની? તેથી મને કોઈ જ્યારે પૂછે કે, 'બાપજી, શાંતિ મળતી નથી.' ત્યારે હું કહું છું કે, 'તાપ બુઝાવી દો. પાણી એની મેળે ઠંડુ થઈ જશે.'

માણસ પાપના તાપને બુઝાવવાની વાત તો બાજુએ રહી, એમાં ઈંધણ નાખે છે. ગરમ પાણીને ઠંડું કરવા માટે એ શું ઉપાય કરે છે? દેગડામાં બરફની પાટો નાખે. ગરમ પાણીમાં બરફ પધરાવે. પાપનો તાપ બુઝાવવાને બદલે પુણ્યનો બરફ નાખે. પૂજાપાઠ કરે, દાન કરે, માળા કરે અને એમ થાય કે આનાથી શાંતિ મળશે. થોડી વાર બરફ નાખે એટલે દેગડાની અંદર જે પાણી હોય એ થોડી વાર ઠંડું થાય ખરું. પહેલાં હોય એના કરતાં પણ વધારે ઠંડું થાય કારણ કે આખરે બરફ છે. એ પોતાની કંઈક શક્તિ તો બતાવે ને? પુણ્યનો બરફ પીગળી ગયો. એટલે ચૂલે ચડાવ્યા પહેલાં પાણી હોય એનાં કરતાં વધારે ઠંડું થાય.

એમ મનુષ્યને માળા કે પૂજાપાઠ કરવાથી શરૂઆતમાં તો હૈયા ઉકળાટમાં થોડી શાંતિ લાગે, મજા પણ આવે અને વિચારે કે જ્યારથી માળા કરું છું, દાન કરું છું, પૂજાપાઠ કરું છું, ત્યારથી શાંતિ જણાય છે. પછી શું થાય છે? ગરમ પાણી થઈ જાય ને પાણી પછી ઊકળવા માંડે, કારણ નીચે એવો ને એવો તાપ છે.

એટલે શરૂઆતમાં જે પૂજા, પાઠ, જપ, તપ બધું શાંતિ આપતું હતું, એ પછીથી ઊલટાનો ઉકળાટ વધારે. ઘણા માણસોનો એવો અનુભવ છે કે શરૂઆતમાં જ્યારે માળા કરતા હતા ત્યારે બહુ મજા આવતી હતી, પણ હવે કોને ખબર? દોઢ વર્ષ પછી માળા પણ શાંતિ આપતી નથી. આવા લોકો પાછા પૂછે કે એનું કારણ શું? એનું કારણ એટલું કે પુણ્યનો બરફ હતો એ પીગળી ગયો, પાણી થઈ ગયો. નીચે તાપ એવો ને એવો છે. એનાથી પાણી ઊકળવા માંડ્યું છે. એમાં બરફ નાખવાની જરૂર નહોતી. જરૂર



હતી નીચેનો તાપ બુઝાવી દેવાની.

પુણ્ય નહીં કરો તો ચાલશે, પાપ બંધ કરો. દાન ન દઈએ તો ચાલશે, ચોરીના ધંધા બંધ કરો. તીર્થયાત્રા નહીં કરો તો ચાલશે, અનીતિથી કમાવાનું બંધ કરો. આટલી સીધીસાદી વાત જો સમજાય તો શાંતિ મળે.

વેપારી ભેળસેળીયા તેલ વેચી કરોડપતિ થાય અને એ કમાયેલા પૈસામાંથી હોસ્પિટલ બનાવે, ફેક્ટરીમાં બનાવટી દવાઓ બનાવી એના પૈસામાંથી જો હોસ્પિટલ બનાવે, ત્યારે નક્કી માનજો કે આપણે કોને છેતરીએ છીએ? સમાજ છેતરાય તો ભલે છેતરાય, ઈશ્વર નથી છેતરાતો.

દાણચોરીથી કમાયેલા પૈસામાંથી બંધાયેલા આરસ-પહાણના મંદિરમાં ભગવાનની મૂર્તિ ભલે હોય, ભગવાન ન હોય. એના કરતાં નીતિથી પરસેવો પાડી રોટલો રળનારને આંગણે કોઈ ભૂખ્યો આવે, તો અડધો રોટલો અંબાવી દેનાર ગરીબના ઝૂંપડામાં ભગવાન સામે ચાલીને જાય. પુણ્ય કરવા કરતાં વધારે મહત્ત્વનું છે, પાપથી બચવું.

એક ચિંતકે કહ્યું છે કે બે યુદ્ધની તૈયારી વચ્ચેનો જે સમયગાળો છે, એનું નામ શાંતિ છે. મનુષ્ય જાતિને યુદ્ધ કર્યા વિના ચાલતું નથી. યુદ્ધ થતાં નથી ત્યારે શું કરે છે? જ્યારે મનુષ્ય જાતિ યુદ્ધ નથી કરતી ત્યારે યુદ્ધની તૈયારીમાં હોય છે. ઉપર-ઉપરથી એ શાંતિ લાગે, પણ શાંતિનો સમય નથી. અંદરખાનેથી યુદ્ધની તૈયારીઓ ચાલતી હોય છે. ફેક્ટરીમાં મોટા-મોટા ઘાતક શસ્ત્રો બનતાં હોય છે. વિકસિત રાષ્ટ્રો પોતાનાં અર્થતંત્રને મજબૂત કરવા અવિકસિત રાષ્ટ્રોને શસ્ત્રો વેચે છે.

પોતાના દેશના શસ્ત્રો વેચાતા જાય એમ ખપત થઈ જાય. એટલા માટે એકબીજા દેશોને યુદ્ધ કરવાની પોલીસી રાષ્ટ્રોને કોઠે પડી ગઈ છે. એ ઝઘડવા માગતા દેશમાંથી એક વાંસો થાબડી પાછો પાનો ચડાવે, 'તમારે તમારા દુશ્મન દેશો સામે લડવા શસ્ત્રો જોઈએ, તો અમે પૂરા પાડીશુ.' વિશ્વશાંતિની વાતો કરી કામ યુદ્ધ કરવાનું કરતાં હોય છે. કૌન શાંતિ કી બાત કરતા હૈ? કિસ શાંતિ કી બાત કર રહે હો? તો ઉસકે લિએ કુછ ભી નહીં કરના હૈ, જો કર રહે હો વહ બંધ કરો. આપણું સ્વરૂપ છે શાંતિ. એ સ્વરૂપથી આપણે દૂર જઈ રહ્યા છીએ. એટલે અશાંત છીએ.

આમ, જીવનમાં ગુરુની કૃપાથી જીવનમાં જે પણ દ્વંદ્વો આવે, તેમાં સાચો માર્ગ દર્શાવે છે.

જીવન માંગલ્ય



સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

પીઢતાનો આદર્શ પ્રમુખસ્વામી મહારાજ

તારીખ 24/9/2002નો દિવસ. અક્ષરધામ આતંકવાદીઓના હુમલાથી ઘેરાયું હતું. સાંજે 04:30 વાગ્યે સારંગપુરમાં બિરાજમાન સ્વામીશ્રીને ફોન દ્વારા સમાચાર મળ્યા. એ વખતે તેઓ કચ્છમાં સંસ્થા દ્વારા ચાલી રહેલા ભૂકંપ રાહત પુનર્વસન પ્રવૃત્તિની એક મીટિંગમાં વ્યસ્ત હતા. જરા પણ સ્વસ્થતા ગુમાવ્યા સિવાય સૌને કહ્યું, 'અક્ષરધામમાં આતંકવાદીઓ આવ્યા છે. ઘણી હિંસા થઈ છે, પણ આપણે સૌ ઠાકોરજીને પ્રાર્થના કરીએ કે હવે વધુ હિંસા ન થાય, ખુવારી ન થાય અને તેઓ પકડાઈ જાય.' આટલું કહીને તેઓ તરત પ્રાર્થનામાં પરોવાઈ ગયા. સ્વામીશ્રીને મન પ્રાર્થના જેવું કોઈ મોટું બળ નથી અને પ્રાર્થના સરખો કોઈ મોટો ઈલાજ નથી. યોગાનુયોગ એ સમયે સારંગપુરમાં પ્રમુખસ્વામી મહારાજનાં ગુરુ શાસ્ત્રીજી મહારાજના શ્રાદ્ધ નિમિત્તે આગલા દિવસે પધારી ચૂકેલા અન્ય 250થી વધુ સંતો અને 2000થી વધુ હરિભક્તો ઉપસ્થિત હતા. તે સૌને સ્વામીશ્રીએ આજ્ઞા કરી : 'સૌ પ્રાર્થના કરો.' સ્વામીજીના આદેશે સંસ્થાના દેશ-વિદેશના સેંકડો મંદિરોમાં ધૂન, પ્રાર્થના શરૂ કરી દેવામાં આવી હતી.

રાષ્ટ્રપતિ તેમ જ દેશ-વિદેશના અનેક મહાનુભાવોના સહાનુભૂતિ દર્શાવતા ફોન આવવા લાગ્યા હતા. સ્વામીશ્રી ગાંધીનગરમાં ચાલી રહેલી કાર્યવાહી સાથે ફોન દ્વારા સતત સંપર્કમાં હતા. રાતના નવ વાગ્યા પહેલાં મલ્ટિમીડિયા થિયેટર સિવાય લગભગ બધાં દર્શનાર્થીઓને બહાર લાવી દેવાયાં હતાં. ત્યાર બાદ આતંકવાદીઓના



અંધાધૂંધ ગોળીબારને લીધે મોડી રાત્રે નિર્ણય લેવામાં આવ્યો કે મલ્ટિમીડિયા થિયેટરમાં રોકવામાં આવેલા દર્શનાર્થીઓને રાત્રિભર ત્યાં જ સલામત રીતે રાખવા. સ્વામીશ્રીને મોડી રાત્રે ફોન પર આ સમાચાર આપવામાં આવ્યા, ત્યારે તેમણે એ સૌ માટે ચા-નાસ્તો તથા પીવાના પાણીની વ્યવસ્થા સાથે-સાથે વૃદ્ધો અને બાળકો તેમ જ અન્ય સૌ માટે બાથરૂમ-જાજરૂની વ્યવસ્થા તાત્કાલિક ધોરણે કરાવી.

બીજી તરફ સ્વામીશ્રી એ વિષયે પણ સતત સતર્ક હતા કે અક્ષરધામ પરના હુમલાનો પ્રતિસાદ પુનઃપ્રતિહિંસામાં ન પરિણમવો જોઈએ. સ્વામીશ્રી આખી રાત જાગતા જ રહ્યા હતા. રાત્રે 12.30 વાગ્યે તેમને ફોન દ્વારા સમાચાર મળ્યા કે, નવયુવાન સેવાભાવી સંત પરમેશ્વર સ્વામી આતંકવાદીઓની ગોળીઓનો ભોગ બન્યા છે, ત્યારે સ્વામીશ્રીએ ઘણો જ ખેદ અનુભવ્યો, પરંતુ સાથે-સાથે સ્વસ્થ મને તેમણે એ પણ વિચારી લીધું કે, ધર્મસ્થાન પરના હુમલાથી આઘાત પામેલા સમાજને સવારે એ ખબર પડશે કે એક ભગવાધારી સંત પણ આતંકવાદીઓનો ભોગ બન્યા છે, ત્યારે લોકોની લાગણી ખૂબ દુભાશે, સૌનો આક્રોશ અને કગણો વધી જશે અને પરિણામે કદાચ ફરીથી ગુજરાત અશાંતિની આગમાં ધકેલાઈ જશે. આથી તાત્કાલિક ફોન કરીને તેમણે તમામ વર્તમાનપત્રોમાં અને ટીવી માધ્યમોમાં શાંતિની અપીલ કરાવડાવી. એનો અદ્ભુત પ્રભાવ રહ્યો. સ્વામીશ્રીની શાંતિની અપીલનો સુખદ પ્રતિસાદ સાંપડ્યો હતો. અમદાવાદ જેવા સંવેદનશીલ શહેરથી લઈને સમગ્ર ભારતમાં કોઈ નોંધપાત્ર હિંસાની ઘટના ન બની! સૌએ અદ્ભુત સંયમ દાખવ્યો. વિશ્વના અનેક ચિંતકોએ તેનો યશ સ્વામીશ્રીને આપ્યો.

સંસ્થાના સંચાલનમાં પણ અનેક પ્રશ્નો, આપત્તિઓ વચ્ચે નિર્ણયોની ત્વરિતતા દાખવીને, મનની સ્થિરતા જાળવવાનો એમનો અભિગમ અનન્ય રહ્યો છે. આપત્તિઓમાં ચિત્તને સ્થિર રાખીને કામને વેગ આપવાની તેમની લાક્ષણિકતા ખરેખર અનુકરણીય છે. વિકટ સંજોગોમાં તેઓ સૌને કહેતા : 'પ્રાર્થના કરો. મુશ્કેલી આવે ત્યારે પ્રાર્થના કરવાથી ધીરજ રહે અને માર્ગ પણ જડે.' તેઓની પ્રગાઢ સ્થિરતા અને પ્રગલ્લભતા વિશ્વને કેવો મહાન પદાર્થપાઠ આપી જાય છે.

સનાતન વૈદિક ધર્મના જ્યોતિર્ધર અને આસ્થાશૂન્ય હૃદયોમાં ઈશ્વરશ્રદ્ધાનો પ્રાણ ફૂંકનાર, આશાની જ્યોતિ પ્રગટાવનાર ગુજરાતના પનોતાપુત્ર અને પરમાત્માના લાડકવાયા સંત પ્રમુખસ્વામી મહારાજના ચરણોમાં તેઓના 102મા પ્રાગટ્ય દિને કોટી કોટી વંદન.

ઉદારતાની પરાકાષ્ઠા

કથાબિંદુ

મુનિ રાજ્યપુણ્ય વિજય

અમદાવાદના શ્રેષ્ઠી હઠીસિંહભાઈએ વેરાવળથી પ્રભાસ પાટણના પદયાત્રા સંઘનો લાભ લીધો. સંઘ આગળ વધતાં ચોરવાડગામમાં આવ્યો. એ દિવસે હઠીસિંહભાઈએ જાહેરાત કરી કે આજનું સ્વામીવાત્સલ્ય શેઠ મોતીશા તરફથી છે. જોકે મોતીશા શેઠને ખ્યાલ પણ નથી અને કલ્યાણ મિત્રે આ જાહેરાત કરી. કેટલાક સમય પછી આ સમાચાર મોતીશા શેઠને મળ્યા. હઠીસિંહભાઈની નિઃસ્વાર્થ ઉદારતાથી તેઓ ગદ્ગદ થઈ ગયા. મોતીશા શેઠ પણ કંઈ કમ ન હતા. હઠીસિંહભાઈએ ભલે ઉદારતા રાખી, પણ તે ઉદારતાનો યશ એમ જ લઈ લે, તેવો તેમનો સ્વભાવ ન હતો.

અલ્પ દિવસો પછી મોતીશા શેઠે હઠીસિંહભાઈનાં નામે એક વહાણ વેપાર માટે વિદેશ મોકલ્યું અને સ્વયમેવ નિર્ણય કર્યો કે આનો જે પણ નફો થાય, તે મારે હઠીસિંહભાઈને આપી દેવો. કેટલાક મહિના પછી વહાણ પાછું આવ્યું, ત્યારે તે જમાનાના સાડા ત્રણ લાખ રૂપિયાનો નફો થયો.

બીજા દિવસે આ રકમ લઈ મોતીશા શેઠ હઠીસિંહભાઈને આપવા આવ્યા. હઠીસિંહભાઈએ નફો લેવાની સ્પષ્ટ ના પાડતાં પ્રેમથી ઠપકો આપતાં કહ્યું : 'મારી સંમતિ વિના મારા નામે વેપાર તમે કઈ રીતે કરી શકો?' મોતીશા શેઠે ત્વરિત ઉત્તર આપ્યો : 'મારી સંમતિ વિના જો મારા નામે ચોરવાડમાં સ્વામીવાત્સલ્ય થઈ શકે, તો તમારી સંમતિ વિના તમારા નામે હું વેપાર કેમ ન કરી શકું?'

ભાગવત ચિંતન



ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ધર્મ સંસારમાં જાગવાનું કહે છે, ભાગવાનું નહી

જીવન પ્રભુનો પ્રસાદ છે. ધર્મને સંસાર વિરોધી માનવાની જે ભૂલભરેલી પરંપરા ઊભી થઈ છે તેને આપણે તિલાંજલિ આપવી પડશે. ધર્મને સંસાર એનો વિરોધી ન માને અને સંસારને ધર્મ એનો વિરોધી ન સમજો એ જરૂરી છે. પાણીમાં પેદા થયેલ કોઈ છોડ પાણીને જો એનો વિરોધી સમજવા માંડે કે કોઈ પથ્થરની શીલા એના ઘડનારા શિલ્પીને એનો દુશ્મન સમજવા માંડે તો એક ગૂંચવણ ઊભી થશે.

પથ્થરની શિલા શિલ્પકારને એના દુશ્મનના રૂપે જોશે તો તેના પ્રતિ તે પ્રેમપૂર્વક સમર્પિત નહીં થઈ શકે અને એ જ્યાં સુધી એ પથ્થરની શિલા શિલ્પી તરફ પ્રેમપૂર્વક આત્મસમર્પણ નહીં કરે અને શિલ્પીના હાથમાં રહેલા હથોડા અને ટાંકણાને એ નફરતની નજરે મનમાં ભયના ભાવ સાથે જોયા કરશે, ત્યાં સુધી પથ્થરની શિલા પરમાત્માની મૂર્તિના રૂપમાં પરિવર્તિત નહીં થઈ શકે.

પથ્થરની શિલા પણ શિલ્પીના હાથમાં રહેલ હથોડી અને ટાંકણાથી ડર્યા વિના પોતાની જાતનું સમર્પણ કરતી રહે તો એ પથ્થરની શિલા પણ પરમાત્માની મૂર્તિ બની જશે. મંદિરોમાં એ પ્રસ્થાપિત થશે. ભાવિકો એની પૂજા કરશે. સમગ્ર સંસાર એને નમન કરશે અને લોકો પ્રેમપૂર્ણ શ્રદ્ધા અને ભાવથી એ પથ્થરની મૂર્તિમાં ભગવાનનું દર્શન કરી કૃતાર્થ બનશે.

જીવનથી ભાગવાનું નામ ધર્મ નથી. ધર્મનો અર્થ એ નથી કે તમે જીવનથી વિમુખ થઈ જાવ. ધર્મ તો સંસારમાં જાગવાનું કહી રહ્યો છે. સંસારથી ભાગવાનું નહી.

વાસ્તવમાં તો જે જાગેલો છે એ યોગી છે. યોગીનો અર્થ થાય છે યુક્ત થયેલો. જે પરમાત્માથી જોડાયેલા છે એને યોગી કહો, ભક્ત કહો, વાત એક છે. જે પરમાત્માથી વિભક્ત નથી. જે અવિભક્ત છે, જોડાયેલો છે એ પરમાત્માથી યુક્ત છે. પરમાત્માથી યુક્ત થવાનો અર્થ એ નથી કે તમે સંસારથી મુક્ત થઈ જાવ. સંસારથી મુક્તિની વાત જ સંસારનો વિરોધ કરવાની ભાવના અભિવ્યક્ત કરે છે.

સીય રામ મય સબ જગ જાની।
કરઉ પ્રનામ જોરિ જુગ પાની।। (બા. 7/4)

કમળ જ્યાં એ ખીલ્યું છે એ સરોવરને જે દિવસથી એનું વિરોધી માનવા માંડશે અને પોતાની જાતને સરોવરના પાણીથી અલગ પાડવાનો વિચાર કરશે, સરોવરના જળને બંધન સમજશે અને પોતાની જાતને એનાથી અળગી કરવાનો વિચાર કરશે તો યાદરહે, કમળ એક દિવસ પણ જીવી નહીં શકે.

કમળનું જીવન ભલે કીચડમાંથી પાંગર્યુ હોય, પંકમાં જન્મે એટલે પંકજ. પંક એટલે કીચડ. કીચડમાં જન્મેલું પુષ્પ. તે કીચડ સાથે જોડાયેલું છે, પણ જોડાયું છે એનાથી લાખો કરોડો દૂર ઊગતા સૂરજ સાથે. સૂર્ય ઊગે છે અને કમળ ખીલે છે. સૂર્યાસ્ત થાય છે કમળ બીડાઈ જાય છે. સૂર્ય પણ તેને ત્યારે જ વિકસિત કરી શકે જ્યારે તે કમળ સરોવરના જળમાં હોય.

સંસાર પણ એક સરોવર છે. એનાથી ભાગવાની કોશિશ ન કરો. આપણે ત્યાં આધ્યાત્મના ક્ષેત્રમાં વચ્ચેના સમયમાં પલાયનવાદી વિચારધારાનો પ્રવાહ ઉદ્ભવ્યો છે. જે જીવનનો વિરોધી છે. જે



જીવનનો વિરોધી છે તે યોગી, ભક્ત નહીં બની શકે.

જીવન તો ભગવાને આપેલી મનુષ્યની સર્વોત્તમ ભેટ છે. જીવન દે કરકે પરમાત્માને હમસે કહા હૈ, 'આઈ લવ યુ.' હમેં પરમાત્મા કે પ્રતિ પ્રેમ હો ન હો, લેકિન પરમાત્મા કો હમારે પ્રતિ બહુત પ્રેમ હૈ. સવારે સૂરજ ઊગે તો સૂરજના તડકાના માધ્યમથી પરમાત્મા આપણને સંદેશ મોકલે છે 'આઈ લવ યુ.' આપણે પરમાત્માને માનીએ કે ન માનીએ પરમાત્મા તો આપણને માને છે. મને તો લાગે છે કે ઈન્સાન ભગવાનની ભક્તિ શું કરવાનો? ભક્તિ તો ભગવાન ઈન્સાનની કરી રહ્યો છે.

ઘણા લોકોના મનમાં શંકા છે કે પરમાત્મા છે ખરા? ઈશ્વર જેવી કોઈ ચીજ છે? કે આ એક કોરી કલ્પના છે?

આવા માણસો મને મળે છે. પરમાત્માના અસ્તિત્વ વિશે મને પૂછે છે, ત્યારે હું તો આવા માણસો સાથે વધારે વિવાદમાં નથી ઊતરતો, માત્ર એટલું કહીને ચૂપ થઈ જાઉં છું કે પરમાત્માની કલ્પના કરવી એ પણ એક પ્રિય કલ્પના છે. કલ્પના ઘણી વિરાટ અને પ્યારી છે. આમ, ભગવાન સંબંધી અને એના અસ્તિત્વ વિશે શંકા રાખનાર ભલે રાખે, પણ ભગવાનના મનમાં આપણા અસ્તિત્વના હોવા અંગે કોઈ શંકા જ નથી. એટલા માટે આપણો વિશ્વાસ પરમાત્મામાં હોય કે ન હોય, પરંતુ પરમાત્માનો વિશ્વાસ આપણામાં છે. આપણે છીએ કે આપણું હોવું, આપણી હયાતી પરમાત્મા માને છે અને કબૂલે છે. એટલા માટે તો પરમાત્મા આપણી આરાધનામાં માને છે. ઈન્સાન શું ભજવાનો? ભજી તો રહ્યા છે ભગવાન! લગાતાર, હર ઘડી, હર પલ, હર ક્ષણ.

પરમાત્મા સૌથી મોટા પ્રેમી છે. આપણે દિવ્ય અને ભવ્ય મંદિર બનાવીએ, તો આ મંદિર આપણે કોને માટે બનાવ્યું છે? ભગવાન માટે જો આપણે મંદિર ન બનાવ્યું હોત, તો શું ભગવાન ઘરબાર વિનાના હોત?

મંદિર બનાવીએ છીએ આપણે અને નામ લઈએ છીએ ભગવાનનું, પણ વાસ્તવમાં આપણે મંદિર બનાવીએ છીએ પોતાના માટે. જ્યાં આપણે જઈ શકીએ, બેસી શકીએ, પ્રાર્થના કરી શકીએ, ભજન, ધ્યાન કરીએ, મનની શાંતિ પ્રાપ્ત કરીએ. નામ પરમાત્માનું પણ વાસ્તવમાં ઈન્સાને પોતાના માટે કરેલી આ વ્યવસ્થા છે. માણસે બનાવેલું આ મંદિર છે, પણ વિચાર કરો કે તમે કોણ છો? તમારું આ શરીર છે, તે એક દેવાલય છે. એક મંદિર છે.

જીવન માંગલ્ય



સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

સંતાનો બગડી ગયા છે...

સરદાર વલ્લભભાઈ પટેલના પૌત્ર બિપીને અમેરિકાથી આવીને દાદા સરદારને મળવા જવાની ઈચ્છા વ્યક્ત કરી. પિતા ડાહ્યાભાઈએ તેને કહ્યું, 'બેટા, તું આવા મીલના કપડાં પહેરીને દાદાને મળવા જાય, તો એમને કેવું લાગશે? કારણ કે તે તો ખાદીના કપડાંના આગ્રહી છે.' પણ બિપીને એમની વાત ગણકારી નહીં. તેનાં કપડાં જોઈને સરદારની સંભાળ રાખતાં તેમનાં પુત્રી અને બિપીનનાં ફોઈ મણીબહેન પણ ખિજાયાં અને બોલ્યાં, 'આવા કપડાં પહેરીને દાદા પાસે જઈશ તો દાદા તને વઢશે.' પણ બિપીને એમની વાત પણ કાને ન ધરી.

મણીબહેન બિપીનને લઈને સરદાર પાસે ગયાં. સરદારની ચકોર નજર બિપીન પર અને એનાં કપડાં પર પડી. બિપીનને પણ બીક તો લાગી અને મણીબહેનને પણ થયું કે બાપુ હમણાં બિપીનને ઉધડો લેશે, પણ સરદાર આ બાબતે કંઈ જ ન બોલ્યા. મણીબહેને સામેથી વાત ઉપાડી, 'બાપુ, જુઓ ને આ કેવાં કપડાં પહેરીને આવ્યો છે! હું તો એને કહું છું કે ખાદીનાં કપડાં પહેર! તું આવાં કપડાં પહેરે તો કોઈક બાપુને બોલી જાય કે તમારો પૌત્ર જ વિલાયતી કપડાં પહેરે છે અને તમે ખાદીની વાતો કરો છો!'

સરદારે શાંતિથી કહ્યું, 'બિપીન હવે નાસમજ બાળક નથી કે આપણે એને સમજાવવો પડે. એને જો શ્રદ્ધા ન હોય તો ખાદી ન પહેરે. એમાં વળી શું મોટી વાત છે? શ્રદ્ધા વગર પરાણે ખાદી પહેરે તો એમાં કંઈ ભલી વાર ન આવે.' દાદા એને સમજી શકે છે એ જાણીને બિપીન રાજી થઈ ગયો.



વાલીઓ ઘણી વખત પોતાના વિચારો પોતાનાં સંતાનો ઉપર પરાણે થોપી બેસાડવાના પ્રયત્નો કરે છે. સંતાનોની પસંદગી-નાપસંદગીને સમજવાનો પ્રયાસ પણ કરતાં નથી. આથી તે બે વચ્ચે એક ખાઈ રચાય છે, અંતર વધવા માંડે છે. જે સંતાન માતા-પિતાથી જુદું પડતાં સોરાતું હોય. તે જ તેમની સાથે વાત કરવામાં પણ નામરજી બતાવે. પોતાના મિત્રો સાથે કલાકો સુધી ગપ્પાં મારનાર સંતાન વાલી સાથે જરૂર પૂરતી પણ વાત નથી કરતાં.

પ્રમુખસ્વામી મહારાજનો અભિગમ આ પ્રશ્નના ઉકેલ માટે ખૂબ પ્રેરણાદાયી છે. એક વખત તેમના દર્શને કેટલાક કિશોરો આવ્યા. તેમાંના એકે કાનમાં બુટિયાં પહેર્યાં હતાં.

એક વડીલે સ્વામીને પૂછ્યું, 'આ બુટિયાં પહેરે કે નહીં?' સ્વામીશ્રી કહે, 'કેમ,' શું વાંધો છે? આ તો અત્યારે તમને લોકોને નવું લાગે છે, પણ પહેલાં ચરોતરમાં ને બધે પૈસાવાળા તો પહેરતા જ હતા.' 'એટલે રાખે તો વાંધો નહીં ને?' પેલા વડીલે પ્રશ્ન કર્યો. ત્યાં સ્વામી કહે, 'આપણે રાખીએ ને ચોર કાન તોડી નાખે તેવું ઘરેણું શા કામનું?' સ્વામીશ્રીની વાણીમાં આગ્રહ કે તેને ઉતારી પાડવાની ભાવના નહોતી, પણ કેવળ એક સમજ હતી. તે યુવાને સાદગી અપનાવી લીધી. સ્વામીશ્રી યુવકોને અનુકૂળ થતાં. હા, દરેક વાતે અનુકૂળ થતાં એવું પણ નહોતું. ઘણી વખત તેઓએ યુવકોને ટોક્યા છે અને જરૂર પડી ત્યાં ટપાર્યા પણ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બોલ્યા હતા કે, 'પ્રમુખસ્વામી મહારાજ લંડનમાં મંદિર બનાવે તો એમને ખબર જ હોય કે અહીં બાળકો માટે મંદિરમાં રમતગમતનું જીમ્નેશિયમ બનાવવું જ પડે.' પરદેશની ભૂમિ પર પાંગરતી યુવાનીમાં ભગવાન પ્રત્યેની શ્રદ્ધાનું આરોપણ કરવું કઠણ, પણ સ્વામીશ્રી પારખી ગયા કે બાળકો-યુવકો રમતગમત માટે પણ મંદિરે આવશે, તો પણ તેઓમાં સંસ્કારોનું સિંચન આપોઆપ થશે.

પરદેશમાં વસતાં બાળકો માટે તેઓએ એવો આગ્રહ ન રાખ્યો કે બાળસભા ગુજરાતીમાં જ થવી જોઈએ, મંદિરોમાં યુવકો માટે યોજાતા રમતોત્સવમાં પણ સ્વામીશ્રી પધારે. ક્યારેક તેમની ભેળા ભળી પણ જાય, કારણ એક જ કે, એમની સાથે અંતર ન રહે.

જે જમાનામાં વાલીઓ સતત ફરિયાદ કરે છે કે, 'સંતાનો કહ્યું માનતા નથી', 'સંતાનો અમને સમજતાં નથી.' એવા સંજોગોમાં 20-25 વર્ષના યુવકો સ્વામીશ્રી પાસે ત્યાગીદીક્ષા લઈને સમર્પિત થાય આ કેટલી મોટી સિદ્ધિ કહેવાય?

નિર્ણય આપણે કરવાનો છે. આપણે સંતાનો પ્રતિ ફરિયાદ કરવી છે કે એમનાં માનસને સમજીને પ્રમુખસ્વામીની જેમ યોગ્ય પગલાં લેવા છે?

જન્મદિવસની ઉજવણી

કથાબિંદુ

મુનિ રાજ્યપુણ્ય વિજય

મુંબઈનો કોટ્યાધિપતિ યુવાન પોતાના પુત્રના જન્મદિવસે તેને આશીર્વાદ અપાવવા સાથે લઈને આવ્યો. સહજ પૂછ્યું : 'પુત્રના જન્મદિવસની ઉજવણી કઈ રીતે કરવાની છે? અને કેટલું બજેટ છે?' તેણે કહ્યું : 'ગુરુદેવ! હોટલમાં જઈને પરિવારને અને આના મિત્રોને પાર્ટી આપવાની છે. લગભગ એક લાખ રૂપિયાનું બજેટ છે.' સાંભળીને મને આશ્ચર્ય થયું. પણ સમર્પિત ભક્ત હતો, એટલે કહ્યું : 'જો ખરેખર સારી રીતે ઉજવણી કરવી હોય અને પુત્રને સારા સંસ્કાર આપવા હોય, તો અનાથાશ્રમમાં જાવ. જેને પૈસા નથી મળ્યા, તેને પૈસાની શું વેલ્યુ છે, એ ત્યાં જ સમજાશે.'

તે પુત્ર અને તેના મિત્રોને લઈને અંધ-અપંગ બાળકોના આશ્રમમાં ગયો. ત્યાં સૌને મીઠાઈ અને ફ્રુટનું પુત્રના હાથે અપાવ્યાં. આની અસર એટલી સારી પડી કે દંપતીએ એ જ સાંજે પોતાની ભાવના રડતી આંખે આ શબ્દોમાં જણાવી : 'ગુરુદેવ, હવે પછીઅમારાં બંનેના જન્મદિવસની ઉજવણી પણ અમે આ રીતે જ કરીશું.'

